RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date 1st of Every January/April/July/October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા પ્રકાશિત



# ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૭૫
જેઠ-શ્રાવણ

www.sonalmaatrust.org

વર્ષ : ૬ (સળંગ-૧૦ (૯૪)) અંક : ૩૫ જુલાઈ-ઓક્ટોબર ૨૦૧૯




ચારણી સાહિત્ય અને લોક સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન

# આઈ શ્રી સોનલમા એજયુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ – રાજકોટ, વાર્ષિક હિસાબ

## શ્રી આવક – જાવકનુ (નફા નુકશાન) ખાતુ સને. ૨૦૧૮–૧૯

જ.........................................................................

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| 630580.00 | વાડી ભાડા આવકનુ ખાતુ | |
| 65000.00 | ચારણ અંક જાહેરાત આવકનુ ખાતુ | |
| 100500.00 | લવાજમ ચારણ અંક ૧ વર્ષ આવક | |
| 4440.00 | ચારણ અંક વેચાણ આવકનુ ખાતુ | |
| | | 800520.00 |
| 2.95 | કશર આવકનું ખાતુ | |
| 201983.00 | બેંક વ્યાજ(એફ.ડી.આર.)આવકનુ ખાતુ | |
| 19206.00 | બેંક વ્યાજ(બચત ખાતા)આવકનુ ખાતુ | |
| 158400.00 | ઈન્ડસ ટાવર તરફથી ભાડાની આવક | |
| | ઈન્કમ ટેક્ષ વ્યાજ આવકનુ ખાતુ | |
| | | 379589.00 |
| | | 1180111.95 |

ઉ.........................................................................

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| 1044.30 | બેંક કમીશન ખર્ચનુ ખાતુ | |
| 6588.00 | સ્ટેશનરી/પ્રીન્ટીંગ ખર્ચનુ ખાતુ | |
| 160000.00 | પગાર ખર્ચનુ ખાતુ | |
| 22045.00 | ઈલે. લાઈટ ખર્ચનુ ખાતુ | |
| 23422.00 | RMC હાઉસ ટેક્ષ ખર્ચનુ ખાતુ | |
| 37508.00 | વાડી રીપેરીંગ ખર્ચનુ ખાતુ | |
| 335621.00 | ચારણ અંક તથા ચારણ સંસ્કૃતિ પુસ્તક ખર્ચનુ ખાતુ | |
| 36000.00 | કોમ્પ્યુટરાઈઝ ટાઈપીંગ/એકાઉન્ટ ખર્ચનુ ખાતુ | |
| 5100.00 | મોબાઈલ ખર્ચનુ ખાતુ | |
| 23300.00 | ચેરિટી કમીશ્નર ફાળો | |
| 25810.00 | ગેસ વાપરાશ ખર્ચનુ ખાતુ | |
| 13400.00 | લીગલ ફી/લાયસન્સ ફી ખર્ચનુ ખાતુ | |
| 10200.00 | મંદિર ખર્ચનુ ખાતુ | |
| 3650.00 | સીકયુરીટી પગાર ખર્ચનુ ખાતુ | |
| 8160.00 | સ્નેહમીલન એન્ડ સંમેલન ખર્ચનુ ખાતુ | |
| 4279.00 | વાડી/રીનોવેશન/રીપેરીંગ/કલીનીંગ ખર્ચનુ ખાતુ | |
| 51000.00 | એજયુકેશન ખર્ચનુ ખાતુ | |
| | | 767127.30 |
| 412984.65 | ચાલુ વર્ષના નેટ નફાથી ઈન્કમ એન્ડ એકસ. ખાતે | |
| | | 1180111.95 |

## ઈન્કમ એન્ડ એકસ્પેંડીચર (મુડી) ખાતુ

જ.........................................................................

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| 2830152.92 | શ્રી બાકી દેવા (જુના વર્ષ ૨૦૧૭–૧૮) | |
| 412984.65 | ચાલુ વર્ષના નેટ નફાના આવક–જાવક ખાતેથી | |
| | | 3243137.57 |

ઉ.........................................................................

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| 3243137.57 | શ્રી બાકી દેવા (વર્ષ ૨૦૧૮–૧૯) | |
| | | 3243137.57 |

## શ્રી પાકુ સરવૈયુ (વર્ષ ૨૦૧૮–૧૯)

### મુડી અને દેવા

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| | **મુડી ખાતા** | |
| 3243137.57 | ઈન્કમ એન્ડ એકસ્પેંડીચર (મુડી) ખાતુ | |
| 339676.00 | ટ્રસ્ટ ફંડનુ ખાતુ | |
| | | 3582813.57 |
| | **અન્ય અંકીત ફંડ** | |
| 2983542.00 | વાડી કન્સ્ટ્રકશન ફંડનુ ખાતુ | |
| 1001000.00 | હોલ કન્સ્ટ્રકશન રીઝવ ફંડનુ ખાતુ | |
| 45000.00 | વાડી કન્સ્ટ્રકશન રીઝવ ફંડનુ ખાતુ | |
| 37000.00 | વાડી કન્સ્ટ્રકશન નવા બાથરૂમ વગેરે ફંડનુ ખાતુ | |
| 15000.00 | ઠામ–વાસણ દાન ભેટ આવક ફંડનુ ખાતુ | |
| 45245.00 | લાયબ્રેરી વિકાસ ફંડનુ ખાતુ | |
| 963537.00 | વિધવા સહાય/જરૂરીયાત મંદ ફંડનુ ખાતુ | |
| 141879.00 | વાડી વિકાસ ફંડનુ ખાતુ | |
| 97227.00 | શૈક્ષણિક હેતુભેટ આવક ફંડનુ ખાતુ | |
| 63588.00 | મેડીકલ સહાય હેતુ આવકનુ ખાતુ | |
| 84253.00 | ચારણ વાડી દાન ભેટ આવક ફંડનુ ખાતુ | |
| 445965.00 | ચારણ અંક શુભેચ્છા ભેટ ફંડનુ ખાતુ | |
| 27796.00 | મંદિર વિકાસ આવક ફંડનુ ખાતુ | |
| 1500.00 | વિધ્યોતેજક પુરષ્કાર ફંડ આવકનુ ખાતુ | |
| 49000.00 | ચારણ મેગેઝીન વાર્ષિક દાતા આવક ફંડનુ ખાતુ | |
| 8625.00 | સ્નેહમિલન ફાળો | |
| 5000.00 | ચારણ મેગેઝીન લાઈફ ટાઈમ લવાજમનું ખાતુ | |
| | | 6015157.00 |
| 207500.00 | લોન એન્ડ એડવાન્સ(લવાજમ ચારણ અંક આવક) | |
| 102000.00 | વાડી ભાડા એડવાન્સ (વર્ષ ૨૦૧૯–૨૦ આવક) | |
| | | 309500.00 |
| 36000.00 | શ્યામલ યોગેશ પારેખ | |
| | | 36000.00 |
| | કુલ રકમ | 9943470.57 |

### મિલ્કતો અને લેણા

| રકમ | વિગત | કુલ |
|---|---|---|
| | **સ્થાવર મિલ્કત** | |
| 171640.00 | જમીન (લેન્ડ)નુ ખાતુ | |
| 4432391.53 | વાડી કન્સ્ટ્રકશનનુ ખાતુ | |
| 82483.00 | ઈલેકટ્રીક ફીટીંગનુ ખાતુ | |
| 46100.00 | પાણી કનેકશન ફીટીંગનુ ખાતુ | |
| 54139.00 | ગેશ કનેકશન ફીટીંગનુ ખાતુ | |
| 92768.00 | ફર્નીચર એન્ડ ફીકચર્સનુ ખાતુ | |
| 365858.00 | ઠામ–વાસણ–ગાદલા વસ્તુનુ ખાતુ | |
| 310369.00 | વાડી કન્સ્ટ્રકશન(નવા બાથરૂમ વગેરે)નુ ખાતુ(૧૫–૧૬) | |
| 21000.00 | કસર મશિન(રસોડામાં)ખરીદીનુ ખાતુ | |
| | | 5576748.53 |
| | **ફિક્સ ડીપોઝીટ** | |
| 2000000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...600) ડીપોઝીટ. | |
| 200000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...750) ડીપોઝીટ. | |
| 300000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...840) ડીપોઝીટ. | |
| 200000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...037) ડીપોઝીટ. | |
| 300000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...105) ડીપોઝીટ. | |
| 300000.00 | બેંક ઓફ ઈન્ડીયામાં ફીક્સ(ખાતા નં. ...182) ડીપોઝીટ. | |
| | | 3300000.00 |
| 3110.00 | પ્રોવિઝનલ ફીક્સ વ્યાજ આવક ખાતુ | |
| | | 3110.00 |
| | **શ્રી પુરાંત તથા બેંક બેલેન્સ** | |
| 749936.47 | બેંક ઓફ ઈન્ડીયા બચત ખાતા નં. ...0008 નુ ખાતુ | |
| 108573.57 | બેંક ઓફ ઈન્ડીયા બચત ખાતા નં. ...4623 નુ ખાતુ | |
| 10968.00 | શ્રી રોકડ પુરાંત | |
| 40355.00 | ટી.ડી.એસ. મળવાપાત્ર(૧૬–૧૭) | |
| 41965.00 | ટી.ડી.એસ. મળવાપાત્ર(૧૭–૧૮) | |
| 38224.00 | ટી.ડી.એસ. મળવાપાત્ર(૧૮–૧૯) | |
| | | 990022.04 |
| | **ડીપોઝીટ** | |
| 33590.00 | ગુજરાત ગેસ ESD ડીપોઝીટ | |
| 20000.00 | ગુજરાત ગેસ SD ડીપોઝીટ | |
| 20000.00 | કેશ પોલિસ કેશ ફંડનું ખાતુ | |
| | | 73590.00 |
| | કુલ રકમ | 9943470.57 |

### તા. ૧૫–૫–૨૦૧૯ ની બેંક બેલેન્સ

| રકમ | વિગત |
|---|---|
| 666113.47 | બેંક ઓફ ઈન્ડીયા બચત ખાતા નં. 31XXXXXXXXXX0008 નુ ખાતુ (યુનિવર્સિટી રોડ બ્રાંચ) |
| 147295.57 | બેંક ઓફ ઈન્ડીયા બચત ખાતા નં. 31XXXXXXXXXX4623 નુ ખાતુ (સોરઠિયાવાડી ચોક બ્રાંચ) |
| 813409.04 | કુલ બેંક બચત રકમ |

રમેશભાઈ જાળગ – પ્રમુખ મો. ૯૭૨૩૪ ૪૮૨૦૫ • શ્યામલ યોગેશભાઈ પારેખ – એકાઉન્ટન્ટ મો . ૯૯૭૮૪ ૪૨૭૫૧/૬૫

# આપણાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી



**૨૦૧૯ માં પૂનઃવડાપ્રધાન બનવા બદલ "ટ્રસ્ટીમંડળ" તેમજ**
**ચારણ સંસ્કૃતિ મેગેઝીનના "વાંચકો" તરફથી આપશ્રીને અભિનંદન**
**આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ**

ચારણ સંસ્કૃતિ મેગેઝીન - રાજકોટ, જુલાઈ - ૨૦૧૯

# આઈમાના બગીચાના ખીલતા પુષ્પો

## સમાજના તેજસ્વી તારલાઓ, H.S.C. MARCH-2019 (ધોરણ-૧૨)



ભાવેશ દિલુભાઈ રાબા-રાજકોટ
(B.Sc. Mathematics) 7.86 PR



જયરાજદાન જગદીશદાન ગઢવી-હળવદ
12th(Science) 99.93 PR



ધીરલ કિશોરભાઈ ગઢવી-રાજકોટ
12th(Science) 99.06 PR



ભગીરથસિંહ શૈલેન્દ્રસિંહ ગઢવી-વડોદરા
12th(Science) 96.80 PR



ધ્રુવીબેન જગદીશચંદ્ર ગઢવી-ગાંધીનગર
12th(Commerce) 99.97 PR



અવની રાણાભા ગઢવી-ટંકારા
12th(Commerce) 97.32 PR



વિશ્વજીત રાજનભાઈ સુરૂ-ચારણીયા
12th(Commerce) 96.56 PR



દિવ્યા સંજયભાઈ ગઢવી-જસદણ
12th(Commerce) 95.65 PR



નયનાબેન વજુભા રતન-રફાળેશ્વર
12th(Commerce) 95.56 PR



નિકીતાબેન કિશોરદાન ટાપરીયા-હેબતપુર
12th(Arts) 90.05 PR

ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૩૫) –– વર્ષ : ૬(સળંગ–૧૦(૯૪))
જુલાઈ–સપ્ટેમ્બર, ૨૦૧૯ (સં.૨૦૭૫ જેઠ–શ્રાવણ)

**: ટ્રસ્ટી મંડળ :**
રમેશભાઈ જાળગ – પ્રમુખ
૯૭૨૩૪ ૪૮૨૦૫
નારણભાઈ જામંગ – ટ્રસ્ટી
૯૩૭૪૧ ૦૫૨૧૭
બાબભાઈ પાલીયા – ટ્રસ્ટી
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ – મેનેજીંગ ટ્રસ્ટી
૯૮૨૪૨ ૮૮૮૫૨
ડૉ. અંબાદાન રોહડિયા – ટ્રસ્ટી
૯૪૨૬૫ ૩૦૦૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા – ટ્રસ્ટી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા – ટ્રસ્ટી
૯૯૨૫૦ ૩૪૯૩૪

**ચારણ સંસ્કૃતિ મેગેઝિન**
લવાજમ પાંચ વર્ષનું રૂા.૫૦૦/-
વિદેશમાં રૂા.૫૦૦૦/- છુટક અંક રૂા.૨૦/-
A/c No.312710210000008
(બેંક ઓફ ઈન્ડિયા
યુનિ.રોડ બ્રાન્ચ રાજકોટ)

**: ટ્રસ્ટની વેબસાઈટ :**
www.sonalmaatrust.org
e-mail : vhjbraval@gmail.com
latestconcept@gmail.com

**: તંત્રી :**
રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

**: સહ–સંપાદક :**
વિશ્વાસ શુકલ-૯૪૨૮૫ ૭૫૧૭૯

**: ફોટોગ્રાફર :**
મુળુભાઈ ઘાંઘણીયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

**: લવાજમ માટે સંપર્ક :**
નાનુભા નૈયા-૯૮૨૫૪ ૧૭૮૩૬

**–– અનુક્રમણિકા ––**

| | | |
|---|---|---|
| ૦૦ તંત્રી સ્થાનેથી | -- | ૦૭ |
| ૦૦ સોનલમાઁ ટ્રસ્ટને મળેલ અનુદાન | -- | ૧૧ |
| **લેખ** | | |
| ૦૧. અબોલા ભાંગ્યા | પિંગળશીભાઈ ગઢવી | ૧૨ |
| ૦૨. *પાલરવનો પોકાર...* | વી. એસ. ગઢવી | ૧૫ |
| ૦૩. ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામી | ઈસુભાઈ ગઢવી | ૧૭ |
| ૦૪. *રાજકવિ શંકરદાનજી દેથા* | અચળદાન બોક્ષા | ૨૦ |
| ૦૫. *કવિ ઈસરદાસની તર્કસંગત દ્દષ્ટિ* | પ્રવીણ ગઢવી | ૨૨ |
| ૦૬. ચારણ બાત ચવતાં ભલાં | ગોવિંદભા ઘાંઘણિયા | ૨૫ |
| ૦૭. ગામડાંનાં વણાટનો | સુરેશ ગઢવી | ૨૮ |
| ૦૮. ચારણ સંસ્કૃતિના આધાર સ્તંભ | કૃષ્ણદાન ગઢવી | ૩૦ |
| ૦૯. ઈચ્છા-શકિત | ચંડીદાન ગઢવી | ૩૩ |
| ૧૦. લોકસાહિત્યનું મહાપ્રયાણ | લક્ષ્મણ ગઢવી | ૩૫ |
| ૧૧. ભાવનગર બોર્ડીંગના શૈશવનાં.. | શંકરદાન સિંહઢાયચ | ૩૭ |
| ૧૨. Whats app ઓફ ધી વીક | નેહલ જયદીપ ગઢવી | ૩૯ |
| ૧૩. ભાગ્ય બડા તો રામ ભજ | હંસાબા દેવકા | ૪૧ |
| ૧૪. *બેનબાઈમૉ અને રાજબાઈમૉ* | *નર્મદાબેન ગઢવી* | ૪૩ |
| ૧૫. એક અજોડ વ્યકિતત્વ | શુકદેવ ગઢવી | ૪૪ |
| ૧૬. ચારણી છંદો અને ચારણી સંગીત | લક્ષ્મણ ગઢવી | ૪૮ |
| ૧૭. 'કાગઋષિ'કથા | મોરારિબાપુ | ૫૧ |
| ૧૮. અમીરસ ઈતિહાસનો | રામભાઈ જામંગ | ૫૪ |
| **જાહેરાત** | | ૫૮ થી ૬૦ |
| **કવિતા** | | |
| ૦૧. નમો માત ગંગા | પિંગળશીભાઈ ગઢવી | ૬૧ |
| ૦૨. ભકિત રૂપી મણિ | ગંગા સતી | ૬૧ |
| ૦૩. કૃષ્ણ જન્માષ્ટમી | ગોવિંદભા ઘાંઘણિયા | ૬૨ |
| ૦૪. કાગળની કહાણી | નવલદાન ગઢવી | ૬૨ |
| ૦૫. પાષાણમાં વસે | વિનાયક ગઢવી | ૬૩ |
| ૦૬. મોર ઊડીને આવ્યો | મુકેશ માલવણકર | ૬૩ |
| ૦૭. જ્ઞાનની વાતડી | કુંવરમાં આંબા | ૬૩ |
| ૦૦. આધ્યાત્મિક | લક્ષ્મણ ગઢવી | ૬૪ |

**: ચારણ અંક પ્રાપ્તિ સ્થાન :**

**સોનલ સ્ટોર્સ,રાજકોટ**
ગઢવી કનુભાઈ કેશરિયા
મો : ૯૭૨૩૨ ૭૦૬૯૭

**એસ.ટી.બુક સ્ટોલ**
હિતેષભાઈ ગમારા
શાસ્ત્રી મેદાન બસ સ્ટેશન અંદર, રાજકોટ
મો : ૯૮૯૮૩ ૨૩૯૩૨

**શ્રી સાંઈ ન્યુઝપેપર એન્ડ ગઢવી એડ એજન્સી**
**નિતીન પી. જામંગ**
મદનસિંહ સર્કલ, આદીપુર(કચ્છ)
મો : ૯૯૭૪૪ ૪૫૭૭૮

**મળવા જેવા માનવી**


| | | |
|---|---|---|
| ૦૧. શ્રી નરસંગભાઈ ઠાકરિયા | વજુભાઈ ખાત્રા | ૬૬ |
| ૦૨. શ્રી મિલિન્દ ગઢવી | હિતેષ ગઢવી | ૬૮ |
| ૦૩. શ્રીમતી શારદાબેન રૂડાચ(લંડન) | શકિતદાન કુંચાલા | ૭૦ |
| ૦૪. શ્રી કેશરદાન ગઢવી | અંબાદાન ગઢવી | ૭૧ |
| ૦૦. સમાચાર વિભાગ | - | ૭૩ |
| ૦૦. ગ્રંથાવલોકન/સમીક્ષા | લક્ષ્મણ ગઢવી | ૮૨ |
| ૦૦. પાંગરતી પ્રતિભા / અન્ય..... | - | ૮૪ થી ૮૮ |




स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

**—— અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ——**

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– (બ્લેક એન્ડ વ્હાઈટ), ટાઈટલના (ફોર કલર)ના ભાવ ટ્રસ્ટીમંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.**

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો *બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સીટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008(આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ- રાજકોટ)* (મનીઓર્ડર/ ચેક કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ હિસાબનીશ યોગેશભાઈ(મો.નં. 99784 42765),જયુભાઈ પાલીયા (98985 01236 / 84017 14130),દિનેશભાઈ નરેલા (98243 35398), ટ્રસ્ટના કલાર્ક મનાણી (99784 68613) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો.જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝીન કુરિયર તેમજ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝીન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો આપણી કુરિયર કંપની પવન કુરિયર શ્રી રાજેશભાઈ(93755 26430),શ્રી દિપક ધાંધણિયા (97270 93150) રાજકોટનો સિધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો જ** ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.


**મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪**

**ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦**

e-mail : latestconcept@gmail.com

**પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧**

**સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૮૮ (૦૮–ફોર કલર))**

**સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ :** www.sonalmaatrust.org

## તંત્રી સ્થાનેથી
## રામભાઈ જામંગ – મેનેજિંગ ટ્રસ્ટી/તંત્રી
૯૮૨૪૨ ૮૮૮૫૨

અંક-૩૫ની શરૂઆતમાં અંક-૩૪માં જયાં-જયાં અટકયા હતા ત્યાંથી જ આગળ વધીએ. ૨૦૧૯ની ૧૭મી લોકસભાની ચૂંટણી માટે આપણી ગમે તે વિચારાધારા હોય કે ગમે તે રાજકીય પક્ષને માનતા હોઈએ તો પણ આપણે આપણો અમૂલ્ય અને પવિત્ર મત અચૂક આપીને મતદાન કરીએ, એમ અમોએ વાચકોને અનુરોધ કરેલ હતો.

મે-૨૦૧૯ની ૨૩મી તારીખે સ્પષ્ટ ચૂકાદા સાથે ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને પુનઃભારતીયોએ ભાજપાને ૫ વર્ષ શાસન કરવા માટે બહુમતી આપી છે. ગુજરાતની ૨૬ એટલે કે બધી જ બેઠકો ભાજપાના ફાળે ગઈ છે. રાજકોટના સાંસદ તરીકે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના જ ગામમાં પુનઃ શ્રી મોહનભાઈ કુંડારિયા ચૂંટાઈ આવ્યા છે. રાજકારણની પ્રથમ ચૂંટણી રાજકોટમાંથી જ લડનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીની બીજીવાર વડાપ્રધાન તરીકે પસંદગી કરી છે અને તેમનો શપથગ્રહણ સમારંભ પણ ૩૦ મે,૧૯ના રોજ યોજાઈ ગયો. સાથો સાથ ગુજરાતના ત્રણ પ્રધાનોએ પણ શપથ ગ્રહણ કર્યા જેમાં શ્રી પરસોતમભાઈ રૂપાલા, શ્રી અમિતભાઈ શાહ અને શ્રી માંડવિયાનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે વર્ષાઋતુની શરૂઆત થઈ ગઈ હશે. આ વર્ષે ઉનાળો વધારે તપી રહ્યો છે. અગાઉના વર્ષો કરતા તાપમાનનો પારો ઉંચો રહ્યો છે. રાજકોટ, ભુજ, સુરેન્દ્રનગર, ડિસા, અમદાવાદ, ગાંધીનગર ૪૩ થી ૪૫-૪૬ કે તેથી ઉપર ડિગ્રી સુધી ગરમી પડી રહી છે. રાજસ્થાનના ચરૂમાં તો પારો જૂનના પ્રથમ અઠવાડિયામાં ૫૦ ડિગ્રીએ પહોંચ્યો છે હવે સારો વરસાદ પડવાથી જીવ માત્ર તેમજ પશુ,પક્ષી, પ્રાણીઓ અને માલ-ઢોરને વિશેષ રાહત થશે અને જગતનો તાત વધુ રાજી થશે તે માટે મેઘરાજાને મહેર કરવા વિનવીએ.

દર વખતની જેમ આ અંકમાં પણ આપને વાંચવું ગમે તેવું વિવિધતાસભર સાહિત્ય આપવાનો પ્રયત્ન કરેલ છે. જેમાં લેખો, કવિતાઓ, આધ્યાત્મિક પ્રશ્નાવલિ, મળવા જેવા માનવી, વ્યકિત વિશેષ,વ્યાવસાયિક પ્રગતિ, પાંગરતી પ્રતિભાઓ, તેજસ્વી તારલાઓ સમાચારો, પુસ્તક પરિચય, કાગકથા, ઈતિહાસ અમિરસ વિગેરે બાબતો સમાવવાનો પ્રયત્ન કરેલ છે. આમ હળવે હળવે હાલતા-હાલતા પુનઃ શરૂ કરેલ આ મુખપત્ર દસમા વર્ષમાં આપણાં સૌના સહિયારા પ્રયત્નો થકી પહોંચ્યું છે.

આ ત્રિમાસીક સમયની પ્રવૃત્તિઓ, પ્રસંગો ઉપર નજર નાખીએ :

**: ધાર્મિક :**

○ મોણીયા વિસાવદર આઈશ્રી નાગબાઈ માતાજીના મંદિરે માતૃવંદના કૃતજ્ઞતા સમારોહ યજ્ઞ સાથે યોજાયો.

○ ઈશરધામ સંચાણા(જામનગર) રામનવમીના ઈશરદાદાના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.

○ ચૈત્રી-બીજ મહોત્સવ સિંહમોઈમાઁ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સરધાર ખાતે ધામધૂમથી ઉજવાયો.

○ રૂપલમાઁ પ્રેરિત નવકુંડી યજ્ઞ અને હરિઓમ ચેતન ધુણા પ્રાગટય વિધિ ચૈત્રી નવરાત્રીમાં

રામપરમાં ધામધૂમ સાથે થયો.

○ આવડમાતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આવડધામ સમશેરા તા.હાલોલ, જિ.પંચમહાલ મુકામે ડો.સ્વ.જશુબેન પ્રભાતસિંહ. શ્રી કકનસિંહ અને ચંદાબા કે. ગઢવી દ્વારા ભાવભકિત સભર મંગલમય વાતાવરણમાં યોજાઈ ગયો.

○ આઈશ્રી સાચાઈ માતાજી નૂતનમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મુંધુડા પરિવાર ગામ મોટા ભાડીયા કચ્છ ખાતે યોજાઈ ગયો.

○ વિહળબાપુ રાબાની પાવનભૂમિ આંબરડી મુકામે ચૈત્રી-નોમના પવિત્ર વાતાવરણમાં હવનનું આયોજન થયું.

**: સમૂહ લગ્ન :**

○ અખિલ કચ્છ ચારણ સભા આયોજીત ૨૫મો રજતજયંતી સમૂહલગ્ન મહોત્સવ માંડવી કચ્છ ખાતે યોજાઈ ગયો જેમાં સમાજની ૭૦ દીકરીઓએ પ્રભુતામાં પગલા માંડયા.

○ ખોડિયાર ધામ વરાણા વઢિયારમાં ૧૨મો સમૂહલગ્ન ધામધૂમથી ઉજવાયો જેમાં ૨૮ દંપતીઓએ પ્રભુતામાં પગલા માંડયા.

○ મોટાભાડીયા(કચ્છ)માં આઠમો સમૂહલગ્નોત્સવ ઉજવાયો જેમાં ૧૭ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલા માંડયા.

**: કારકિર્દી :**

○ આઈશ્રી સોનલમા એકેડેમી રાજકોટ દ્વારા એકદિવસીય સર્વ જ્ઞાતિ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન અરવિંદભાઈ મણિયાર હોલ રાજકોટ ખાતે કરવામાં આવ્યું તેમાં તરવરીયા યુવાનશ્રી સામતભાઈ ગઢવી(ગાંધીનગર)ના વિદ્વતાભર્યા જ્ઞાનસભર માર્ગદર્શન, આઈ સોનલ માઁ એકેડેમીના શ્રી સાંતનું ગઢવી અને શ્રી રાજવીર ગઢવીની સખત મહેનતથી સવારના ૯ કલાકથી સાંજના ૭ પૂર્ણાહુતિ સફળતા પૂર્વક સંપન્ન થયો.

○ મોટા ભાડીયા (કચ્છ) ખાતે મે-૨૦૧૯ શ્રી સામત ગઢવી (એન્જલ એકેડેમી,ગાંધીનગર) સ્પર્ધાત્મક પરીક્ષાનો નિઃશુલ્ક સેમિનાર યોજાયો.

**: આપણું ગૌરવ :**

– એપ્રીલ-૨૦૧૯માં જાહેર થયેલ UPSC પરીક્ષાના પરિણામમાં સમાજને ગૌરવ અપાવનાર તેજસ્વી તારલાઓ.

○ મનોજ ફતેસિંહ બારહટ્ટ(વિરવદરકા,ગુજરાત)
○ હિંમતસિંહ ઉજ્જવલ(રાજસ્થાન)
○ ભવાનીસિંહ બારહટ્ટ(રાજસ્થાન)
○ નિખિલ અખાવત(રાજસ્થાન)
○ નરેન્દ્રસિંહ ઉજ્જવલ(રાજસ્થાન)

**(આસી. પબ્લિક પ્રોસિકયુટર વર્ગ-૨)**

○ શ્રી રાજેન્દ્ર બી.ગઢવી (કઠલાલ)
○ શ્રી લાભુભાઈ એસ.ગઢવી(લુણાવાડા)
○ શ્રી કલ્યાણસિંહ એસ. ગઢવી(ગાંધીધામ)

**(નોટરી તરીકે કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂંક)**

○ શ્રી નારણભાઈ કાનજીભાઈ ગઢવી(માંડવી-કચ્છ)
○ શ્રી ભારતીબેન ખોડીદાન ગઢવી(ગાંધીનગર)
○ શ્રી રણજીતસિંહ મનોહરદાન ગઢવી(દાતા)
○ શ્રી ચંદ્રસિંહ મેઘરાજભાઈ ગઢવી(અબડાસા)
○ શ્રી ચંદ્રિકાબેન અમરસંગ ખડીયા(વઢવાણ)
○ શ્રી જે. ડી. જામંગ(મોરબી)

**(વન વિભાગમાં બઢતી)**

○ શ્રી આર.ડી. ગઢવી(દાહોદ)
○ શ્રી ડી.જે. ગઢવી(શિહોર)
○ શ્રી જે.બી. ગઢવી(પોરબંદર)

**(ટ્રેઝરીમાં બઢતી)**

○ શ્રી બી.જે. બાવડા, સબ ટ્રેઝરર ઓફિસર ગ્રુપ-૨માંથી સબ ટ્રેઝરી ઓફિસર ગ્રુપ-૧ તરીકે બઢતી પામ્યા.

– ડો.નમ્રતા નરેશભાઈ ગઢવી(જામનગર) એ ડોકટરની MBBS ની પદવીને MD(Ped.) પ્રવેશ મેળવીને યુવાનોને પ્રેરણા પૂરી પાડી છે.

– ઋત્વિકા સંજયભાઈ દેથા(રાજકોટ) ધો.૮ કડવીબાઈ વિદ્યાલય, રાજકોટે રાષ્ટ્ર લેવલની નેશનલ ઓલમ્પિયાડ એકઝામ દિલ્હીથી લેવાય તેમાં પાંચ ગોલ્ડ અને ચાર સિલ્વર, ૪૫ સર્ટિફીકેટ

અને રોકડ પુરસ્કાર મેળવીને નાની ઉંમરમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. (સંકલનઃ વેજાંધ ગઢવી)

○ GPSCમા વિકાસ લાભુદાન ખળેલ, મદદનીશ ઈજનેર વર્ગ-રમાં ઉતિર્ણ થયા, હાલ તેઓ ભાવનગર ફરજ બજાવે છે.

**: પ્રસંગ :**

○ લીંબડી મુકામે ચારણી સાહિત્યના મૂર્ધન્ય કવિરાજ શ્રી શંકરદાનજી દેથાની પ્રતિમા (સ્ટેચ્યુ)નો અનાવરણનો કાર્યક્રમ ભવ્યતિત રીતે માર્ચ-૨૦૧૯માં ઉજવાયો.

○ લોકસંસ્કૃતિના જયોર્તિરધર મેરૂભાભાઈ ગઢવીની ૪૨મી પૂણ્યતિથી પોરબંદરમાં ઉજવાઈ.

○ રાજકોટમાં એપ્રિલ-૨૦૧૯થી પ્રાયોગિક ધોરણે ઈલેકટ્રીસીટી બસ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરાઈ.

○ ગુજરાતના સ્થાપના દિવસ ૧લી મેથી ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખી ધંધા-રોજગાર કરી શકાશે.

○ ૧૯૭૦થી ગ્રામ્યજીવન સાથે મુસાફરી અને પરિવહનમાં વણાઈ ગયેલ છકડો રિક્ષા મે ૨૦૧૯થી બંધ કરાવવામાં આવી.

○ ક્રિકેટમાં આઈપીએલની જેમ સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગ સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટમાં મે-૨૦૧૯મા યોજાઈ. જેમાં પાંચ ટીમોમાં કચ્છ ટીમ વિજેતા થઈ તેમજ ભારતના જુદા-જુદા રાજયોમાં આઈપીએલના મેચો પણ રમાયા જેમાં મુંબઈ ઈન્ડિયન ચોથીવાર વિજેતા થઈ.

○ શ્રી નરસંગભાઈ ઠાકરિયા,સુરત(જાંબુડા) આધ્યાત્મિક પ્રવચનોમાં ઉંચી ઉડાન ભરવા લાગ્યા છે તેઓ હવે સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સમગ્ર દેશમાં જાણીતી સંસ્થાઓ દ્વારા સમગ્ર દેશમાં પ્રવચનો આપી રહ્યા છે તેમજ આપણા લેખક શ્રી દિનેશ માવલ,જામનગરે 'સાહિત્ય સરિતા' મુંબઈની નિજાનંદ શિક્ષણ સંસ્થા પ્રણામી ગ્લોબલના સંયુકત ઉપક્રમે ટાગોરના ૧૫૮મા જન્મ દિવસે 'રવીન્દ્ર વંદના'ના જામનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં 'રવીન્દ્ર વિણામા' ગુરૂદેવ અને ઝવેરચંદ બન્ને ઉપર સુરસુરિલા સાથે આસ્વાદ કરાવ્યો.

○ રાજકોટના અકિલા સાંધ્ય દૈનિકના ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં નેહલ ગઢવી,ભાવનગર અને મિલિન્દ ગઢવી,જૂનાગઢનાએ સામાજિક તેમજ કાવ્યાત્મક વિષય પર વાતો કરીને શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા.

○ શ્રી વી.એસ.ગઢવીએ ગાંધીનગરમાં અર્ક સંસ્થાના ઉપક્રમે પ્રસન્નતા વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું.

**: પ્રામાણિકતા :**

○ શ્રી જેઠાભાઈ અજાભાઈ હરિયાણી (ગઢવી)ખંભાળિયાને રસ્તામાંથી એક બેગ મળી જે ખોલતા રૂા. બે લાખ રોકડા તથા પાસબુક અને આધારકાર્ડ મળ્યા તેના આધારે મૂળ માલીકનો સંપર્ક કરી પરત આપ્યા તેમ આલાભાઈ જામ દ્વારા જાણવા મળ્યું.

○ ભાવનગર રોડ બ્રીજ પર અકસ્માત સર્જાતા ૧૦૮ દ્વારા સેવા આપી અકસ્માતવાળી ગાડીમાંથી છ મોબાઈલ અને સોનાની જવેલરી મળી આશરે બે લાખ જેવી રકમની તેમના સગાઓનો સંપર્ક કરી એમ્બ્યુલન્સના ડો.જયેશભાઈ વાળા તથા પાઈલોટ શ્રી ભરત (શૈલેષ) ગઢવી ઢસાએ પરત સોંપીને ફરજનિષ્ઠા અને પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડયું. ધન્યવાદ છે, આ કર્મનિષ્ઠ ચારણોએ સમાજને ઉચ્ચ સ્થાને બેસાડયો.

**: નામકરણ :**

○ આદિપુર-કચ્છમાં સોનલ બીજના દિવસે એક વિસ્તારને સોનલમૉ માર્ગ નામકરણ કરવામાં આવ્યું.

**: શ્રી શકિત એવોર્ડ :**

○ પૂ.મોરારિબાપુના સાંનિધ્યમાં શુભેચ્છક શ્રી માયાભાઈ આહીરની ઉપસ્થિતિમાં શ્રી મોગલ

શકિત એવોર્ડ ભગુડા મુકામે ૨૩માં પાટોત્સવ અર્પણ કરાયો જેનું સંચાલન શ્રી મહેશભાઈ ગઢવીએ કરેલું.

૦ પૂજયશ્રી પીંગળશીભાઈ પાયક

૦ પૂજયશ્રી અમરસીદાસ બાપુ(ખારાવાડ)

૦ શ્રી નારણદાસજી સુરૂ

૦ પદ્મશ્રી કાનજીભાઈ બારોટ

૦ શ્રી લાભભા ભાસળીયા

શ્રી શાહબુદિન સાહેબ રાઠોડને પણ સુરેન્દ્રનગર 'સમય' ભાનુભાઈ શુકલની યાદમાં અપાતો એવોર્ડ અર્પણ થયો.

આપણા લેખક સંત સાહિત્યના મર્મી, સંશોધક તેવા ડો.શ્રી નિરંજન રાજયગરુને લોક કલા ફાઉન્ડેશન અને સવ્યસાચી-સ્વરસાચી બે એવોર્ડ જાહેર થયા.

પુસ્તક પરિચયની જવાબદારી લક્ષ્મણભાઈ ગઢવી (જામનગર)એ સંભાળી છે તો જે લેખકો ચારણ અંકમાં પુસ્તક પરિચય આપવા માંગતા હોય તેઓએ પુસ્તકની બે પ્રતો સમયસર મોકલવી. આ અંકમાં પણ તેઓશ્રીએ પુસ્તક પરિચય આપેલ છે.

**: જનરલ :**

૦ આઈશ્રી સોનલ યુવક મંડળ રાજકોટ દ્વારા 'અમૃતમય વાત્સલ્ય' યોજનાની જાણકારી અને લાભ લેવા માટે મેગા કેમ્પનું આયોજન યુવાનો સર્વશ્રી સુભાષદાન ગઢવી, સુખદેવ સાગરદાન ગઢવી, મનોજદાન અમીરદાન ગઢવીએ કર્યુ, યુવાનોને અભિનંદન.

૦ શ્રી શકિત ચારણ(ગઢવી)(રાજકોટ) યુવા સંગઠન દ્વારા ઓગષ્ટ મહિનામાં અમૃતમય કાર્ડ કેમ્પ અને મેડિકલ કેમ્પનું આયોજન કરેલ છે.

૦ ખોડિયાર યુવક મંડળ,રાજકોટ દ્વારા ૧૯ જુનના રોજ મેડિકલ કેમ્પનું આયોજન કરેલ હતું.

૦ દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખાભાઈ વિહળભા જામંગ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા જીવણીમા મુલરવ બુક બેંક તથા ગઢવી ફ્રેન્ડ ગ્રુપ દ્વારા રાજકોટ સમાજના ૩૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો, ધો.૫ થી કોલેજ સુધીનાને નોટબુક્સ ચોપડાઓ અને બોલપેનનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

૦ ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૭૦% થી વધુ માર્ક મેળવનાર અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપ વિતરણ કરશે.

૦ આઈશ્રી સોનલમાઁ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા બોર્ડના સૌરાષ્ટ્ર-કચ્છના વિદ્યાર્થીઓ માટે સોનલમાઁ એવોર્ડ જાહેર થયો. ધો.૧૦ થી ધો.૧૨ જનરલ અને ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે સૌથી વધારે ટકા લાવનાર એક-એક વિદ્યાર્થીને આ એવોર્ડથી સન્માનિત કરાશે. ઉપરાંત આ અંક સોનલમાં ટ્રસ્ટનો વાર્ષિક હિસાબ(પાના-૨) ઉપર આપેલ છે.

૦ ઉદયપુર(રાજસ્થાન)માં ચારણાચાર દ્વારા યુવા ઉદ્યોગપતિઓના સેમિનારનું સુંદર આયોજન કર્યુ. જેમાં પંદરેક રાજયોના ૧૦૦ જેટલા વ્યવસાયીઓએ ભાગ લીધો હતો.

અત્યારના સમયમાં આ ઈલેકટ્રોનિક યુગમાં કોઈપણ સામયિક ચલાવવું અને તે પણ યોગ્ય રીતે અને ટ્રસ્ટ દ્વારા તે મુશ્કેલ અને અઘરી વાત છે તેમ છતાં પણ અશકય તો નથી જ. આવા સંજોગોમાં અમો કદાચ બધાને સંતોષ ન આપી શકતા હોય અથવા અમોને મોકલેલ કે મળેલ મેટર સમાવી શકયા ન હોય તો ક્ષમ્ય ગણજો અમો ખાત્રી આપીએ છીએ કે અમારો ઈરાદો કાયમ શુદ્ધ રાખવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન રહેશે તે ધ્યાને લેવા વિનંતી. આ વાત ધ્યાને લઈને આ અંક વંચાણે લેશો તો આપને અને અમને સૌ કોઈને ગમશે. વર્ષાઋતુ અને આ વૈવિધ્યપૂર્ણ લખાણોને માણીએ.

## ૨૦૧૯ – ૨૦૨૦ અનુદાનની યાદી (જરૂરિયાતમંદ પરિવાર)

| | |
|---|---|
| ૧૦૫૦૦૦ | શ્રી ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિટલ ટ્રસ્ટ |
| ૫૦૦૦૦ | ડો.દિલીપભાઈ રાજુભા લાંબા પરિવાર(લંડન)(હઃઈન્દુબેન ટ્રસ્ટ) |
| ૫૦૦૦૦ | ડો.મનુભાઈ વેરવ, લંડન (૧૨૩૭)(હઃઈન્દુબેન ટ્રસ્ટ) |
| ૫૦૦૦૦ | શ્રી પ્રતાપભાઈ આલાભાઈ જાળફવા(લંડન)(હઃઈન્દુબેન ટ્રસ્ટ) |
| ૨૫૦૦૦ | શ્રી બાબભાઈ ભારૈય, લંડન(૧૨૩૧) |
| ૧૫૦૦૦ | શ્રી શાંતીભાઈ શીવાભાઈ નેચડા (જાંબુડા)(લંડન)(૧૨૬૪) |
| ૧૧૦૦૦ | આઈશ્રી સોનલમા (આપણાં એક સદગૃહસ્થ તરફથી) (૧૨૩૦) |
| ૧૧૦૦૦ | આઈશ્રી સોનલમા (આપણી એક સદગૃહીણી તરફથી) (૧૨૨૯) |
| ૧૧૦૦૦ | શ્રી મનસુખભાઈ કે. ગઢવી, માંડવી(દુબઈ)(હઃગૌરવીબેન) (૧૨૩૪) |
| ૧૧૦૦૦ | શ્રી વજુભા/ શ્રી ભરતભા માલસુરભા ખાત્રા,સુરત(માતુશ્રી સોનબાઈમાના સ્મણાર્થે)(૧૨૪૪) |
| ૧૧૦૦૦ | સ્વ.નારણભા કરશનભા ધાંધણીયા(હ.રવુભા ધાંધણીયા)(રાજકોટ)(૧૩૧૩) |
| ૧૧૦૦૦ | શ્રી જબ્બરદાનભાઈ ગઢવી (ગાંધીધામ)(૧૩૧૪) |
| ૧૧૦૦૦ | શ્રી કુલદીપભાઈ દાદુભા ગઢવી(મોરબી)(૧૩૧૫) |
| ૧૧૦૦૦ | શ્રી હરેશભાઈ જીવાભાઈ કુના (મુંબઈ)(૧૨૬૫) |
| ૧૧૦૦૦ | શ્રી રમેશભાઈ મુલકરણભાઈ સાદૈયા(આદિપુર-કચ્છ)(૧૨૭૧) |
| ૧૧૦૦૦ | શ્રી જશોદાબેન કરમશીભાઈ માલા, રાજકોટ(ગાંધીધામ)(૧૨૭૦) |
| ૧૦૦૦૦ | શ્રી વિદ્યાબેન મોરારદાન ગઢવી(ભુજ) |
| ૧૦૦૦૦ | શ્રી ભીખુદાનભાઈ ગઢવી(જુનાગઢ)(જ.મં. અને ચારણ અંક)(૧૨૭૩) |
| ૫૧૦૦ | સ્વ.શ્રી દેવજીભા ગોવિંદભા ગઢવી(હઃપ્રવિણભા, આદિપુર(કચ્છ))(૧૨૫૬) |
| ૫૧૦૦ | શ્રી ખીમકરણભાઈ અમરાભાઈ ગઢવી,(ભુજ)(૧૨૩૫) |
| ૫૧૦૦ | શ્રી ભૂપતભાઈ નાથુભાઈ ગઢવી,(રાજકોટ)(૧૨૬૮) |
| ૫૦૦૦ | શ્રી ઉમેશભાઈ કરશનભાઈ જાળફવા,(મુંબઈ) |
| ૫૦૦૦ | ડો.વિજયભાઈ નારણભાઈ ગઢવી(સુરેન્દ્રનગર)(૧૨૫૭) |
| ૫૦૦૦ | નિતાબેન વિજયભાઈ ગઢવી (સુરેન્દ્રનગર)(૧૨૫૮) |
| ૫૦૦૦ | આઈશ્રી કંકુકેશરમા(હઃકનુભાઈ ખીમરાજભાઈ વિકલ(રાજકોટ)(૧૩૧૮) |
| ૫૦૦૦ | શ્રી કનકસિંહ રોહડિયા(અમદાવાદ)(૧૧૭૭) |
| ૫૦૦૦ | શ્રી મહેશ્વરીબેન બી. ગઢવી(લાંબા),(ગાંધીનગર)(૧૨૩૨) |
| ૫૦૦૦ | સ્વ.ચંદુબા જીલુદાન મહેડુ (હઃરણજીતસિંહ મહેડુ)(રાજકોટ)(૧૨૭૨ |
| ૨૫૦૦ | શ્રી દેવસુરભાઈ ગોવિંદભાઈ લાંબા (સુરત)(૧૨૫૯) |
| ૨૫૦૦ | વિણાબેન મુકેશભાઈ માલા(લાંબા)(રાજકોટ)(૧૨૬૦) |
| ૨૫૦૦ | શ્રી નનકુભા અમરાભાઈ ખાતરા (ઢસા)(૧૨૬૧) |
| ૨૫૦૦ | સ્વ.વિદ્યાબા શંકરદાન ઝીબા(હઃડો.અશ્વિનભાઈ)(સુરેન્દ્રનગર)(૧૨૬૨) |
| ૨૫૦૦ | સ્વ.શંકરદાન માનદાન(હઃડો.રીનાબેન ઝીબા)(સુરેન્દ્રનગર)(૧૨૬૩) |
| ૨૫૦૦ | શ્રી રાજેશભાઈ વાલાભાઈ નૈયા(રાજકોટ)(૧૩૧૧) |
| ૨૫૦૦ | શ્રી મુકેશભાઈ વાલાભાઈ નૈયા(રાજકોટ)(૧૩૧૨) |
| ૨૫૦૦ | શ્રી નિતુભાઈ ઝીબા(રાજકોટ)(૧૩૧૬) |
| ૨૫૦૦ | શ્રી નરસિંહભાઈ અમરાભાઈ ઠાકરીયા(સુરત)(૧૩૧૯) |
| ૨૫૦૦ | શ્રી અંબાદાન ખીમરાજભાઈ રોહડીયા(રાજકોટ)(૧૩૨૦) |
| ૨૫૦૦ | સ્વ.ઉમેદભાઈ બાબભાઈ ભારૈય(હઃમહેશભાઈ લાંબા)(રાજકોટ)(૧૨૬૭) |
| ૨૫૦૦ | શ્રી આનંદભાઈ ઘનાભાઈ પાલીયા(રાજકોટ)(૧૨૬૭) |
| ૧૧૦૦ | શ્રી મુળરાજ એચ. ઠાકરિયા(૧૨૩૩) |

## અબોલા ભાંગ્યા
## પિંગળશીભાઈ મેઘાણંદ ગઢવી
જામનગર

પ્રસંગ તો ગામડીઆ જીવનનો છે પરંતુ એમાં ભારોભાર માનવતાનાં દર્શન થાય છે. આજના યુગમાં આવું જોવા તો શું પણ સાંભળવાય મળતું નથી. ગામડામાં પણ શહેરી વાયરું ફરી વળ્યું ને આંધળા સ્વાર્થે ચારે બાજુ ભરડો લઈ લીધો. બીજાને દુઃખે દુઃખાવાની ભાવના સાવ મરી પરવારી ત્યાં બીજી વાત કયાં કરવી. **'ચાંપા ભેળાં ચાર માતમ ખોયાં મૂળવા.'** જેવું થઈ ગયું તો પણ કોક વીરલો મળી આવે છે ત્યારે હૈયું નાચી ઊઠે છે.

આમરણ તાલુકાના કેરાળી ગામમાં પાલભા કરીને એક પરજિયા ચારણ રહે. પોતે માણસ એક રંગા ને અડીખમ ધંધો. બળદના વેપારની કમાણી સારી પણ મહેનત એટલી બધી આકરી કે ન પૂછો વાત. રાત–દિવસ કાળા પોયરા વેઠીને લોહીનું પાણી કરવાનું.

કેરાળીથી છેક વાગડ, વઢિયાર ને થરપારકરનો વગડો ખૂંદવાનો. ગામડાં ફરીફરીને એકેક બબ્બે બળદની ખરીદી કરવી પડે પછી એક ઠેકાણે બધાને ભેળા કરવાના. આમ ત્રીસ ચાલીસનો હુંડો થાય એટલે કચ્છના રણમાં થઈ પગ રસ્તે વતનમાં આવવાનું. ખંભા ઉપર ખડીઆમાં દોઢ મણનો ભાર હાથમાં ડંગોરું લઈ લાંબો પંથ ખેડવાનો. કાદવ કીચડ ને રણની રેતીમાં હાલવાનું. રાત પડે ત્યાં હાથે રોટલો ટીપી લુખો લાસો ખાઈ લેવાનો અને રાત આખી ખડે પગે બળદની ચોકી કરવાની. એમાંય કોઈ ડાકુની ટોળી આવી ચડે તો બળદોને ભડકાવી દાણોદાણો કરી મૂકે. એમાંથી બે–ચારને તારવી લ્યે. કોઈ સાથે ઝપાઝપી થાય એમાં કોઈ ઘાયલ થાય અને કોઈની લોથ પણ ઢળી પડે.

દેશમાં આવીને ગામ ગામને પાદર પડાવ નાખવાનો. કબાલે વેચાણ કરવાનું. એની ઉઘરાણીએ જવાનું, એમાંય જો વરસ ફરી જાય તો બધી ઉઘરાણી સૂઈ રહે. આવી કારમી મહેનતનાં નાણાં સમયસર ન આવે તો વસમું પણ લાગે. ખેડૂતો સાથે વાંધા પડે. દીધેલો માલ પાછો હાંકી લેવો પડે. તેથી વેરઝેર ઊભાં થાય એમ હાલાકીનો કોઈ પાર નહિ.

આ ચારણોની આવી સખત મહેનતનો ધંધો જોઈ કેટલાંક રજવાડાંએ એવો અખત્યાર પણ આપેલો કે તમારાં નાણાં ઈરાદાપૂર્વક કોઈ ખોટાં કરવા માગે તો તમે દીધેલા બળદ પાછા લઈ જઈ શકો છો. કોરટ એની ફરિયાદ સાંભળશે નહિ.

પાલભા તો અવટંકી સ્વભાવના માણસ છે. મુદ્દત ફરે તો એને માથાનો ઘા થાય એટલે વેપારમાં બહુ જ ચોખારીને વાત કરતા કે હું જેટલો સાચો છું એટલો જ ઉઘરાણીમાં આકરો છું. પછી આ પારથી ઓ પાર થાય તોય મારી ઉઘરાણી નહિ ફરે માટે તમારાથી પોગાણ થાય એ પ્રમાણે વાત કરજો. મારી ઉઘરાણી એટલે આરબનું તેડું સમજી લેવાનું માટે વિચારીને પનારું પાડવું. પાલભા મુદ્દત પહેલાં એની સામે હેરે પણ નહિ પણ મુદ્દત આવ્યા પછી એક ઘડી કહો તો ઘડી પણ જાળવે નહિ એવા ઉતાવળા. એ સમજતા કે એક વખત મેળા ઢીલું મૂકયું એટલે થયું. ખેડૂત સાથે પનારું છે પછી તો એ ધોરણ પડી જાય તો એવા અનેક કબાલા રોકાઈ જાય તો ધંધો પડી ભાંગે એટલે પોતે બહુ જ મક્કમ રહેતા. શરમ અને વેપારને બને નહિ.

આ પાલભા પાસેથી એના જ ગામના કેસુર બોરીચા નામના એક જથાવાળા આયરે બળદની જોડ લીધી. અરધાં નાણાં રોકડાં આપ્યાં ને અરધાં આવતી હુતાશણી ઉપર આપવાનો વાયદો કર્યો.

આયર સપીતો માણસ છે તેમ કુટુંબના જથાવાળો છે. ગામમાં સારું ચલણ છે. એને વાયદે બળદ આપવામાં કાંય વાંધો નથી એટલે પાલભાએ એને મનગમતી જોડ કાઢી આપીને કબાલો માંડયો.

થવા કાળ છે તે આવતું વરસ ફરી ગયું. ખેડૂતને તો બધો આધાર વરસ ઉપર છે. જો સારું પાકે તો સૌને મોઢે રહેવાય નહિતર એક જ વરસમાં ભૂક્કા બોલી જાય. વળી, આવતે વરસે બધું નવું ઊભું કરવાનું. આમ બબ્બે ધક્કા લાગે.

હુતાશણી નજીક આવતાં કેસુર બારીચો મૂંઝવણમાં મુકાણો કે ભારે થઈ. ઢોર નિભાવવાં કે ઘરનો ખરચ કાઢવો કે પાલભાનો કબાલો આપવો. મુદ્દત ઢુકડી આવી. આયરે ચારે બાજુ ફાંફાં મારી લીધાં પણ કયાંય તાકડો બાંધ્યો નહિ મનમાં એક જ ફડકો છે કે પાલભા બળદને હાંકી લેશે તો આબરૂ જાશે માટે શું કરવું?

વખતને જતાં વાર શી? કબાલાની મુદ્દત આવીને ઊભી રહી. પાલભા ચડયે ઘોડે કેસુરને ઘરે આવ્યા. આયરે મીઠો આવકાર આપ્યો. ખાટલો ઢાળીને બેસાડયા. રોટલા ટાણું હતું એટલે શિરામણ તૈયાર કરાવ્યું. આયરને એમ કે શિરામણ કરાવીને પછી વાત કરું પણ પાલભા એમ ઘામાં આવે એવા નહિ. ભારે ચકોર છે. તરત જ કહી દીધું કે, 'કેસુર, હું રોટલો નહિ ખાઉં. તારે રોટલો ખવરાવીને પછી કહેવું છે કે પોગાય એમ નથી માટે જાળવો એટલે મારે બટકાનું માર્યું હેઠું જોવું પડે એ નથી કરવું. પરથમ મારો કબાલો ને પછી બીજી બધીય વાત. પાલભાની વાત એટલે લોઢે લીટો ને પટોળે ભાત એની તો તને ખબર છે ને?'

આયરે પેટ છૂટી વાત કરી કે પાલભા ઊંચેથી નીચે પછડાઉ તોય આ સાલ કબાલો પુગે એમ નથી. આબરૂ રાખવી પાડવી તમારા હાથની વાત છે. મેં ચારે બાજુ ફાંફાં મારી લીધાં. બધે સરખા બપોર છે? કોઈએ હા પાડી નહિ. કેસુરની વાત સાંભળીને પાલભા ઘડીક તો ગમ ખાઈ ગયા. પોતે સમજે છે કે વરસ ફરી ગયું છે. વળી કેસુર આબરૂદાર માણસ છે. એની નીતિમાં ફેર નથી એમ વિચાર કરીને મૂળ સ્વભાવ ઉપર આવી ગયા. એમણે વિચાર્યું કે લાગણીમાં ખેંચાઈશ તો ઉઘરાણી સૂઈ રહેવાની માટે મક્કમ થયા વિના છૂટકો નથી. ગામમાં લોઠકા માણસો છે. પાલભાનું તો એક જ ઘર છતાં કોઈની શેહમાં દબાય એવા નહિ. એણે ચોકખું કહી દીધું કે હું બીજું કાંય ન જાણું. રૂપિયા પ્રથમ પછી બીજી વાત, નહિતર બળદને હાંકી લઉ છું.'

આયર કહે, 'તમને ઠીક લાગે તેમ કરો, બાકી રૂપિયાનો જોગ થાય એમ નથી.'

પાલભા તો બળદને છોડીને હાલી નીકળ્યા. આયરને માથાની ઉપરવટ દુઃખ થયું કે પાલભાએ મારી આબરૂ રાખી નહિ. અરધાં નાણાં ગયાં અને બળદ પણ ગયા.

આ બનાવથી કેસુર બોરીચા અને પાલભાને મન દુઃખ થઈ ગયું ને અબોલા લીધા. આમ તો બેય સમજુ માણસ છે. કોઈ કોઈનું કલોયું બોલે એવા નથી એવો વિશ્વાસ છે પણ અબોલાને આમને આમ આઠેક વરસ વીતી ગયાં.

કેસુર તો જખીરાવાળો ખેડુ છે. વરસ સારું પાકયું ને બધાં સારાં વાનાં થઈ ગયાં. માલ ઢોરનો ઝખીરો હતો એનાથી વધી ગયો છે. એના પ્રમાણમાં કડબની સગવડ પણ રાખવી જોઈએ. આ સાલ તો ૧૫૦ ભર કડબ થઈ છે. તેને સાચવીને એક ગંજી ખડકી મૂકી છે. થાવા કાળ છે તે કોઈ છોકરાની બેદરકારીથી કે કોઈ નરાધમની પાપી પ્રવૃત્તિથી ગંજી સળગી ઊઠી. પવન અને આગને તો સામસામી પ્રીત. ખબર પડી કે આગ લાગી એટલે ગમે ત્યાંથી પોગી આવે. લાય લાગી કે ભેરું વાયરું ફૂંકાણું. ગામનાં ભેળા થઈને ગંજીએ પુગ્યા ત્યાં ૧૫૦ ભર કડબ સાફ થઈ ગયા. એક રાડું પણ જોવા ન મળે.

આખા ગામમાં અરેરાટી બોલી ગઈ. ભારે

થઈ. આટલાં ઢોરોને શી રીતે નભાવવાં. અણધારી ઉપાધિ આવી પડી. સામું વરસ કેમ લેવું. જેમ જેમ આ બનાવની ખબર પડતી ગઈ એમ સૌ હિંમત આપવા લાગ્યાં. એ જમાનામાં આવી નુકસાની થાય તો માણસ મોઢે આવતાં અને સારો બળદ કે ભેંસ મરી જાય તો રીતસરની મોકાણ બેસતી ને બાઈઓ મોંના છેડા વાળતી.

આજે તો માણસનો ખરખરો પણ ગયો ત્યાં ઢોરની વાત જ કયાં કરવી. પાલભા ઘોડી લઈને ગામતરે જઈ રહ્યા છે ત્યાં રસ્તામાં એંસીકજણાનું ધાડિયું સામે મળ્યું. પાલભા સામા મળતાં સૌ થોભી ગયાં. રામરામ કર્યા. સાર સમાચાર પૂછ્યા તો દાયરો કહે, 'કેસુર બોરીચાને હિંમત આપવા કેરાળી જઈ રહ્યા છે.' પાલભા કહે, 'ભલે જઈ આવો. કેસુરની ગંજી તો સળગી ગઈ છે. હવે તમે જઈને બાજરાની કોઠી સળગાવો એટલે કેસુર તો બિચારો કયાંયનો નો રહ્યો.' પાલભાની વાત સાંભળી દાયરો એક બીજાની સામે જોવા લાગ્યો ને કહ્યું કે, 'પાલભા આમ કાં બોલો?' પાલભા કહે, 'ત્યારે શું બોલું તમે એંસી જણા ધોયેલા મૂળાની જેમ હાલી નીકળ્યા છે તે શરમાતા નથી. કાંઈક તો વિચાર કરો. સાવ લૂખેલૂખા સાપને ઘરે સાપ મહેમાન. સામસામી જીભના લબરકા. ભલા માણસ એ આયરને વરસ કેમ કાઢવું. તમને એટલુંય સૂઝતું નથી કે આપણે એકેક ભરોટાનો ટેકો દઈએ. તમને એકેક ભર ભારે નહિ પડે અને એનાં ઢોર વરસ ઊતરી જાય એમ કંઈક સમજીને જતા હોય તો સારા લાગો. આ તો કેસુરને ખાતર માથે દીવો કરવા જેવું છે એટલે એમ જ કહું ને?'

પાલભાની વાત સાંભળીને દાયરો થંભી ગયો. મનમાં ઘા ખાઈ ગયો કે પાલભાની વાત સાચી છે. આમ કોરુંધાકોર જવાનો કોઈ અર્થ નથી. વળો પાછા. સૌ પાછા વળ્યા. ઘરે આવ્યા. ગામમાં સાદ પડાવ્યો કે ઘર સાર એક કડબનો ભર કેસુર બોરીચાને ત્યાં મોકલવાનો છે. આમ આખા ગામે નક્કી કર્યું ને બીજે દિવસે એંસી ગાડાંની હેડય લઈને કેસુરને ઘરે આવ્યા ને કહ્યું કે, 'જે થવાનું હતું તે થયું. હવે એની વ્યાધિ કરતા નહિ. ઉતારી લ્યો આ કડબને. ખડકી દ્યો એક બાજુ. હવેથી ધ્યાન રાખજો.' કેસુરે કડબ સાંચવી લીધી. રોટલાની તૈયારી કરાવી. દાયરો ઓસરીમાં બેઠો છે એમાંથી વાતમાં વાત નીકળી કેસુરે પૂછ્યું કે, 'બીજું તો બધું ઠીક પણ આ સૂઝયું કેમ? અત્યાર સુધી તો બધા ખંભા ઉપર પછેડિયું નાખીને ઠાલા ઠઠણાવતા આવ્યા છે.' દાયરો કહે, 'અમે પણ એમ જ આવતા હતા પણ પાલભા સામા મળ્યા ને એમણે શિખામણ આપીને વાત ગળે ઊતરી ગઈ એટલે વળ્યા પાછા ને ઘર દીઠ અકેક ભર ટેકો દેવાનું નક્કી કર્યું.

દાયરા પાસેથી કેસુરે વાત સાંભળીને વિચારમાં પડી ગયો, કે અરે હું તો આજે આઠ આઠ વરસ થયાં પાલભા સામે અબોલા લઈને બેઠો છું અને એ તો મારી આટલી બધી ફિકર કરે છે. એના સામે અબોલા કેમ રખાય? મેં ભૂલ કરી. એ જ ઘડીએ કેસુર દાયરામાંથી ઊઠીને પાલભાને ઘરે આવ્યો. પગમાં પાઘડી નાંખીને માફી માગીને કહ્યું કે, 'બધુંય ભૂલી જાવ. ઝટ હાલો તમે આવ્યા પછી દાયરો રોટલા ખાવા બેસશે ત્યાં સુધી ખાવું અગરાજ. પછી ખેંચતાણ કરવાપણું હતું જ કયાં. પાલભા તરત જ હાલી નીકળ્યા. કેસુરને ઘરે આવ્યા. ભેળા બેસીને રોટલા ખાધા. કેસુરે પાલભાને પાઘડી બંધાવી ને આઠ વરસના અબોલા ભાંગ્યા ત્યારથી કેરાળી ગામમાં એવો રિવાજ પડી ગયો કે કોઈને કડબની નુકસાની લાગી જાય તો સૌ ખેડૂતો એની સગવડ પ્રમાણે એને ટેકો આપતા આવે. એ રિવાજ ઘણા વરસ સુધી ચાલુ રહ્યો. આ મોંઘવારી આવતાં મન સાંકડાં ને કંગાલ થઈ ગયાં. સૌ લોભે લેવાણા ને આવી સહકારની ભાવના ખોઈ બેઠા.

**નોંધઃ રિટાયર્ડ ડીવાય.એસ.પી.પાલીઆ સાહેબ સાથેના વાર્તાલાપ ઉપરથી.•**

## પાલરવનો પોકાર : આપણું કાળજયી દુહા સાહિત્ય

**શ્રી વી. એસ. ગઢવી – ગાંધીનગર**

*(નિવૃત્ત IAS)* ૯૯૭૮૪ ૦૬૧૩૦

**આભ ઉકેલે ભોં ભખે, વેધનકો હિય વેધ,**
**અગોચર ગોચર કરે, દુહો દસમો વેદ.**

દુહો એ તમામ કાવ્ય પ્રકારોમાં સૌથી વિશેષ પ્રચલિત છે. આકાશી તત્ત્વોને તેમજ ભૂમિ તથા તેનાં તળનાં જ્ઞાનને સમજવાનો તેમજ ઉકેલવાનો પ્રયાસ દુહામાં થાય છે. ગોચર અગોચરના ભેદી સ્વરૂપની યાત્રા દુહો કરાવે છે. લોક જે બોલે છે તેમજ વિચારે છે તેવી લોકજીવનના ભાવોની રસાળ શૈલિમાં અભિવ્યકિત દુહાનાં માધ્યમથી થાય છે. દુહાના બંધારણની અવગણના કરીને પણ દુહાઓ કહેવાયા છે અને બહોળા સમૂહમાં ઝીલાયા છે. સાંઈ મકરંદે લખ્યું છે કે દુહાની દુનિયા સંસાર જેટલી વિશાળ છે. હાસ્ય, શૃંગાર તથા વીર અને રૌદ્ર રસના અનેક માર્ગે દુહો ઘૂમી વળે છે. દલપતરામ જેવા આપણા કવિએ માનવ પ્રકૃતિને સહજ એવી વાત દુહાના માધ્યમથી સરળ રીતે કરી છે.

**મરતા સુધી મટે નહિ, પડી ટેવ પ્રખ્યાત,**
**ફાટે પણ ફીટે નહિ, પડી પટોળે ભાત.**

દુહાઓનું સંશોધન તેમજ સંકલન ઝવેરચંદ મેઘાણીએ મોટા પ્રમાણમાં કર્યું. જુદી જુદી લોકકથાઓ તેમજ લોકગીતોના સંદર્ભમાં કંઠોપકંઠ કહેવાતા પ્રાચીન દુહાઓ મેઘાણીના સંશોધન થકી ગ્રંથસ્થ થયા. ગોકુળદાસ રાયચુરા તેમજ જયમલ્લ પરમારે પણ આ દિશામાં નોંધપાત્ર કામ કર્યું. 'સ્વર્ગ ભૂલાવું શામળા' એ પુસ્તકનાં માધ્યમથી પ્રાધ્યાપક બળવંત જાની તેમજ ડો.અંબાદાન રોહડિયાએ દુહાની આ રસાળ ભૂમિનું રસદર્શન કરાવેલું છે. કવિ દુલા ભાયા કાગના દુહાઓ વ્યાપક રીતે લોકપ્રિય થયા. આ રીતે જ એક મર્મી માનવીનું સ્મરણ થાય કે જેના લખેલા દુહાઓ લોકજીભે સતત રમતા રહ્યા છે. આ મર્મી તથા દુહામાં વેધક વાતો વણી લેનાર પાલરવભા પાલિયાનો પરિચય કરવા જેવો છે. મેઘાણીનું બાળપણ જયાં ગયું તે જ પાંચાળ વિસ્તારના પાલરવભા તેમના કહેલા દુહાઓ થકી ચિરંજીવી થયા છે. પાલરવભાનો લખેલો નીચેની દુહો તો લોકસાહિત્યના શોખીનો માટે અત્યંત પ્રિય તેમજ હાથવગો છે.

**કાઠિયાવાડમાં કોક દી', ભૂલો પડય ભગવાન,**
**મારો કરું મેમાન, (તને)સરગ ભૂલાવું શામળા.**

આ દુહાના શબ્દો દેશ-વિદેશમાં ગૂંજયા છે અને ગુજરાતીઓએ તે વધાવ્યા છે. કવિનો સરળ તથા અર્થસભર શબ્દ કેવો વ્યાપક રીતે ઝીલાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

મેઘાણી આ અડીખમ દુહાગીરને અનેક વખત મળેલા હતા. મેઘાણીભાઈને અનેક દુહાઓની પ્રાપ્તિ પાલરવભા પાસેથી થઈ હતી. મેઘાણીએ 'પોકારીને પાલો ભણે' એવાં સૂચક શીર્ષક હેઠળ પાલરવભાના દુહાઓ તેમજ તેમનાં જીવન વિશે માહિતી આપી છે. મેઘાણીએ લખ્યું છે : 'પાંચાળનો એ પાલરવ ગઢવી પરજિયો ચારણ હતો. દુબળો-પાતળો, દાઢીના શ્વેત કાતરા, ઝીણી આંખો અને સફેદ કપડાં.' મેઘાણીભાઈએ અવલોકન કર્યું છે કે દુબળા-પાતળા એ દેહમાં પાલરવભા મૂંગા દુઃખની ઊંડી વેદના સમાન હતા. છતાં કોઈ દિવસ પોતાના નિજી સંતાપની વાત કરીને રોદડા રોનાર આ સર્જક ન હતા. વાણીનું ગૌરવ અને જીવતરનું ગૌરવ એ બન્ને એકસાથે પાલરવભાના વ્યકિતત્વમાંથી પ્રગટ થતા હતા. દુઃખોના કુંડા પી જઈને કવિતાના નરવા ઓડકાર

ખાનાર પાલરવભા આપણા સર્જકોમાં એક જુદી ભાત પાડે છે. પાલરવભા જયાં જયાં જતા ત્યાં સાહિત્યની મહેફિલો મંડાતી તેની અનેક વાતો પણ મેઘાણીએ નોંધી છે. પાંચાળના આ પરિવ્રાજક ચારણ અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાનું ગૌરવ સાચવીને જીવ્યો છે. અનેક વિષયોને આવરી લઈને પાલરવભાએ દુહાઓ કહ્યા છે. જીવાતા જીવન અને તેના ચિંતનની આબેહુબ પ્રતીતિ આ કવિના દુહાઓમાં થાય છે.

**હરખ નથી તોય હાલવું, હરમત નથી તોય હા,**
**નાથ કહેવાય નહિ ના, તારા સંદેશાને શામળા.**

જીવનના અમીટ સત્યને પાલરવભાના ઉપરના દુહામાં સચોટ રીતે વ્યકત કરવામાં આવી છે. કાળદેવતાનું જયારે ફરમાન આવે ત્યારે અનંતની યાત્રાએ ઉપડી જવાનો ઉત્સાહ સામાન્ય રીતે કોઈને હોતો નથી. પરંતુ પાલરવભા કહે છે કે શામળાનો આ સંદેશો એવો છે કે કોઈ તેને નકારી શકતું નથી. છેવટના પરિયાણ એ કોઈની પસંદગીનો વિષય નથી. ઝૂંપડી કે મહેલમાં વસનાર તમામ માટે આ ફરમાન એકસરખું જ છે. સાધનોની ગમે તેવી ઉપલબ્ધિ હોય તો પણ આ અંતિમ મુસાફરી સૌએ પગપાળા કરવાની રહે છે પરંતુ આ મર્મી માણસ પરમાત્માને કહે છે કે તું જયાં બોલાવે છે તે સ્વર્ગનું શહેર અમે જોયેલું નથી. આથી ભૂલા પડી જવાય તો ? તેની કવિ ઈશ્વરને વિનવે છે કે તું મને લેવા માટે સામો આવજે!

**સરગાપરનું શહેર, નથી ભાળ્યું અમે નજરે,**
**માધવ કરીને મહેર, (તું)સામો આવજે શામળા.**

આ દેવીપુત્ર કવિને મનમાં એવી પણ લાગણી છે કે પોતાની અંત વેળાએ નટવર(કૃષ્ણ) એકલા ન આવે. અહીં પણ ભાવ અને ભકિતના હક્કથી પાલરવભા કહે છે કે પોતાનાં જીવનની અંતિમ ક્ષણોએ કૃષ્ણ સાથે જ તેમને રાધાના પણ દર્શન કરવા છે.

**મારી અંતવેળાએ એકલો, નટવર આવીશ ના,**
**મારી રાધા મા, સાથે લાવજે શામળા.**

જેના હૈયામાં ભકિતની ભાગીરથી નિરંતર વહેતી હોય તેની વાણીમાં જ ઊર્મિના આવા મોજાં ઉછળતા હોય છે. માનવીનાં જીવનનો મોટો ભાગ પેટ પૂરતું પોષણ મેળવવા માટે વીતે છે. કવિ પોતાની પણ આ વાસ્તવિકતાથી સજાગ છે. આથી આ ચિંતા ઓછી થાય તો જ ભકિતમાં ચિત્ત પરોવી શકાય. આવા સંજોગોમાં પરમ કૃપાળુ પરમાત્મા પાસે ઉદર પોષણની વ્યવસ્થા માટે કવિ વિનંતી કરે છે

**હડસેલા હજાર, પેટ સારું ખાવા પડે,**
**દિયો તો અન્ન દાતાર, સૂઝે ભકિત શામળા.**

જે સર્જકોએ સાહિત્યના વિવિધ સ્વરૂપોનું ખંતપૂર્વક ખેડાણ કરેલું છે તે સૌ આપણાં આદરના અધિકારી છે. સાહિત્યના આવા વિવિધ રસોથી માનવજીવન વધારે સમૃદ્ધ થયું છે. પાલરવભાના દુહાઓ આપણા સમગ્ર સાહિત્યનો એક ઉજળો તેમજ ચિરંજીવી ભાગ છે. •

---



**સ્નેહમિલન**

સ્નેહમિલનના શુભ અવસરે સોનલ વાડી રાજકોટમાં લોકસાહિત્યની સાત્વિક સરવાણી વહાવીને શ્રી રાજુભાઈ ગઢવી, પ્રિન્સીપાલ તથા શ્રી હમીરભાઈ રાબા, લોકસાહિત્યકારે સવારમાં ડાયરાની મોજ કરાવી દીધેલ હતી.



## ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામી (ભાગ–૨)

**શ્રી ઈસુભાઈ ગઢવી – હિંમતનગર**

૯૮૨૫૯ ૬૧૨૭૦



ભકતની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થા કેટલી અખંડ છે એની કસોટી કરવા ભગવાન ભકત પાસે જાય એવી તો અનેક ઘટનાઓ છે પરંતુ ભકત એના ભગવાનના ભગવાનપણાંના પ્રમાણો માંગવા ભગવાન પાસે જાય એવી ઘટના ભકિતપંથના ઈતિહાસમાં સૌ પ્રથમ નોંધાણી છે.

એ ઘટના ઘટી હતી યુવાન ચારણ કવિ લાડુદાન(બ્રહ્માનંદ સ્વામી) અને ભગવાનશ્રી સ્વામીનારાયણ વચ્ચે, ભુજની લખપત વ્રજ પાઠશાળામાં કાવ્યકાળા, ડિંગળ-પિંગળ અને શાસ્ત્રવર્ણિત ચોસઠકળાઓ પૈકી ચોવીસ કળાઓમાં પારંગત થઈને માળિયા-મિંયાણા, ધ્રાંગધ્રા, જુનાગઢ અને વડોદરાના રજવાડાઓમાં માનઅકરામ તથા સવાયા શિરપાવ મેળવીને યુવાન ચારણકવિ લાડુદાન જામનગર રાજમાં પધારે છે.

લાડુદાન જન્મથી જ મુકત જીવ હતાં. તેથી બાળપણથી જ એમને પવિત્ર સાધુસંતો અને એમના જેવા મુકત જીવોનો સમાગમ મળવા માંડયો. જામનગરમાં આણદાબાવાનાં થાનકમાં એમને શેખપાટના લાલજી સુથાર-ઉત્તરાશ્રમમાં સ્વામીનારાયણ સંપ્રદાયના સંતકવિશ્રી નિષ્કુળાનંદ સ્વામીનો મેળાપ થયો. ત્યાંજ જામનગર નજીકનાં મોડા ગામના બે ક્ષત્રિયો રણમલજી જાડેજા, ઉત્તરાશ્રમનાં સ્વામીનારાયણીય સંત અક્ષરાનંદસ્વામી (વડતાલ સ્વામીનારાયણ મંદિરના પ્રથમ મહંત) અને મોટાજી વાઘેલા ઉત્તરાશ્રમના સ્વામીનારાયણીય સંત શ્રી સચ્ચિદાનંદસ્વામી સાથે થયો અહીંથી જ એક ભકત જીવને એના જેવા સાધર્મી ભકત જીવોનો સમાગમ થવા માંડયો.

જામનગરથી રાજસન્માન પામીને લાડુદાન ભાવનગર રાજમાં પધાર્યા. એમની પ્રકાંડ કાવ્યકળાથી પ્રભાવિત થઈને ભાવનગરના મહારાજા વજેસિંહે લાડુદાનને આખા શરીરે સોનાના આભૂષણોથી મઢી દેવા રાજસોની નાગદાનને બોલાવ્યા. નાગદાન સોની ભગવાન સ્વામીનારાયણના ચુસ્ત સત્સંગી હતા. એમના કપાળમાં સ્વામીનારાયણીય ભભકદાર તિલક ચાંદલો હતો. લાડુદાને આ તિલક ચાંદલાની પૃચ્છા કરી. ત્યારે મહારાજા વજેસિંહ હાજર હતા. એમણે લાડુદાનને અનુરોધ કર્યો કે અમારા ગઢડાં પરગણામાં છપૈયા- ઉત્તરપ્રદેશથી કોઈ સ્વામીનારાયણ આવ્યા છે. એ પોતાને ભગવાન તરીકે ઓળખાવે છે. હજારો બાઈ-ભાઈ એમના સંપ્રદાયમાં જોડાયા છે. અમારા ગઢડાનાં ગરાસદાર દાદા ખાચર એમના આખા કુટુંબ સાથે સ્વામીનારાયણને શરણાગત થઈ ગયા છે માટે આ સ્વામીનારાયણ ભગવાનની પરીક્ષા કરવી છે. જે તમારા જેવા શેહશુદ્ધ ચારણ વિદ્વાન દ્વારા જ થઈ શકે માટે તમે ગઢડા જાવ અને સ્વામીનારાયણના ભગવાનપણાના પ્રમાણો મેળવો.

જુવાન લાડુદાન એમના ચારણત્વ અને ચોવીસકળાઓના પ્રભુત્વના આધારે સ્વામીનારાયણના ભગવાનપણાની કસોટી કરવાનું સ્વીકાર્યું અને ભાવનગર રાજના મહેમાન તરીકે ગઢડા જવા રવાના થયાં. લાડુદાન વિચક્ષણ અને બુદ્ધિવંત હતા. ભગવાનપણાની પરીક્ષા કોઈ દુન્યવી સાધનોથી ન થાય. એના માટે શાસ્ત્રોમાં

વર્ણિત પ્રમાણો માંગવા પડે.ગઢડા જતાં શાસ્ત્રવેત્તા લાડુદાને એ પ્રમાણો નક્કી કરી લીધાં.

**પહેલું પ્રમાણ** સ્વામીનારાયણ જો ભગવાન હોય તો જોતાવેંત મને નામથી બોલાવે અને આજ સુધીનું મારું જીવનવૃતાંત વર્ણવી જણાવે. લાડુદાન વાકેફ હતા કે તેઓ આ અગાઉ કયારેય ગુજરાતમાં કે ગઢડામાં આવ્યા નથી કે સ્વામીનારાયણને મળ્યાં નથી તેથી એમની જાત માહિતી સ્વામીનારાયણને હોય નહી.

**બીજુ પ્રમાણ** મને નામ જોગ બોલાવી મારું ગુલાબના હારથી સ્વાગત કરે. લાડુદાનને ખબર હતી કે ગઢડા-કાઠિયાવાડ પરગણાના પથ્થરીયા પ્રદેશમાં ગુલાબ થતાં નથી.

**ત્રીજુ પ્રમાણ** હું એમના સન્મુખ જાઉં ત્યારે ભાગવત કથાનો ગ્રંથ કાળા વસ્ત્ર ઉપર મુકેલ હોય, લાડુદાનને શાસ્ત્રોકત જ્ઞાન હતું કે ભાગવત ગ્રંથ હંમેશ લાલ વસ્ત્ર ઉપર જ રખાય છે.

**ચોથું પ્રમાણ** હું એમના સન્મુખ જાઉં ત્યારે મને એમના ચરણો પૈકી જમણા ચરણમાં નવ અને ડાબા ચરણમાં સાત ભગવત ચિહ્નોનું દર્શન કરાવે. લાડુદાનને ખબર હતી કે કથા કરવા બેઠેલ વ્યકિત પલાંઠી વાળીને બેઠો હોય છે તેથી એમનો ડાબો જમણો પગ વાળેલ હોય છે તેથી કોઈ પગની પાની સન્મુખ દેખાતી નથી. એ રીતે એમના ચરણનાં સોળ ચિહ્નો સામેથી દેખાય નહી.

લાડુદાન ભગવાન સ્વામીનારાયણનાં ભગવાનપણાંની પરીક્ષા કરવાના મનોરથ સાથે ગઢડા પહોંચી ગયા. લાડુદાને રાજશી પોષાકમાં ભાવનગર રાજના પ્રતિનિધિ તરીકે દાદા ખાચરનાં દરબારના આંગણામાં પ્રવેશ કર્યો. ભગવાન સ્વામીનારાયણ દાદા ખાચરના દરબારમાં લીમ્બતરુ હેઠળ દેશ-પરદેશનાં અસંખ્ય હરીભકતો, સંતો અને પરમહંસો સાથે સત્સંગ સભા ભરીને ભાગવતની કથાવાર્તા કરતા હતા. ભગવાન સ્વામીનારાયણ ભાગવત કથામાં લીન હતા. ભાગવત ગ્રંથમાંથી સહજ રીતે એમની નજર ઉંચી થઈ અને સામેથી રાજશી ચાલમાં આવતા જુવાન ચારણ કવિ લાડુદાન ઉપર પડી. હજુ તો બેઉની આંખો મળે ના મળે ત્યાં તો ભગવાન સ્વામીનારાયણના શ્રીમુખે થી વેણ વહેતાં થયા.

'પધારો કવિરાજ લાડુદાન પધારો. ખાણ રાજસ્થાનની મરુભૂમિમાં રામાનંદ સ્વામીના માનસ શિષ્ય એવા શંભુદાન અને લાલુબાની પવિત્ર કૂખમાં જન્મ ધરીને આપે અઢાર વર્ષની ઉંમરે ભૂજની વ્રજ પાઠશાળામાં દસ વર્ષ કાવ્યકળા અને ચોંસઠ વિદ્યાઓમાં પારંગત થઈ સૌરાષ્ટ્ર ગુજરાતના માળિયા, ધ્રાંગધ્રા, જુનાગઢ, વડોદરા, જામનગરના રજવાડામાં સવાયા શિરપાવ મેળવી હમણાં ભાવનગર રાજના મહેમાન બન્યા છો. ભાવનગર નરેશે આપને અમને મળવા ગઢડે મોકલ્યા છે. આપનું દાદાના દરબારમાં ભગવત સભામાં અમે ભાવભર્યું સ્વાગત કરીએ છીએ. પધારો લાડુદાન, અમારી સન્મુખ પધારો.'

આટલું સાંભળતા લાડુદાન આશ્ચર્યચકિત થઈ ગયા. ભગવાન સ્વામીનારાયણે એમને નામથી બોલાવીને અને પોતાનું સઘળું જીવન વૃતાંત જણાવીને એમના ભગવાનપાણનો પહેલો સંકલ્પ પુરો કરી દીધો.

લાડુદાન ભગવાન સ્વામીનારાયણના સન્મુખ નજીક ગયા આજે જ સુરતથી ગુલાબના હાર લઈને આવેલ હરિભકતોએ ભગવાન સ્વામીનારાયણને ગુલાબનો તાજો હાર પહેરાવેલ હતો. જેવા લાડુદાન નજીક આવ્યા કે ભગવાન સ્વામીનારાયણે એમના કંઠમાંથી ગુલાબનો હાર લાડુદાનને પહેરાવી દીધો. લાડુદાનનો બીજો સંકલ્પ પુરો થઈ ગયો.

એક ભરવાડ હરિભકતે કાળા ઊનની ધાબળી વણીને આજે જ ભાગવત કથામાં ભગવાન

સ્વામીનારાયણને ભેટ ધરાવી હતી. આ ભેટ સ્વીકારીને એના ઉપર ભાગવત ગ્રંથ મુકીને ભગવાન સ્વામીનારાયણ કથા વાર્તા કરતા હતા. હાર પહેરતી વખતે લાડુદાનની ચકોર નજર આ કાળી ધાબળી ઉપર પડી ગઈ અને લાડુદાનને ત્રીજો સંકલ્પ પુરો થઈ ગયો.

ગુલાબનો હાર પહેરાવતી વખતે ભગવાન સ્વામીનારાયણે પલાંઠી વાળેલ પગને છુટા કરી સહજ રીતે લાંબા કરી દીધા. લાડુદાનની દૃષ્ટિ સન્મુખ લાંબા થયેલ બંને ચરણો ઉપર પડી ગઈ. અને લાડુદાનને ભગવાન સ્વામીનારાયણના ડાબા ચરણમાં સાત અને જમણા ચરણમાં નવ મળી શાસ્ત્રોમાં વર્ણિત ભગવત તત્વના સોળ ચિહ્નો સગી આંખે નીરખી લીધાં. લાડુદાનનો ચોથો સંકલ્પ આ રીતે પુરો થઈ ગયો.

લાડુદાન ભાવવિભોર બની ગયા. એમને ભગવાન સ્વામીનારાયણના ભગવાનપણાંના તમામ પ્રમાણો મળી ગયાં. એમની સઘળી ભ્રમણાઓ અને આશંકાઓ ઓગળી ગઈ. એમની લૌકિક દૃષ્ટિ અલૌકિક બની ગઈ. એમની રાજશી વૃત્તિ સાત્વિક થઈ ગઈ. એ દેહ ભાન ભૂલી ગયા. લાડુદાને મનોમન સાથે તનોતન પ્રણામ ભગવાન સ્વામીનારાયણને કરી દીધાં. તેઓ તન-મનથી જાણે ભગવાન સ્વામીનારાયણને સંપૂર્ણ શરણાગત અને સમર્પિત થઈ ગયા. એમનાથી ભગવાન સ્વામીનારાયણ સમક્ષ સહજ બોલાઈ ગયું. 'ભાવનગરના મહારાજાના કહેવાથી હું મારી કાવ્યકળા અને શાસ્ત્રજ્ઞાનના ગુમાન વડે આપના ભગવાનપણાંના પ્રમાણો લેવા અને આપની પરીક્ષા કરવા આવ્યો હતો. હું પામર સંસારી જીવ આપ જેવા ભગવાનના પ્રમાણો કેમ કરી માંગી શકું? આપ તો સાક્ષાત અને સાકાર ભગવાન રૂપે મારી સામે બિરાજમાન છો. મીણની પુતળી સમંદરનો તાગ લેવા ગઈ અને સમંદરમાં ઓગળીને સમંદરમાં સમાઈ ગઈ.'

અને લાડુદાન તે દિવસથી ગઢડામાં ભગવાન સ્વામીનારાયણના આશરે કાયમી રોકાઈ ગયા. એક મુકત ચારણ આત્માની ભગવત પ્રાપ્તિની યાત્રાનો શુભારંભ આ ભગવત પ્રસંગથી શરૂ થયો. • (ક્રમશઃ)

---

**શ્રી સોનલમાઁ એજયુકેશન ટ્રસ્ટ, જામખંભાળિયાએ શરૂ કરેલ ચારણ છાત્રાલય ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. ટ્રસ્ટના પ્રમુખશ્રી પરબતભાઈ મૌમેયા/માયાણી અને સમગ્ર ટ્રસ્ટી મંડળને અભિનંદન, જે તે સમયે બારાડી (ખંભાળિયા) પંથક/પ્રદેશનો આઈમાઁએ પ્રવાસ કરેલો ત્યારે પણ તેમની લાગણી હતી કે આ વિસ્તારમાં છાત્રાલય થાય અને તેમાંય દીકરા ઉપરાંત દીકરીઓ પણ કેળવણી મેળવે.**

**આપણે શુભેચ્છા પાઠવીએ કે માંડવી કચ્છ અને જુનાગઢની જેમ બારાડીની બાળાઓની કેળવણી પોતાના જ વિસ્તારમાં મેળવી શકે તેવા કન્યા છાત્રાલય શરૂ થાય. આ બાબતે આઈમાઁ પછી શ્રી વી.એસ. ગઢવીની લાગણી પણ છે અને સઘન પ્રયત્ન પણ કરી રહ્યાં છે કે ત્યાં કન્યા કેળવણીનું કામ થાય અને કોઈક તેની જવાબદારી સંભાળે તે બાબતે અમારે છેલ્લા ચાર-પાંચ વર્ષમાં બે-એક વખત વાતચીત અને ચર્ચા પણ થયેલ હતી. હમણાં જ આ બાબતે આઈશ્રી દેવલમૉ(સૌની) વેરાવળ આ વાત માટે જ ત્યાંના ગામડાઓમાં શૈક્ષણિક પ્રવાસ કર્યો. સૌની લાગણીમાં દરેકનો સાથ મળે તેવી શુભ લાગણી થોડા સમય પહેલા પૂ.આઈશ્રી કંકુમાઁએ પણ બારાડીમાં સામાજિક ઉત્થાન માટે પ્રવાસ કર્યો હતો. -તંત્રી**

# રાજકવિ શંકરદાનજી દેથા

શ્રી અચળદાન બોક્ષા – સુરેન્દ્રનગર
૯૦૯૯૮ ૫૧૧૨૫



**લીંબડી મુકામે ચારણી સાહિત્યના મૂર્ધન્ય કવિરાજ શંકરદાનજી દેથાની પ્રતિમા (સ્ટેચ્યૂ)નો અનાવરણ કાર્યક્રમ યોજાયો.**

રાજકવિ શંકરદાનજી દેથા સ્મૃતિ પર્વ તા.૧૧/૩/૨૦૧૯ને સોમવારના રોજ ઝાલા માંગુજી ક્ષત્રિય પરિવાર તથા દેથા પરિવાર અને ગુજરાત, સૌરાષ્ટ્ર,કચ્છ,મુંબઈ,રાજસ્થાનના કવિરાજ શંકરદાનજી દેથાની સ્મૃતિને કાયમી રાખવાના ભાવથી લીંબડી ગામનાં મધ્યમાં રાજકવિ ચોકમાં શંકરદાન બાપુની પ્રતિમાનું અનાવરણ ઠાકોર સાહેબ અને અન્ય મહેમાનોના હસ્તે મુકવામાં આવ્યુ હતું.

પૂજય ચારણ આઈ દેવલમાંએ આ પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર ગુજરાતના ખ્યાતનામ કલાકારો ૫૫ થી ૬૦ જેટલા ઉપસ્થિત રહી આ પ્રસંગને શોભાવ્યો હતો અને ડાયરાની રંગત જમાવી હતી તમામ કાર્યક્રમનું છટાદાર સંકલન શ્રી યોગેશભાઈ બોક્ષાએ કર્યું હતું.

ઝાલાવાડના આગેવાન ક્ષત્રિય શ્રી હર્ષદસિંહજી રાણાએ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ઉદાર અને ઉમદાભાવથી કરી હતી.

સાહિત્ય સમ્રાટ શંકરદાનજી દેથાની કાવ્ય ઉપાસના ઝાલાવાડની ધીંગી ધરામાં ખૂબજ ખ્યાતિ પામી હતી આ ધરતીના ધીરજવાન અમીરવાન અને ગૌરવવાન ગુણોસભર આ કવિતાએ ધરાનું ગૌરવ વધાર્યું હતું. સંતો, ભકતો અને કવિઓ માટે ઝાલાવાડ ધરતી મશહૂર છે. લીંબડી રાજયના કવિરાજ શ્રી શંકરદાનજી દેથા, સત્યવકતા, ઉદાર અને ભકત કવિ હતા, તેમની પ્રતિભા રાજા મહારાજાઓમાં ખ્યાતિ પામી હતી, જોધપુર રાજના મહારાજા માનસિંહજીએ કહેલ દુહો તેની સાક્ષી પૂરે છે

દુહો

**માત–પિતા સુત મેહળા, બાંધવ બિસારેહ,**
**બિરદાતારી બાતડી, એ તો ચારણ ચિતારેહ.**

શ્રી શંકરદાનજી દેથા મોટા ચમરબંધી કે રાજવીઓ જેવા હોય તેવા દર્શાવતા ગીતો, કવિતાઓની રચના કરીને મોંઢા–મોઢ સંભળાવી દેતા સત્યવકતા રાજયકવિ તરીકે ખ્યાતિ ધરાવનાર શંકરદાનજી ઉમદા અને ભકતરાજ પણ હતા.

દુહો

**નિત રટવું હર નામ, દેવુ દાન અન્ન દીનને,**
**કરવા જેવા કામ સાચા ઈ બે શંકરા.......૧**
**એવો વખત આવે કદી, અન્ન હોય એકજ ટંકનું,**
**તો આપે કરો ઉપવાસ મન રાજી કરોને રંકનું.**
**એવી અજાયબ મજાલેવા વીરદ્રઢ રાખો વ્રતી**
**ક્ષણ ક્ષણ પતિ સંભારવા ગિરીજાપતિ કા શ્રીપતિ.**

લીંબડીના આંગણે આવતા સાધુસંતો માટે કાયમી ધોરણે અન્નક્ષેત્ર શ્રી શંકરદાનજી ચલાવતા. સાધુસંતો, વટેમાર્ગુને અન્ન, વસ્ત્ર અને રોકડ રકમનું દાન સ્વહસ્તે કરતા. દૂર દૂરથી સાધુસંતો આવતા, સંતો શ્રી શંકરદાનજીને 'કબીરા ભગત' નામથી ઉદ્બોધન કરતા હતા, સાધુઓને તેમનામાં કબીરના દર્શન થતા.

ભોળાનાથ શંકર ભગવાનનાં કવિરાજ પરમ ઉપાસક હતા. હરક્ષણ શિવ–શિવ જાપ

જપતા, શિવની અનેક ઉપાસના અને આરાધનાના છંદોની અને કવિતાઓની તેઓએ મંત્ર સમાન રચના કરી હતી.

અનુસ્ટુપ છંદ

**કાલ કાલં કપાલં કલ્પધ્વનું કપલર્દિનમ્**
**કર્તારં કલેશ હર્તારં ત્વાંવંદે કરૂણાકરમં**
**ગંગા ધરમં ગુણાગારં ગિરીશમં ચ ગિરીશ્વરમં**
**ગૌરીનાથમં ગુણાગારં ગિરીશમં ચ ગિરીશ્રવરમં**
**જગત પાલમં જગત કાલમં જગતમુલં જટાધરમં**
**જયોતિ રૂપમં જગન્નાથં ત્વાં વંદે જગદીશ્વરં**

લીંબડી ભાયાત સમલા ગામનાં રાણા જીવનસિંહજી માલુભા અતિ ઉદાર ઉમદા સજજન ક્ષત્રિય તેમજ રેવન્યુ કારભારી હતા. શંકરદાનજીની કવિતાઓ સાંભળી તેમની રાજ દરબારમાં મુલાકાત ગોઠવી અને શંકરદાનજી લીંબડીમાં રાજકવિ તરીકે પસંદગી થઈ, કવિનો જન્મ સંવત ૧૯૪૮ અષાઢ સુદ-રના રોજ વઢવાણ સ્ટેટના વસ્તડી ગામે થયો હતો. તેમના પિતાનું નામ શ્રી જેઠીદાન દેથા હતું. માતાનું નામ દલુબા બા હતું, પાટણાના વતની પ્રસિદ્ધ કવિરાજ ઠારણબાપુ કવિરાજ દેથાના મામા થતા હતા, શંકરદાન બાપુએ ચારણી સાહિત્ય ડીંગળ-પિંગળ, સાહિત્ય ઉપરના અનેક ઉપદેશાત્મક ગ્રંથો અને કવિતાઓ રચેલ છે. જે અણમોલ અને અજોડ ખજાનો છે. ધર્મ, સંસ્કાર, નીતિ મૂલ્યોને પ્રકાશિત કરતા આ કાવ્યો સાહિત્ય જગતને પ્રેરણારૂપ છે.

કર્મની ગતિ ઉપરનું કાવ્ય

(છંદ ભુજંગી)

**ગયંદે ચડાવે ચડાવે ગધાડે**
**પણા ખૂબ ઉચા કરેને પછાડે,**
**સુદાડા કુદાડા થયે સાંભરે છે,**
**અહો કર્મ કેવા ચરિત્રો કરે છે.**
**કદી બંગલે મિષ્ટ મેવા જમાડે,**
**ભૂખ્યા જંગલે કોક દાડે ભમાડે..અહો કર્મ કેવા..**
**હિંડોળે કદી હેમનાં હિચકાવે**
**કદી સૂળીએ ફાંસીએ કાં ચઢાવે**
**કરી મૂંછના આંકડા વાંકડા જે**
**હતા ફોજદારી મદે ફાંફડા તે**
**બની રાંકડાને બજારે ચરે છે..અહો કર્મ કેવા..**

શ્રી શંકરદાનજી બાપુએ હરિરસ અને દેવિયાણ જેવા ધાર્મિક ગ્રંથો પ્રકાશિત કર્યા ન હોત તો જન સમુદાયને શકિત ઉપાસના અને દ્વારકાધીશ ભગવાનની ઉપાસના સરળ અને સારી ભાષામાં તેમજ ચારણી શૈલીમાં પ્રાપ્ત થઈ શકી ન હોત.•

**(હરિરસ સ્વાધ્યાય સભા,સુરેન્દ્રનગર)**

### ચરજ

'ચરજ'ના નવીનીકરણને અને ખાસ તો આ મેગેઝિન ચાલુ રાખવાના યોગ્ય પ્રયત્નને 'ચારણ સંસ્કૃતિ' અને સોનલમાઁ ટ્રસ્ટ આવકારે છે. સંપાદક તરીકેની જવાબદારી સંભાળનાર ભાઈશ્રી દિનેશ માવલ તથા સાથેની ટીમશ્રી વિજયભાઈ સિંહઢાયચ, શ્રી દિલીપભાઈ શિલ્ગા, ડો.હર્ષાબેન ગઢવી (આણંદ) તથા શ્રી નેહલબેન જયદીપ ગઢવી (ગાંધીનગર), શ્રી ભગવતદાનની કોર કમિટીને શુભેચ્છાઓ સાથે અભિનંદન. **–તંત્રી**

૫૦૦૦ શ્રી ભીખુદાનભાઈ ગઢવી(જુનાગઢ) ચારણ સંસ્કૃતિ
૫૦૦૦ શ્રી બળવંતદાન ખોડીદાન ગઢવી(સતુઆ) જાહેર ખબર
૧૦૦૦ શ્રી ભરતભાઈ કાટા(ભચાઉ) જાહેર ખબર
૧૦૦૦ શ્રી જીજ્ઞેશ રામભાઈ ઠાકરીયા(બિલીમોરા) જાહેર ખબર

## *કવિ ઈસરદાસની તર્કસંગત દષ્ટિ*

## શ્રી પ્રવીણ ગઢવી – ગાંધીનગર

*(નિવૃત્ત IAS)*



ગતાંકથી...

'આપે પરશુરામ રુપે માતા રેણુકા અને ભાઈઓનો વધ કર્યો!' (૪૧-૪૨)એવા પરશુરામ વિષ્ણુના અવતાર ભગવાન ગણાય છે. વિષ્ણુએ લગ્નોત્સુક એક દાસીપુત્ર નારદને કપિમુખ કરી દીધા 'સ્ત્રી માટે નારદ રડયા તેમને વાનરમુખા બનાવી દીધા'(૪૬)

દક્ષના યજ્ઞના ધ્વંશમાં શિવજીએ ઋષિઓ – બ્રાહ્મણો અને યજ્ઞના કરેલ સર્વનાશ માટે પણ કવિ ઉપાલંભ આપે છે. વિષ્ણુ કે શિવ બન્ને ભગવાનનાં સ્વરૂપ છે. એમણે આવો હત્યાકાંડ કરાય? કવિને વિમાસણ થાય છે. ગણપતિ પર હાથીનું માથું બેસાડયું તે જાણીતી મિથ છે. પરંતુ શિવજીએ સસરા દક્ષના ધડ પર બકરાનું માથું બેસાડયું હતું !આપણા પૂર્વજો આવા મહાન શસ્ત્ર વૈદ્યો હતા ! આજનો સર્જન (Surgeon) પણ આવી શસ્ત્રક્રિયા કરી શકતો નથી.

હવે કવિ ભાગવત પર આવે છે. 'આપે મોહિનીરૂપ ધારણ કરીને શિવને દેવતાઓ સમક્ષ શરમિંદા કર્યા!(૬૮) એક 'ભગવાન' બીજા 'ભગવાન'ની આવી મશ્કરી કરે?' જાલંધરની સતી પત્ની વૃંદા સાથે વ્યભિચાર કર્યો!(૭૨) વિષ્ણુએ અસુર પત્ની વૃંદાનો શીલ ભંગ કરી અપહરણ કરેલું. 'ભગવાન' આવા હોય? સીતાહરણ માટે રાવણ મહા અપરાધી, પરંતુ તુલસી-વૃંદાહરણ માટે વિષ્ણુ નહિ? ચંદ્રે ગુરુ બૃહસ્પતિની પત્ની તારાનું અપહરણ કરેલું!

મામાનો તો વધ કર્યો જ હતો, પરંતુ 'શ્વસુર સત્યજીતને સિંહ દ્વારા મારી નંખાવ્યો'. (૭૩) નિરાંતે યમુનાના ધરામાં રહેતા કાલિયાનાગને નાથીને ત્રાસ આપ્યો.(૭૭) 'આપ કદી ગોકુળ ગયા નહિ, ધૂર્ત એવા આપ મથુરામાં વસી ગયા'.(૮૩) કવિને કૃષ્ણ હૃદયહીન ભાસે છે. 'આપે નરકાસુરની સોળ હજાર પત્નીઓનું અપહરણ કરી અંતપુરમાં બેસાડી દીધી.'(૮૯) 'આઠ પટરાણીઓ હોવા છતાં પુત્રવધૂ સમાન સોળ હજાર નારીઓને આપ વર્યા?'(૮૭) કૃષ્ણનાં આવાં કૃત્ય કવિ સહન કરી શકે તેમ નથી.

'રત્નાકર મંથન'માં વિષ્ણુએ અસુરો સાથે છેતરપિંડી કરી હતી, તેની કવિને જાણ છે. 'રત્નોની વહેંચણી સમયે મોહિનીરૂપ લઈ દાનવપતિ બલિરાજને સુરાપાન કરાવી બેહોશ બનાવી દીધા.'(૧૦૭)

'અભણ ચારણ ચોથો વેદ કહેવાય છે.' કવિ કહે છે, 'શંખાસુરના રકતથી ખરડાયેલા વેદોનું ધોયેલું જળ ચારણોને પાયું એટલે ચારણો મેધાવી થયા અને શુદ્ધ વેદ બ્રાહ્મણોને(૧૨૧)યા. બ્રાહ્મણોએ વેદ કોઈને વાંચવા દીધા નહિ!

વામન અવતારમાં વિષ્ણુએ પોતાના જ પૂર્વજ કશ્યપના સંતાનો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુને માર્યા. કવિ પૂછે છે, 'ભાઈની હત્યા કરતાં શરમ ન આવી તમને?'(૧૩૨) દક્ષપુત્રીઓ માતાઓ અદિતિ, દિતિ, દનુ અને કદ્રુ સગી બહેનો હતી. કશ્યપથી અદિતિને આદિત્ય અર્થાત્ દેવો, દિતિને દૈત્યો, દનુને દાનવો અને કદ્રુને નાગો થયા. આમ સૌ એક પિતાનાં સંતાન હતા.

'સુખની નિદ્રાથી આપ સૂતા નથી'(૧૭૬) અને સૂવા દેતા નથી! આપ કોઈના સગા થયા નથી.

આપનામાં ન સ્નેહ છે. ન દયા છે. સર્વત્ર ભાંગફોડ કરો છો. અસુરોનો નાશ કરો છો.'(૧૪૬-૧૪૭) 'નિદ્રાધીન અસુરો ઉપર આપ કેમ આક્રમણ કરો છો?'(૧૪૯) 'સામી છાતીએ કેમ જતા નથી?' કવિ વિષ્ણુને પ્રશ્ન કરે છે, 'અસુર શ્રેષ્ઠ બલિ રાજાને છેતરીને આપે માર્યો, એમાં આપે શી કમાણીકરી?' (૧૭૬) બદનામી જ મળી.

વળી કવિ ઈસરદાસ રામ પ્રતિ વળે છે. 'રાવણની બહેન શૂર્પણખાના નાક-કાન કાપી ભૂંડણી જેવી બનાવી'.(૧૮૯) બહેનની આવી દશા કરનાર સામે કયો ભાઈ વેર ન લે? શૂર્પણખાએ તો નિર્દોષ ભાવે લગ્ન અંગે પૃચ્છા કરી હતી, તો Sorry કહેલું હતું. નાક કાન કપાય? ભગવાનનું આ કૃત્ય કેવી રીતે વાજબી ગણાય? ઈસરદાનને પ્રશ્ન થાય છે.

અસુરો-દાનવો, રાક્ષસોના વધ પછી તેમને સ્વર્ગવાસ કે મોક્ષ મળે છે, એમ બ્રાહ્મણોએ નક્કી કર્યું છે. ઈસરદાસ પ્રશ્ન કરે છે, 'જેટલું ફળ તપ કરવાથી નથી મળતું એટલું ફળ તો આપની સાથે વેર કરવાથી મળે છે!'(૨૦૩) આ કેવો ન્યાય! આપને હાથે અસુરોનો વધ થતાં તેમને સ્વર્ગમાં અપ્સરાઓ સાથે રમણ કરવા મળે છે.(૨૦૬) વાહ! ભકિત કે તપ કરતાં તો 'ભગવાન' સામે બાખડવું સારું!

વેદાંત-ગીતામાં વારંવાર કહેવાયું છે કે સર્વ આત્મામાં પરમાત્મા વસે છે. માનવ માનવ વચ્ચે ભેદભાવ નથી. તો ય 'જગત્ર તણી તૌઈ ભ્રાંતિ ન જાઈ.'(૨૨૭) 'તો ય જગતમાંથી ઊંચ-નીચના ભેદભાવ કેમ મટતા નથી ?' જન્મ આધારિત વર્ણાશ્રમ કેમ ભૂલાતો નથી? અસ્પૃશ્યતા કેમ જતી નથી? ઈસરદાસે કહી તે વાત બુદ્ધ, કબીર, ગાંધી અને આંબેડકર કહી કહીને થાકયા.

કવિ ઈસરદાસને વેદ-પુરાણ ઉપરાંત બૌદ્ધ, જૈન, ઈસ્લામ ધર્મનું પણ સારું, ઊંડું જ્ઞાન છે. 'જગસહ હથિયારાં વિણ જીતો.' બુદ્ધાવતારમાં હથિયાર વગર વિશ્વ જીત્યું.' કવિ જાણે ગાંધી અવતારની આગાહી કરતા ન હોય! બળિ વાંસા ત્રિઅ ભૂખ વિળાઈ,અષ્ઠોત્તર સો વ્રાઘ ઉપાઈ (૨૫૦).

આપે પ્રાણી માત્રને ભૂખ અને તરસ વળગાડયાં (પરંતુ ભોજન અને જળ ન આપ્યાં!) જો ભગવાન હોય તો આવી દશા હોય? 'ડાકુલિયૌ ખેતલ દેવાળો'(૨૫૩) આ ભગવાન મોટો લુટારો છે! મૈથુન આપીને તો હદ કરી નાંખી! બોલો છે કોઈ કવિની ભગવાનને ઠપકારવાની આવી હિંમત?

ઈસરદાસ યુવાન હતા ત્યારે દિલ્હીની ગાદી પર મહાન અકબર સ્થિર થઈ ચૂકયો હતો. ઈ.સ.૧૦૨૬માં મહમદ ગઝનીએ સોમનાથ ધ્વંશ કર્યો ત્યારથી અને તે પછી ઈ.સ.૧૧૯૨માં પૃથ્વીરાજ પરાજય પછી સુલતાનો દિલ્હીની ગાદીએ બેઠા ત્યારથી ઈસ્લામનો પરિચય ભારતને થયો. ઈસરદાન ઈસ્લામ ધર્મથી પણ સુપરિચિત છે. અન્ય કોઈ ચારણ કવિને ઈસ્લામનો આટલો પરિચય નથી, એવો ખ્યાલ છે.

'અલીનું એના નોકરે જ ખૂન કર્યું. હસન અને હુસેન પણ હણાયા. કુટુંબીજનોમાં આવાં હત્યારાં કુકર્મો શા માટે કરાવ્યાં?' ઈસરદાસ ઈશ્વર કે અલ્લાહને પૂછે છે. 'આપે મહંમદનાં સંતાનોને મરાવ્યાં.'(૨૬૧-૬૨-૬૩) એટલે ઈસરદાસને મહંમદ પયગંબરના જમાઈ અલી અને એના પુત્રો હુસેન-હસનની હત્યાના કરપીણ ઈતિહાસની બરાબર ખબર છે.' હુસેનના પ્રાણ પાણી પીવા દીધા વગર યઝીદે લીધા!(૨૬૪) કરબલાના ધર્મયુદ્ધની પણ કવિને બરાબર જાણકારી છે. ઈશ્વર કે અલ્લાહ આવાં જઘન્ય કૃત્યો કેમ અટકાવતો નથી? કવિને તર્ક સંગત દ્વિધા છે. કવિ આગળ કહે છે, ધર્મીને ત્યાં જ ધાડ કેમ પડે છે?

'અલખ દુખિણકી બીબી આસા, ''હે અલખ (અલ્લાહ) આપે બીબી આયેશાને દુઃખી કરી, 'પીડવિયા સહ વીર પૈયગંબર' આપે સૌ પીર-પયગંબરોને પીડયા છે.(૨૬૬-૨૬૭) વાહ! કવિ ઈસરદાસ.'' સાચું બોલ્યા, સજા દીધી તેને, જુઠ્ઠાઓને શિરે ચઢાવ્યા, વાહરે માનવજાત! ચાર્વાકને જીવતો સળગાવ્યો, સોક્રેટિસને ઝેર દીધું, બુદ્ધ પર પત્થર ગબડાવ્યા, કબીરને જારજ કહ્યો, ઈશુને ખીલે જડયો, મહંમદને મક્કા છોડાવ્યું. આંબેડકરને ધક્કો માર્યો, ગાંધીને ગોળીએ દીધો! (પ્રવીણ ગઢવી) ઈશ્વર પીર - પયગંબરો - મહાત્માઓને કેમ પીડા આપે છે?

ઈશ્વરે કે માનવજાતે હંમેશા પયગંબરોને પરેશાન કર્યા છે, એવી કવિની વાતમાં તથ્ય છે. 'નિર્દોષોને આપ જ શૂળીએ ચઢાવો છો'(૨૭૦) કવિને ઈશુના વધસ્તંભની બાઈબલની પણ જાણ છે.

કવિ હવે હિન્દુ-મુસ્લિમ વૈમનસ્ય પર આવે છે. ત્યારે આપણને ઈસરદાસ ગાંધીના પૂર્વાવતાર જેવા ભાસે છે. 'આપને હિન્દુવાણી અને તુરકાણી એમ બે રાણીઓ છે. આપ એમને લડાવો છો!' ઈશ્વર કહો કે અલ્લાહ કહો, આખરે તો એકજ પરમતત્વ છે, તો પછી આ રમખાણ શાને? સોમનાથધ્વંશ એમ બાબરી મસ્જિદધ્વંશ બન્ને સમાન અપકૃત્યો છે. 'બન્ને નારીઓ વચ્ચે આપને કારણે (નામના કારણે- અલ્લાહ કે ઈશ્વર?) કલહ થયો.' બન્ને શોકયોની જેમ લડે છે!(૨૮૧થી ૨૮૪) વળી એક રાણી પશ્ચિમમાં આવેલા મક્કા તરફ મ્હોં રાખી નમાઝ પઢે છે, જયારે બીજી રાણી પૂર્વ દિશામાં પ્રણામ કરે છે. હિન્દુ ધર્મમાં પૂર્વમાં થતા સૂર્યોદયનો મહિમા છે. એકના હાથમાં જળમાળા તો બીજાના હાથમાં તસ્બી(બન્ને રામનામ કે અલ્લા અલ્લા જ કરે છે) એક ઉપવાસ કરે છે, દ્વારકાની જાત્રાએ જાય છે. બીજી રોઝા કરે છે, હજ કરવા મક્કા જાય છે(૨૮૫-૨૮૬).

અંતમાં કવિ ઈસરદાસ ભગવાનને કહે છે, 'નિંદા તત મેં કીધી તોરી.' તારી ખૂબ નિંદા કરી છે, એટલે ઠપકો આપવાના બહાને તો તું મને કયારેક અવશ્ય બોલાવશે જ!

વ્યાજસ્તુતિ અલંકારમાં સળંગ રચાયો હોય એવો કાવ્યગ્રંથ 'ગુણનિંદા સ્તુતિ' સિવાય સંસ્કૃત પ્રાકૃત કે વ્રજભાષામાં જોવા મળતો નથી. એ દૃષ્ટિએ ઈસરદાસનો આ કાવ્યગ્રંથ અનુપમ છે.

શ્રી લક્ષ્મણ પિંગળશી ગઢવી લખે છે કે, 'ગુણ નિંદાસ્તુતિ' માં તર્કયુકત કવિત્વ શકિતનાં દર્શન થાય છે. પૌરાણિક સંદર્ભોમાં ચાબખામાં વીંઝાતો ઉદ્‌બોધતાનો પ્રહાર સ્હેજે સ્પર્શી જાય છે.'

કવિએ 'ગુણનિંદા સ્તુતિ'માં ઈશ્વરને ખરે જ મીઠાના પાણીમાં બોળેલા ચાબખા માર્યા છે!

ચાર્વાક જેવા શુદ્ધ નાસ્તિકવાદની અપેક્ષા જેમ બુદ્ધ કે કબીર પાસે ન રાખી શકાય. બુદ્ધ પ્રછન્ન નાસ્તિક હતા. તો કબીર નિરાકાર સ્વરૂપનો સ્વીકાર કરતા હતા. પરંતુ બન્નેમાં નાસ્તિકવાદના અંશ અવશ્ય જોવા મળે છે, એ રીતે 'ગુણનિંદાસ્તુતિ' માં શુદ્ધ નાસ્તિકવાદ નહિ, પરંતુ તેના અંશ અવશ્ય જોવા મળે છે. •


**:: સંદર્ભ ગ્રંથ ::**

**– ગુણનિંદા સ્તુતિ –**
શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી

**– ગુણનિંદા સ્તુતિ –**
ડો.અંબાદાન રોહડિયા અને અન્ય..

**– રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય –**
ડો.મોતીલાલ મેનારિયા

**– ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ –**
શ્રી રતુદાન રોહડિયા

**– રાજસ્થાની સાહિત્યના ઈતિહાસની રૂપરેખા–**
શ્રી હીરાલાલ માહેશ્વરી

**– ઋગ્વેદ દર્શન –**
શ્રી ભાણદેવ

## ચારણ બાત ચવતાં ભલાં

### શ્રી ગોવિંદભા ઘાંઘણિયા – રાજકોટ

૯૭૧૪૭ ૫૭૫૨૪

**ગતાંકથી....**

મહારાજા માનસિહ સ્વયં કવિ અને સંગીતજ્ઞ નિપુર્ણ ગણાતા રાજસ્થાન આખાને ચારણો પ્રત્યે સ્નેહભાવ હતો પણ જોધપુર રાજા માનસિંહજી રાઠોડને ચારણો અધિક પ્રિય હતા અને તે ભાવ કાયમ રહ્યો પોતાને ત્યાં મહાકવિ આસને બિરાજતા બાંકિદાસ આશિષ ચારણી ડીંગળ,પિંગળ, વ્રજ ભાષા, ફારસી ભાષા તથા અન્ય ભાષાના જ્ઞાતા હતા.તેમણે તેમના જીવનકાળ દરમ્યાન ૪૦ ગ્રંથોનું નિર્માણ કરેલું અને મહાભારતનો રાજસ્થાની ભાષામાં અનુવાદ કરેલો તે ગદ્યનો ઉત્તમ નમૂનો ગણાય છે. જોધપુર નરેશ માનસિંહજી આ વિદ્વાન કવિને પોતાના ભાષા ગુરુ તરીકે ઓળખાવતા. વિ.સંવત ૧૮૯૦ તેમના ગામ ભાડીયાવાસ જયાં બાંકિદાસ આશિયાનો દેહ ત્યાગ થયેલો ત્યારે મહારાજા સ્વયં કવિરાજની હવેલીએ ગયેલા અને વ્યથિત હૃદયે આ મહાકવિ બાંકિદાસ આશિયાને બે દૂહારૂપે જોધપુર માનસિંહજી રાઠોડે કાવ્યાંજલિ સજળનેણે આપી.

**સદવિદ્યા બહુસાજ બાંકિથી બાંકા વસુ**
**કર સુધી કવરાજ આજ કઠી ગો આશિયા.**
**વિદ્યા કુલ વિખ્યાત રાજકાજ હર રહસરી**
**વાંકા તો વિણ વાત કિણ આગલ મનરી કહાં.**

**ભાવાર્થ :** હે બાંકિદાસ આશિયા સારી કાવ્ય વિદ્યા તેં બહુ સજાવીને જાળવી હે આશિયા વાણીની દેવી વાગેશ્વરી તને હાજરા હજુર હતી. આવી ચારણી શૈલીના ઉત્તમ વકતા રાજની રહેણી કરણી પણ ઉત્તમરૂપે નિભાવી. હે આશિયા અન્ય વાતો તો અન્ય વ્યકિત પાસે કરી શકાય પણ મારા મનની વાત હે આશિયા હું કોની આગળ કરીશ? રાજા માનસિંહના સમકાલીન રાજીયા અને મોતિયાના દૂહા-સોરઠા આજે પણ કવિ અને કલાકારની જીભે સાંભળવા મળે છે. રાજીયાના દૂહા રચનાર હતા મહાકવિ કૃપાદાન ખડિયા(ગામ સિકરી મારવાડ) તેમનો ચાકર હતો રાજીયો તેમણે આ કવિરાજની બહુજ સેવા ચાકરી કરેલી અને તેને અમરકિર્તી આપનાર રાજીયાને સંબોધીને નીતિ-વિષયક ૧૪૦ એકસો ચાલીસ દૂહા કૃપાદાન ખડિયાએ લખેલ. બીજો ચાકર મોતિયો મારવાડના રૂપનગર ગામનો ઠાકોર નવલસિંહનો રાજ ભવનનો(દરોગો) એક વખત રાજા નવલસિંહના આમંત્રણથી સુપ્રસિદ્ધ કવિ રાયસિંહ સાંદુ(ગામ મિરગેસર) રૂપનગર ગયેલો પણ પોતાની તબીયત કથળી ગયેલી અને પાણીફેરથી પગમાં વાળાની વ્યાધિ થયેલી અને તે વેળા આ દરોગા-ચાકર કવિ રાયસિંહ સાંદુની હૃદયપૂર્વક સેવા ચાકરી કરેલી. આ મોતિયા દરોગા પર કવિ ન્યોછાવર ભાવથી નીતિ વિષયક સોરઠા દૂહાની અવિચળ રચના કરીને મોતિયા દરોગાને અમરકિર્તી આપી. જોઈએ આ ડીંગળી કવિ રાયસિંહજી સાંદુ કૃત મોતિયાના સોરઠા.

**શું મારે ઘર સોય, હેમ તણો પરબત હોય**
**કામ ન આવે કોઈ, મિનખા બીજાને મોતિયા**
**રાખે ધ્વંશ ન રાગ, ભાખે નહ જીભાં બુરો**
**(એના)દરશણ કરતાં દાગ, મિટે જનમરા મોતિયા**

**ભાવાર્થ :** હે મોતિયા સમૃદ્ધિવાન હોવા છતાં સવર ને કામ ન આવતો હોય તો તેમની આ લોભી વૃત્તિથી તેમનો અવતાર વ્યર્થ જાય છે. અને મોતિયા સજન માનવ કે જેના હૃદયમાં પ્રેમ, કરુણા, સંવેદના હોય તો તે માનવના દર્શન માત્રથી આપણાં જન્મો જન્મના દાગ મટી જાય છે. મારવાડમાં ડીંગળ

પિંગળમાં બધા રસોનો સમાવેશ થતો જોવા મળે છે. એમાં વીરરસનું પ્રાધાન્ય રહ્યું છે. વીરરસ પ્રબળ શબ્દ સૃષ્ટિની રચના કરે છે. મહાકવિ સૂર્યમલ્લ મિશણના વીર સત સૈંઈના આ દૂહા નોંધપાત્ર છે. જે અમલ અને આચરણ વિષે ઉલ્લેખ કરે છે.

**પિખોબાં મુંહ પોઢિયો ગહુલી લહર ઘણેહ**
**અધ નિંદ્રાલુ ઉઠીયો સિંધુ કાન સુણેહ.**
**ગલ અહફિણા પય ગટક થિણાં સક્કર થોષ**
**ધણ ધીણાં રખણાં ધરાં પીણાં ચંબ્બડ પોષ.**

**ભાવાર્થ :** રાજસ્થાનમાં મધ્યકાળમાં યુદ્ધ આરંભે અને માંગલિક પ્રસંગે તથા અન્ય અવસર મુજબ કસુંબાનો રિવાજ હતો. તેને ઔષધના રૂપમાં પણ મનવાર કરાતી સીંધુડા અને સમરાંગણના ઢોલ શરણાઈના ચેહકાટ સાંભળીને આ વીર ક્ષત્રિય રાજપુત કસુંબલ ઘેરી અર્ધનિંદ્રા ભરેલી આંખેથી ઉભો થઈ હાથ હથિયાર લઈને ગામનું રક્ષણ કરવાનો ક્ષત્રિય ધરમ બજાવ્યો. ડીંગળી સાહિત્ય ચારણ શૈલીમાં શિવ ભકત હરદાસ મિશણે (ગામ બોગની આઈ)ભૃંગિપુરાણ છમ્માંપ્રબ અને જાલંધર પુરાણ દ્વારા ડીંગળની કાવ્ય દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણાય છે. આ કડક ભાષા શ્રુતિ પરંપરા જયારે વકતા ચારણ રજુઆત કરે છે ત્યારે કયા શબ્દ પર વજન દેવો,કયા શબ્દ પર વિરામ દેવો અને આરોહ અવરોહ ચઢાવ-ઉતાર લયબદ્ધતા અવાજનો પ્રવાહ ધીમો વધુ કરવો. આ બધાં ગુણ શ્રુતિ ચારણી શૈલીના અવશ્ય ગણવામાં આવે છે. આવી નદીના પ્રવાહની ધારા સમી વાણી શ્રોતાઓને સાંભળવા મજબૂર કરે છે. કવિ શકિતદાન કવિંયા તેમના ડીંગળી સાહિત્યના પુસ્તકમાં ઘણાં મહાકવિઓના ઉલ્લેખ કરે છે. દા.ત.હમિરજી રત્નુ 'હરિ પિંગળ', તેજસી બારહઠ કૃત'ટેહલા', પુસ્તક કલપ મનોજ તથા રાધા વિષ્ણુ વિલાસ આવડદાન લાલસ કૃત મુકિત મંત્ર. બુદ્ધસિંહ સિંહઢાયચ (ગામ ભોગડા) કૃત દૈવિ ચરિત. ઈશરદાસજી રોહડિયા, ભાદ્રેસ છંદ હરિરસ-છંદ બ્રહ્માનંદ આશિયા, છંદ રત્નાવલી વિગેરે પણ આમાં શકિતદાન કવિયાં એક મહાકવિના નામનો ઉમેરો કરે છે તે છે પ્રબંધ કાવ્યના સર્જક કવિ ખેતસી સાંદુ રાજસ્થાનના મહાકવિઓમાં અગ્રગણ્ય ગણાતા આ કવિ ખેતસી સાંદુએ ચારણી ડીંગળી ભાષામાં મહાભારતના અઢાર પર્વનો રાજસ્થાની ચારણી ભાષામાં અનુવાદ કરી લગભગ ૧૩૦૦૦ છંદોનો વિશાળ ગ્રંથ ભાષા-ભારથ નામથી પ્રકાશિત કર્યો અને ઉચ્ચકોટિના ચારણી સાહિત્યનો પરિચય આપ્યો. ચારણોએ પોતાના મૌલિક વિચાર ધારા અને કંઠની કહેણી દ્વારા આ ગહનશૈલીને વધુ વિકસીત કરીને નિર્ગવ સાહિત્ય સેવા બજાવી છે. મધ્યકાલીન ચારણ કવિરાજો ફકત કાવ્ય કે પ્રબંધની રચના કરવા ખાતર નથી કરી પણ પ્રેમ ભકિત દ્વારા ઈશ્વરીય ગુણાનુવાદમાં ઓત પ્રોત થઈને રંગાણાં પણ છે. દાખલા તરીકે બ્રહ્માનંદ સ્વામિ આશિયા, સ્વરૂપદાન દેથા, હરદાસ મિશણ, ઈશરદાસજી રોહડિયા, સાંયાજી ઝુલા અવતાર ચરિત્રના રચયિતા નરહરદાસ બારહઠ અને મારવડ કાંવલીયા ગામના સંતદાસજી ખડિયા ગોદડપંથી દાતડાના મહંત હતા તેમનું લખેલું રામભકિતનું પુસ્તક ભકિતની અનોખી ભાત પાડે છે. રામ સ્નેહી દૃષ્ટિનો આ એક દ્રઢ ભાવ છે, જોઈએ સંતદાસ ખડિયા રચિત આ ડીંગળી ભાષાના દૂહા.

**ઝંખર હી સો ઝડ પડી તોઈ ચઢે વિર કખ**
**સંતદાસ સંસારમેં ચિંટી જેવું ચીત રખ્ખ.**
**સબ માયા ભેળી હુઈ માચી હુકા હુક**
**સંતદાસ છાની નરે દરદવાન કી કુક.**
**સંતદાસ સંસાર ઔ ભોડલરો ભભકૌહ**
**અલ ગોદિસે ફુટરો હાથ લીયાં હુલકૌહ.**

**ભાવાર્થ :** સંતકવિ સંતદાસ ખડિયા કહે છે અમુક સમયે માનવ સમાજે ઈશ્વર તરફ કીડીની માફક સતત કદમ માંડવા જોઈએ. સંસારની માયા ચક્કા

ચૌંધ જુઠી છે. જુના સમયમાં ગામડામાં ભોડવીની યાર્ગ માટી ખોરડામાં કરતાં ઓરડાં ઓસરી ચાકળા કોઠલામાં(અભ્રક)ભોડળની ગાર્ય કરીને અનોખો ઓપ અપાતો. છેટેથી જીણા જીણા તારલા ટમટમતા હોય તેવું રળીયામણું લાગે એવું ચિત્ર દેખાતું પણ તેને ઓઠિંગણ દ્યો કે હાથથી અડો હાથે ચોટે કપડા પણ ધોળા થાય વસ્ત્રોને તે ચોટે માટે આ અભ્રક ભરેલી દુનિયામાં સંતદાસ ખડિયા કહે છે. ભકિત ભાવ જ સનાતન છે. ઈશ ઉપાસના જ ઉદ્ધારક છે. લોકસાહિત્ય સંશોધન ક્ષેત્રના પ્રણેતા અને કવિ દલપતરામ(લીંબડી), ફાર્બસ દેવેન્દ્ર સત્યાર્થી, ઝવેરચંદ મેઘાણી આ બધા સંશોધક અને કવિઓએ આ અમૂલ્ય સાહિત્ય માટે ઘોડાં, સાંઢિયા, રેલ્વે, પગપાળા વિગેરેમાં મુસાફરી કરીને હાથે લખીને નોટોને નોટોમાં લખીને રાખી અને કાળના જડબા ઓરાતુ. આ લોકસાહિત્ય ચારણી સાહિત્યને બચાવ્યું. નવું જીવન આપ્યું અને જગતને સમર્પિત કર્યું તેઓ નિજ સ્વાર્થ માટે નહીં પણ પોતાના મનોભાવ ઈચ્છાપૂર્તિ માટે આ સંઘર્ષ અને ફનાગીરી વહોરી લીધેલી. ઝવેરચંદ મેઘાણી કે જેને પુ.ગાંધીજી આદર આપતા. રાષ્ટ્રીય શાયરે લોકસાહિત્ય, ચારણી સાહિત્ય માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું તેમ કહેવું હોય તો કહી શકાય જેમણે ૧૯૨૮થી ૧૯૪૭ સુધીમાં લોકગીતો, લોકસાહિત્ય અને નવલકથા ઐતિહાસિક અને લોકવાર્તાના ૨૬ વર્ષની કાવ્ય અને લેખન પ્રવૃત્તિમાં ૯૩ જેટલા પુસ્તકો આપ્યા. ચારણો અને ચારણી સાહિત્યમાં સમાલોચના માધ્યમથી કરે છે.આશાજી રોહડિયાએ કહેલા વાઘાજીના વિરહમાં દૂહા મરુ ભુમિનાએ રાઠોડ વાઘજી(કોટડા) તથા અન્ય વચનિકાનો મેઘાણીજીએ ઉલ્લેખ કર્યો છે. તેમને ડીંગળી સાહિત્યની વધુ ખેડાણની અને રાજસ્થાની સાહિત્યની વધુ પ્રાપ્તિ થાય તેવી ઈચ્છા હતી. તે ઈચ્છા પૂર્તિ થાય તે પહેલાં જ ઝવેરચંદ મેઘાણીએ મહાપ્રયાણ કર્યુંત્યારબાદ શંકરદાનજી દેથા (લીંબડી), ઠારણભાઈ મ્હેડુ, પિંગળશી નરેલા (ભાવનગર), કવિ દુલા કાગ(મજાદર),પિંગળશીભાઈ લીલા (છત્રાવા) અને રાજકોટ જિલ્લાના ધૂનાના ગામના રતુદાનજી રોહડિયા ચારણી સાહિત્ય સંશોધન માટે અમૂલ્ય યોગદાન આપ્યું. એમનો પ્રવાસ સંઘર્ષ ઘણો પરિશ્રમ ભરેલો અને હસ્તપ્રતો મેળવવામાં રસવંતો રહ્યો. તેમણી ઘણી ઘણી ચારણી સાહિત્યની હસ્તપ્રતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જમા કરાવી. ચારણી સાહિત્ય નવો અવતાર પામે તે માટે મધ્યકાલીન આ શ્રુતિ પરંપરા અને ડીંગળી ચારણી શૈલિથી પ્રભાવિત થઈ રાજા માનસિંહજી રાઠોડ (જોધપુર),વિ.સં.૧૮૬૦ થી ૧૯૦૦ કે જેના રાજયમાં ૧૭ ચારણો વિદ્વતાને વરેલા કવિ આસને બિરાજતા હતા અને અન્ય કવિઓ મોતિસર બ્રહ્મભાટ મિર એ તો જુદા. આમ માનસિંહજી રાઠોડને ચારણો પ્રત્યે અથાગ સ્નેહ હતો તેમનો પુરાવો ચારણોના ગૌરવ સમુ ચારણોને ઉદ્દેશીને રચેલું તેમનું આ કવિત કવિ અને સુભટ રાજવી માનસિંહજી રાઠોડ ચારણોને પોતાના કવિતમાં આ રીતે અમર કરે છે–

**પરમપવિત્ર પૂજનીય પ્રથી નાથન કે**
**પાકૃત પુરાને પરમાર્થ કે પત્ર હૈ**
**(માન)મરુધિસ કહે દાનવીર ક્ષત્રિન કો**
**સંજીવની મંત્ર જે સૈ સોહ સર્વત્ર હૈ**
**સ્વામિભકત સત્ય વકતા રુ વચ્ચન સિદ્ધ**
**દૈવિયોં વ્હે જાકે દ્વાર દુહિતા કલત્ર હૈ**
**બિના પઢે ચારન હી વેદ કે ઉચ્ચારન સોં**
**ચારન વિવુધ વર્ણ ચારન કે છત્ર હૈ.**

ચારણકવિ રામનાથ કવિયાં(અલવર) વૃદ્ધ અવસ્થામાં થોડે દૂર જંગલમાં આઈ કરણીજીના દર્શને જતાં આ ડીંગળી ભાષાનો દૂહો બનાવીને માંકરણીજીના આશીર્વાદ માગેલા.

**મેહાઈ માગતોહ થગથગતો આવણ થટે**
**પિસલે ચોં પગતોહ ડગતો રાખે ડોકરી**

આવી વીર ભૂમિ જયાં સતી, સંત, દાતાર અને જગદંબાઓએ જન્મ લીધો એ ધરતીને લાખ લાખ વંદન. •

## છકડો : ગામડાંનાં વણાટનો વધુ એક હાંઘો ઊતરડાઈ ગ્યો..

**શ્રી સુરેશ ગઢવી – પારેવાળા 'વડલે વાતું'**

૯૭૧૪૨ ૨૦૧૫૯

'લ્યો, આપણો છકડો છેવટ ડૂકી ગ્યો, ઈમને?'

'હા, પ્રદૂષણ અને માર્ગ' સલામતીના નિયમો વધારે કડક થયા છે અને આ નિયમોમાં છકડો બંધ બેસતો નથી એટલે રિક્ષા બનાવતી ભારતની ત્રીજી મોટી કંપની અતુલ ઓટોએ એનું ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય કર્યો છે.'

'આ છકડો આવ્યો ઈને લગભગ પસાહેક વરહ થ્યાં હશ્યે.' જેમાકાકાયે કહ્યું, 'માણહમાં ય હાલે, ને માલમાં ય હાલે.'

'હવાર્યનાં પોરમાં બસ – ઇસ્ટાન્ડે જાઈ ને ન્યાં તણ્ય – સ્યાર છકડાં નો પડાયં હોય તો જ નવાય.'

'હં, ઈ છકડાં વગર્ય આપણાં બસ-ઈસ્ટાન્ડ હવે અણોહરાં થઈ જાહે ભાય!'

'આ તો હવે કાંક ઠીક થ્યું સે. બાકી ગામડાંની સરકારી બસુંનું તો કાયમ રગશિયાં ગાડાં જેવું ખાતું. ઈને કાંય ટાયમની તાબેદારી નંય. આવે તયેં આવી કેવાય.'

'હા, બસુની ઈ ઘબાજાળિયુંમાં આ છકડાંનો આપણને ભાર્યે ટેકો.' ઠાકરશીયે કહ્યું, 'દહ-બાર જણાં થાય કે તરત ઊપડે. બસની વાટયે ખોટી નો થાવું પડે.'

'હં, બસની રાહ જોવાંપણું નય. છકડામાં બેહી જાઈ એટલે વેલું આવે જહદણ્ય(જસદણ).' પસાયે કહ્યું, 'ભલે ઈની ગતિ મંથર, પણ વેતું ગઘેડું વીહ ગાવ!'

'ઈનો રૂટ ઢુંકડાંનો.' પસાયે કહ્યું, 'કયાંક ય ઢેફાવાં જાવું હોય તયે આ છકડાં જેવું એક્કેય સાધન નય.'

'કાઠિયાવાડયનાં ગામડાં હાર્યે આ છકડાંનો નાતો બોવ જૂનો.' જેમાકાકાયે કહ્યું, 'છકડો વયો જાહે એટલે ગામડાંનાં ઝાડની એક ડાળખી જાણ્યે વેડાઈ ગઈ હોય એવું લાગશ્યે.'

'ગામડાંની ઈ ઝાડવાની એકે એક ડાળખીયું ધીમે ધીમે કરતાં વેડાઈ જ રઈ સે ઠાકરા..'

'હા, ગામડાંની ઈ ભાંતિગળ પરંપરાયું ને રિવાજ, તેવારુંની ઈ અસલ ઉજવણીયું, ઈ હાદું, કુદરતી ને મેનતું જીવન, ઈ હરરોજયની અગવડું ને એની ય મોજ, એકેમેક હાર્યેનો ઈ ઘરોબો, ઈ ગામઠી ભોળપણ, ઈ હુવાણ્યું...આ બધુંય હવે રયું સે જ કયાં ભાય?' જેમાકાકાયે કહ્યું, 'લાગે સે, હેર(શહેર) આ બધુંય ગળસી ગ્યું સે ડિટિયાંહોતું. (પૂરેપૂરું)'

'હા, હવે વધીને પનર-વીહ વરહ.' જેમાકાકાયે કહ્યું, 'ગામનું ઈ ઝાડવું ડાળખીવછોયું હાંવ ઠૂંઠું થઈને ઊભું હશ્યે – કોય હાડપિંજર જેવું.'

'આપણાં પંથકમાં કોય પણ ગામડામાં તમે જાવ, ગામદીઠ પાંસ-હાંત છકડાં તો નીકળે જ.' ઠાકરશીયે કહ્યું, 'ને ઈ હૌનું રહોડું ઈ એક છકડા માથે એયન...ઓહોનું નભે.'

'હા, છકડો રિક્ષા એ આપણાં ગામડાંઓમાં રોજગારીનું એક સારું એવું સાધન ગણી શકાય.'

'પણ ઈનું એક ભાર્યે દખ,' પસાયે કહ્યું, 'હાલે થોડું, ને બોલે ઝાઝું.'

'હા, માળો મોદી જેવો ! કામ થોડું ને ગોકિરો ઝાઝો !'

'ઈને ઠાંઠું રિક્ષા ય કયે.' પસાયે કહ્યું, 'ને કયેંક ઈ ઠાંઠું ઝાડ ય થાય! (પાછળનાં ભાગનું ઊંચું થવું)'

'હા, મોવડય(આગળ) બેઠાં હોય ઈનાં કરતાં વાંહે ઝાઝાં ટિંગાણાં હોય એટલે ઈ વિફરે ને ઝાડ થાય.'

'હા, ઈનાં ધણીની કાવડિયાં(રૂપિયાં)ની વધારે પડતી લાલસને ઈ કળી જાય એટલે ઈની ડગળી સટકે તો ખરી જ ને ભાય!'

'ને એકફેરું ઝાડ થાય તિકેડે ઈ કોયનાં હાથમાં નો રેય.'

'હા, ડરાયવિગમાં તમારી ગમ્મે એવી હથરોટી હોય પણ આ ઠાંઠું કોયનું હગું નંય!'

'હા, ઈ ઉંધે માથે જાય, ને પછે તો રામ જેવો ધણી!'

'જીવતરમાં હમથળ(સમતોલ) રેવું ભાય, નકર્ય ખાબકશ્યો ઉંધે માથે...' ભગતે કહ્યું, 'જો ગોતીયે તો ઠાંઠાંમાંથી આ ઘડો લીધાંજોગ શિખામણ આપણને જડે.'

'ઈ છકડામાંથી આવી શિખામણું તો જડે, પણ હવે ઈ છકડો આપણી ડામરપટ્ટીયું માથે કયાંય નંય જડે ભગત!'

'હા, હવે ઈ તો ગ્યો લાંબે ગામતરે.'

'હં ગામડાં હાર્યે ઘણીય વસ વણાયેલી.' જેમાકાકાયે કહ્યું, 'ઈ વણાટનો વધુ એક હાંધો ઊતરડાઈ ગ્યો...' •

## લોકશાહીના રખેવાળ એવા ભારતના ૨૦૧૯ સુધીના વડાપ્રધાનશ્રીઓ




ખુશામત ખોરોની જીભ કાળોતરા સાપ કરતા વધારે ઝેરી હોય છે અને ઝેરી મીઠાશનો દરિયો ધરાવે છે. ખારા સાગરમાં ડૂબતો માણસ મોઢામાં આવતા પાણીનો કોગળો કરી નાખે છે. સાકરના દરિયામાં ડૂબતો માણસ આ પાણી ગળી જાય છે અને વહેલો મરે છે.(ઈરાનના મહાન સંત શેખસાદીનું વાકય છે)

ભારતમાં રાજકારણીઓ બેશુમાર છે પણ રાજપુરુષના દર્શન ઘણા વખતથી થયા નથી. રાજકારણી હંમેશા બીજી ચૂંટણીને ધ્યાને લઈને ચાલે છે. રાજપુરુષ બીજી પેઢીના હિતની ખેવના રાખે છે.
—શ્રી નગીનદાસ સંઘવી કટાર લેખક

# ચારણ સંસ્કૃતિના આધાર સ્તંભ
## શ્રી કૃષ્ણદાન ગઢવી – જોટાણા
૯૯૭૯૫ ૫૯૬૧૧

ચારણ વિચારધારાનું ચારણ સભ્યતામાં રૂપાંતરણનો એ સુવર્ણ સમય હતો. ઉત્તરના હિમાદ્રી ઉપરથી દક્ષિણાયન કરવામાં શિવ-શકિત ઉપાસક ચારણોને એક મોટો સમયગાળો લાગ્યો'તો. મૂળ તો શિવત્વ મર્મજ્ઞ ચારણો ઉત્તરાંચલના વસવાટી હોવાના અનેક પ્રમાણો પ્રાપ્ત છે. શિવગણ ચારણો શિવલોકમાં રહી શિવોપાસના સાથે વેદાધ્યન કરી પહાડી સભ્યતાને સંવારતા હતા તેનું મોટું પ્રમાણ ચારણોના કંઠમાં પ્રગટતો પહાડી રણકો છે. ચારણોની ઉત્કૃષ્ટ વિચારધારાએ ચારણ સભ્યતા મધ્યદક્ષિણી તટપ્રદેશના પૃથુ જેવા રાજાઓને લાલાયિત કર્યા. ચારણ સભ્યતામાં સમાયેલો વિવેક, સંભવિતતાની શોધન જુગુપ્સા, શિષ્ઠ વિનય-વિવેકી આચરણ શુદ્ધિ અને સતત માનવમૂલ્યો પ્રત્યેની વફાદારીએ સમાજમાં નૂતન ચેતના પ્રગટાવી હતી. ચારણ વિચારધારાનાં સભ્યતા મૂલક, ઉચ્ચતામાનક સુધારાની પ્રયોગાત્મક ઝંખનાથી સામાજિક વિજ્ઞાનમાં ઘણા નવા સુધારા થયા. ચારણ સભ્યતામાં થયેલ સુલિષ્ટ સુધારાએ ધીરે ધીરે કાલાંતરે ચારણ સંસ્કૃતિ ઉદ્‌ગમ ચેતના પ્રગટાવી. ચારણી સંસ્કૃતિનો ઉદય થયો. ચારણોના સામાજીક વર-વ્યવહારમાં તત્કાલીન સુધારાવાદી નૈતિક મૂલ્યો ઉમેરાતાં ગયાં. પરિણામે ચારણ સંસ્કૃતિ નામે એક મહાન વિચારધારા પ્રચલિત થઈ. ચારણ સભ્યતાનું સંસ્કૃતિકરણ થતું રહ્યું. ચારણોની સામાજિક પ્રગતિને વેગ મળતો રહ્યો. એ જ આધુનિક 'સિવિલિઝેશન'. ચારણો પોતાને શુદ્ધત્વ વરેલા સમાજનિષ્ઠ ઉદ્‌ગમ પૌરુષ રૂપે પ્રસ્થાપિત કરતા રહ્યા. ચારણોનું મહાન સામાજિક તર્પણ માળખું સુદૃઢ થયું.

ચારણ સંસ્કારમાં અવસ્કાર ને ઉવસ્કારનાં અનુસરણ થયાં. અવસ્કાર એટલે બીનજરૂરી - દેશ, કાળ ને પરિસ્થિતિમાં જરૂરી ન હોવાપણાની બાદબાકી. ઉવસ્કાર એટલે કાંઈક નવું - તરોતાજા મેળવી આપવું. ચારણોએ બન્ને પ્રક્રિયાને માનવીય જીવનધારામાં વણીને ચારણ સંસ્કૃતિ અભિમંત્રણની એક અદ્‌ભુત ચારણ વિચારધારા વિકસાવી. ચારણોએ સર્જનાત્મક સાહિત્યમાં જીવન વિદ્યાનાં મૂળ તપાસ્યાં. ચારણોએ કેળવણી ને જીવનધારાના પાયામાં સ્થાન આપ્યું. વૈચારિક ક્રાંતિનાં નવ જાગરણ આણ્યાં. ચારણ વિચારધારામાં ત્રિવેણીનું માનક મંડાણ થયું. નગર, વન અને ગ્રામ એમ ત્રિપાંખે ચારણ સભ્યતા, સાંસ્કૃતિક મૂળત્વે ગાઢ થતી ગઈ. તત્વવેત્તા આનંદશંકર ધ્રુવ કહે છે : 'આપણા ઉત્તમ વિચારો જેમ તપોવનમાં થયા છે, તેમ રાજમહેલ ને યજ્ઞવાટમાં પણ થયા છે.' આ બાબત ચારણોએ સર્જેલ વિચારક્રાંતિ વાવેતરની પહેલ ગણાય. ચારણ વિચારધારાએ સમાજને એક ઉત્કૃષ્ટ સંસ્કૃતિની ભેટ ધરી છે.

ભારતના સામાજિક ઈતિહાસ તત્વોએ સાતમા સૈકાથી અગિયારમા સૈકા સુધીના ઈતિહાસનું અન્વેષણ કરતાં ફલિત કર્યું છે કે, શંકરાચાર્ય ને શુકદેવ જેવાના સંસ્કૃત ગ્રંથો એ કાળે પ્રકાશમાન થયા. અતિ સંસ્કૃતિનું આક્રમણ થયું. આમ આદમી સામાજિક સમરસતાથી અળગો થતો ગયો. જેમ ઓછી સંસ્કૃતિ હાનિકારક હોય છે તેમજ અતિ સંસ્કૃતિનું પણ થયું. ભારતની વર્ણવ્યવસ્થાએ એમાં મહત્વનો ભાગ ભજવ્યો. તળનો માણસ દુર્બળ થતો ગયો, કચરાતો રહ્યો - નીચલા સ્તરની સમરસતા તૂટતી ચાલી. આ સમગ્ર સંયોજના ચારણ વિચારધારાને કઠવા લાગી. એટલે ચારણોએ લોકબોલીના માધ્યમોથી લોકસાહિત્યનો સેતુ બાંધી સાહિત્યને છેવાડાના માણસ સુધી પહોંચાડયું. એથી

કરીને ચારણ સંસ્કૃતિનો જીવનશુદ્ધિ અને જીવન સમૃદ્ધિનો મુળતંતુ પ્રકાશિત થયો. કહેવાતી સંસ્કૃતિની આભાષિતાને સામે છેડે ચારણ સંસ્કૃતિએ સંકુચિતતાનો છેડો ફાડયો. સમાજમાં પ્રેમ, તેજસ્વીતા, ત્યાગ અને ઉદ્યોગિતાનું ઉમેરણ કર્યું. ચારણોએ ધર્મનું તેજ માનવતાની સંસ્કારિતામાં નિહાળ્યું. ચારિત્ર્યનિષ્ઠોની વીરતા ને મહેનત મજૂરીની નિષ્પાપતાને વધાવી. જેથી કરીને ચારણ સંસ્કૃતિનો સૂર્યોદય થયો. સતકર્મનાં વખાણ - વધામણાં ને દુષ્કર્મો-ખરાબકામોનાં ઢાંકણ ઢાંકવા માંડયા. આભાષી તેજોદ્વેષ પરંપરાને પડકારી હસ્તિદંત વિચારધારાનો વધ કર્યો. લોકમાન્યતામાં એક નવચેતના પ્રગટી ને સમાજમાં, 'અમે પણ ચારણો જેવા છીએ. અમો ચારણો જ છીએ...!' એવો એક પવન ફૂંકાયો. લોક, વેદ ને મિશ્ર ત્રણે સમાજમાં ચારણ ચાહના વધવા લાગી. એ બધું જ તદાર્પણ ચારણ નામે મહાન સંસ્કૃતિનું અવતરણ ગણી શકાય. ચારણ સંસ્કૃતિએ સમાજશ્રેયને પ્રેય સંગીતકલાનું કાવ્ય કલા સાથે અદ્ભુત જોડાણ કરીને લોકસંસ્કૃતિનો દીપક પ્રજવલિત કર્યો...!

ચારણ સંસ્કૃતિની ભવ્ય ઈમારતને અનેક આધારસ્તંભે મજબૂત બનાવ્યે રાખી. ચારણોએ દેશ, કાળને પરિસ્થિતિ પ્રમાણે નવા-ઉત્તમ વિચારોને આવકારવા માંડયા. એમાં પ્રથમતઃ શિવ-શકિત ઉપાસક ચારણોની અનોખી-અદ્ભુત આયલ પરંપરાનું દઢિકરણ થયું. ચારણોની બાલા(દીકરી) આયલનાં દૈવતે ઈતિહાસ પ્રસિદ્ધ પરમાર્થી કાર્યોથી સમાજ ઉત્પીડક આતંકીતત્વોને સંહારવા પ્રચંડ સિંહગર્જના કરી. સમાજમાં નારીગૌરવને વધાર્યું. નારીશકિત જાગૃતિથી ચેતના આણી. સમાજને ભયમુકત કરવામાં અનોખો ફાળો આપ્યો. સાથે જ ચારણોની સાહિત્ય સર્જનાએ અને એમાંય ખાસ ચારણોની દુહાવિદ્યાએ ડંકો વગાડયો. પિંગળાધ્યાયી ચારણોએ નવા-નોંખા ન્યાયના અદ્ભુત ચારણી સાહિત્ય ગ્રંથો સમાજ ચરણે ધર્યા. જેથી સમાજમાં ચારણોનો પ્રભાવ વધતો ગયો. ત્રીજો સ્તંભ ચારણોની અનોખી જીવનરીતિ. નેહાઈ ને નાગરક બંનેમાં ચારણ સંસ્કૃતિ સમૃદ્ધ થઈ. સમાજને નવજાગૃતિ પદાર્પણ કરતી રહી. ચારણ સંસ્કૃતિનું ચારણ જીવનરીતિનું સમાજમાં આકર્ષણ થયું. નેહાઈ પરંપરામાં ગોપસંસ્કૃતિનો ઉદય થયો. સાથે જ નાગરકમાં પણ અન્ય સમાજ સહયોગી થયા. ચારણ સંસ્કૃતિએ વીરતામૂલક ક્ષાત્રત્વ વિચાર અભિયાન છેડયું. સમાજમાં જે પારકી છઠ્ઠીના જાગતક વીર પુરુષો હતા તેમના માટે ખાંભી પાળિયા પરંપરા ઊભી કરી ને બુદ્ધિચાતુરીથી પરદુઃખભંજણ  પ્રથા દાખલ થઈ. વીરકાવ્યો-બેલેડઝમાં પોતાને કંડારાવા વીર-શૌર્યરંગી માનવ ઉભરી આવ્યા. સમાજમાં ચારણ સંસ્કૃતિએ એવી અદ્ભુત આધારશકિત સ્થાપિત કરી કે યુગાબ્ધો સુધી ચારણ સંસ્કૃતિનો મહાલય અડિખમ ઊભો રહેવાનો...!

ચારણ સંસ્કૃતિએ અનેકવિધ આયામોથી પોતાની સમાજનિષ્ઠાને સતેજ કર્યે રાખી. એ સામાજિક ફરજનિષ્ઠા પણ ચારણ સંસ્કૃતિનો આધાર સ્તંભ ગણાય. ચારણ સંસ્કૃતિમાં સત્વચન પાલનનો દબદબો કાયમ રહ્યો છે. પાયામાં માનવીય મૂલ્યોને ચારણ સંસ્કૃતિએ જાળવી રાખ્યાં છે. માનવતાવાદી મૂલ્યનિષ્ઠાને કારણે 'આશરાનો ધરમ' નામે એક નવો જ વિચાર સમાજમાં દઢ કર્યો. જે અનુગાંધી યુગના ચારણ કવિશ્રી કાગના પ્રસિદ્ધ લોકભજન 'આવકારો'માં ઉદિત થયો. વાક્ચાતુરીના બળિયા ચારણોનું સામજિક તર્પણ વાર્તાકથન કળામાં વિકસીત થયું. ચારણોનું સત્વકતાપણું - વચનપાલન નિષ્ઠાને બ્રીટીશરોએ પણ વખાણી ને 'બ્રીટીશ ગેઝેટ્સ'માં ચારણોની જામીનીના લેખ લખ્યા. ચારણોની ગગનગામી છતાંય તળભૂમિના અદના માનવી આગળ પ્રગટ થયેલ આચરણશુદ્ધ વિચારશૈલી, ચારણોની પાઠ સંવિધાનમૂલક લગ્નપ્રથાને ચારણોમાં, 'યત્ર નાર્યતુ પૂજયન્તે તત્ર વસતે દેવતા..'ની બાપવડેરી ચારણ આયલ પરંપરા,

ચારણોના ભેળિયો ને ચરજું ગાનની વિશિષ્ઠશૈલી વગેરેને સમાજે અહોભાવે સ્વીકારી. ચારણોનું સામાજિક ઉત્તરદાયિત્વને વર-વ્યવહાર પરંપરા, શિવ-શકિત ઉપાસના, પ્રગટ સૂર્ય નારાયણની વંદના. મૂળ તો ચારણોની 'વસુધૈવ કુટુંબકમ' ભાવના ફળીભૂત થઈ. સમાજને નવોન્મેષાન્યામનો અભિગમ આપે છે. 'જીવો ને જીવવા દો'. વગેરે ચારણ વિચારધારા, ચારણ સંસ્કૃતિને વિશ્વચેતનામાં જોડી આપે છે. જેથી ચારણ વિશ્વમાનવ બન્યો. છીછરાજળનો નહીં પણ, ચારણ મહાસાગરનો મરમી ગણાયો. ચારણોની મધ્યમમાર્ગી સમાધાનકારી જીવન નિયતીથી ચારણ સંસ્કૃતિનો પાયો અતિ મજબૂત થયો. ચારણે લોકવાણીની સરવાણી સજીવન રાખી પોતાની મહાન ચારણ સંસ્કૃતિને મજબૂત રાખવા સતત સામાજિક સુમધુરતા પ્રત્યે સંશોધન કરી દેશ, કાળ ને પરિસ્થિતિ અનુરૂપ જીવન પ્રચલન માટે વિકાસ ઝંખ્યો, આ પણ ચારણ સંસ્કૃતિનો આધારસ્તંભ ગણી શકાય.

ચારણ સંસ્કૃતિનો અડીખમ આધારસ્તંભ ચારણોની વિદ્યાવ્યાસંગી જીવન ધ્યેય નીતિ છે. સતત અધ્યયન-અધ્યાપનની ઝંખના ચારણોને કોઠે પડેલી વાત છે પણ, તેજોદ્વેષી પરંપરાએ ચારણને ફૂલાવી ફજેત ફાળકે બેસાડી દીધો ને ચારણને 'વણપઢયો વાતું કરે' કહી ઉવેખ્યે રાખ્યો. પણ જાગૃત ચારણ કયારેય વણપઢયો જણાયો નથી. જેનું પ્રમાણ વર્તમાને ચારણના દીકરા - દીકરિયું સનદી સેવાની પરીક્ષાઓમાં સફળતા મેળવે છે તે છે. વીરવદરકાનો એક ચારણ યુવાન આઈ.એસ. કક્ષાની દેશ લેવલની યુ.પી.એસ.સી.માં સફળતા મેળવે એ કાંઈ નાની સુની વાત નથી. જી.પી.એસ.સી.માં તો ચારણ છોરૂ મેદાન મારે છે પણ, હવે યુ.પી.એસ.સી. સર કરવા માંડયાં એ ચારણ સંસ્કૃતિના આધારસ્તંભની ધરોહર ગણાય.

ચારણોનું સાહિત્યિક પત્રકારત્વમાં પ્રદાન ચારણોની નિડર-નિર્ભિક વાણી સ્વાતંત્ર્યની સજાગતા અને પાછું ઢાંકવા જેવું - ઉઘાડવા જેવુંની આપ કળા. ચારણનું લોક, મિશ્ર ને વેદ એમ ત્રિસ્તરે જીવન ઝંકૃત સમર્પણ-ચારણ સંસ્કૃતિને આબાદ રાખે છે. ચારણનું પ્રાપ્તિ-સમાપ્તિ સુધીનું તર્કશાસ્ત્રીય તપોગમન છે. ચારણ ચોથો વેદ નહીં, ચારણ ચારેય વેદ-નિપુર્ણદર્શન એ ચારણ સંસ્કૃતિનો આધાર સ્તંભ છે. ચારણ સંસ્કૃતિમાં નેહાઈ ને રાજદ્વારી પ્રતિનિધિત્વ, કવિ, કલાકાર અને કસબી કતૃત્વ સમાજમાં અજાણ્યું નથી. વર્તમાને યુવા ચારણ કલાકારોએ ચારણ સંસ્કૃતિનો આધારસ્તંભ વધુ મજબૂત કર્યો છે. ચારણી સંસ્કૃતિના આધારસ્તંભની યાદી ખૂબજ મોટી છે. ચારણ સંસ્કૃતિની મહોલાતના પાયા ઉપરોકત કારણોથી મહા-મજબૂત રહ્યા છે. ચારણો પોતાની સંસ્કૃતિના સત્વશીલ સંશોધન માટે સદાય જાગૃત છે અને રહેવાના. ભકિત પરાયણ ચારણોએ નિજ સંસ્કૃતિને ભવ્ય-ઉદાત્ત બરકરાર રાખવા પોતાના માનવીય વ્યવહારવટાની ધાર નિખાર્યે રાખી છે. સંસ્કૃતિ સતર્કતા માટે ચારણ સર્જકોએ મહત્વપૂર્ણ યોગદાન આપી આજે ચારણ સંસ્કૃતિને વિશ્વચેતના સાથે અતૂટ જોડી-મજબૂત બનાવી છે. હા, ઉજજવળ આયલ પરંપરા તથા ઉજજવળ આચાર નિષ્ઠાને સતત પ્રામાણ્ય રાખશું તો ચારણ સંસ્કૃતિનો વૈભવ સદાય ઉન્નત રહેવાનો. ચારણોનું વર્તમાને વિશિષ્ઠ તથા અદ્વિતીય જીવન ધ્યેય હોવાથી ચારણ સંસ્કૃતિના દરબારગઢની એકાદ કાંકરી પણ કોઈ હિણનજરા-અપવાદ(બિલાડીના ટોપ)થી ખાંગી થવાની નથી. અધકચરા, અભ્યાસહિણાઓને ચારણ સંસ્કૃતિમાં પોતાના વ્યકિતગત સમીકરણો ગોઠવી સતત ઉવેખના કરનારાઓને આઈમા સદ્‌બુદ્ધિ અર્પે ને સમજણ આપે કે, આપ આજે જે કાંઈ હો એ બધો પ્રતાપ ચારણ સંસ્કૃતિનો છે. અંતે તો ચારણ વિચારધારામાં વૈશ્વિકચેતના આંબવાની દીર્ઘોત્કરતા જ ચારણી સંસ્કૃતિનો આયામી આધારસ્તંભ ગણાશે...! •

## ઈચ્છા–શકિત

**શ્રી ચંડીદાન ગઢવી – ભુજ(કચ્છ)**

૯૪૦૮૬ ૮૬૬૨૭

'A will will find a way' આ અર્થપૂર્ણ અંગ્રેજી સૂકિતનો ભાવાનુવાદ, 'મન હોય તો માળવે જવાય'માં અનુભવાય છે. હિન્દીમાં પણ 'जहां चाह,है, वहीं राह है' એજ વિચાર પડઘાય છે.

ઈચ્છાજ જીવનનું ચાલક બળ છે. પુરુષાર્થ અને ગતિશીલતાનું પ્રેરક બળ છે. મહાન વૈજ્ઞાનિકોની શોધો. દઢ ઈચ્છાશકિત અને અથક સંશોધનોનું પરિણામ છે. વિશ્વ વિભૂતિઓનાં ઐતિહાસિક અને વિરલ યોગદાનનાં મૂળ તેમની અડગ ઈચ્છાશકિતમાં છે. શારીરિક પંગુતા અને માનસિક પંગુતા-વિકલાંગતાને અતિક્રમી અકલ્પનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર નર- નારીઓથી જગતનો ઈતિહાસ સમૃદ્ધ છે. એવરેસ્ટ પર તિરંગો લહેરાવનાર પ્રથમ ભારતીય વીર તેનસિંગની ઈચ્છાશકિતને અને ચંદ્રની ધરતી પર પ્રથમ ડગ માંડનાર આર્મસ્ટ્રોંગના ઈરાદાઓને પ્રાકૃતિક આપદાઓ નમાવી શકી નહોતી. પ્રકૃતિદત્ત શારીરિક મર્યાદાઓને ઉલ્લંઘીને કલ્પના ચાવલા અને સાયના નહેવાલે જે સિદ્ધિઓને સર કરી છે તે તેમની દઢ ઈચ્છાશકિતને જ આભારી છે માટે તો કહ્યું છે, **'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.'**

ઈચ્છા તેના પ્રાથમિક સ્વરૂપમાં કલ્પના વિહારની લગોલગ ઊભી હોય છે અને તેથી ઘણીવાર **'तालाब का पानी घी हो जाय, और पेड की पत्तियां रोटी हो जाय'** ના તરંગોમાં રાચતા લોકો શેખચલ્લીના સીધી લીટીના વારસદાર બની જાય છે. તો વળી, **'ઝિલમિલ સિતારોંકા આંગન હોગા, રિમઝિમ બરસતા સાવન હોગા'** નાં સુંવાળાં સ્વપ્નોનાં ઓશિકાં પર દીવાસ્વપ્નોમાં સેલારા મારતા હોય છે. પરંતુ જયારે સ્વપ્નોમાં ઈચ્છામાં શકિત ઉમેરાય છે ત્યારે તેમાં નિશ્ચયાત્મકતા અને નક્કરતા ઉમેરાય છે. તેમાંથી જ પુરુષાર્થની દિશા નક્કી થાય છે.

માત્ર ઈચ્છા નહીં, ઈચ્છાશકિત જ જિંદગીનો આત્મા છે. અડગતા, દઢતા જ આગળ જવા પ્રેરે છે. વૈજ્ઞાનિક સ્ટીફન હોકિન્સ વર્ષોથી વ્હીલચેરમાં રહીને બ્રહ્માંડનાં અકળ રહસ્યો પરથી પરદો હટાવતા રહ્યા. **'ख्वाहिशों के काफिले भी अजीब होते हैं, ये वहां से ગુજરતે हैं, જહાં रास्ते नहीं होते.'** ઈચ્છાશકિત જ માનસિક ચેતના, એકાગ્રતા, બુદ્ધિને કેન્દ્રિત કરી શકિતપાતમાં પરિવર્તિત કરે છે. વિશ્વની મહાન વિભૂતિઓ, અખૂટ, અનંત ઈચ્છાશકિતનાં જ શાશ્વત પ્રકાશતાં સંતાનો છે.

ઈચ્છા અને તરંગ, સ્વપ્ન અને દીવાસ્વપ્નોની સરહદોની ભેદરેખા અતિ સૂક્ષ્મ છે. ઈચ્છાશકિતમાં સ્વની ઓળખ, ક્ષમતાઓ, મર્યાદાઓ, ક્ષતિઓ, સ્વભાવગત નબળાઈઓ-સબળાઈઓથી ભલીભાંતી પરિચય હોય છે. સ્વપ્નમાં ધ્યેય-લક્ષ્યની નિશ્ચિતતા અને પુરુષાર્થનું સુનિયોજિત આયોજન સાથે સંભવિત સમસ્યાઓ અને તેના ઉકેલનું આકલન હોય છે. માટે તો ચિંતક સોક્રેટીસ, 'Know thy self' (તારી જાતને ઓળખ) કહે છે. ઉપનિષદો પણ 'तत् त्वम् असि' (તે તું જ છે) નો ઉદ્‌ઘોષ કરે છે. આત્મપરિચય જ આંતરિક ચેતનાને ઉજાગર કરી આપણી સીમા-રેખાઓ આંકે છે. પછી જ સિદ્ધિ યજ્ઞ આરંભાય છે. સતત સ્વ-મૂલ્યાંકન કરવું. સાક્ષીભાવે વર્તન, વ્યવહાર અને મનોવ્યાપારના ક્રિયાકલાપોનો અભ્યાસ, ઈચ્છાઓના સાચા સ્વરૂપથી અવગત કરાવે છે.

લોભ, લાલચ, ઈર્ષ્યા, અહંકાર અને આધિપત્ય-ભાવના, ઈચ્છાનાં તામસિક રૂપો છે. જે પરિવાર અને સમાજ માટે ઘાતક છે. જયારે સ્વ અને

પર હિતમાં વિનિયોગ થાય, આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠા માટે પ્રતિબદ્ધ ઈચ્છા સાત્વિક છે. તામસિક ઈચ્છાનું પાત્ર મહાભારતમાં દૂર્યોધન છે. શકુનિએ તેમાં શકિત ભરી, સતત દુષ્પ્રેરણા રેડી રેડીને છેવટે સમગ્ર કુરુવંશનો નાશ કરનાર વિધ્વંસક નાયકના રૂપમાં ઉપસાવ્યો. જયારે અર્જુને યુદ્ધમાં ધર્મની રક્ષા અને ભાવિ પેઢી માટે મૂલ્યો, ન્યાય અને સમ્માનયુકત જીવન પ્રણાલિનું નિર્માણ કરવા ગાંડીવ ચલાવ્યું. ભગવાન શ્રીકૃષ્ણ તેને ધર્મ નિર્દેશિત પંથ પર પ્રેરતા રહ્યા. તેથી સાત્વિકતા ઉપસી.

આજે તો ઈચ્છાશકિત અર્થોપાર્જન અને દ્રવ્ય-સંચયમાં ગળાડૂબ બની, પારિવારિક અને માનવીય સંબંધોની સંવેદનાઓની ધારને બુઠ્ઠી બનાવી રહી છે. ભૌતિક સંપદા અને ભ્રામક પ્રતિષ્ઠાને પામવા ઝાંઝવાની દોટમાં છે. અન્યની લીટી ભૂંસીને સ્વની બટકણી કીર્તિના મોહમાં દોડ લગાવી રહી છે.

માતા-પિતા બાળકની રસ, રુચિ અને ક્ષમતાને પિછાણ્યા વિના દેખાદેખી પોતાની મહેચ્છાઓ થોપી રહ્યાં છે. કુમળી કળીઓ તેમની મહત્વાકાંક્ષાઓ અને મિથ્યાઅહમ્‌ના ભાર નીચે કચડાઈ જાય છે.

માત્ર મજબૂત ઈચ્છાશકિત જ, તંદુરસ્ત અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે. કટ્ટરતા, ઝનૂન અને સાંપ્રદાયિકતાના સંકુચિત વાડાઓને તોડીને, મૂલ્ય પરસ્ત, સ્વચ્છ-સ્વસ્થ આવતીકાલને ધરતી પર ઉતારી શકે. સંસ્કાર, સંસ્કૃતિ અને માનવીય ગરિમાની રંગોળી પુરીને જીવનને સુંદર બનાવી શકે.

**રાત ભરકા હૈ મહેમા અંધેરા,**
**કિસકે રોકે રુકા હૈ સવેરા? •**

**: સૌને ગમશે :**

માઁ ને બધા છોરૂ વહાલા જ હોય તેમ છતાં કચ્છ કાયમ માઁ ને વધારે વહાલું છે અને રહેશે અને માઁ ના આ બાળકો પણ આ વ્હાલપની વેલુ ચડાવ્યે જ રાખે છે અને તેમાં બધે સોનલમાઁ ને શિરમોર રાખે છે. ભુજ બોર્ડિંગ, હોસ્ટેલ, મંદિરના શુભ પ્રસંગે.

ભાવનગર બોર્ડિંગના ઉદઘાટન વખતે ચોમાસામાં બારે મેહ ખાંગા થાય ત્યારે ધરતી પુત્રો અને સમગ્ર જીવસૃષ્ટિ આનંદવિભોર થઈ જાય તેમ રૂા.૫૦૦ થી લઈને રૂા. ૫ કરોડ સુધીની દાનવર્ષાની હેલી આ દિવસે થઈ તેમાં છેલ્લા ઘણાં વર્ષોથી પોતાના પુત્ર અમિતની યાદમાં શૈક્ષણિક અને સામજિક પ્રવૃત્તિ કરી રહ્યા છે અને અત્યાર સુધીમાં રૂા.૧-૨૫ કરોડથી વધુ શૈક્ષણિક અને સામજિક કાર્ય માટે વાપરનાર વિનમ્ર અને વિવેકી માનવી શ્રી જબરદાનભાઈ ગઢવીએ આ શુભ દિવસે આદિપુર(કચ્છ)માં કન્યા છાત્રાલય બનાવવાની વિનમ્રતા સાથે વડીલો પાસે વાત મુકી અને તેમાં જમીન સાથે આશરે રૂા.૫ કરોડના ખર્ચે તૈયાર થનાર પ્રોજેકટનો સંપૂર્ણ ખર્ચ પોતે જ ઉપાડશે તેવી જાહેરાત કરી તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. આવી જ રીતે મંડલા ચારણસભા રાજસ્થાન ખાતે વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સમાજના દાતાશ્રીઓ તરફથી પાંચ રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું.

સોનલમાઁ ટ્રસ્ટ રાજકોટમાં ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓમાં સમાજનો ખૂબજ સહયોગ મળી રહ્યો છે જેમાં હમણા યુવાન કાર્યકર ભાઈશ્રી શૈલેષ લાંબા જામનગર દ્વારા આ ટ્રસ્ટને ૭૦ હજારથી વધુની કિંમતનું એર કૂલર ભેટ તરીકે આપવામાં આવ્યું. અમદાવાદ ચારણ છાત્રાલયને પૂજય રૂપલબેન (ચારણકા, જિ.પાટણ)રાજવીરદાન લાળસ તરફથી ચારણ છાત્રાલયને રૂા.૫૦૫૫૦૦/- અને સોનલ વિસામા અમદાવાદને રૂા.૧૧ લાખનું અનુદાન આપણા નિષ્ઠાવાન કાર્યકર્તાઓ શ્રી બળવંત બાટી અને શ્રી દિલીપભાઈ શિલ્ગાને અર્પણ કર્યું. ધન્યવાદ સાથે રૂપલબેનનો આભાર તેમજ ભાવનગર બોર્ડિંગને પણ રૂપિયા પાંચ લાખ આ પરિવારે આપ્યા છે. અગાઉ પણ મધ્યપ્રદેશમાં છાત્રાવાસ માટે **ધનુમા પુંજાભા નાંદણે** બે વિઘા જમીન આશરે દોઢેક કરોડનું દાન શિક્ષણ માટે આપેલ. ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમો.ટ્રસ્ટ, રાજકોટે જરૂરિયાતમંદ પરિવાર માટે એક લાખ રૂપિયા તથા તેમના દ્વારા બે લાખ રૂપિયા મળીને કુલ ત્રણ લાખ રૂપિયાનો સહયોગ સોનલમાઁ ટ્રસ્ટને આપ્યો, સૌને ધન્યવાદ

– તંત્રી

## લોકસાહિત્યનું મહાપ્રયાણ

## શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી

જામનગર – ૯૪૨૭૪ ૧૧૦૧૯



રાજાઓનાં મિથ્યા યશોગાનોને, મુસદીઓની પ્રપંચલીલાઓને અને સામસામી શત્રુઓની કાપાકાપીઓને વેગળી રાખી દઈને માનવીઓ પોતાનાં જ સુખદુઃખોની છણાવટ કરતાં ઉખાણા, કહેવતો, જોડકણા, ટુચકા, ગીતો, વારતાઓ સર્જાવવામાં મસ્ત રહ્યાં, એવું એક ઉજજવળ સત્ય જગતસમસ્તના લોકસાહિત્યમાંથી નિષ્પન્ન થાય છે. સતત આત્મમંથનો અનુભવવાં, આત્મનિરીક્ષણમાં ઊતરવું, આત્મસંવેદનને પામવું એ નાની સૂની વાત નથી. એ વાતની પરમ મહત્તા તો લોકોના આ નિરાધાર પ્રયત્નમાં રહેલી છે. તેમણે કોઈ પ્રતિભાશાળી સાહિત્યકારની કૃપા ઊતરવાની વાટ જોઈ નહિ, તેમણે વીરલ બુદ્ધિવંતોના અવતરણની અપેક્ષા ન રાખી. પોતાનું સાહિત્યસર્જન તેમણે પોતે જ કરી લીધું. લોકવાણીએ પોતાનાથી વેગળા અને પોતાના કરતાં જુદેરી જ છટાથી ચાલી રહેલ શિષ્ટ વાઙ્મયની ઈર્ષ્યા અથવા સ્પર્ધા ન સેવતાં, નિજત્વના બળથી પોતાના વિરાટ માનવ-સમૂહને સુપથ્ય બને તેવુ સદ્યપ્રવાહી વાઙ્મય પકાવી લીધું. પુરોહિતો નથી આવતા? કંઈ ફિકર નહિ, અમે જ અમારું દેવમંડલ અને વ્રતશાસ્ત્ર રચી લેશું. શાયરો નૃત્યકારો ને સંગીતકારો સંપ્રાપ્ય નથી? તો ખેર ચાલો આપણે જ નૃત્ય, સંગીત અને કવિતાનો સુમેળ કરીને ગાવાનું રચી લેશું. સંસ્કૃત ભાષાનાં બળો વેગળાં છે તો પ્રાકૃત અપભ્રંશ પણ કયાં બળવિહીન છે? એને ધાવી ઉઝરશું, જીવનને સૌંદર્યે મઢશું.

શિષ્ટ વ્યકિતસરજ્યું સાહિત્ય આપણે જે મુકામે લઈ જાય છે તે જ મુકામ પર લોકસાહિત્યનું પણ મહાપ્રયાણ છે. શિષ્ટ સાહિત્ય ઉત્પાદક બળ જો સંસ્કારિતા છે, તો લોકસાહિત્યની રોપણ કયારી પણ તળપદી, રૂપાળી નિરાળી લોકસંસ્કારિતા જ છે. લોકસમૂહનું પ્રતિનિધિત્વ કરવું એ કોઈપણ એકાદ બે-ચાર પ્રતિભાસંપન્ન કવિવ્યકિતઓનું કામ નથી. લોકહૃદયના પ્રતિબિમ્બકનું કર્તવ્ય તો લોકસાહિત્ય જ કરી શકે છે. વ્યકિત-પ્રતિભાનો સર્વથા અભાવ એ જ લોકસાહિત્યનો મોટોગુણ છે. સમષ્ટિની જ એ ઉત્પતિ ને સંપત્તિ છે અને એનું સર્વોચ્ચ સામર્થ્ય તો એની શ્રાવ્યતા છે. સાચા અર્થમાં એ વાઙ્મય છે. વાણી એ મુખ્યત્વે શ્રુતિનો વિષય છે. નાદને આપણે બ્રહ્મ કહીએ છીએ. લોક સાહિત્યનો વાહક એ નાદ છે. કાગળ પર થીજતા ટાઢાબોળ અક્ષરો નહિ.

– ઝવેરચંદ મેઘાણી •

સૌરાષ્ટ્રની નદીઓ / પહાડો વિષયક દોહાઓ
શ્રી પિંગળશીભાઈ ગઢવીએ સંગ્રહિત કર્યા છે
એ અત્રે ઉલ્લેખનીય છે.....

## નદીઓ

મચ્છુ : મનગમતી ધર મોરબી, આદરમાં અચ્છુ,
પાંગરતી પનિહારીયું, મોંઘા જળ મચ્છું.

વેણુ : વ્હેતે જળ વેણું તણે, સાંગા દેને સાદ,
મમ રાખણ મરજાદ, વાંછાસોતો વેરાઉત.

હિરણ : પદમાનો પ્રિતમ હિરણની હદમાં રહ્યો,
ઝાઝા કેજો જુહાર મરતાં બોલ્યો માંગડો.

ભાદર : છત્રાવા સોરઠ દેશમાં નિરમળ ભાદર નીર,
મોટી વસતી મેરની, દાતાર ને શૂરવીર.

રીબડી : રાંધ્યાં રાખે રીબડી, કમંઢ કોપ કેવાય,
પંજોસણના પ્રતાપમાં, ડોસો દુઃખી થાય.

નાવલી : કોટીલાને વાંસે કાંઠે, જળ ખળખળતા જયાં,
સોમસરે સામું જોયું, ત્યાં નાવલી રહી ગઈ ન્યાં.

ઠેબી : આડે આવ્યાં જાય ઉપાડી, ગર્જના કરતી ગેબી,
અમરેલીએ ઊંધા માથે, ઠણકા નાખે ઠેબી.

મતવાર : બડ બડ કદી ન બોલિયે, બોલ્યું પડશે બાર,
કફરા વેણ ન કાઢિયે, મૂંગી રે મતવાર.

ભોગાવોઃ હાથ હિલોળી કરિયાં આછાં, નિર્મળ નીર ભરી નખરાળી
પાણીમાં બડ બડે પતાસાં, ભોગાવામાં કોઈ ન ભાળી

મોજ : મીઠાં સાકર જેવા મેવા, આપે ધખતા ધોમ ઊનાળે
તળીયા તડબૂચ સાકર ટેટી, મોજ હોય નહિ કદીયે માઠી.

ગુડાજલીઃ ખડીઆને પાદર ખળખળતી, ગુડાજલી ગુડા ભરો કરતી,
ઉતરવાને ગેળે આરો, દેતી હાઉક કરીને ડારો.

**(ક્રમશઃ)**

## પહાડો

ગિરનારઃ ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે
મરતા રા' ખેંગાર, ખેડેડી ખાંગો નો થયો.

સાલેમાળઃ કંકુ વરણી ભોમકા, સરવો સાલેમાળ,
નર પટાધર નિપજે, ભોં દેવકો પંચાળ.

સાણો : કુંવર ઉછળે તો ભલે ઉછળે, તું શીદ ઉછળે સાણા,
કુંવરને કાલ મનાવશું, પડયો રે ને પાણા.

નાંદીવેલોઃ સાણે વિજુ સાટકે, નાંદીવેલે નેસ,
કુંવર બચ્ચુ કુંજનું બેઠી બાળેવેશ.

માંડણ : ઠાંગો માંડણ ઠીક છે, કદી ન આંગણ કાળ,
ચાર પગા ચરતા ફરે, પંડ જુઓ પંચાળ.

બગાધારઃ બેઠેલ બગાધાર જાણ્યું મનામણા મેલશે,
દેશવટો ધરાર, સામો દીધેલ શિયૈ જેઠવે.

કાનમેર : ઢેબરને ઢોરે ટીંબે મન ટકયું નહિ,
કાનમેરાને કોરે ઈસે મન આંટો દિયે.

આભપરોઃ ઊંચો ડુંગર આભપરો નીચી જેતાવાવ
પદમણીયું પાણી ભરે, હંસલી હારોહાર.

કનડો : કનડો કાં તે રળિયામણો, ઢેકે ન મળે ઢાર
નરબંકો નારી વાંકડી ભોંય કનડો દાતાર.

ઘંટુલો : ઘંટુલો પરણે ઘંટલીને ગરમા છાકમછોળ,
હેરણ સરસત બેનડી, અણવર વાંસાફોળ.

બરડો : બરડે મારું બેસણું ઘૂમલી મારું ગામ,
ગજકરણ રાજાનો બેટડો હલામણ મારું નામ.

સરધાર : સરધારે બની સિંહણી, અસરાણ માઢે આઈ,
બાકર માર્યો બાઈ, જગ છતરાયો જીવણી.

ઠાંગો : ઠાંગો રેતી ઠેઠ, આઘે પણ ઓરે નહીં
આવ્યું બરડા હેઠા પીંજર દાણાં પાણીએ.

કનરો : કનરે મોતી નીપજે, કચ્છ મેં થિયેતા મઠ,
હોથલ જેવી પદમણી કચ્છ મેં નેણે ન દીઠ.

**(ક્રમશઃ)**

अभिमन्यु की एक बात मुझे आज भी पसंद है
''हिम्मत से हारना लेकिल हिम्मत कभी मत हारना''...

कमी अनकही बातों की अदा है दोस्ती, कमी गम की दवा है दोस्ती,
कमी है पूजने वालों की, वरना ज़मीन पर खुदा है दोस्ती....

## ભાવનગર બોર્ડીંગના શૈશવનાં સંસ્મરણો

શ્રી શંકરદાન સિંહઢાયચ – રાધનપુર
૯૬૮૭૭ ૫૮૦૫૯

*ગતાંકથી...*

જો કે થોડા વર્ષ અગાઉ તો ચારણ બોર્ડીંગના તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત ટકો- મુંડો(મુંડન) કરાવવો પડતો. પ્રભુ કૃપાએ અમારા વખતમાં આ ટકા-મુંડાનો નિયમ તો ન હતો પણ ટોપી પહેરવાનો આ નિયમ પણ પાછળથી એકાદ વર્ષ બાદ બોર્ડીંગના ટ્રસ્ટીઓએ રદ કર્યો. સમય સાથે કદમ મિલાવવા આ ફેરફાર કરવો પણ હવે બરાબર હતો. અમારા બોર્ડીંગ સમય દરમિયાન અમોએ ચાર ગૃહપતિઓનું સાંનિધ્ય માંણ્યું શ્રી પિંગળશીભાઈ પાયક પછી શ્રી રામશંકરદામજી મહેતા(રા.દા. મહેતા) ત્યારબાદ શ્રી બાલુબાપુ લાંગા અને પછી છેલ્લે આ જ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થી લુણાગરી વાળા શ્રી ઘનાભાઈ નૈયા, રામશંકરદાદા બ્રાહ્મણ હતા, ઘરડા હોઈ જોઈએ એવો કડપ વિદ્યાર્થીઓ ઉપર ના રાખી શકયા. બાલુબાપુ ભગતપ્રેમી માણસ હતા અને શ્રી ઘનાભાઈ નૈયા નેક, સજજન, મીઠા બોલા હતા. તેઓ રેલવેમાં નોકરી કરતા ત્યારે અમો સૌ વિદ્યાર્થીઓને વેકેશન વખતે વતનમાં જવા-આવવા રેલવેના કન્સેશન પાસ કરાવી અપાવવા ખૂબજ મદદ કરતા, સૌને કોટી કોટી વંદન.

બોર્ડીંગમાં સાંજના સમયે લગભગ રોજ શ્રી ગોવિંદભાઈ ગંગદાસભાઈ લાંબા જેઓ જહાંગીર મીલમાં ઓફિસર હતા તે તથા શ્રી ઘનાભાઈ નૈયા અને ત્રીજા કસ્ટમ ખાતામાં નોકરી કરતા દેવસુરભાઈ કીડીયા સાંજ પડે આ ત્રણે જણ પોતાની સાઈકલો લઈ (સાઈકલો તે વખતે મોભાદાર પાસે હોતી) બોર્ડીંગે આવતા. મોડે સુધી પરત કરી સૂર્યાસ્ત થતાં પોતાને ઘેર જતા. વિદ્યાર્થીઓને હંમેશા આ મહાનુભાવો સારી સલાહ આપતા, તે બધું આજે યાદ આવે છે.

પૂ.પિંગળશીભાઈ રાત્રે મોડા સુધી વાંચન લેખન કરતા અને સવારે વહેલા ચાર વાગે સૌચવિધિ પતાવી મોઢામાં લાંબુ દાતણ ચાવતાં વોકીંગ કરવા જતા. સવારે વોકીંગ વખતે હંમેશા તેઓ સફેદ લાંબો ચડો અને બંડી પહેરતા. આખા નિલમ બાગને આંટો મારી પરત આવતા (લગભગ ૫ કિલોમીટર) બોર્ડીંગની સવાર-સાંજની પ્રાર્થનામાં લગભગ દરરોજ હાજર રહી પ્રાર્થના અંતે નીતિનિયમોનાં સલાહ સૂચન અને પ્રસંગોપાત ચારણઅસ્મિતા ઉજાગર કરતાં, વિદ્યાર્થી જોગ નાનાં પ્રવચનો પણ કરતા. તેઓ આમ વિદ્યાર્થીઓના જીવન ઘડતરના પાયાના પથ્થરસમા હતા,તે નિર્વિવાદ વાત છે. પૂ.ભાઈ શરૂઆતમાં તો સફેદ સુરવાલ, સફેદ લાંબો કોટ અને માથે સફેદ સાફો બાંધતા પણ પાછળથી ઝભ્ભો, ધોતી અને ગાંધીટોપી પહેરતાં જોયેલા.

લગભગ ૧૯૮૨માં જયારે તેમના ભાણેજ રોઝુવાળા શ્રી ખોડીદાનજી ઝુલાસાહેબ ગુજરાતના બાંધકામ ખાતાના પ્રધાન હતા ત્યારે ગાંધીનગર તેમના બંગલે મળવા જવાનું થતું ત્યાં પૂ.બાપુને બંગલાના બીજા માળે આ જૈફવયે 'માતૃદર્શન' પુસ્તક લખતા જોયેલા,કેટલાય સંદર્ભ ગ્રંથો અને હસ્તલૈખિત પત્રો તેમની આજુબાજુ પડેલા હતા. માથે લાંબા વાળ, લાંબી અર્ધ સફેદ દાઢી વાળા પિંગળશીભાઈ, વ્યાસમુનિ જાણે મહાભારત લેખન કરતા હોય તે ઋષિવાલ્મીકિ રામાયણ લખતા હોય તેવા મને દેખાયા, તેમને દંડવત પ્રણામ કરી,આશીર્વાદ મેળવી હું પુલકીત થયો. બાકી છેલ્લે છેલ્લે અમદાવાદ મુકામે 'માતૃદર્શન' પુસ્તકના વિમોચન વખતે આ ઋષિવર્ય પૂ.પિંગળશીબાપુનાં દર્શન કરેલ એ યાદ છે. બધાજ પૂ.પિંગળશીભાઈને ત્રેવડ વાળા, કરકસરીયા અને સામાજિક ખર્ચ કરવામાં થોડા કંજુસ માનતા.

સંમેલનો વખતે કે સમાજના અન્ય મેળાવડા વખતે ખર્ચાઓમાં કરકસર કરતા. તેઓ પોતાના દરેક પ્રવચનમાં આવા ખર્ચ માટે ખાસ કહેતા કે, 'સમાજ નાનો છે, સમાજમાં ગર્ભશ્રીમંતો ઓછા છે'તેથી વધુ ખર્ચ કરી શકું તેવો ફંડ-ફાળો એકત્ર થતો નથી. આમ કહી ખાસ કહેતા કે, **'કયા કરે નર બંકડા, કોથળી કા મુંહ સંકડા'** આ બધું જ યાદ આવે છે. પૂ.ભાઈને 'માતૃદર્શન' પુસ્તક લખવા જાણે મા સોનલે જ સગવડતા કરી આપી. ભાણેજ ઝુલાસાહેબના બંગલે ગાંધીનગરમાં તેમને તમામ સગવડતા પ્રાપ્ત થઈ. ગ્રંથના પ્રકાશક પણ શ્રી ખોડીદાનભાઈ ઝુલાસાહેબ બન્યા. આમ 'માતૃદર્શન' ભાગ-૧ લખાયો. જેમાં ૧૯૫૭-૫૮ સુધીની જ વિગતો આવી. માતૃદર્શન ભાગ-૨ પૂ.પિંગળશીભાઈ લખવાના હતા. તેમની પાસે ગ્રંથની કાચી સામગ્રી તમામ તૈયાર હતી પણ અફસોસ પૂ.પિંગળશીભાઈની બીમારી અને ત્યારબાદ ૭૯ વર્ષે તેમનું પરલોકે સીધાવવું. આમ થતાં 'માતૃદર્શન' ભાગ-૨, જેમાં ૧૯૫૮ થી ૧૯૭૪-૭૫ સુધીની, એટલે કે પૂ.મા સોનલ સ્વધામ પધાર્યા ત્યાં સુધીની તમામ વિગતો હોત, તે ગ્રંથ ભાગ-૨ની વિગતોથી આપણે સૌ આ રીતે વંચિત રહી ગયા 'ઈશ્વરેચ્છા બળવાન'.

વીસમી સદીમાં ચારણ જાતિમાં, ચારણી સાહિત્યને લોકસાહિત્યને ઉજાગર કરનાર અને સમાજની સેવા કરનાર ત્રણ મહાન પિંગળશીભાઈઓ થઈ ગયા, આ માટે એક દોહો યાદ આવે છે.

**'પિંગળનામ પ્રસિદ્ધ છે, પિંગળશાસ્ત્ર સુજાણ,**
**લીલા-નરેલા સૌરાષ્ટ્રમાં, અને કચ્છમાં પાયર જાણ'**

કવિ કહે છે કે પિંગળ નામ પ્રખ્યાત અને પ્રસિદ્ધ છે. પિંગળશાસ્ત્ર પણ પ્રસિદ્ધ છે. એ જ રીતે આ ત્રણ પિંગળો પણ પ્રસિદ્ધ છે.

**૧) શ્રી પિંગળશી મેઘાણંદ લીલા(મેરૂભાબાપુના ભાઈ)**

**૨.શ્રી પિંગળશી પાતાભાઈ નરેલા (ભાવનગર રાજયકવિ)**

**(૩) શ્રી પિંગળશી પરબતજી પાયક (લોદ્રાણી-કચ્છ વાળા).**

પ્રથમ બે સૌરાષ્ટ્રના અને ત્રીજા પાયક કચ્છ પ્રદેશે - લોદ્રાણી ગામના. જો કે ત્રણેય પિંગળશીભાઈઓની કર્મભૂમિ તો સૌરાષ્ટ્ર જ રહી. સૌના પરમ આત્માને નમન.

બોર્ડીંગમાં વખતો વખત બે ત્રણ મહીને તો અચુક સોનલમા પધારતાં. બે-ત્રણ દિવસ રોકાતાં. તેમની ભાડાની કાળી એમ્બેસેડર ટેક્ષી બોર્ડીંગના ઝાંપે આવે એટલે હાજર તમામ વિદ્યાર્થીઓ એકઠા થઈ, ઝાંપે થઈ ગાડી નજીક આવતાં સોનલમાની જય બોલાવતા. વિદ્યાર્થીઓ રાજી થતા. પૂ.સોનલમા જયારે જયારે બોર્ડીંગની મુલાકાતે આવે ત્યારે એક-બે મિષ્ટાન્ન ભોજન સૌને જમવા મળતાં. પૂ.માને પરવરનું શાક ખૂબજ પસંદ તથા માની પ્રિય મિઠાઈમાં ખાસ જગ્યાએ બનતી બદામપુરી રહેતી. જે થેલાઓ લઈ અમો બજારમાં ખરીદવા જતા, તે યાદ છે. પૂ.મા બધા વિદ્યાર્થીઓને બોલાવી ઓળખાણ-પીછાંણ કરતા. કાવ્ય-કવિતા, ગીતો-છંદો વિદ્યાર્થીઓ પાસે બોલાવી ખુશ થતાં. પોતે પણ પહાડી રાગે એકાદ ગીત કે છંદની બે ચાર કડીઓ 'હરીરસ'ની પંકિતઓ ગાતાં. અમોને હસાવવા પૂ.ભાઈને મા પિપિપ (પિંગળશી-પરબતજી-પાયક) કહીને બોલાવતાં જયારે પૂ.ભાઈ આઈમાને 'આઈ-બાપુ' કહીને સંબોધતા.

પૂ.મા સોનલ હમેશાં ચારણોને શિખ આપતાં કહેતા કે, **'ચારણ એક બને, નેક બને, ચારણ સૌ એક ધારણ, ચારણ સત્યનો ઉપાસક બને, વ્યસનોમાંથી મુકત બને, પુરુષાર્થી બને, ચારણ ખૂબ ભણી આગળ વધી સમાજને અને દેશને નેતૃત્વ પુરું પાડે.'**

પૂ.મા સોનલનો દેદીપ્યમાન ચહેરો એટલો બધો પ્રભાવશાળી હતો કે મા પોતે જગદંબા સ્વરુપ જ છે, તેવો સૌને સાક્ષાત્કાર થતો, આ મોટો ચમત્કાર હતો. **(ક્રમશઃ)**

## Whats app ઓફ ધી વીક


## નેહલ જયદીપ ગઢવી – ગાંધીનગર

nehalgadhavi101@gmail.com


**મળી ગયા શબ્દો પણ...**
**આકાર આપવાનું રહી ગયું**
**બીજાંને કહેતા રહેવા ને**
**ખુદને જગાડવાનું રહી ગયું**
**બધાં સંબંધ છે**
**જન્મથી મૃત્યુ સુધીનાં**
**ખબર હોવા છતાં**
**અમને સમજાવવાનું રહી ગયું**
**પૂજયા ઘણા મેં દેવ**
**પથ્થર તણાં ચારેકોર**
**ઘરમાં બેઠેલાં ભગવાનને**
**યાદ કરવાનું રહી ગયું**
**અંતે એક વાતનો**
**અફસોસ રહી ગયો જીવનમાં**
**આવ્યાં હતા માનવદેહમાં ને....**
**માણસ બનવાનું રહી ગયું...**

બાળક જયારે જન્મે છે ત્યારે ઘરમાં તહેવાર જેવું વાતાવરણ સર્જાય અને ત્યાર પછી એ જ બાળકના જન્મદિવસે મા પોતાનો તેમજ બાળકનો જન્મદિવસ વધતી જતી ઉંમર સાથે ક્રમશઃ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઊજવાતો જાય છે. નાના બાળકોને હંમેશ આ જન્મદિનનું એક વિશિષ્ટ આકર્ષણ હોય છે. એક દિવસનો આ જન્મોત્સવ તેના માટે સૌથી વધુ ખુશીનો દિવસ હોય છે. ઉંમરની સાથે બાળકમાં ધીરે-ધીરે એક અજીબ માસુમિયત, નિખાલસતા, નિર્દોષભાવ અને કુતૂહલવૃત્તિ એક પુષ્પની જેમ પાંગરી રહેલા જોઈ શકાય છે. બંધ મુઠી સાથે જન્મેલું બાળક જેમ ગુલાબની કળી ખીલે તેમ ધીમે-ધીમે ખીલતું જાય છે પણ પછી મુગ્ધાવસ્થા અને યુવાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી પહોચતાં પહોંચતાં એ જ ગુલાબના ફૂલ સમા બાળકમાં રહેલી જિજિવિષા ક્ષીણ થવા લાગે છે. ઘણીવાર મૃત્યુ પહેલાં જ આપણામાંના અમુક લોકો મરી પરવારે છે. આવા લોકો માટે મુકુલ ચોકસી લખે છે :

**'આપણી અંદર મરી પરવારી ગયેલા કોઈએ**
**બાગમાં પથ્થર બનીને જન્મ લેવો જોઈએ.'**

મૃત્યુ આવે તે પહેલા જીવનને અને જીવનની પ્રત્યેક ક્ષણને મન ભરીને માણવી જરૂરી છે. જીવનના ઉતાર-ચડાવને એક પડકાર રૂપે સ્વીકારીને આપતા પોતાના જ વ્યકિતત્વને હરપળ એક નવો મુકામ હાંસિલ કરવા પ્રોત્સાહિત કરવાનું નામ જ જિંદગી છે. શ્રી ચીનુ મોદી લખે છે :

**'ઉગાડયો ઊગેલો સૂરજ ઢળતો સાંજ પડતાં**
**તમારે માટે કયા યમનિયમના એવા અહીં થયા?**
**તમે જન્મ્યા સાથે મરથ પણ નક્કી થઈ ગયું**
**ગમે ત્યારે આવી અતિથિવત્ નક્કી થઈ ગયું**
**તમે સંભાળીને નટવત્ કરો સંયત ગતિ**
**તમારી દોરીને મૂષકવત્ કાપે ક્ષણપતિ.'**

નાના હોઈએ ત્યારે રોમાંચમાં અને ત્યારબાદના વર્ષો ઉન્માદમાં જન્મદિન આવે અને ઉજવાયા પણ કરે પણ મનગમતા અને જરૂરી કાર્યો કરતાં કરતાં ઉંમરના એ પડાવ પર પહોંચાય જયાં અત્યાર સુધી વીતેલા વર્ષોને શાંતિથી બેસીને નિહાળી શકાય અને ત્યાર પછી આવનારા વર્ષોને કઈ રીતે જીવવા તે વિશે સમજણપૂર્વક વિચારી શકાય. આટલા વર્ષોમાં સમય, સંજોગો કે જવાબદારીના કારણે જે કાંઈ પણ રહી ગયું છે તેને ક્રમશઃ આયોજનપૂર્વક કરવું એ પ્રકારની એક યોજના બનાવીને જન્મદિનને એક નવું જ સ્વરુપ

આપી શકાય અને ત્યાર બાદ દરેક જન્મદિવસે જીવનના નવા આયામોને આવકાર આપીને ઉંમરના નવા ઉઘાડને માણી શકાય. એક સુંદર પ્રકારનું પ્રાગટ્ય આ જન્મોત્સવમાંથી જન્મી શકે જેને કવિ અને લેખક ભાગ્યેશ ઝા સાહેબ કંઈક આ રીતે વર્ણવે છે :

**'દીવાની ઘટનાને જન્મોથી પ્રગટાવો–**
**હવે ખુદ તમે પ્રગટો તે કેવું ?**
**બારી ઉઘાડીએ તો આવે અજવાળું**
**હવે, બારણું ઉઘાડો તો કેવું?'**

દરેક જન્મદિને વધુને વધુ મિત્રો બનાવીને, વધુમાં વધુ વ્યકિત, વૃક્ષો અને રસ્તાઓ ઓળંગીને જીવનને મન ભરીને માણીએ તો આ જન્મારો સાર્થક બની જાય.ગની દહીંવાલા લખે છેઃ

**'પ્રેમ જેવા શસ્ત્રથી ઘાયલ થવું સૌને ગમે,**
**એ ગમે ત્યાં ને ગમે ત્યારે ઉગામો, દોસ્તો!'**

**Last Seen :**

**મૃત્યુને**

**મૃત્યુ, મારા જન્મ સાથે તારો જન્મ.**
**પણ ત્યારે તો તું દૂર, દૂર.**
**દૂરથી તારો ચહેરો જોયો હતો, ઝાંખો ઝાંખો,**
**કયારેક કઠોર, કયારેક કોમળ.**
**જેમ જેમ હું જીવતો ગયો,**
**તેમ તેમ હું તારી નિકટ થતો ગયો.**
**તોયે હજીયે તું દૂર.**
**હવે આજે તું નિકટ.**
**નિટકથી તારો ચહેરો જોઉં છું, સ્વચ્છ સ્વચ્છ,**
**સદા શાન્ત, સદા સૌમ્ય.**
**હવે આજે તું અતિ નિકટ.**
**ગમે ત્યારે આપણે એકમેકમાં ભળી જશું,**
**ગમે ત્યારે આપણે એકસાથે જ બળી જશું.**
**ત્યારે મારા મૃત્યુ સાથે તારું મૃત્યુ. •**

---

### *લવાજમ અંગે નમ્ર અપીલ*

**જેઓના લવાજમ પૂરા થતા હોય તેમજ રિન્યુ કરાવવાનું બાકી છે તેઓ સત્વરે લવાજમ ભરી આપે તેવી વિનંતી. લવાજમ કોઈપણ વર્ષના માર્ચ મહિનામાં પૂર્ણ થાય છે. આપ જાતે જ રિન્યુ કરાવશો તો અમોને વધુ આનંદ થશે અને બીજા બે પરિવારોને લવાજમ ભરાવડાવીને થોડી સેવા આપશો તો આઈશ્રી સોનલમાં રાજી થશે, કારણ કે સાહિત્ય છપાય ને વંચાય તે આઈમાનું સ્વપ્નું હતું. આ નોંધનો અમોને પ્રતિભાવ સારો મળ્યો છે. નવા ગ્રાહકો ઘણાં બધા નોંધાયા અને જૂના ગ્રાહકોએ પણ રિન્યુ કરાવ્યા.... ધન્યવાદ....આભાર...**

### *'કાગવાણી સંદેશ' ને જીવંત રાખવા નમ્ર અપીલ*

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ–જયમાતાજી,

આપણા સમાજના સામાજીક–શૈક્ષણિક અને ધાર્મિક સમાચારોનો વાચા આપતું 'કાગવાણી સંદેશ'નામે આ માસિક મુખપત્ર નવ વર્ષથી પ્રસિદ્ધ થાય છે. આપ સૌને વિનંતી છે કે કાર્યકરો, પ્રતિનિધિઓ નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે તેમ છતાં પ્રિન્ટીંગ ખર્ચ અને પોસ્ટીંગ ખર્ચ ઉપાડી શકાતો નથી. ગ્રાહકોની સંખ્યા પણ અપેક્ષા કરતા ઘણી ઓછી છે. જામનગરથી પ્રસિદ્ધ થતું આપણા ચારણ સમાજનું આ માત્ર એકજ **માસિક** છે. 'કાગવાણી સંદેશ'ને કાયમી જીવંત રાખવા આપ સૌનો આર્થિક સહકાર માગીએ છીએ અને નીચે મુજબ આપ સૌને નમ્ર અપીલ કરીએ છીએ.

'કાગવાણી સંદેશ'નું પ્રત્યેક ઘર ગ્રાહક બનો– શુભપ્રસંગોએ આ માસિકને ભેટ મોકલવા આગ્રહ રાખો – આપના વ્યાપાર, નોકરી–ધંધાની જાહેરાત આપો, એક અંકનું ડોનેશન આપી મદદરૂપ બનો – જે અંકનું ડોનેશન આપ્યું હશે તે અંક આપના નામ સાથે પ્રસિદ્ધ થશે. – 'કાગવાણી સંદેશ' પરિવાર

## ભાગ્ય બડા તો રામ ભજ
## હંસાબા દેવકા – જામનગર
૯૮૨૫૦ ૬૩૧૮૫

ચારણ મહાત્મા ઈશરદાનજીએ પોતાના દિવ્યગ્રંથ 'હરિરસ'માં લખ્યું છે :

**ભાગ્ય બડા તો રામ ભજ, બખત બડા કછુ દેહ,**
**અક્કલ બડી ઉપકાર કર, દેહ ધર્યા ફળ એહ.**

અર્થાત્ જો ભાગ્ય સારા હોય તો રામનું ભજન કરવું. સમય સાનુકૂળ હોય તો કોઈકને થોડામાંથી થોડું પણ કંઈક આપવું, જો બુદ્ધિમત્તા સારી હોય તો બુદ્ધિશાળીએ પોતાની બુદ્ધિ અક્કલ, ડહાપણ, આવડત, જ્ઞાન અને કૌશલ્યનો બીજાનાં ભલા માટે, જરૂરિયાતમંદને મદદ કરવા એનો ઉપયોગ કરવો અને એમાં જ આ અમૂલ્ય માનવદેહ ધર્યાની સાર્થકતા છે. ઉપરોકત દિવ્યશબ્દોની પાદપૂર્તિ માટે એક ઉદાહરણરૂપ બનેલી ઘટના દર્શાવું છું.

મારા પતિ સ્વ.નરેન્દ્રભાઈ દેવકા સીધી ભરતીથી કેન્દ્ર સરકારનાં કસ્ટમ-સેન્ટ્રલ એકસાઈઝ ખાતામાં સને.૧૯૭૫માં ઈન્સ્પેકટર કેડરમાં નિમણૂંક થયેલા અને કદાચ નિવૃત્તિ વેળાએ સુપ્રિન્ટેન્ડન્ટ કે તેનાંથી ઉપરનાં પદેથી નિવૃત્ત થયા હોત, અને એનું કુટુંબ સુખ સાહ્યબીમાં રહેતું હોત. સમયે અણધાર્યું પડખું ફેરવતા દુર્ભાગ્યવશ માંદગી અને માનસિક તણાવ વિ.નાં કારણસર ૧૩ વર્ષ નોકરી પર વગર પગારે ગેરહાજર રહ્યા એટલે ખાતામાંથી સને.૨૦૦૯માં ફરજીયાત નિવૃત્તિ આપવામાં આવી જેની સામે કોઈ બચાવ ન કર્યો, સેવા અવધિ અપૂરતા વર્ષોની હોવાનું કારણ આપી પેન્શન, ગ્રેજયુઈટી વિ.હક્કો આપવામાં ન આવ્યા. એ સમયે ઘણાં પરિચિતો, સગાસંબંધીઓ પાસે મદદરૂપ થવા વાત મૂકેલી પણ કોઈએ ખાસ અંગત રસ ન લીધો, એટલે થાકી, હારી પેન્શન વિ.નાં લાભો ગુમાવીને આખું કુટુંબ દુર્દશામાં લાંબો સમય જીવ્યું અને મારે તથા બાળકોએ જીવન નિર્વાહ માટે જયાં ત્યાં કામે લાગવું પડયું.

સને.૨૦૧૮ ફેબ્રુઆરીમાં મારા પતિનું અવસાન થયું, વિધવાને મળતાં પેન્શન વિશે સાંભળતી ત્યારે મનોમન દુઃખ થતું કે અરેરે! મને પણ પેન્શન મળતું હોત તો મારા બાળકો પર હું બોજ ન બની જાત અને એમને પણ મદદરૂપ થાત. થોડા ઘણાં સરકારી કાગળો અમારી પાસે હતા પણ આંગળી પકડીને પેન્શન માટે આગળ ચલાવનાર કોઈ ન્હોતું. ફરીવાર ઘણાંને વાત કરી પણ સમય,જ્ઞાન અને શકિતનાં અભાવે,તો કોઈએ નકારાત્મક અભિગમ અપનાવી વાત ઠુકરાવી.

કહેવાય છે ને કે સો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી હોય છે એમ અચાનક આશાનું એક કિરણ દેખાયું સાંભળેલું કે થોડા વર્ષો અગાઉ મહેરબાનભાઈ વરસડાએ જામનગરમાં રહેતા વયોવૃદ્ધ બાશ્રી મુંળાબા રૂખડભાઈ બાદાણીને એમનાં પતિની એક પગાર સ્લીપનાં આધારે ફેમિલી પેન્શન મંજૂર કરાવી આપેલું જે એરીયરની મોટી રકમ સાથે પેન્શન ચાલુ થયું હતું.

કુદરતી સંકેત થતા મેં પણ આવી મદદની ઈચ્છા પ્રતિમાબેન(શ્રી ધર્મેન્દ્રભાઈ મહેડુનાં માતુશ્રી) પાસે દર્શાવી જેથી તેમણે આ વાત પોતાનાં બેન જયોતિબાને કરતાં મહેરબાનભાઈએ મારા પતિનું ખૂટતું તમામ સર્વિસ રેકોર્ડ માહિતી અધિકાર કાયદા હેઠળ મેવળી, નિયમો, કાયદાઓનો અભ્યાસ કરી, જુદી જુદી ટ્રીબ્યુનલ કોર્ટ, સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો તલસ્પર્શી અભ્યાસ કરી, દક્ષિણ ભારતમાં વસતાં મિત્રો, અધિકારીઓનો સંપર્ક કરી, દિલ્હી સ્થિત યુનિયનોનાં જનરલ સેક્રેટરીઓનાં અભિપ્રાય મેળવી એક પીટીશન તૈયાર કરી કમિશનરશ્રી, સેન્ટ્રલ એકસાઈઝ ભાવનગર પાસે રજૂ કરી, અને ખાતા

પાસે જ ન્યાય મેળવવો વધુ હિતકારી અને ઝડપી હતું.

શરૂઆતમાં કાર્ય થોડું મંદગતિએ ચાલતા દિલ્હી ખાતે ઉચ્ચસ્તરે પત્રવ્યવહાર થયો. એકાદ બે માસ પછી આસિ.કમિશનરશ્રી વાઢેર સાહેબનો ભાવનગરથી ફોન આવ્યો અને કહે કે અમે તમારો કેઈસ બરાબર સમજી ગયા છીએ, સંમત છીએ પણ હાલ કમિશનરશ્રી રજા પર હોવાથી તેઓનાં આવ્યે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરી બેનને મળવાપાત્ર તમામ લાભો અપાવીશું. જે કેઈસ વર્ષોથી કોઈ સમજતું ન્હોતું અને મૃત:પાય થઈ ગયેલો એ કેઈસ આ રાજપૂત અધિકારીને એક ક્ષણમાં સમજાઈ ગયો કારણ કે વહીવટનાં ગુણો એના લોહીમાં હોય છે અને રજા પરથી આવેલા કમિશનર સાહેબે પણ સહાનૂભુતિ દર્શાવી અને મંજૂરી આપતા એકાઉન્ટ ઓફિસર શ્રી ઘોઘારી સાહેબ અને એની ટીમે કામને તીવ્ર વેગ આપ્યો. મહેરબાનભાઈ નિષ્ઠાપૂર્વક દર અઠવાડિયે કેઈસ વિષે ચારણ - રાજપૂતનાં નાતે શ્રી વાઢેર સાહેબને ફોન કરે સ્થિતિ જાણે, ચર્ચા કરે અને તકાદો પણ કરે.

આ અધિકારી પણ વિના સંકોચે વિસ્તારપૂર્વક વાત કરે, સમજાવે શરૂ થયેલા આ સેવા યજ્ઞમાં ઈશ્વરે કેટલાય મહાનુભાવોને મદદરૂપ થવાનાં સંકેતો આપ્યા. પછી તો કમિશનરશ્રી અવારનવાર શ્રી વાઢેર સાહેબને પૂછે 'વો, લેડી કા કયા હુઆ?'

ટૂંકા ગાળામાં મારા સ્વ.પતિને મળવા પાત્ર ગ્રેજયુઈટી તથા નિવૃત્તિ પેન્શનની રકમનું ૯ વર્ષનું એરીયર્સ અને એમનાં મૃત્યુની તારીખથી મને મળવાપાત્ર ફેમિલી પેન્શનની રકમ મંજૂર થઈ ગઈ, જેની રકમ લાખોની ગણત્રીમાં થઈ. આ માનવતાવાદી ઉમદા કાર્ય માટે હું કમિશનરશ્રી તથા શ્રી વાઢેર સાહેબ અને સૌ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનું છું અને માતાજી સૌને સુખી રાખે, તંદુરસ્ત રાખે એવા અંતરના આશિષ આપું છું. આવા સકારાત્મક વલણ ધરાવતાં અધિકારીઓની ખાતાએ કદર કરવી જોઈએ કારણકે આવા અધિકારીઓ મધદરિયે ડૂબતી નૌકાનાં કાબેલ નાવિકો જેવા હોય છે. પોતાના જ્ઞાન-બુદ્ધિનો ઉપયોગ પીડિતોનાં લાભાર્થે સૌ કરે તો કેટલા કુટુંબોનું ભલું થાય!

મહેરબાનભાઈ ઘણાં સમયથી 'સ્વ.અમીરદાનજી કાનૂની સેવા મંચ' દ્વારા ઘણાં જરૂરિયાતમંદોને પોતાનાં અટવાયેલા પ્રશ્નોમાં વિનામૂલ્યે સલાહ અને સેવા આપે છે (મો.નં. ૯૪૨૯૦૦૩૩૫૯).

મારી પાસે આપવા માટે અમૂલ્ય આશીર્વાદ છે જેથી મા મોગલને હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે મહેરબાનભાઈનાં સંતાનો અને એનાં સંતાનો ખુબ નિરોગી રહે અને ખુબખુબ સુખી થાય.

'અક્કલ બડી ઉપકાર કર' શબ્દો પર સૌ ચિંતન કરે અને એકબીજાને મદદરૂપ થાય તો માનવજાતનાં અડધા દુ:ખ દર્દો ઓછા થઈ જશે. •

**સૌને ગમશે**

**હમણા મે-૨૦૧૯માં કચ્છમા ભૂજ ખાતે બોર્ડિંગ/વાડીનું પુન:નિર્માણ તેમજ નાનું પણ કાયમ નમવાનું મન થાય તેવું વાડીના આંગણાને વધુ રૂડું લગાડતુ સોનબાઈમાઁનું મંદિર, આમ આશરે ૪ કરોડના ખર્ચે માઁનો નવો બાગ બનાવ્યો છે જેની સુગંધ ચારેય દિશામા માઁના આશીર્વાદ થકી પ્રસરી રહી છે. તેમાંય યુવાને ઉમેરણ કરીને આપણાં અને ગુજરાતના માજી સાંસદ શ્રી પુષ્પદાનના પુત્ર શ્રી અજયભાઈએ ૮૫૦ મીટર જેટલી આશરે એકાદ કરોડથી વધુ કિંમતની જમીન કન્યા છાત્રાલય માટે આપી. જેનો દસ્તાવેજ આજના સમારંભમાં આ સંસ્થાને સોંપીને આ પરિવારે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું અને સતત ત્રણ પેઢી સુધી સમાજને સહયોગ આપ્યો છે. આ પરિવારે તન, મન અને ધનથી સમાજને સહયોગ આપ્યો તે બદલ ધન્યવાદ.**

**સ્કીલ એવોર્ડ** – **મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાન રાજકોટ પ્રેરિત ઓમ શ્રીકૃષ્ણ વૈશ્વિક ક્ષત્રિય પરિવાર રાજકોટ દ્વારા પંદરમા સ્કીલ એવોર્ડ વિતરણ કાર્યક્રમ-૨૦૧૯નું સુંદર અને શિસ્તબદ્ધ સમય પાલન સાથે શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા(જાંબીડા) અને તેમની યુવાનોની ટીમ દ્વારા જુન મહિનામાં યોજાશે.**

## બેનબાઈમૉ અને રાજબાઈમૉની બલિદાન કથા

**નર્મદાબેન ગઢવી તથા રેખા ગઢવી**
લાખોદ(કચ્છ)

લાખોંદના ચારણ સૌરાષ્ટ્રમાંથી આવેલા રેઢ શાખાના ભૂજના રાજા ખેંગારજી પહેલા લાખોંદ ગામે ભેટ દીધેલું ત્યારે ફતેહ મામદ જમાદારની સત્ત ખૂબ ચાલતી હતી. એ લાખોંદ ગામ પાસેથી પસાર થયો ત્યારે ભૂજના રાજા રાયઘણજી ભૂજના હતા. આ ગામનો ગરાસ કોણ ખાય છે ત્યારે એમના માણસે કહ્યું ચારણને આપેલ છે ફતેહ મામદ સિપાઈને ગામમાં મોકલ્યો. આજથી ત્રીજે દિવસે કચેરી ભૂજમાં લેખ રજૂ કરજો. બે ચારણ ભૂજની કચેરીમાં લેખ લઈને ગયા એ લેખમાં લખેલું હતું કે ખેંગાર રાજાએ દીધેલું ને ગોરા વંશના ચારણ ખાય ફતેહ મામદ જમાદારે વાંધો ઉઠાવ્યો. આવા મીઠા પાણી વાળુ ગામ દેવાય નહી. લાખોંદ રેઢ ચારણને ભાઈયું ને કીધું કે તમો તાબે થાઓ કાં યુદ્ધ કરો.

રેઢ ચારણ લાખોંદ આવ્યા, બેનબાઈમૉ તથા રાજબાઈમૉ ભજન કરતા હતા. બન્ને ભાઈઓને ઉદાસ જોતાં બેનબાઈમૉ અને રાજબાઈમૉએ પૂછ્યું કેમ દીકરાઓ ઉદાસ થઈ ગયા છો? બન્ને ભાઈઓએ કહ્યું મૉ હવે આપણે ભીખ માંગવાનો વારો આવશે. ત્યારે બહેનો રાજબાઈમૉ અને બેનબાઈમૉએ કહ્યું કે અમે ગામ જવાઈ નહી દઈએ. બન્ને બહેનો રાજબાઈમૉ અને બેનબાઈમૉ અખંડ જયોત પ્રગટાવીને બેસી ગયા. અન્ન પાણી ત્યાગી દીધા, ત્યારે ત્રીજે દિવસે લશ્કર પહોંચ્યું. બન્ને માતાજીને ખબર પડી. માતાજી બધી બાઈયુંને ભેગી કરી અને વાજતે-ગાજતે સામે ગ્યા બરોબર તેમાં એક મોડસરનો રાજપૂતનો ગજોજી કરીને હતો તેમને માતાજી કહ્યું હતું કે રાજપૂત થઈને અમારા ચારણનો ગામ ભાંગવા આવ્યો છે? માતાજી ક્રોધિત થઈને શ્રાપ આપ્યો કે જા વંશ નહી રે લાખોદના ચારણ આજે પણ ગામ મોડસરનો અપિયો લીધો કે આજથી લાખોદના ચારણનો અપિયો છે.

માતાજીએ કહ્યું કે તમને ગામ જોઈએ છે પછી પોતાના શરીરમાં તલવારથી લોહી કાઢયું બન્ને બેનોએ ફતેહમામદ પર લોહી છાંટયુ પછી ફતેહ મામદ ભૂજ બાજુ ભાગ્યો. હું ઢાલ, તલવાર ને પહોંચું પણ લોહીને ન પહોંચું. ફતેહ મામદ ભૂજ ભાગી ગ્યો. માતાજી અને દીકરી લાંગાની શાખાની દીકરી હતી. બન્ને કાકાઈ દેરાણી-જેઠાણી હતી અને બન્ને બહેનોએ કહ્યું કે અમારાથી સત નહી લેવાય હવે અમારાથી પીડા સહન થતી નથી. તલવારથી મસ્તક ઉડાડી નાખો. એક ઝાટકેથી જે ઉડાવશે એના ઘણાં દીકરા રેઢ ગોરા વંશના હતા. માતાજીના એક ઝાટકે મસ્તક પડયાં તે આજે પણ શૂરા વંશના હતા તે ત્રણને-ત્રણ રહે છે અને ગોરા વંશના હતા તે ઘણા બધા એમના દીકરા છે. એક ઝાટકે તલવારથી મસ્તક ઉડાડયો એટલા માટે આજે પણ બન્ને બહેનોના પાળીયા સ્થાપિત છે. ગામ આજે પણ એમનો દિવસ પાળે છે. આઈશ્રી બેનબાઈમૉ, આઈશ્રી રાજબાઈમૉ...•

---

### ચૂંટણી-૨૦૧૯

**સંસદની છેલ્લી ૪ ચૂંટણીઓ જોતા યુપીએ અને એનડીએ બે-બે ટર્મ જીત્યા, મતદારો બે ટર્મ સુધી મત આપે છે અને ત્રીજી ટર્મમાં પરીક્ષા લે છે જેના દશ વર્ષના કાર્યકાળના લેખાજોખા કરી પાસ અથવા નાપાસ કરે છે. શ્રી મનમોહનસિંહ કે જેઓની ગણના વિશ્વના ટોચના અર્થશાસ્ત્રીઓમાં થાય છે અને વ્યકિતગત રીતે ભ્રષ્ટાચારમાં કલંક રહિત અને સાદગીપૂર્ણ જીવન જીવનાર તરીકે ઓળખાય છે તો પણ પ્રજાએ તેમની સરકારને જાણતા કે અજાણતા કયાંક બીનસમતોલ રહ્યાના કારણે ત્રીજી ટર્મની પરીક્ષામાં પાસ ન કર્યા. આ ભારતની લોકશાહીના પરિપકવ મતદારોનો મિજાજ છે. જેને દરેક રાજકીય પક્ષો અને આગેવાનો ધ્યાને લેશે તો તેના ફાયદામાં રહેશે તેમ પ્રજા માને છે.**

## એક અજોડ વ્યકિતત્વ (ભાગ–૨)

### શ્રી જીવાભાઈ ગઢવી સાહેબ

**શ્રી શુકદેવ એમ. ગઢવી – અમદાવાદ**
૯૮૨૪૫ ૧૬૩૪૮

ગતાંકથી..



હવે ચાલો આપણે સાહેબ બાપુ અને ભુપત વિશેની કેટલીક વાતો શેર કરીએ.

સૌ પ્રથમ આપણે ભુપત કયા કારણસર બહારવટા તરફ વળ્યો તે જાણીએ.

૧૯૪૭નું વર્ષ છે. પાકીસ્તાન અને હિંદુસ્તાન બે અલગ રાષ્ટ્ર થઈ ચૂકયા છે. ભારતમાં જવાહરલાલના વડાપ્રધાન પદે કોંગ્રેસની સરકાર રચાયેલ છે. કાઠિયાવાડમાં જામ સાહેબની નેતાગીરી નીચે બધા રજવાડા એક થઈ કાઠિયાવાડ એકમ રચાઈ ગયુ હતું તેમાં રજવાડાઓની સાથે અનેક ગિરાસદારોની જમીનો ઋણરાહતના કાયદામાં છીનવાઈ ગઈ હતી. જમીનદાર વર્ગોમાં સરકાર સામે છૂપો અસંતોષ ભભૂકી રહ્યો હતો. સત્તા અને જમીનો છીનવાઈ જતા જમીનદારો અને તાલુકદારો સાલીયાણા આશ્રિત થઈ ગયા હતા. આ બધા આ પરિસ્થિતિ માટેનું કારણ સત્તાપક્ષની સરકારને માની રહ્યા હતા. સરકારના કાર્યકરો પણ પ્રજાના આ વર્ગ તરફ એક પ્રકારનો સત્તાનો રોફ દેખાડવા લાગ્યા હતા. જે જે ખેડૂતોને જમીનો મળી ગઈ હતી તેવા લોકો સરકારની તરફેણ કરતા હતા સામે પક્ષે જેણે જમીનો ગુમાવી તેવો એક ગિરાસદાર વર્ગ સત્તાપક્ષથી નારાજ થવા લાગ્યો હતો. ગામોગામ આ અસંતોષ અને વિરોધનું વાતાવરણ જોર પકડતું જતું હતું.

અમરેલી ગાયકવાડી રાજય હતું તેમાં વાઘણીયા નામે એક ગામ આવેલું છે. આ વાઘણીયાના તાલુકદાર નામે અમરાવાળા હતા. આ દરબારને ત્યાં ભુપત મેરુજી નામે એક 'બુબ' શાખનો ગુર્જર રજપુત યુવાન દરબાર પાસે નોકરી કરતો હતો. જે અમરેલી ગાયકવાડ તાબાના બરવાળા બાવીશી ગામનો વતની હતો. ભુપત એક અચ્છો રમતવીર હતો. કદાવર પડછંદ કાયા હતી તે વાઘણીયા દરબારનો વિશ્વાસુ માણસ હતો. તે સમયે એક બનાવ બને છે. બાજુના વાસાવડ નામે ગામે કોઈ અજાણ્યા શખસોએ ધાડ પાડી. આ ધાડ પડાવનાર એ ગામનો જ રાજકારણી આગેવાન હતો. તેણે સરકારમાં પોતાની વગનો ઉપયોગ કરીને પોતાનું નામ ગુનામાં ન આવે તે માટે આ ધાડનો આક્ષેપ વાઘણીયા દરબાર અને તેના માણસો ઉપર નાખી દીધો. આથી પોલીસ તપાસ થતા દરબારની સાથે ભુપતની પણ પૂછતાછ થઈ. ભુપતને આ બાબત ખબર પડતા પોતાને ખૂબ જ લાગી આવ્યું પોતે તથા વાઘણીયા દરબાર સાવ નિર્દોષ હતા છતાં તેમની ઉપર રાજકારણીઓ એ ખોટું આળ નાખ્યું છે તે જાણી ખૂબ જ ગુસ્સે ભરાયો હતો. અન્યાય સામે તેનું લોહી ઉકળી ઉઠયું હતું પોતે ધરપકડથી બચવા ગામ છોડી દૂર એક વર્ષ માટે ભાગી ગયો. એક વર્ષ પછી તેને જાણવા મળ્યું કે પાછળથી પોલીસે આ કેઈસ પડતો મુકયો છે. આથી ભુપતસિંહ પરત વાઘણીયા આવી દરબાર પાસે નોકરી કરવા લાગ્યો બાજુના એક ગામ નાજાપુરનો આયર નામે રાણા ભગવાન વાઘણીયા દરબારમાં પોલીસની નોકરીમાં જોડાયો. આ રાણા અને ભુપતસિંહને દોસ્તી હતી. વળી એક દિવસ એક એવો બનાવ બને છે કે આ રાણાના બાપને તેના જ ગામ નાજાપુરના એક કુરજી નામે પટેલીયા સાથે કોઈ બાબત ઝઘડો થયો હતો. આથી આ કુરજી પટેલે રાણાના બાપુનું ખૂન કરી નાખ્યું હતું. આથી રાણાને બાપના ખૂનીને મારીને બદલો લેવાની ઈચ્છા હતી તે માટે તે લાગ શોધી રહ્યો હતો. આ માટે તેણે ભુપતને વાત કરી અને ભુપતના મનમાં તો ઘણા સમયથી શાસન સામે રોષ ભભુકતો જ હતો. ભુપતે તરત જ

હા પાડી દીધી અને બેઉ જણા ખંભે બાર બોરવાળી બંદૂકોના જોટા ભરાવી ઘોડા ઉપર સવાર થઈ વેરનો બદલો લેવા બહારવટીયે નીકળી પડયા અને નાજાપુર આવી વાડીમાં કામ કરતા કુરજીના દીકરા કરશનને ખેતરમાં કામ કરતો હતો ત્યાં જ ચત્તો પાડી દીધો અને છાતીમાં બંદૂકનું નાળચું ભરાવી ભુપતસિંહ ધડાધડ રાયફલની ગોળીઓ કરશનની છાતીમાં ધરબી દીધી અને એક તરવરીયા યુવાને શાસન સામેના જંગના આ રીતે શ્રી ગણેશ કર્યા. તે દિવસ હતો બહારવટુ શરૂ કર્યાનો પ્રથમ દિવસ ૧૯૪૯ની સાલના જુન મહિનાની ચોવીસ તારીખે આ ગોઝારા દિવસથી શરૂ થયેલ ભુપત દ્વારા કાળજા કંપાવી નાખે તેવા એક એકથી ચડે તેવા અનેક નર સંહાર અવિરત ચાલુ ગઈ ગયા. કોઈ જગાએ બે પાંચ તો કોઈ જગાએ દશ દશ માણસોની લાશનો નિર્દય તાંડવ શરૂ થઈ ગયો.આખા સૌરાષ્ટ્ર માટે હાહાકાર મચાવનારું સાબીત થઈ ગયું. ભુપત એટલો ચાલાક અને વ્યૂહ બાજ હતો કે તે નાના એવા વિસ્તારમાં પણ આટલા આટલા નર સંહાર કરવા છતાં છેક સુધી પોલીસને થાપ આપતો રહ્યો કોઈના હાથે પકડાયો નહી. જેતપુરના ધાધલ સાહેબે બહાર પાડેલ ભુપતના મચાવેલ આતંકની કથા વાંચનારના રુંવાડા ઉભા થઈ જાય તેવી કહાની છે.

ભુપત સામેના આ જંગમાં આપણા સાહેબ બાપુનો ફાળો શું રહ્યો તે હવે આપણે જોઈએ. આપણે જોયું તેમ ભુપત અને તેની ટોળીએ હવે પોતાનો આતંક ચાલુ કરી દીધો હતો. ભુપતની ટોળીમાં વધુ આતંકીઓ ભળતા ગયા પોતાના સાથીઓની પસંદગી ભુપત જાતે જ કસોટી લઈને કરતો. તેની ટોળીમાં જોડાનારની પહેલી શરત એ રહેતી કે નવા જોડાનાર સભ્યએ એક ખૂન કરીને સરકારને જાસાચીઠી મુકવાની રહેતી. પછી જ પ્રવેશ મળતો આ રીતે પુરી લડાઈ દરમ્યાન ભુપત સાથે જુદા-જુદા સમયે સાથે રહેનાર કુલ તેર સાગરીતો હતા. જેના નામો(૧) રાણો ઉર્ફે રાણા ભગવાન-આયર (૨) દેવાયત જેઠા ભુવા-આયર (૩)દેવાયત મુળુ ખાચર-કાઠી (૪) રામ જીવા બસીયા-કાઠી (૫) લખુ જયતા માંજરીયા-કાઠી (૬) ભગુ બેચર ડેર-આયર (૭) કાળુ રાવત વાંક- કાઠી (૮) ગંભીર અજુભા ગોહીલ-રાજપુત (૯) બચુભા ઉર્ફે અગરસિંહ- રાજપુત (૧૦) માવજી ભાણા મકવાણા-કોળી (૧૧) વશરામ કાળા- આહીર અને છેલ્લે પાકીસ્તાન જવામાં સાથે રહી છેક પાકીસ્તાન પહોંચાડનાર કચ્છી ભોમિયો કોળી ઉકા વીરા હતો.

સૌરાષ્ટ્રમાં ભુપત સામે તે સમયના પોલીસ બેડામાં આઈ.જી. તરીકે શ્રી શિરોલ સાહેબ હતા અને મધ્ય સૌરાષ્ટ્રના ડી.એસ.પી.શ્રી સી.જે. મેઘા અને આપણા મુળુભાઈ હરસુરભાઈ પાલીયા સાહેબ હતા. આ બધા પોલીસ અધિકારી સાથે સમગ્ર પોલીસ તંત્ર ભુપતને મૃત અથવા જીવિત પકડવા આકાશ પાતાળ એક કરી રહ્યા હતા. સરકારે ભુપતને પકડનારને પચાસ હજારનું ઈનામની જાહેરાત કરી હતી. સરકારમાં તે સમયે ગૃહમંત્રી પદે રસિકભાઈ પરીખ હતા અને મુખ્યમંત્રી પદે ઉછરંગરાય નવલશંકર ઢેબર એક બાહોશ નેતા હતા.

આ પોલીસ અધિકારી અને પોલીસદળને વધુ મજબૂત બનાવવા સરકારે વીજી. કાનેટકર નામના બાહોશ પોલીસ અધિકારીને મુંબઈ રાજયમાંથી પુના ખાતેથી સૌરાષ્ટ્ર સરકારમાં આઈ.જી.પી. તરીકે નિમણૂક કરી. કાનેટકર સાહેબે મે ૧૯૫૧માં ચાર્જ સંભાળ્યો ત્યાં સુધીમાં તો ભુપતની ગેંગે હાહાકાર મચાવી નાખ્યો હતો. કાનેટકરને ખુલ્લી જાસાચીઠીઓ લખી ભુપત ધમકી આપવા લાગ્યો હતો. કાનેટકરે ચાર્જ લીધો તેની આ ડાકુ ટોળીને ખબર પડતા જ નવાગામ ચોટીલા પાસે ત્રાટકી એકસાથે નવ માણસોનીહત્યા કરી નાખી. કાનેટકરને ચેલેન્જ આપી ત્યારબાદ આ સિલસીલો ચાલુ જ રહ્યો. ભુપતે પોતાના જ વતનનાં ગામ બરવાળામાં ભુપતે એક જ કુટુંબના ૬ સભ્યોને ગોળીએ દીધા. બીજા અનેક ગામોમાં લૂંટ કરી મકાનો સળગાવતા રોકડ રકમ અને સોનાના દાગીના લઈ લેતા પોતાને ગમે તેવા સવારીમાં કામ આવે તેવા

ઉમદા જાતવાન ઘોડા લઈ જતા. ગામના પસાયતા કે પોલીસ પટેલ કે મુખી પાસેથી સારી બંદૂકો અને કારતુસો લઈ લેતા અને તે શસ્ત્રોનો ધાડ પાડવા ઉપયોગ કરતા હતા. આ રીતે જુન ૧૯૪૯થી શરૂ કરેલ બહારવટામાં કાનેટકર આવ્યા ત્યાં સુધીમાં બે વર્ષમાં અનેક ગામો ભાંગી કતલ અને લૂંટ ચલાવી હાહાકાર મચાવી દીધો હતો.

આ બાજુ કાનેટકરે પણ કોઈ ધમકીથી ડરે તેવા ન હતા તેમણે પુરો અભ્યાસ સાથે બધી ભુપતની વ્યુહ રચનાઓ જાણી લીધી હતી. પોલીસ કર્મીઓમાં ફેરફાર કર્યા. કાનેટકર પોતાને મદદરુપ થાય તેવા કાબેલ અને નિડર પોલીસ અધિકારીની શોધમાં હતા આ માટે સાહેબ બાપુ પર નજર મંડાણી તરત જ સરકારમાં ભલામણ કરીને જીવાભાઈ ગઢવી સાહેબને ખાસ પ્રમોશન આપીને ડેકોઈટી માટેના ખાસ સ્પેશિયલ ડીએસ.પી. તરીકે બહુમાન કરી નિમણૂંક આપી પોતાની સાથે રાખ્યા. સાહેબ બાપુ તે સમયે મુંબઈ રાજયમાં આણંદ ખાતે પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા સાહેબ બાપુએ આવીને તરત જ કામ શરૂ કરી દીધું. બાતમીદારો ગામો ગામ ગોઠવી દીધા હતા અને બે પગી 'રામો' અને 'ભાણો' પોતાની સાથે રાખતા. આ બાજુ સરકારે બીજા વધુ પોલીસ દળની માગણી કરતા કુલ ૩૦૦૦ પોલીસનું દળ ભુપતને પકડવા કામે લાગ્યું. બહારવટીયા ટોળી લોકોને છેતરવા માટે જે તે ગામમાં પ્રવેશ વખતે પોલીસના યુનિફોર્મનો ઉપયોગ કરતા. ટોળીએ પોતાનો આતંક સમગ્ર સૌરાષ્ટ્રના ગોહીલવાડ, ઝાલાવાડ, અમરેલી, જામનગર, બારાડી, ખંભાળીયા અને સોરઠના ગામો પર તથા ગીરમાં ફેલાવેલ હતો. ગીરનું તે સમયનું ઘટાટોપ જંગલ તેમનું આશ્રય દાતા અને છૂપાવાનું ઠેકાણુ હતું.

સાહેબ બાપુ અને કાનેટકરની જોડી આવતા જ ભુપતની ટોળીની પડતી શરૂ થઈ ગઈ 'ઢસા' ગામ પાસેની અથડામણમાં ભુપતે તેનો સાગરીત 'ભગુ' ગુમાવ્યો. ગીરમાં બહારવટીયાને ઝેર કરવા ગામો ગામ નેસડે નેસડે દસ-દસ પોલીસને જડતી માટે ગોઠવી દીધા. દિવસે-દિવસે પકડ મજબૂત થતી જતી હતી. ગીરમાં સાહેબ બાપુ અને પાઠક સાહેબની આગેવાનીમાં જાપ્તો સખત બનાવતા ટોળી ગીર છોડી બહાર નીકળી ગઈ. ભુપતનું જાસૂસી તંત્રપણ મજબૂત હતું લોકોને પૈસા, ઘરેણા, ધાક ધમકી આપી પોલીસની હિલચાલ જાણી લેતો.

આ બાજુ ભારત સ્વતંત્ર થયુ ત્યારે એડહોક ધોરણે સરકાર કામચલાઉ રચવામાં આવી હતી. ૧૯૫૨માં ૨૬ જાન્યુઆરી ભારતીય બંધારણ અમલ આવતા હવે ચૂંટાયેલી સરકાર રચવા માટે સરકારે રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની જાહેરાત કરી. ચૂંટણીની જાહેર સભાઓ પર પણ ભુપતે ગામોગામ હુમલા કરી અનેક લોકોને અને રાજકારણીઓને મોતને ઘાટ ઉતારી નાખ્યા હતા. આવી એક ખારચીયા ગામની ચૂંટણી સભામાં ફાયરિંગ કરી દસ માણસોની લાશ પાડી દીધી.દરેક તાકાતનો એક અવધિ હોય છે તેમ ચૂંટણી પછી ભુપતની પડતી શરૂ થઈ પોલીસે ભુપતના અનેક બાતમીદારો અને ભુપતને મદદ કરનારાઓની ધરપકડનો સઘન દોર ચાલુ કર્યો હતો તેમાં તેના સાગરીતોમાં 'ભગુ' પછી 'રાણા' અને ત્યાર બાદ 'દેવાયત'ના મૃત્યુ થયા. નવેમ્બર ૧૯૫૧થી શરૂ થયેલી ચૂંટણી જંગ બાદ જાન્યુઆરી ૧૯૫૨માં ઢેબરભાઈની ચૂંટાયેલ સરકાર સત્તામાં આવી ગઈ. સાથીદારો અને ગામડાના ટેકેદાર જાગીરદારોની સલાહ માની ભુપતે વિચાર્યુ કે પોલીસના હાથે વહેલા મોડું પકડાઈ જેલમાં સબડવુ તેના કરતા આ દેશ છોડી પાકીસ્તાન ચાલ્યા જવુ વધુ મુનાસીબ માન્યું.

તેના પ્લાન મુજબ છેલ્લે ભુપત પોતાની સાથમાં ત્રણ ખાસ સાથીદાર એવા ખારચિયાનો મુળુ વાંક અને ભુપતના ગામનો લખુ માંજરીયો અને મોરબી પાસેના વવાણીયા ગામનો બચુભા લધુભા ઉર્ફે અગરસિંહ રાજપુત મળી કુલ ચાર જણાએ મળી છેલ્લી કચ્છમાં પ્રવેશ કર્યો. ગામ છોડી પાકીસ્તાન તરફ ભાગ્યા રસ્તામાં બચુભાએ પોતાને પાકીસ્તાન

નહી આવવાની ઈચ્છા વ્યકત કરી ભુપતે તેને પાછો વળી જવા કહ્યું. બાકીના ત્રણ જણા આગળ ચાલતા તેમને એક ઉકો કોળી નામે એક ભોમિયો મળી ગયો જે પાકીસ્તાન જવાના રસ્તાનો જાણકાર હતો. ભોમિયો પોતે પણ અવારનવાર આ રસ્તે પાકીસ્તાન જઈ ચૂકયો હતો તેને સાથે લીધો. પાકીસ્તાનને રસ્તે બાર ગાઉનું રણ પાર કરવાનું હતું. આ માટે સારી ઓલાદના ઊંટ અને ઘોડાની જરૂર હતી. આથી ત્રણે જણા નજીકના દેશળપર ગામે ગયા ત્યાં લૂંટ ચલાવી તે દેશળપર ગામે છેલ્લી લૂંટ ૨૧ માર્ચ ૧૯૫૨માં ચલાવી તે ગાતેથી એક સારું ઊંટ અને બે ઘોડા અને જરૂરી હાથખર્ચીના રૂપિયા લૂંટી લીધા અને ઉકાની સાથે ત્રણે જણા મીલીટરી થાણાને થાપ આપી રાત્રે ત્રીજી એપ્રિલ ૧૯૫૨ના રોજ ભારત દેશ છોડી દીધો અને એક દુશ્મન દેશમાં પ્રવેશ કરી મુકિતનો શ્વાસ લીધો. આ સાથે જ સૌરાષ્ટ્રના એક આતંકી ઈતિહાસનો અંત આવ્યો તે દિવસે સૌરાષ્ટ્રની ધરતીનો જાણે ભાર હળવો થઈ ગયો. સાથે-સાથે પોલીસ તંત્ર અને ઢેબરભાઈની સરકારે નિરાંતનો દમ લીધો. લોકોને ગામો ગામ ભુપતના ભણકારા વાગતા હતા તે આજે શાંત થઈ ગયા.

આ રીતે જૂન ૧૯૪૯થી શરૂ કરેલ બહારવટાનો એપ્રિલ ૧૯૫૨માં અંત આવ્યો તે દરમ્યાન ભુપતની ટોળીએ કુલ ૭૦ ગુન્હા કર્યા હતા અને ૮૭ લોકોના ખૂન કર્યા હતા અને પાંચ લાખ ચાલીસ હજારની રોકડ અને દાગીના રુપે લૂંટ ચલાવી હતી.

ઉપર જોયું તેમ ભુપત સાથે પાકીસ્તાન જનાર ગેંગમાંથી બચુભા પોતે પાકીસ્તાન ગયો નહી તે કચ્છમાંથી સંતાતો ફરતો પોતાના વતન મોરબી બાજુ ભાગી ગયો હતો. પોલીસને જયારે ખબર પડી ત્યારે સાહેબ બાપુની આગેવાનીમાં પોલીસ ટુકડીએ બચુભાને મોરબી ખાતેથી જીવતો પકડયો. બચુભાએ ઝાલાવાડના શિવાનંદ નામના કાર્યકરનું ખૂન કરેલું તેમજ ભુપતની સાથે રહીને જે-જે ગુન્હા કરેલા તે બધા ગુન્હાઓની બધી તપાસ સાહેબ બાપુને સોંપાઈ હતી. તે છેક હાઈકોર્ટમાં સજા ફાંસીની મળેલી તેનું ચાર્જશીટ બાપુ એ એવું સજજડ પુરાવા સાથે રજુ કરેલું કે સામાવાળાએ આ માટે જે સુપ્રીમમાં અપીલ કરેલી ત્યારે પોતે રુબરુ આ કેઈસ માટે થઈ ને સરકાર પક્ષે એરોપ્લેનમાં બેસી દિલ્હી સુપ્રીમકોર્ટમાં થયેલ અપીલમાં ગયા હતા અને સાહેબ બાપુએ રજૂઆત કરીને બચુભાની ફાંસીની સજા કાયમ રહી અને અંતે ૧૯૫૩માં બચુભાને ફાંસીની સજા મળી. બચુભાની તપાસ દરમિયાન પોલીસને ભુપતના કરતુતોની બાકી રહેલ ઘણી જાણકારી બચુભા પાસેથી મળી.

વિધિની વિચિત્રતા કહો કે ભુપતના કિસ્મત ગણો પાકીસ્તાનમાં જઈ મુસ્લિમ ધર્મ અંગીકાર કરી રાજય આશ્રય મેળવી ભુપત ફરીથી લગ્ન કરી સામાન્ય સ્વતંત્ર જિંદગી જીવ્યો અને ૧૯૯૬માં ૭૪ વર્ષનું આયુષ્ય ભોગવી કુદરતી મૃત્યુ પામ્યો.

સાહેબ બાપુનું અભિયાન પૂરું થતા સરકારે તેઓશ્રીનું બહુમાન કર્યું હતું. બાકીનો સમય પોતાના હોદ્દા પર ચાલુ રહી પોતે ૫૫ વર્ષ થતા સેવા નિવૃત્ત થયા ત્યારે ગૃહપ્રધાન રસિકભાઈએ તેમની વધુ સેવા ચાલુ રાખવા સાહેબ બાપુને જણાવ્યું હતું. પરંતુ પોતે હવે વતનમાં રહીને કુટુંબ અને સમાજ અને ગામ લોકો સાથે રહીને બાકીની જિંદગી જીવવા માગે છે તેમ જણાવ્યું અને ત્યાર પછી પોતે સહકુટુંબ મુળી આવીને વસ્યા અને સામાજિક સેવા અને આધ્યાત્મિક જીવન જીવ્યા. પોતે જીવનભર પ્રામાણિકતા અને નીતિમય જીવન જીવ્યા. આજે તેમના વારસદારોમાં મોટા પુત્ર જબરદાનજી પણ પિતાના માર્ગે ચાલી પોલીસ અધિકારી ડીવાય.એસ.પી. સુધી પહોંચ્યા હતા. હાલ સુરેન્દ્રનગર રહે છે. જબરદાનજીની પાસેથી સાહેબ બાપુની ઉપરોકત હકીકતો મેળવી આ આર્ટીકલ તૈયાર કર્યો છે અને ભુપત અંગેની હકીકતો જેતપુરના કાઠી દરબાર જીતુભાઈ ધાધલના પુસ્તકમાંથી મેળવીને સંકલન કરી રજૂ કરેલ છે તે બદલ તેઓશ્રીનો આભાર માનું છું અને બીજા નંબરના પુત્ર બિહારીદાનજી જેને જ્ઞાતિમાં પહેલા આઈપીએસનું બિરુદ મળ્યું જેનાથી સમાજના દરેક વ્યકિત પરિચિત છે. તેઓશ્રી પણ ડી.આઈ.જી. પદે નિવૃત્ત થયા છે. હાલ અમદાવાદ રહે છે જે જ્ઞાતિનું ગૌરવ છે. ખૂબ નામના મેળવી છે. •

## ચારણી છંદો અને ચારણી સંગીત

**શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી**
જામનગર – ૯૪૨૭૪ ૧૧૦૧૯

**–– અભ્યાસ લેખ ––**

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશનાં ચારણોએ સાહિત્યક્ષેત્રે જે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે તેને ચારણી સાહિત્ય, ચારણ સાહિત્ય, ચારણ વાણી, ચારણ કાવ્ય, વીરગાથાકાલ એવાં જુદાં જુદાં નામથી ઓળખવામાં આવે છે. ચારણી સાહિત્ય જે ભાષામાં શબ્દસ્થ થયું છે, તેને ડિંગલી કે ડિંગળી કહેવામાં આવે છ. તેથી તે ડિંગલ સાહિત્ય તરીકે પણ ઓળખાય છે તેની ભાષા, ગાયકી રચના જુદાં છે. શ્રી જયમલ્લ પરમારના મતે 'ચારણી છંદોની ભાષાની રચના પણ સહેલી નથી અને એને સમજવું પણ સહેલું નથી. આજકાલ એ છંદો નિઃસત્ત્વ જોડકણાં જોડીને એને લોકગીતોને નામે રજૂ કરવામાં આવે છે અથવા છંદોના ઘોડા મારી મૂકે છે.'

ચારણી સાહિત્યના સર્જકો બહુશ્રુત છે તેથી તે સાહિત્ય વિષય વૈવિધ્યથી સભર છે. ચારણોનો કાવ્યનાં રસો અને અલંકારો ઉપર પણ જન્મજાત કાબૂ છે, તેથી તે પ્રતિભાશાળી સર્જકો છે એટલે જે શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે : 'ચારણો વ્યવહાર કુશલ કવિઓ હતા, તેઓ કોઈ એક જ ભાવમાં આત્મનિમજ્જન નહોતા અનુભવતા તેઓ કલાના સભાન સર્જન તરફ વિશેષ ઢળતા' (ઋતુગીતો) 'ચારણની ખાસિયત એ છે કે જે વિશે કૃતિ રચે તે વિષયક વાતાવરણ ખડું કરવા ભાષામાં પણ ભેળ કરે. મુસ્લિમ દેવની ઉપાસના હોય તો મુસ્લિમ શબ્દોની રંગોળી પુરી દે છે.'

ચારણી છંદોમાં શબ્દાડમ્બર, નાદ વૈભવ, ગીત માધુર્ય, ભાષા સૌંદર્ય, તાલ પ્રવાહની લય બદ્ધતા, પદ લાલિત્ય, પ્રાસાનુંપ્રાસ, ગતિશીલતા, ભાવતન્મયતા, ચિત્રાત્મકતાથી સભર હોવાથી રસાનંદ અને રસોલ્લાસમાં મેદાન મારી જાય છે. આ અંગે શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે 'શ્રોતા મંડળ ઉપર દાયરાની બેઠકમાં જ બેઠે બેઠે તત્કાળ અને તીવ્રપણે એ પ્રભાવ છાંટવાનો હતો. એ સાહિત્ય લખાઈને અથવા છપાઈને મનનપૂર્વક વાંચવા-વિચારવાની વેળા કે સ્થિતિ જ નહોતી. હવે આ તાત્કાલિક ચોટ લગાવવા માટે ચારણી કવિતાને તો સંગીતની યે સહાય નહોતી. આલાપ, પલટા, રાગ, રાગિણી, વાજિંત્રની મદદ કશું જ નહોતું. કેવળ પોતાની શબ્દ રચના પર એને ઝુઝવું પડતું. નાદ-વૈભવ નિપજાવવાની જરૂર હતી એટલે એ લોકોની નાદની ગતિમાં જેટલી બને તેટલી વિવિધતા આણવા માટે આ લોકોને અનુપ્રાસ તથા વર્ણસગાઈ એ બે વાતના બળ કેળવવા પડયાં. એ અનુપ્રાસ તે કેટલી હદ સુધી? 'એકેક્ક ટૂંકમાં નવ અથવા બાર અનુપ્રાસો મેળવી એકેક્ક પંકિતને ત્રણ ત્રણ અનુપ્રાસ ઘડી પાડી, કોઈ પડઘમ વાજાના ગતિ ગીતોની માફક શ્રોતાજનોનાં પચીશ પચીશ અણઘડ વા અધઘડયાં હૈયાંને એક સામટાં લેવરાવવાના હતાં. એટલા માટે જ ચારણી કાવ્યોના સાદા હરિગીતમાં પણ અનેક ભિન્ન ભિન્ન અનુપ્રાસોનાં બંધનો આપી નવાં નવાં છંદો રૂપે જન-હૃદયને હસતો બનાવ્યો. દાખલા તરીકે સારસી છંદ લઈએ.

**શશિયર સુહાવે રંગ છાવે હુલ્લસ ગાવે હોરિયાં,**
**ફગવા મંગાવે રમત ફાવે ગમત ગાવે ગોરિયાં,**
**બાજે બજાવે ચરિત રહાવે બસંત દરસાવે બણી,**
**રઢરાણ હિડમત! વળ્યે અણરત, ધરણસર માતર ધણી!**

અથવા જુદાં પ્રાસાનુપ્રાસવાળો એ છંદનો બીજો નમૂનો જુઓ!

**ચૈતરે સ્વામી! ગરૂડગામી ! એત્ર જામી આવીએં,**
**ધર ગિરધારણ! કંસમારણ! ધેનચારણ! ધાઈએં,**
**બળભદ્રબાળા ! છોગાળા ! વારીકાના ! વાનને.**
**ભરપૂર જોબનમાંય ભામન કહે રાધા કાનને.**

બન્ને છંદોનું માપ જોશં તો હરિગીતનું છે.

છતાં અનુપ્રાસને હિસાબે બન્ને જુદાં છે. પહેલા નવ નવા મોરાં મળે, બીજામાં પ્રત્યેક પંકિતમાં ભિન્ન ભિન્ન જાતનાં ત્રણ ત્રણ મોરાં મળે એ અનુપ્રાસને 'ચારણી ભાષામાં મોરાં મળવાં' એ પ્રયોગથી ઓળખવામાં આવે છે અથવા મોરાં બહુ ન મેળવાયાં હોય એવું એક બીજું દૃષ્ટાંત લઈએ :

**અંબા ખારિયા જી ! કે કેસુ કોરિયા**
**ચિત્ત ચકોરિયા જી ! કે ફાગણ ફોરિયા.**
**ફોરિયા ફાગણ પવન હરફર, મહુ અંબા મોરિયા,**
**ઘણ રાગ ગાવે ફાગ ઘર ઘર ઝુટે પવન જોરિયાં,**
**ગલ્લાલ ઝોળી રમત હોળી, રંગ ગોપ રમાવણાં,**
**આખંત રાધા નેહ બાધા વૃજજ માધા આવણાં !**

આ છંદ પણ હરિગીતમાંથી ઘડયો, બનાવ્યો ગજગતિ છંદ. હાથીની ઝુલણ ગતિનો તાલ. આ છંદના ડોલનમાં ઉતારવાનો યત્ન થયો અને અનુપ્રાસોનો અભાવ સ્વાભાવિક વર્ણસગાઈથી પૂરવામાં આવ્યો. જુઓ દરેક પંકિતમાં 'ફ' 'ર' 'ગ' વગેરે વર્ણો ભિન્ન ભિન્ન પુષ્પો પર બેસતાં પતંગિયાની માફક સાહજયપૂર્વક પોતાનાં સ્થાન બદલતા જાય છે અને આ છંદની ગજરાજથી વિક્રમશીલ ગતિ ઘડે છે.

આ બધાં બંધનોથી ચારણી કાવ્યવાણીને જોઈતી Virility શૌર્યવંત નાદશકિત પ્રાપ્ત થાય છે. એ નાદના સામર્થ્ય વિના ચારણી કાવ્ય ભુજબળ વિનાના યૌદ્ધા જેવું નમાલું ને નિરર્થક નીવડે છે. એટલે કંઠસ્થ કવિતાને આટલાં બધા બંધનોની વચ્ચે રહીને પછી જ કાવ્યોનો વિષય જમાવવો રહ્યો. આ કારણે કાવ્યની સામગ્રી કદાચ બહોળી ન વસાવી શકાય, કલ્પનાનાં ઉડયનો ઘણું ખરું થોડેક ઊંચેથી અટકી પડે, પુનરુકિત કર્યા વિના ચાલી શકે જ નહીં. શબ્દની ભભક પ્રધાનપદ ભોગવે, એ બધું દેખીતું જ છે'(ઋતુગીતો)

ચારણી સાહિત્યમાં ઉતર અપભ્રંશમાંથી પશ્ચિમ રાજસ્થાનમાંથી જન્મેલ દ્વિત અને સંયુકત વર્ણોનું પ્રાચુર્ય તેમાં છે. કૃત્રિમ અનુસ્વર સવિશેષ છે. તત્સમ, તદ્દભવ, રૂઢ, જોગરૂઢ અને જોગક શબ્દોનો પર્યાય નિરિચત છે. એક વચન બહુવચન તેમજ સ્ત્રીલિંગ, પુર્લિંગ અને પાંચમો અનુપ્રાસ સાથે છઠ્ઠો અંત્યાનુપ્રાસ, વર્ણસગાઈ અલંકાર ખાસ પ્રયોજવામાં આવે છે. પ્રાકૃત-અપભ્રંશના બેવડા વ્યંજનો કે સંયુકત વ્યંજનોને સાચવી રાખવાનું, અનુસ્વાર કે વર્ગીય અનુનાસિક વ્યંજન ધરાવતા શબ્દોની જાળવી રાખવાનું તેમ ચરણને અંતે અનુસ્વાર અકારાંત શબ્દો ઉમેરી લેવાની લઢણ છે. વિસર્ગનો પ્રયોગ થતો જ નથી. 'ङ' 'श' અને 'ख' અક્ષરોનો ઉપયોગ નથી. 'श' 'ष' અને 'स' ને સ્થાને કેવળ દન્ત્ય સકાર, 'य' ને સ્થાને કયારેક 'ज' પણ પ્રયોજાય છે. અનાદિ 'ल' ને સ્થાને જિહવામૂલીય 'ળ'નો પણ ઉપયોગ કરવામાં આવે છે. 'ऋ' નો સ્વતંત્ર ઉપયોગ નથી. પરંતુ તેના સ્થાને કયારેક 'રિ'નો પ્રયોગ કરવામાં આવે છે. રેફનો પ્રયોગ થતો નથી. પરંતુ રેફ કાંતો પૂરા 'ર' કારમાં ફેરવાઈ જાય છે અથવા તો તેનું સ્થાનાંતર થાય છે. 'એ'નું 'હ', 'સ'નું 'છં', 'વ' નું 'મ' પણ થઈ જાય છે. નકારાન્ત શબ્દો મોટે ભાગે ણકારાની થઈ જાય છે. અકારાંત પુર્લિંગ તથા આકારાંત સ્ત્રીલિંગ શબ્દોનું બહુવચન કરતા અન્ત્ય સ્વરને બદલે 'આ' થાય છે. ઈકારાન્ત પુર્લિંગ તથા ઈકારાન્ત સ્ત્રીલિંગ શબ્દોનું બહુવચન કરતા 'યા' લગાડવામાં આવે છે. ઓકારાન્ત પુલિંગ શબ્દોનું બહુવચનમાં આકારાન્ત થઈ જાય છે. આકારાન્ત, ઉકારાન્ત, ઓકારાંત સ્ત્રીલિંગ શબ્દોનું બહુવચન કરતા 'વા' લગાડાય છે. એકની એક હકીકત, વાત, વર્ણન ફરીને ફરી પ્રકરાન્તરથી પુનઃ પ્રયોજાય છે. આથી પુનરોકિત દોષને જરાપણ સ્થાન નથી.આ છંદો 'ગીતો'ને નામે ઓળખાય છે.

સાંપ્રતયુગના યુવા કવિયો પૈકી મોટાભાગના કવિયોને છંદોના બંધારણની લેશમાત્ર જાણ, અભ્યાસ કે શિક્ષણ નથી. છંદોને નામે ગમે તે કાવ્યો રચતાં અચકાંતા નથી. પુસ્તકમાં તેઓ કેફીયતમાં લખતા હોય છે કે અમો બંધારણના જાણકાર કે અભ્યાસી નથી. છંદોનો જેણે અભ્યાસ ન હોય તેણે છંદોને રચના કરવાનો અધિકાર જ નથી. લાયકાત

કે યોગ્યતા વગર શા માટે છંદો સર્જવા જોઈએ? કોઈ વાંચક, ગાયક કે તેના વિધાનો તેમને છંદોના સર્જન માટે કહેતા ન હોવા છતાં સર્જન કર્યે જાય છે તે અત્યંત ચિંતાનો વિષય છે.

**: છંદગાનના અદ્વિતીય સ્વરસાધકો :**

**શ્રી મેરૂભાભાઈ ગઢવી :** 'છંદગાન અને દુહાની રજૂઆતમાં જળધોધની સ્વાભાવિકતાનો નાદ વૈભવ શ્રીમેરૂભાના કંઠે એનાં મૂળ સ્વરૂપે જળવાઈ રહેલો. લોકઢાળોનો ભાવ, એની ખૂબીઓ, એનું જોમ એ એનાં સાર્વજનિક સંવેદનનાં સ્વરૂપો શ્રી મેરૂભાના કંઠમાં યથાતથ જળવાઈ રહેલાં. એમની વાણી–કહેણી કવિતાનાં અવનવાં રહસ્યો પ્રગટાવીને ગદ્ય ધારા પદ્ય રેલાવતી. એમના કંઠની ભવ્ય બુલંદી અને બુલંદીમાં રહેલી વાણીનો ઝંકાર આત્મીય આનંદની લહેરો પ્રગટાવે એમની સુરાવટ એમની લગાવટ કોઈ સિદ્ધ ગવૈયાને અતિ સાધનાએ જવલ્લે જ સાંપડે એવી હૃદય ડોલાવણીની'

– જયમલ્લ પરમાર

**શ્રી દુલાભાઈ કાગ :** 'શ્રી દુલાભાઈનો કંઠ વન – જંગલમાંથી વહેતા વાયુ જેવો. લય ગમે તેટલી લાંબી ટૂંકી કરે પણ સૂરીલાપણુ એટલું બધું કે કદી વધુ ઊંચા સ્વરે ગવાઈ ગયું હોય કે ઢાળ વધુ પડતો લંબાયો હોય તો પણ કદી બસુરા ન બને. ગિરમાંથી એમને દુહાની સુરાવળ અંતરમાં ઊતરી ગયેલી. વાંસના જંગલમાંથી વાયુ ફૂંકાંતો હોય એટલી સૂરીલી અને એટલી સ્વાભાવિક'. – જયમલ્લ પરમાર

**શ્રી પિંગળશીભાઈ મેઘાણંદ ગઢવી :**'કહેણી એમની તેજસ્વી પ્રચંડ ધોધ સમી ઉછળતી ને વેગભરી છે. છંદગાન એમનું ડોલન શૈલીનું છે. વાણી એમની તેજસ્વી ને વીરહાકનીછે. ઉપાલંભ અને કટાક્ષ પરિસ્થિતિનું ચિત્રલેખન કરતાં કરતાં ધારદાર અને વેધક બને છે. બેધડક અને નિડર એમનું વ્યકિતત્વ છે. એમના કંઠ, કાવ્ય અને કહેણી પ્રભાવશાળી છે.'

– જયમલ્લ પરમાર

**ચારણ સંગીતઃ** ચારણ એ સાંસ્કૃતિક કુળ છે. ચારણ સાહિત્યકારોએ અનેધવિધ પ્રકારનું સાહિત્ય સર્જ્યું છે. ચારણ પેઢી દર પેઢીના વારસાગત સંસ્કારોને કારણે પોતાની સાહિત્યની એક વિશિષ્ટ સંગીત પ્રણાલીથી જાળવતા આવ્યાં છે. આ સમૃદ્ધ સંસ્કાર પરંપરામાં વૈયકિતક રીતે પ્રતિભાશાળી નાદરવ, નાદવૈભવના દર્શન થાય છે. ચારણી છંદગાનમાં નાદ–બ્રહ્મ અને બ્રહ્મનાદ એકીસાથે નિરુપાય છે. ચારણના કંઠમાં છંદગાનની રજૂઆતનું આગવું પ્રભુત્વ છે. ચારણી સાહિત્યમાં શબ્દોનો જે જાદુ છે તેની પ્રતીતિ કરાવે છે. ચારણજ્ઞાતિનાં લગ્નગીતોને લોકગીત સાંભળવા એ એક જીવનનો અનોખો લહાવો છે. ચારણ જ્ઞાતિના ઊર્મિગીતોમાં સ્વરમાધુર્યની સમૃદ્ધિ સૌ કોઈને મંત્રમુગ્ધ કરનારી છે. ઋતુગીતોમાં શબ્દાડંમ્બર, ગીતમાધુર્ય, લય, પ્રાસ અને ઘૂંટાયેલા લોકઢાળની ખૂબીઓ નિરાળી છે. ચારણ જ્ઞાતિની શકિત ઉપાસનાની મહિમાગાનની ચરજોનાં ઢાળ મસ્તીથી ઘેઘૂર, તેજસ્વી અને બુલંદ છતાં શાંત ગંભીર અને ઘેરા હોય છે. પરંપરાથી ઘૂંટાયેલાં ચરજોના પહાડી સૂર અલૌકિક અને ભવ્યદત્ત હોય છે.

**શ્રી ઝવેરચંદ મેઘાણીજીના મતે :** 'ચારણી ગીતો રાજદરબાર કે શૂરવીરોનાં દાયરે ગાવાનાં કે બેઠાં બેઠાં એકલાં લલકારવાનાં, ઝડઝમકવાળી ને અટપટી શબ્દ રચનાવાળાં બેહદ જોશીલાં અને બીજી સર્વ દષ્ટિએ પૌરુષ પ્રગટ કરનારા છે.' ચારણી સંગીતમાં કંઠ, કહેણી અને કાવ્યની ત્રિવેણી સંગમ રચાય છે. ચારણી કંઠ, કહેણી ને જબાન અને તેની અસાધારણ યાદશકિત તેમજ ધારદાર રજૂઆત સામે અન્ય કોઈ ઝાંખા લાગે છે. ચારણ તેની લાક્ષણિક શૈલી મુજબ ટીપનાં સ્વરે જ ગાય છે. ચારણી ગીતોમાં પ્રવર્તતું સંગીત લાક્ષણિકતાઓથી સભર હોવાથી ભવ્યદત્ત છે. જે સાચાં સંગીત ભકતો માટે અભ્યાસનો વિષય બની રહે છે. શ્રી હરકાન્ત શુકલે આ સંગીતને ચારણ સંગીત સાહિત્ય તરીકે ઓળખાવ્યું છે. ચારણ સંગીત પ્રકૃતિની ઘણું જ નજીક હોવાથી શુદ્ધ સ્વરો તેમાંથી પ્રગટયાં છે તે સાંભળવાથી તેનો અસલી ખ્યાલ આવે છે. •

## 'અમીરસ ઈતિહાસનો'—૧૯(૧)
### —— 'માનસ કાગઋષિ' કથા(૭) ——
### પૂ. મોરારિબાપુ




***'રામાયણ' આપણને પગલે—પગલે શીલ શીખવે છે***

*ગતાંકથી...*

શ્રી નીતિનભાઈ વડગામા દ્વારા પ્રકાશિત 'કાગઋષિ' બાપુના મુખેથી મીઠી વાણીમાં કહેવાયેલ કથાના છ દિવસો આ કોલમમાં આપણે કાગધામમાં બેસીને સાંભળતા હોય તેમ વાંચ્યા, ચાલો હવે **સાતમા** દિવસની કથાનો **ત્રીજો** ભાગ વાંચીએ.

તો, 'માનસ-કાગઋષિ'ની ચર્ચાના સંદર્ભે થોડી આવી વાતો સાથે મળીને કરીએ છીએ. ગઈકાલે રામજન્મ ઉત્સવ સંક્ષેપ્તમાં ઉજવ્યો. કૈકેયીએ પુત્રને જન્મ આપ્યો. સુમિત્રતાએ બે પુત્રોને જન્મ આપ્યા. સમય ગયા પછી નામકરણ સંસ્કાર થયો. યજ્ઞોપવિત સંસ્કાર થયો. ગુરુના આશ્રમે ભણવા ગયા. અલ્પકાળમાં વિદ્યા પ્રાપ્ત કરી છે. આગળ જતાં વિશ્વામિત્રજી પધારે છે. રામની માગણી કરે છે. દશરથજી શરૂઆતમાં ના પાડે છે, પણ વશિષ્ઠજીએ કહ્યું કે આ ચાર પુત્રો યજ્ઞની પ્રસાદીરૂપે આવ્યા છે તો યજ્ઞની રક્ષા માટે મોકલવાની તમારી ફરજ છે.

રામ-લક્ષ્મણની સોંપણી થઈ છે. પદયાત્રા શરૂ થઈ પ્રભુની. તાડકા આવે છે અને પ્રભુએ અવતારકાર્યનો આરંભ કર્યો છે. રાક્ષસીને પહેલાં મારી; જાણે કે જયાંથી વિકારો પ્રગટ થાય એની ભૂમિકાનો રામે પહેલો નાશ કર્યો, ઉદ્ધાર કર્યો. સવારે યજ્ઞનો પ્રારંભ થયો. મારીચને ફણા વગરનું બાણ મારી પોતાની લીલામાં સહયોગ માટે લંકાના સમુદ્ર કિનારે ફેંકી દીધો. સુબાહુને અગ્નિના બાણથી બાળીને ભસ્મ કર્યો છે. વિશ્વામિત્રનું અન્ય બે યજ્ઞો તરફ સૂચન; એક અહલ્યાનો પ્રતીક્ષાયજ્ઞ અને જનકનો ધનુષયજ્ઞ. સમાજની અહલ્યાઓને પદયાત્રામાં ઉદ્ધાર કરવા પ્રભુ પગપાળા યાત્રા કરે છે. આગળ જતાં એક આશ્રમ દેખાયો. સૂનકાર છે, કોઈ પથ્થરદેહ પડયો છે! વિશ્વામિત્રે ગૌતમ - અહલ્યાની કથા કહી. રામજીએ ચરણકમલરજથી કૃપા કરી. સમાજના બધાં ક્ષેત્રોએ જે આપણા સુધી નથી આવી શકતા એની પાસે જવાનો સંકલ્પ કરવો જોઈએ. અહલ્યા નવજીવન પ્રાપ્ત કરી પતિલોક ગયાં છે. પછી યાત્રા આગળ વધી.જનકપુર પહોંચ્યા. સ્વાગત થયું. વિદેહરાજ જનક રામના રૂપમાં ડૂબ્યા છે! 'સુંદરસદન'માં ઉતારો આપ્યો છે.

સાંજે નગરદર્શન માટે રામ-લક્ષ્મણ

નીકળ્યા છે. આખું જનકપુર રામના નામ-રૂપમાં ડૂબ્યું છે! બીજા દિવસની સવારે પુષ્પવાટિકામાં પુષ્પ લેવા નીકળ્યા છે ત્યાં સીતા અને રામનું પહેલું મિલન થાય છે. મર્યાદાથી નેત્રોના દરવાજાથી રામને હૃદયમાં ઉતારી, જાનકીજીએ આંખો બંધ કરી લીધી છે અને પોતાના કાળજાના કાગળ ઉપર ભગવાન રામે સીતાજીનું ચિત્ર દોરી લીધું. જાનકીજી ભવાનીના મંદિરમાં જઈ ગૌરીની સ્તુતિ કરે છે ત્યારે જગદંબા બોલી. જાનકી સ્તુતિ કરે અને ભવાની ન બોલે? અરે, બોલે! આપણી બૌદ્ધિકતા ન માને! વિનોબાજી છેક સુધી કહેતા કે હું પંઢરપુરમાં વિઠ્ઠલનાં દર્શન કરું છું ત્યારે મને લાગે છે કે મૂર્તિ મારી સામે હસે છે અને મારી સામે બોલે છે. વિનોબાજી ખાલી ભાવુક માણસ નહોતા, પ્રજ્ઞાવાન પુરુષ. મારી દષ્ટિએ મહામુનિ, આ માણસ એમ કહે કે પંઢરપુરની મૂર્તિ બોલે,તો બોલે જ, કેમ ન બોલે? આપણા માટે પ્રશ્ન છે! બાપ-દીકરો નથી બોલતા! ભાઈ-ભાઈ નથી બોલતા! પાડોશી- પાડોશી નથી બોલતા! જાનકીજીને ભવાનીના આશીર્વાદ મળ્યા, 'જાનકી તારા મનમાં જે સાંવરો વસી ગયો છે, એ તને મળશે.' બીજો દિવસ પૂરો, રાત્રિ વીતી અને પછી ધનુષયજ્ઞનો દિવસ છે. તમામ રાજા-મહારાજાઓ આવી ગયા છે રંગભૂમિમાં. શંખનાદ થયો, એક પછી એક રાજાઓ ઊઠે છે. વિફળ થયા છે, કારણ કે કોઈ ગુરુને સાથે લઈને નહોતું આવ્યું! અને રામ એક રાજકુમાર તોડી નાખશે, કારણ કે એનો ગુરુ એની સાથે છે! અહંકાર ગુરુની કૃપા વગર તૂટતો નથી, સાહેબ!

બધા જ રાજા વિફળ ગયા ત્યારે જનક જેવા પરમજ્ઞાની પુરુષ વિચલિત થયા છે અને જનકજી એકદમ આક્રોશમાં બોલ્યા કે, હે ખંડ-ખંડથી આવેલા રાજાઓ, એક વસ્તુ તમે સાંભળી લો,આ ધરતી વીર-વિહીન થઈ ગઈ છે! સુમિત્રાનો દીકરો લક્ષ્મણ ઊભો થયો! ત્યાં તો વિશ્વામિત્રનો જમણો હાથ ઊઠયો છે, તપસ્વી હાથ રામની પીઠ પર ફર્યો અને ગુરુનો પણ વિવેક જુઓ! કહે, રામ, બાપ! શિવધનુષને તોડી નાખો. શું કામ? આ રાજાઓને દેખાડી દેવા માટે? નહીં. જાનકીને પરણવા માટે? નહીં. પણ આટલા મોટા જ્ઞાનીને જરાક પરિતાપ થયોને એનો સંતાપ તોડવા માટે ધનુષ તોડવાનું છે. કેટલું હળવું કરી નાખ્યું! આ બાજુ રામ નીચે ઊતર્યા. શિવધનુષની એક પરિકમ્મા કરી. કોઈનેખબર નથી પડી કે ધનુષ કેમ ઊંચુ થયું, ચડયું, કડાકો થયો, કોઈને કાંઈ ભાન ન રહ્યું! તુલસીજીએ જાહેરાત કરી-

तेहि छन राम मध्य धनु तोरा।
भरे भुवन धुनि घोर कठोर।।

જયજયકાર થયો છે. સીતાજી વરમાળા લઈ રામજીની સન્મુખ આવ્યાં છે. આનંદ છવાઈ ગયો. અભિમાની રાજાઓ અકળાયા. પરશુરામ આવ્યા. બોધ થયો. પરશુરામજી અવકાશ પ્રાપ્ત કરે છે.

આ બાજુ દૂતો અયોધ્યા ગયા. દશરથજી જાન લઈને આવ્યા. પછી લગ્નની તિથિ આવી. માગશર સુદ પાંચમ, ગોરજ વેળા. લોકરીતિ-વેદરીતિ શરૂ થાય છે. જાનકી-રામના વિવાહ સંપન્ન થયા. વશિષ્ટજીએ જનકજીને કહ્યું કે તમારી એક કન્યા ઊર્મિલા અને નાનાભાઈ કુશધ્વજની બે પુત્રીઓ શ્રુતકીર્તિ અને માંડવી, એ ત્રણેયનાં લગ્ન આ જ મંડપમાં થઈ જાય, બાપ? જનકજી રાજી થયા અને આ રીતે ચારેય ભાઈઓનો વિવાહ થયો. પછી રસ્તામાં ઉતારા કરતાં-કરતાં શુભ દિવસે જાન અયોધ્યા પહોંચી છે. દિવસો વીતવા લાગ્યા. બધાંને ધીરેધીરે વિદાય આપી. છેલ્લે વિશ્વામિત્રને વિદાય આપેછે. સંતની વિદાય; રાજપરિવાર ઢીલો થયો છે. સાધુ-પુરુષે કોઈ પરિવારના પ્રસંગમાં આનંદવૃદ્ધિ થાય અને બળ મળે તો જવું જોઈએ, પણ કાર્ય પૂરું થાય પછી ત્યાં બેસી ન રહેવાય. વળી

પાછા પોતાના ભજન માટે નીકળી જવું જોઈએ. વિશ્વામિત્ર વિદાય થયા તેમની તપસ્થલિમાં. તુલસીજી કહે, રામનું ચરિત્ર સાગર જેવું; કોણ પાર પામી શકે? મારી વાણીને પવિત્ર કરવા માટે મેં વર્ણન કર્યું. 'બાલકાંડ' અહીં પૂરો થાય છે.

(ક્રમશઃ)

***મારે અને તમારે આટલું જ સમજવાનું કે ભરપૂર પરમાત્મા આપણા અનુભવમાં નથી આવતો, આપણા દિલની અયોધ્યા છોડીને કયાંક કોઈના ચિત્રકૂટમાં જતો રહે છે, એનું એક જ કારણ છે કે આપણે કુસંગમાં લપેટાઈએ છીએ ત્યારે એ જાય છે. એની જગ્યાએ સત્સંગ સ્થાપિત થાય, તો એ જ રામ પાછો દેખાવા માંડે. રામકથા એ સત્સંગ છે, ત્યાં રામ અને સીતા વિહાર કરતાં આપણા અનુભવમાં આવે. આપણા હૈયાનો હરિ આપણને કેમ અનુભવાતો નથી. આપણે દુઃખી કેમ છીએ? કયાંક આપણો કુસંગ છે. આપણા સંશયો આપણા હરિને આપણાથી દૂર રાખે છે.***

### ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો

| | |
|---|---|
| ૧૧૦૦૦ | શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી – મુંબઈ (ભાડલા) |
| ૧૧૦૦૦ | આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ – ગોધરા |
| ૧૧૦૦૦ | શ્રી કીર્તિદાનભાઈ ગઢવી – રાજકોટ |
| ૫૦૦૦ | પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી – જૂનાગઢ |
| ૫૦૦૦ | શ્રી વી. એસ. ગઢવી – ગાંધીનગર |
| ૫૦૦૦ | શ્રી કનુભા વશરામભાઈ બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી – પોરબંદર |
| ૫૦૦૦ | શ્રી આર. જી. ગઢવી – મોરબી |
| ૫૦૦૦ | શ્રી માણસુરભાઈ સોયા – અમદાવાદ |

### –– આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ ––

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટનું સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ, હોંશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળીના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ
- શૈક્ષણિક સોનલમા એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન
- રાષ્ટ્ર/રાજય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન
- પુસ્તકોનું પ્રકાશન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય...

# 'અમીરસ ઈતિહાસનો' –૧૯(૨)
## પૂ.આઈ શ્રી સોનલમાનો કચ્છ પ્રવાસ અને અખિલ કચ્છ ચારણ સભાનો ઉદય

રામભાઈ જામંગ–રાજકોટ ૯૮૨૪૨ ૮૮૮૫૨




અમીરસ ઈતિહાસમાં આજે પુનઃ આઈમાને યાદ કરીએ. ગત અંકમાં શ્રી ઘનશ્યામ ગઢવીએ અહીંથી લખેલ લાખાભા ગોરાનો આઈમા સાથેનો યાદગાર પ્રસંગ વાંચ્યો હતો. આપણે બધા પણ સોનબાઈમાને અવાર-નવાર, સવાર-સાંજ પણ સમરે છે. પણ કચ્છ ઉપર મા ની વધુ લાગણી વરતાઈ રહી છે અને કચ્છ સમાજે તેને પ્રેમથી જીલી પણ લીધી છે અને મા રાજી થાય તેવા સારા કાર્યો કચ્છ ચારણ સમાજ વધુ કરી રહ્યાં છે.

હમણાંનો જ પ્રસંગ લઈએ તો ભુજ બોર્ડીંગ, વાડી સુધારા-વધારા અને આઈમાનું નાનું એવું પણ ઉજાસથી ઓપતું એવું વાડીના આંગણામાં મંદિર બનાવ્યું છે. જે બધુ આશરે ચારેક કરોડના ખર્ચે ફકત કચ્છના ચારણોના આર્થિક સહયોગથી જ થયુ. આ ઉપરાંત માંડવીની કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલય, ગાંધીધામમાં સોનલ મંદિર વાડી શિવમંદિર તો ઉપરાંત આ સમયની તાતી માંગ એવા સમૂહલગ્નોત્સવની શુભ શરૂઆત પણ ગાંધીધામથી થઈ તેને આજે લગભગ ૨૯ વર્ષ થવા આવ્યા. ત્યાર બાદ તો સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં પણ સમૂહલગ્નોના આયોજનો થઈ રહ્યાં છે અને હમણાંજ માંડવી ૭૦ કન્યાઓના લગ્નોત્સવ સાથે ૨૫મા સમૂહલગ્ન મહોત્સવ યોજાઈ ગયો તે પહેલા રાજકોટ સમૂહલગ્ન સમિતિનો પણ ત્રણ વર્ષ પહેલા ૨૫મો સમુહ લગ્ન મહોત્સવ યોજાઈ ગયો.

આજે આપણે આજથી ૬૦ સાંઈઠેક વર્ષ પહેલાનાં ટાંચા સાધનો, કાચા પાકા રસ્તાઓ, આર્થિક સંકડામણ વાળા સંજોગો, સામાજિક વિટંબણાંઓ જેવા વિવિધ સળગતા પ્રશ્નો વચ્ચે જયારે કચ્છમાં જવું એટલે બીજા પ્રદેશમાં જવા સમાન ગણાતું. ત્યારે ૧૯૫૭ પૂ.આઈ સોનલમાએ બે પ્રવાસો કરેલા તે અહીં મુકીએ છીએ.

### પ્રથમ પ્રવાસ

**'મઢડા ટીંબે માત તું હેક ન જન્મી હોત,**
**તો ચારણ જાતિ તણું નામ હોત કે ન્હોત!'**

દરેક યુગને એક યુગપુરુષ હોય છે, તેમ પ્રત્યેક સમાજ માટે એક 'જયોતિર્ધર' તારણહાર બનીને આવે છે, ચારણ સમાજમાં આઈ પરંપરાનો અત્યંત ઓજસ્વી ઈતિહાસ છે. રોટલાનું પડ ફરે એટલી વારમાં રાજનો સત્તા પલટો કરવાની તાકાત

ચારણ આઈઓમાં હતી પણ એ ચારણ આઈઓને જન્મ આપવાવાળો ખમીરવંત સમાજ કાળના પ્રવાહમાં ભટકી ગયો હતો. ત્યારે શકિતએ આ દૈવીગુણ સંપન્ન સમાજની અસ્મિતા અને આત્મ સન્માનને પુનઃ પ્રતિષ્ઠિત કરવા આઈ સોનલ રૂપે અવતાર ધારણ કર્યો.

કચ્છમાં સતત કુદરતની અવકૃપા, દુષ્કાળો, ધંધા રોજગારનો અભાવ - અજ્ઞાનના અંધકાર વચ્ચે સંઘર્ષ કરતો ચારણ સમાજ અછત અને સંસાધનોનો સદંતર અભાવ ટાંચા સાધનો, જીવતરના અસ્તિત્વના સંઘર્ષ વચ્ચે આઈ સોનલે પ્રવાસોની શ્રૃંખલા રચી. કચ્છ ચારણ સમાજમાંથી જડતા મૂઢતા અને અજ્ઞાનનાં સદીઓ પુરાણા ઘર કરી ગયેલા અંધારા ઉલેચવા ભગીરથ પુરુષાર્થ આદર્યો.

સૌ પ્રથમ કચ્છમાં આઈમા તા.૯/૨/૧૯૫૬ ના રોજ કેશોદથી વિમાન મારફતે પધાર્યા સાથે શ્રી પિંગલશી પાયક શ્રી વાજસુરભાઈ ઘાંઘણિયા અને શ્રી બચુભાઈ સોની હતાં. કચ્છભરમાંથી સેવકો - આગેવાનો ભુજ વિમાન મથકે આઈમાનાં સ્વાગત માટે આવ્યા હતાં, કચ્છના રાજકવિ શંભુદાનજી ગઢવીને ત્યાં સૌ પ્રથમ આઈમા અને અગ્રણીઓએ ભોજન પ્રસાદ લીધો હતો, મુળુભાઈ મૂળિયા, કાનજીભાઈ નાગૈયા, હરિદાનભાઈ દેથા, બચુભાઈ બાવડા, શંભુદાનજી ગઢવી, હરિભાઈ આલગા, મણિભાઈ કેશરિયા, શંકરદાનજી રોહડિયા(જામથડા) હરિદાન હમીરજી રત્નું, ખાનજી રત્નું, રઘુવીર પાયક(લોદ્રાણી) તથા પૂ.આઈમાની ગાડીના ડ્રાઈવર ગોપાલભાઈ ગઢવી પ્રવાસમાં સાથે હતા.

કચ્છના મહારાવશ્રી મેઘરાજજી ઉર્ફે મદનસિંહજી અને તેમના યુવરાજ પૃથ્વીરાજજીએ પૂ.આઈમાનો આદર સત્કાર કરેલો. પ્રથમ પૂર્વ કચ્છમાં ગાંધીધામ, ભચાઉ, રવ(આઈ રવેચી મંદિર) લોદ્રાણી, સોનલવા ખોડાસર, મોડવદરનો પ્રવાસ આઈમાએ કરેલો.

તા.૧૫/૨/૧૯૫૬ના પૂ.આઈમા વવાર, શેખડિયા, મુંદરા, કપાયા થઈને ચારણોની સૌથી વધુ વસતિવાળા ગામ ઝરપરા પધાર્યા અને ગામોગામ આઈમાએ ઉદ્‌બોધનમાં ચારણ સમાજના ઉત્થાન અર્થે દૂષણોને તિલાંજલિ આપવા હૃદયસ્પર્શી અપીલ અને આદેશ કર્યા. બીજા દિવસે તા.૧૬/૨/૧૯૫૬ના ઝરપરાથી મોટા ભાડિયા, કોડાય થઈ પૂ.આઈમા માંડવી પધાર્યા, માંડવી ખાતે પૂ.આઈમાનું ભવ્ય સામૈયુ કરવામાં આવેલ જેમાં હજારો ચારણ-ચારણેત્તર ભાવિકો જોડાયા હતા. માંડવી ખાતે દર્શનનો ખુબ જ ધસારો અને પડાપડી હતી. પચાણભાઈ આલગાના ઘરે પૂ.આઈમાનો ઉતારો હતો. માંડવીની પ્રજાને જાહેર દર્શન માટે બ્રાહ્મણ વાડી ખાતે વ્યવસ્થા કરાઈ હતી. ગઢવી મિત્ર મંડળ કાર્યાલયની મુલાકાતે આઈમા પધાર્યા હતા. રાત્રે જ્ઞાતિજનોની મળેલી સભામાં કચ્છ ચારણ સમાજના સંગઠન માટે એક સર્વમાન્ય સંસ્થા સ્થાપવી, બોર્ડિંગની સ્થાપના કરવી, વ્યસનો કુરિવાજો, પશુબલિ સદંતર બંધ કરવા, મદ્યપાન, માંસાદિ ત્યાગ કરવાની ચર્ચા કરવામાં આવી. તા.૧૭/૨/૧૯૫૬ના રોજ માંડવીથી મોટા લાયજા, પાંચોટિયા, ભાડા અને કાઠડા ગામે પૂ.આઈમાએ સમાજ ઉત્કર્ષ માટે દિવ્ય આશીર્વાદ પાઠવ્યા. પાંચોટિયા મુકામે પ્રવાસ દરમિયાન પચાણભાઈ આલગા ઉપર તાર આવ્યો જેમાં પૂ.આઈમાને તુરંત પાછા મઢડા પધારવા વિનંતી કરાઈ હતી અને આ રીતે પૂ.આઈમાનો પ્રથમ પ્રવાસ ટુંકાવવામાં આવ્યો હતો.

**'મહાસાગરમાં ચારણ તણું વહાણ વમોયું જાત,**
**તે જાલ્યા સઢ સફરી તણા, ધનધન સોનલ માત.'**

## બીજો પ્રવાસ

પૂ.આઈમાએ ચારણ સમાજ ઉત્થાન માટે

ઝપડેલું યજ્ઞેયકાર્ય આગળ ધપાવવા બીજા કચ્છ પ્રવાસના ભાગરૂપે તા.૨૦/૧/૧૯૫૭ના પાવન દિવસે ફરી કચ્છની ધરતી પર પગલાં કર્યા, આઈમાનાં અંતેવાસી પિંગલશીભાઈ પાયક સાથે જામનગરથી નારાણદાનજી બાલિયા અને હરિદાનજી દેથા સહપ્રવાસી તરીકે જોડાયા. ભુજ મધ્યે સ્વાગત માટે કચ્છભરમાંથી સમાજ સેવકો ભાવિકો ઉપસ્થિત રહ્યાં જેમાં મુખ્ય રાજકવિ શંભુદાનજી રત્નુ(ભુજ), પચાણભાઈ આલગા (માંડવી), કાનજીભાઈ ભોજગ(નાગલપુર), પૂંજાભાઈ મિંઢાણી(ઝરપરા), જીવરાજભાઈ (વવાર), વાલજીભાઈ જીવરાજ(સિંઘોડી), હરિદાસભાઈ તથા ખેંગારભાઈ(મોરઝર), શંકરદાનજી, ભગવતીદાન તથા ઈશરજી (જામથડા), વીરમજી(ધુણઈ), રામજીભાઈ પાયક (લોદ્રાણી), સામતભાઈ તથા પચાણભાઈ (મોટાભાડિયા), રાણશીભાઈ વડળ(કોડાય) લધાભાઈ સાજણ(રાયણ), શ્રી વજાભગત તથા લાખુભાઈ કાનાણી(કાઠડા), પુનશીભાઈ હરદ્વારા (કરોડિયા), શિવરાજ ભગત(ભાડા), કરશનભાઈ (ગલુભાઈ) પાંચોટીયા, ખોડિદાનભાઈ (રામપર વેકરા), શ્રી શંકરદાનજી (વિંગડિયા),શંકરદાનજી (સરલી), ખાનજી રત્નુ (રાયધણપર), ગંગદાસભાઈ (ખોડાસર), નરસંગભાઈ (સોનલવા) ઉપરાંત મુંબઈથી પધારેલ મનસુખભાઈ આલગા, મણિભાઈ કેસરિયા, ખોડીદાન ઝુલા, નારણદાન સિંહઢાયચ (બાબરા-ચોરાડ), ભીમદાન લાળસ (ચારણકા) વગેરે ઉપસ્થિત રહી પૂ.આઈમાને શ્રદ્ધા અને ભાવભેર આવકાર વંદના કરી હતી. ભુજ વૃજભાષા પાઠશાળા ખાતે પૂ.આઈમાનો ઉતારો હતો. જયાં તેમણે આ આગેવાનો સાથે પ્રવાસના એજન્ડા અંગે ચર્ચા-મસલતો કરી હતી.

તા.૨૦/૧/૧૯૫૭ના સાંજે લાખોંદથી યાત્રા શરૂ થઈ બીજે દિવસે રાયધણપુર, મંજલ, વિજપાસર, મોરઝર વિરાણી(નખત્રાણા), ખીરસરા, રામપુર, ઉખરડા, બુડધ્રો, બિટા, નલિયા, સિંઘોડી મોટી, કોટાયા, મોટા કરોડિયા, નાના કરોડિયા, સાભરાઈ, ચાંગડાઈ, નાની ઉનડોઠ, મોટી ઉનડોઠ, મોટા લાયજાભ, ભાડા પાંચોટિયા, નાના લાયજા અને કાઠડા થઈ માંડવી પૂ.આઈમા સાથે સમાજ સેવક વૃંદ જોડાયો. કાઠડા ગામે પૂ.લાછબાઈ મા અને શ્રી વજા ભગતના આશ્રમમાં પૂ.આઈમાની પધરામણી થઈ, ગામોગામ પૂ.આઈમાએ માંસાહાર, મદ્યપાન, ખીર પીવાનું(બલિપ્રથા) દૂષણ દૂર કરવા પ્રતિજ્ઞાઓ લેવડાવી. પોતાની દિવ્ય અને ઓજસ્વી વાણીમાં સુસંસ્કૃત ચારણને છાજે તેવા આચરણ સભર પવિત્ર કર્મ અને ભકિતયોગ સભર જીવન જીવવા સાર્થક ઉપદેશ આપ્યો, અપૈયાઓ તોડાવ્યાં **ધૂણવા-ધફવાની** પ્રવૃત્તિ બંધ કરી શુદ્ધ સાત્વિક ઉપાસના માટે પ્રબોધન કર્યું. **તા.૨૬/૧/૧૯૫૭ના આઈમાએ પ્રજાસત્તાકદિને રાષ્ટ્રીય પર્વ માંડવીની જાહેર જનતાને પ્રેરક ઉદ્‌બોધન કર્યું.** તા.૨૭/૧/૧૯૫૭ના પૂ.આઈમા નાગલપુર, નાની રાયણ થઈ મોટા રતડિયા પધાર્યા(પૂ.હાંસબાઈમાએ ૫,૬,૭ મે ૧૯૮૨માં અખિલ હિંદ ચારણ સમેલન બોલાવ્યું હતું જે ખુબ સફળ અને ભવ્ય રહ્યું) જામથડા થઈને વિંગડિયા ગામે પૂ.આઈમાએ ઉપદેશ કર્યો. કોડાય થઈ મોટા ભાડિયા ગામે ચારણોના ઋષિતુલ્ય જીવન કેવાં હોવા જોઈએ તેની વિશદ્ છણાવટ કરી.

ભાડિયાથી વિદાય લઈ પૂ.આઈમાના પ્રવાસનો કાફલો નાની ભુજપુર પહોંચ્યો ત્યાં તેઓ ભાણબાઈ મા ને મળ્યાં તેમનો વંશવેલો ન હોઈ તેમની વિશાળ સંપત્તિમાંથી વિદ્યાદાન અર્થે બોર્ડિંગ નિર્માણમાં સહયોગ આપવા પૂ.આઈમાએ પ્રેરણા આપી, પિંગલશીભાઈએ પણ તે બાબતે ખુબ સમજાવ્યા, આ ઘટના આગળ જતાં બોર્ડિંગ નિર્માણના મુખ્ય આર્થિક સહયોગ માટે નિમિત્ત

બનવાની હતી. સમગ્ર પ્રવાસમાં લાખુભાઈ મુંધુડાએ પોતાની ગાડીની સેવા આપી હતી, જે મરકયુરી ફોર્ડ મોટરકાર તેમના પુત્ર વિરેન્દ્રભાઈએ હજી પણ સાચવી રાખી છે. તા.૨૮/૧/૧૯૫૭ના ઝરપરા મુકામે મોટી સભાનું આયોજન થયું જે કચ્છ ચારણ સમાજની ઐતિહાસિક તવારિખી ઘટના બની. સમગ્ર કચ્છના તમામ પહાડાઓ, શાખાઓ એક છત્ર હેઠળ આવે તે માટેની પૂ.આઈમાની નેમ અહીં ચરિતાર્થ થઈ. વિધિવત ઠરાવ સાથે શ્રી અખિલ કચ્છ ચારણ સભાની સ્થાપના તા.૨૮/૧/૧૯૫૭ના રોજ ઝરપરા મુકામે થઈ.

ઠરાવ પહેલો–કચ્છના સમગ્ર ચારણોની પ્રતિનિધિ એક સંસ્થા સ્થાપવામાં આવી. જેનું નામ 'શ્રી અખિલ કચ્છ ચારણ સભા' રાખવામાં આવ્યું. ઠરાવ બીજો–ઉકત સંસ્થાની સભ્ય ફી વાર્ષિક રૂ.૨ અથવા તો દશ શેર અનાજ લેવાનું ઠરાવવામાં આવ્યું. ઠરાવ ત્રીજો–ઉકત સંસ્થાનું બંધારણ તૈયાર કરવાનું કામ શ્રી પચાણભાઈને સોંપવામાં આવ્યું. ઠરાવ ચોથો–સંસ્થાની કાર્યવાહક સમિતિ કુલ–૨૦ સભ્યો (પ્રમુખ સહિત)ની બનાવવી, તેમાંથી ૧૬ જ્ઞાતિમાંથી ચૂંટવા બાકીના ૪ની નિમણૂક ચૂંટાયેલા ૧૬ સભ્યો કરે. કમિટીમાં એક પ્રમુખ, બે મંત્રીઓ અને બે ટ્રેઝરર રાખવા અને હિસાબ તપાસવાની વ્યવસ્થા કમિટી કરે, બોર્ડિંગ સ્થાપવાની અને બીજા કાર્યો કરવાની સત્તા કમિટીને આપવામાં આવી. ઉકત કમિટીની ચૂંટણી તે જ વખતે કરવામાં આવી એ ચૂંટાયેલા સભ્યોના નામો નીચે મુજબ છેઃ–

૧) શ્રી વાલજીભાઈ જીવરાજભાઈ – સિંધોડી
૨) શ્રી પુનશીભાઈ હરધોળભાઈ – મોટા કરોડીયા
૩) શ્રી વજાભાઈ ગોપાલભાઈ – કાઠડા
૪) શ્રી પચાણભાઈ પત્રામલભાઈ –મોટા ભાડિયા
૫) શ્રી કાંયાભાઈ રામૈયાભાઈ – ઉનડોઠ
૬) શ્રી લધાભાઈ સાજણભાઈ – નાની રાયણ
૭) શ્રી પૂંજાભાઈ જીવરાજભાઈ – ઝરપરા
૮) શ્રી જીવરાજભાઈ જેઠાભાઈ – વોવાર
૯) શ્રી ભગવાનદાસ રણમલજી – મોરઝર
૧૦) શ્રી દાજીભાઈ ભોજાભાઈ – લાખોંદ
૧૧) શ્રી શંભુદાનજી ઈશ્વરદાનજી – ભુજ
૧૨) શ્રી પચાણભાઈ વિશ્રામભાઈ – માંડવી
૧૩) શ્રી ખોડિદાન ખેંગારજી – રામપર વેકરા
૧૪) શ્રી કાનજીભાઈ આપાભાઈ – નાગલપુર
૧૫) શ્રી લાલજીભાઈ ભારમલ – આદીપુર
૧૬) શ્રી પિંગલશી પરબતજી – લોદ્રાણી

તેમાંથી વજાભાઈ તથા કાનજીભાઈને ટ્રેઝરર નીમવામાં આવ્યા અને પચાણભાઈ આલગા તથા કાનજીભાઈને મંત્રીઓ નીમવામાં આવ્યા તથા શ્રી પૂંજાભાઈને પ્રમુખ બનાવવામાં આવ્યા. બીજે દિવસે કાર્યવાહક સમિતિએ મળવાનું નક્કી કરી 'સોનલ માતકી જય'ના પ્રચંડ ઘોષ સાથે સભા વિસર્જન કરવામાં આવી.

તા.૨૯/૧/૧૯૫૭ના ઝરપરા ખાતે તુરંત જ આઈમાની રુબરુમાં અખિલ કચ્છ ચારણ સભાની કાર્યવાહક સમિતિની બેઠક મળી જેમાં ખૂબ વિચારણા બાદ પૂ.આઈમાના આગ્રહથી જૂન માસથી જ માંડવીમાં બોર્ડિંગ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જેમાં ગૃહપતિ તરીકે શ્રી પચાણભાઈ આલગાને સર્વાનુમતે જવાબદારી સોંપાઈ.

ઝરપરાથી વડાલા આદિપુર થઈ લોદ્રાણી જવા પ્રસ્થાન કર્યું વચ્ચે રવ, રાપર અને ભચાઉ થોડીવાર રોકાણ થયું, લોદ્રાણીથી પૂ.આઈમાએ રોઝૂ થઈ ચારણકા તરફ પ્રસ્થાન કર્યું વચ્ચે બાલાસર, ગેડી, ફતેહગઢ, સણવા થઈ આડેસર ખાતે પણ ભાવિકોને દર્શનનો લાભ મળ્યો એ સાથે પૂ.આઈમાનો બીજો પ્રવાસ સંપન્ન થયો.

(સાભાર સંદર્ભ : માતૃદર્શન તથા જીવન ઈતિહાસ સંહિતા) (લેખક : પિંગલશી પાયક)•

# અભિનંદન

## ગઢવી સમાજનું ગૌરવ



**વિકાસ લાલુદાન ખળેલ (ગઢવી)**

G.P.S.C. દ્વારા લેવાયેલ
મદદનીશ ઇજનેર (કલાસ-2)ની
પરિક્ષા પાસ કરી ભાવનગર સિંચાઇ
યોજના પેટા વિભાગ-1 ખાતે નિમણૂંક
પામી અમારા કુટુંબનું તથા ચારણ
સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન
તથા હર્ષની લાગણી અનુભવીએ છીએ.



## -:: શુભેચ્છક ::-

**સ્વ. દાદુભાઇ કેશુભાઇ ખળેલ પરિવાર**

**લાલુભાઇ દાદુભાઇ ખળેલ**
નાયબ ચિટનીસ જિ. પંચાયત ભાવનગર.




**અજીતભાઇ દાદુભાઇ ખળેલ**
સીનીયર રીપોર્ટર TV-9
મો. 90990 33296




**જયદીપભાઇ દાદુભાઇ ખળેલ**
એસ્ટેટ બ્રોકર ભાવનગર

**આકાશ,ક્રિષા, ઋત્વા, ધ્રુવ, દક્ષ**
**ભાણેજ**
**પાર્થ, અભીષેક**

જા×ખ

# કચ્છના ચારણ રત્નો



જાલણશીભા કાંટા

કચ્છ વાગડ ભંગેરા ગામના કાંટા સાખના પરજીયા ચારણો મોટા પોઠના વેપારી હતા. એમા વાગડના કાંટા સાખના આપોભા કાંટા સંપત્તિવાન અને શક્તિશાળી ચારણ હતા. તે સમય કચ્છ વાગડના કાંચા સાખના સુતારો લાકડા અને પથ્થર પર સુંદર નકશીકામ કરતા હતા. આમાં માવજી સુતારનું નામ ઘણું પ્રખ્યાત હતું તેમને દેશ-પરદેશથી કામકાજ માટે આમંત્રણ મળતું.

એક સમયે માવજી સુતાર અને તેના સાથીદારો પાવાગઢના મહેલમાં ખુબ સુંદર નકશીકામ કર્યુ. ત્યાંના દરબારને થયું કે આ કારીગરો બીજા સ્થળે આવું કામ કરશે તો મારા મહેલની હરીફાઇ થશે અને કદાચ મારા મહેલનું કામ ડહોળું પડી જાય. માટે આ કારીગરના હાથ કાપી નાખવામાં આવે તો કોઇ ચિંતા રહે નહીં. તે વખતે પોઠ સાથે આપો લાડો વેપાર કરવા પોતાના સાથીદારો સાથે પાવાગઢ ગયેલ. ચારણોને દરબારગઢમાં જવાની છુટ હતી. પાવાગઢના દરબારમાં આવતાં આપા લાડાએ આ વાત સાંભળી, તેમને બહુ દુઃખ થયું. તેમણે કારીગરોને કોઇ પણ હિસાબે બચાવવાનો નિર્ણય કર્યો. તેઓ કલાકારોને તેમના ઉતારે જઇ મળ્યા અને બધી વાત કરી. માવજી સુતાર અને સાથીદારોએ કહ્યું કે આ પરિસ્થિતિમાં ગઢવી તમે બચાવો તો જ બચીએ. બાકી ખોટી મોટાઇમાં માનનારા આ ગરાસદારો અમને તો મારી નાખશે. સુતાર કલાકારોને બચાવવા આપા લાડાએ ઘોડા તૈયાર કરાવ્યા. સુતારો, આપો લાડો અને એમના સાથીદારો એમ પાંચ જણ ઘોડા લઇ વાગડના ભંગેરા ગામ તરફ ઉપડયા. પોઠ ને પોઠમાં રહેલા બીજા માણસોને પાછળ રાખ્યા. જ્યારે પાવાગઢના રાજાને આ વાતની ખબર પડી ત્યારે તેમણે પોતાના ઘોડેશ્વારોને પાછળ મોકલ્યા. ચાર દિવસે આપો લાડો અને સુતારો ભંગેરા પહોંચ્યા ત્યારે બીજે દિવસે પાવાગઢના ઘોડેશ્વારો ત્યાં આવી પહોંચ્યા. આવનારાઓનો સામનો કરવા આપો લાડો અને તેમના સાથીદારો ગયા ત્યારે ધિંગાણું થયું. પાવાગઢના આઠ-દશ ઘોડેશ્વારો માર્યા ગયા અને પાંચ-છ અશ્વારો બચ્યા હતા તે ભાગી છૂટ્યા અને સુતારો પરનું જોખમ સમાઇ ગયું. પણ આ યુધ્ધમાં આપા લાડાને ઘણા ઘા લાગ્યા હતા. આ જોખમોથી તે બચી શક્યા નહીં. એમને અંતિમ સમયે સંતોષ હતો કે શરણે આવેલાને બચાવી કર્તવ્ય પુરું કર્યુ હતું.

સત્ય અને ન્યાય માટે ચારણો બલીદાન આપતા પણ અચકાતા ન હતા. નિર્દોષ અને શરણે આવેલાને જાનના જોખમે પણ બચાવતા હતા, એમાંજ એમને જીવનનો આનંદ મળતો. આપો લાડો પુરુષાર્થી જીવન જીવી નિર્દોષ લોકોને બચાવવા પોતાની કુર્બાની આપી. પોતાનું જીવન માનવ તરીકે પુરું કર્યુ.

આજે પણ આપા લાડાની બલીદાન ગાથા ગાતો પાળીયો મોજુદ છે. ભંગેરા પાવેરાયમાનાં મંદિરથી આગળ આપા લાડાનો પાળિયો છે અને આપા લાડાનો બીજો પાળિયો આડેસરના રણમાં દરબારોનું ગામ નાંદા ત્યાં કને છે. આપા લાડાનું શીસ ભંગેરા છે. એટલે એક પાળિયો ભંગેરા છે. અને બીજો પાળિયો નાંદા છે. હવે આપાભા કાંટા આપો લાડો એટલા માટે કેવાણો છે કે લીધે લગ્ને આશરા ધર્મને ખાતર પોતાનું બલીદાન આપેલ છે.

ભંગેરા ગામના કાંટા સાખના ચારણો પાળવાને દિવસે આપા લાડાનો ચોખા અને નારીયેલ પોતાને ઘરે ધૂપ કરીને નિવેદ ધરે છે અને આપા લાડાના ચોખા જે ભાઇ માણસ જ ખાઇ શકે છે એટલે જ કવિને લખવું પડયુ હશે કે,

પળકારે પરજ લળે દિએ પળકારે દાન

**કચ્છનાં ચારણ રત્નો પુસ્તકમાંથી**
**લેખક : આશાનંદભાઇ સુરાભાઇ ગઢવી**


## ભરતભા વાલાભા કાંટા


મો. નં. ૯૯૧૩૦ ૪૩૩૧૪ ભચાઉ (કચ્છ)

જાખ

મેં શું ખોયું વર્ણવવા શબ્દો એ ક્યાં મળે છે મને !
જાણે શબ્દ કોષ સુકાઈ ગયા હોય ભર ચોમાસે, વિરહની વેદના કેમ વ્યકત કરૂં પપ્પા !!

# શ્રદ્ધાંજલિ







## સ્વ. રામભાઈ નાગભાઈ ઠાકરીયા

સ્વ. તા. ૦૩-૦૪-૨૦૧૯ બુધવાર ફાગણ વદ ચૌદસ
ગામ : થાળા (હા. બીલીમોરા)

---

વિદાય લીધી અણધારી, હરપલ થાય સ્મૃતિ આપની
જીવન જીવ્યાં તમે આનંદથી, સંબંધો નિભાવ્યા સહજતાથી.
ન કોઈ દી' કોઈને કડવા વેણ કીધા ન કોઈ દી' દેખાડયો અણગમો
ગંગાની ધારાની જેમ હર હંમેશ પ્રેમનો પ્રવાહ કુટુંબ પર વરસાવી
નદી જેમ સમુદ્રમાં સમાય તેમ આપે જીવન લીલા સંકેલી સ્વર્ગ સીધાવી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...

---

શ્રી જીગેશભાઈ રામભાઈ ઠાકરીયા　શ્રી ચેતણભાઈ સામતભાઈ ઠાકરીયા
શ્રી સામતભાઈ નાગભાઈ ઠાકરીયા　શ્રી બાવભાઈ નાગભાઈ ઠાકરીયા
શ્રી સંજયભાઈ સામતભાઈ ઠાકરીયા　શ્રી હાર્દિકભાઈ ભોળાભાઈ ઠાકરીયા
શ્રી ભોળાભાઈ નાગભાઈ ઠાકરીયા　શ્રી મનિષભાઈ બાવભાઈ ઠાકરીયા

---

મો. ૯૦૩૩૪ ૫૦૫૪૬ / ૯૮૨૪૭ ૮૭૯૧૪　　જા×ખ

## નમો માત ગંગા

**દોહો**

સ્નાન કરી સ્વર્ગે ગયા, કહું પાપી હર કોય,
નર્કવાસ ખાલી પડયો, ગોત્યું મળે ન કોય.

**છંદ ભુજંગી**

તુંહી વેદના સાર રૂપે સરિતા,
તુંહી ગુણના પાર નાવે પુનિતા,
સદા સર્વ ભૂતો તણી શ્રેયકારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૧

વહેતા પ્રવાહો કરે સાફ કેડી,
અવિધા અજાજૂડ વૃક્ષો ઉખેડી,
ભૂમિ ભારતીને પ્રભા આપનારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૨

કરે સ્નેહથી કોઈ દીદાર તારાં,
બળીને થતાં ખાખ જો પાપ ભારા,
દિયે યાત્રિને સર્વ દુઃખો વિડારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૩

પ્રભાતે કરે સ્નાન જો રાજરાણી,
શરીરે મ્રગૂજા કરી લેપ શાણી,
કુરંગો ગયા સ્વર્ગમાં તે પધારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૪

ન હું પાર પામું કરૂં શું કવિતા,
કરે દીપ શું જયાં પ્રકાશે સવિતા,
મહામૂઢને મોક્ષ તૂં આપનારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૫

પદ્મબુઝ શ્રી વિષ્ણુનાં તું પખાળે,
સદા ગુંજતી હિમ આદ્રિય ગાળે,
ધરા ઊતરી શંકરે શીશ ધારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૬

કરી સ્નાનવિધિ પવિત્ર થયાં છે,
ભલી ભાતથી સ્વર્ગમાં તે ગયાં છે,
સુરો લાવિયા દિવ્ય વેમાન સ્વારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૭

પઢે પાઠ જો પ્રેમથી સુ પ્રભાતે,
દુઃખી થાય ના કદી કોઈ વાતે,
સ્તુતિ 'પિંગલ' સ્નેહથી લો સ્વિકારી,
નમો માત ગંગા મહા પાપ હારી...૮

**– પિંગળશીભાઈ મેઘાણંદ ગઢવી (જામનગર)**

## ભકિત રૂપી મણિ (ગંગાસતીનું ભજન)

ભગતી રૂપી મણી લીઓને હાથમાં પાનબાઈ!
માયા રૂપી વનનો ભય મટી જાય રે...

જોગ રૂપી દીપક કહીએ ઈ તો પાનબાઈ!
જેનાથી વિષય વાસના બુઝાય રે...

ભગતી રૂપી મણિ જેના રે હાથમાં ને,
તેને નડે નહીં વિષય માયાના વાયરે...

અખંડ પ્રકાશ કોઈ દી' ઓલાય નૈ ને પાનબાઈ !
ભગતી હરિની પ્રગટ થાય રે...

ભાઈ રે ! હઠ વશ થઈને શઠ કરે સાધના પણ,
ભગતી વિના હરિ નો ભજાય રે...

પુરણ પુરુષોત્તમને ભગતી છે વાલી રે પાનબાઈ !
ભગત વશ વૈકુંઠરાય રે...

ભગતિયે વ્રજના વનમાં ઓછવ કીધાં ને,
અજિતને જીત્યાં એનાં દાસ રે...

ગંગાસતી એમ બોલિયાં પછે રે પાનબાઈ !
વૃથા નો જાપ બેની સુવાસ રે...

**–સંકલન : લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી (જામનગર)**

જિંદગી એવી ના જીવશો કે લોકો 'ફરિયાદ' કરે. જિંદગી એવી જીવો કે લોકો 'ફરિ' 'યાદ' કરે. તેના માટે બસ એટલું જ કરો કે 'ગમે તેવું' ના બોલો પણ...'ગમે' 'તેવું' બોલો.....

'પૈસા' ખિસ્સામાં હોય તો સૌથી મોટી શકિત,
પણ મગજમાં હોય તો સૌથી મોટી નબળાઈ.

## કૃષ્ણ જન્માષ્ટમી – કાવ્ય

કૃષ્ણના જીવનમાં પડયો છે જીવતર નો આદર્શ
ઉદારતા તિતિક્ષા સ્વાભાવિક ધર્મ અને વીરતા.

સામાજિક ઋણ, દેવરૂણ,પીતૃરૂણની જાગૃતિ
કોણ પ્રિય કોણ અપ્રિય કોણ વ્હાલું કોણ વેરી..**૧**

દારુણ દુઃખ ઝંઝાળોમાં મધુર વાંસળી વગાડી
આંસુડાં આંખની કોરાણે સુકવ્યા સદા હસતા રહી..**૨**

એજ વિચાર્યું કે આકઢારામાંથી કેમ ઋણ મુકત થવું
ભિતર ભારી રાખ્યો કલહનો અગ્નિ શત્રુ તણો...૩

સત્ય સમજાવવા જગમાં રચી રાસ લીલા
નાગ કાળી નાથવા છતાં વિષ વટામણ નો થયું...૪

પથરાણી પંડયના જ સગામાં વિષમ વેલી
કંસ શિશુપાળ કૌરવો જબર જરાસંઘ શીવદાની..**૫**

ઉદ્ધારક બન્યા અગણીતના પણ ત્રિવેણી તન તો બન્યાં
ભિની લાગણી પ્રેમ ભકિત અર્જુન સુદામો રાધે બડ ભાગી..૬

જગતે મેળવ્યો તમ થકી જીવન મંત્ર 'ગોવિંદ'
અષ્ટ છાપ કવિઓએ વર્ણવેલી એ જ અષ્ટમી..૭

**– ગોવિંદભા ઘાંઘણિયા(રાજકોટ)**

લાગણી ત્યાં રખાય, જયા નિઃસ્વાર્થ ભાવના હોય.
એમની સામે રડાય, જયા આંસુ સમજાતા હોય.
પ્રણય ત્યા કરાય, જયા પૂજાની ભાવના હોય.
મળવા ત્યા જવાય, જયા આપણી રાહ જોવાતી હોય.

## કાગળની કહાણી

કાગળ કહે કહાણી, તું માનવ લે ને માણી,
રદી થઈ ને ભલે રખડીયે, ભુપને ભરાવું પાણી,**કાગળ કહે**

માનવ સૌ મતલબને માટે, વદતાં જુઠી વાણી
સો વરસનો હું સાક્ષી, આ માનવ જાતો માની,**કાગળ કહે**

આંકડા પડયા ઉપર પર મારા, ઈ સાચવ્યા સાચા જાણી,
કોમળ મારી કાયા ઉપર, સાહી ભલે સંટાણી,**કાગળ કહે**

સગા સ્નેહી સૌ શ્વાસના સંગી, તારી કાયા જયાં કરમાણી,
કાગળ બનીને કેમેરામાં, તારી છબી છે સચવાણી,**કાગળ કહે**

જગ્યા લેવા જગ સૌ વલખે, જડ અમને ભાઈ જાણી,
સરકારી જો સિક્કો પડે તો, મોભો લઉ છું માણી,**કાગળ કહે**

કાગળ કહે ભાઈ આગળ હાલે, પ્લાસ્ટીક કેરી પાળી,
પ્રદૂષણ રૂપી પાપ ભરાણું, વદતાં માનવ વાણી,**કાગળ કહે**

જાત અમારી છે જાજરી, જળથી જરા ઝંખવાણી,
કઠોર છું ભાઈ હું કાગળીયો, જુઠાંને લઉ જાણી,**કાગળ કહે**

કિર્તી કેરો બન્યો કાગળીયો, કયાંક મોકાણું મંડાણી,
રાષ્ટ્ર કેરો બની રખોપીયો, મોહરું જયાં મુકાણી,**કાગળ કહે**

કાયદામાં હું કાગળીયો, અંગુઠે છાપ અંકાણી,
નોટ બની હું સૌને નચવું, રાષ્ટ્ર બેંકની રાણી,**કાગળ કહે**

અખબારમાં જે આપ્યું, તે વાચક વદતા વાણી,
**'નવલ'** કહે ભલે નાંખી દેતા, ચોરે વાત ચર્ચાણી,**કાગળ કહે**

**– નવલદાન ગઢવી (એંદલા, તા.બેચરાજી)**

*સંભારણા*

ઝુપડીએ કો'ક તો જાજો
એના મેમાન તો થાજો.
હું તો કાગળીયા લખી લખી થાકી
કાનૂડા તારા મનમાં નથી.
મોગલ છેડતા કાળો નાગ
મોગલ દેવ એવી છે.

*સંભારણા*

**આ મહામૂલી અને આના જેવી અનેક કૃતિઓના રચયિતા કવિ 'આપ'ની સ્મૃતિમાં**
**દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૩/૬/૨૦૧૯ ના રોજ રાજકોટ મુકામે 'સંભારણા' નામનો કાર્યક્રમ યોજાશે.**

## કવિતા

પાષાણમાં વસે ઈશ એમ જાણી સૌ મજબૂર પાયે નમે,
બતાવી ઉપવાસીને ભોજ છપ્પન ભોગ એકલા ઈશ્વર જમે..૧

ભૂખ્યા બાળ ગરીબના, કેમ તને માખણ મટુકી ગમે?
અમ રંકની આજીવિકા તુને કેમ માખણ ઢોળવું ગમે?..૨

શાને તને જરિયલ જામા? લઘર વઘર કયાં તને ગમે?
શાને સૂરીલી વાંસળી સૂર મજબૂર કયાં તને ગમે?..૩

નથી શણ પાથરણા, કેમ તને રેશમી ઓશીંગણ ગમે?
ઘા થયા ઉંડા અમ રંકના કેમ તને જરિયલ મોજડી ગમે?..૪

બાળ સખો સુદામો, અને બાળ-ભાર્યા ઉણાં સુવે,
કેસરિયા દૂધ જમણ તને, તોયે તું એના તાંદૂલ જુવે..૫

નથી તારા સુખની કોઈ ખેવના, તું પણ કયાં સુખે સુવે?
તરછોડી પ્રીત રાધા તણી, હવે એના શમણાંમાં સુવે..૬

સમજાવું છું સાનમાં સમજ! હવે કોઈ મજબૂર નહીં નમે,
'ગઝબ' છે તાકાત સાચું તને કહેવાની
મજબૂર છું તારી સામે હથિયાર મેલવા ગમે..૭

**– 'ગઝબ' વિનાયક ગઢવી(અમદાવાદ)**

## મોર ઊડીને આવ્યો

પોતાના જેવા મીઠા ટહૂકા,
તરતાં જોયાં વાયરામાં.
મોર ઊડીને આવ્યો,
મધરાતે આજે **ડાયરામાં.**
કેટકેટલી ભાત્યુના લોકગીતો,
સાંભળી હરખે લોક.
ડાયરાની મીઠી હલક સુણી,
મોરની ઝૂકી ડોક.
મોરને આવી માણસની ઈર્ષા,
શું કંઠ છે એના ગળામાં? મોર ઊડીને....

ભીના સાદે **લોકવાર્તા** એ
જયારે ડગલું માંડયું.
આખા **ડાયરાની** આંખમાં આંસું.
જાણે ચોમાસું આવ્યું.
ફાટી આંખે મોર જોયા કરે,
આંખ્યુંના વાદળમાં. મોર ઊડીને...

**– મુકેશ માલવણકર, વડોદરા**
૯૯૭૯૨ ૩૩૬૬૧

## ભજન

**રાગ (બોલમાં બોલમાં)**

વાતડી વાતડી વાતડી રે, ગુણકારી છે જ્ઞાનની વાતડી
મનુષ્ય દેહ મહામૂલો મળ્યો છે, ઓઢો કરુણાની કાંબળી રે.
પચ્ચીસ પ્રકૃતિ પાંચ તત્વ ત્રણ ગુણની,ઓઢો ચાંવત રાખી ચુંદડી.
વિવેક વૈરાગ્ય સંયમ નિયમ આધીનતા,ધ્યાન ધીરપની ઓઢો ધાબડી...
કરણીથી કાંતજો ને વિવેકથી વાગજો, લક્ષ્યની ઓઢો લોબડી.
સોહમ શકિત આત્માને ઓળખો,ઓઢો પટોરી પ્રેમની.
કુંવરબાઈ હોય કરુણા તમારી,જાણો ચતુર ચારણ જાતડી.

**– કુંવરમાં આંબા, ગાંધીધામ(કચ્છ)**

અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે શ્રી અશોકભાઈ ગઢવી
અને યુવા સંગઠને પ્રમુખ તરીકે મોમાયાભાઈ ગઢવી(કચ્છ)ની વરણી કરવામાં આવી.
શ્રી વિજયભાઈ ગઢવીની સતત ચોથી વખત કચ્છ ચારણ ગઢવી સમાજના પ્રમુખ
તરીકે નિમણુંક કરવામાં આવી, સૌને ધન્યવાદ....

## અધ્યાત્મ વિભાગ

**લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી, ૯૪૨૭૪ ૧૧૦૧૯**

પ્રશ્નકર્તા : શ્રી રમેશભાઈ ગઢવી

ચારણ સંસ્કૃતિ અંક એપ્રિલ-જૂન ૨૦૧૯ના અધ્યાત્મ વિભાગમાં પ્રસિદ્ધ પ્રત્યુત્તરનાં સંદર્ભે ૨૨૬ જેટલાં વાંચકોએ બહુજ સારી રીતે પ્રેમ સભર પ્રતિભાવ પાઠવેલ છે. ૧૨ જેટલાં ચારણ માતાજીઓએ નિખાલસતાથી માર્ગદર્શન માંગ્યું તો કેટલાંક રુબરુ મળવા પણ આવ્યા તો કેટલાંકે આશ્રમમાં સતસંગ માટે પધારવાનું નોતરું પણ આપ્યું, તો કેટલાંકે ગિરનાર ક્ષેત્રના આત્મજ્ઞાની માતાજીના દર્શન માટે ઈચ્છા દર્શાવી. પરંતુ તે માતાજી ભાગ્યેજ મુલાકાતની સંમતી આપે છે, કારણ કે પોતાના સુનિશ્ચિત ધ્યેય માટે તેઓ અત્યંત કાર્યરત હોય છે. ક્ષુલ્લક વાતો તેઓશ્રીને પસંદ નથી. દર્શને આવનાર આત્મજ્ઞાનની પ્રાથમિક સમજ ધરાવતા ન હોય તો મૂંઝવણમાં મુકાઈ જાય છે. આથી આપણે તેઓશ્રીને એટલી જ પ્રાર્થના કરવાની કે : 'સહુ દેવના તેજ તું માં સમાયા, નમું જાગતી જયોતિ હો જગદંબા'.

**પ્રશ્ન : નવધા ભકિતના નવ સોપાનની સાધના કેવી રીતે કરવી?**

**ઉત્તર :** ભકિત એ એક સાધે સબ સધે જેવી છે. પરમાત્માનાં મહાત્મ્ય જ્ઞાનપૂર્વક પરમાત્મામાંથી કોઈ પણ પ્રાણ પદાર્થથી ન ડગે એવી કોઈપણ પ્રકારના સ્વાર્થ રહિત વિવેકવાળી પરમ પ્રીતિ રાખવી, તેને પરમાત્માની ભકિત કહે છે. પરમાત્માનાં અલૌકિક સ્વરુપને, પરમાત્માના શ્રેષ્ઠતમ ગુણોનું તથા પરમાત્માની અપૂર્વ લીલાઓનું ધ્યાન કરતાં કરતાં ધ્યાન કરનારનું ચિત્ત પરમાત્મામય થઈ જાય તેને ઉત્તમ પ્રકારની ભકિત કહે છે. પરમાત્માની લીલાઓનું તથા તેઓશ્રીના કરુણા આદિ શ્રેષ્ઠતમ ગુણોનું મનન કરતાં મનન કરનારનાં અંતઃકરણમાં પરમાત્મામાં વિશેષ પ્રીતિ પ્રકટે, તેને મધ્યમ પ્રકારની ભકિત કહે છે. પરમાત્માનાં મહાત્મ્યનું શ્રવણ કરવાથી શ્રોતાના હ્રદયમાં પરમાત્માનાં મહાત્મ્યનું શ્રવણ કરવાથી શ્રોતાના હ્રદયમાં પરમાત્મામાં પ્રીતિના અંકુર ફૂટે તેને કનિષ્ટ પ્રકારની ભકિત કહે છે. આ સિવાય ભકિતના અન્ય સ્વરુપમાં અવ્યભિચારિણી ભકિત, વ્યાભિચારિણી ભકિત, વૈદિભકિત અને પરાભકિતના સ્વરુપ છે. ભકિતની ત્રણ શકિત છે : (૧) સંધિની (૨) સંવિત (૩) હ્લાદિની. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચના, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ નવ પ્રકારના સાધન ભકિત પ્રક્રિયાને નવધા ભકિત કહેવામાં આવે છે. જેનો સમાવેશ વૈદિભકિતમાં થાય છે. પોતાની પ્રકૃતિ અનુસાર તેમાંથી કોઈપણ એક પ્રમાણે સાધક ભકિત કરે છે. જાગૃત સિદ્ધિ સદ્‌ગુરૂના સાંનિધ્યમાં ભકિત સિદ્ધ કરવી પડે છે. નવધા ભકિતનાં નવ સોપાનનો સામાન્ય પરિચય સંક્ષેપમાં આ પ્રમાણે છે :

**૧) શ્રવણ :** પરમાત્માનું નામ સાંભળવું, તે શ્રવણ. નામની સાથે-સાથે પરમાત્માના ગુણ પણ સંભળાશે, લીલા તાદશ થશે. પરમાત્માની કથાઓ સાધક સાંભળતા જશે તેમ તેમ શ્રવણભકિત વધતી જશે. શ્રવણ માટે સત્સંગ ઉપયોગી સાધન છે.

**૨) કીર્તન :** પરમાત્માની સન્મુખ ગાવામાં આવતું પરમાત્માનાં ગુણોનું ગાન, તે કીર્તન. પરમાત્માનું નામ લેવું, એમનો જશ ગાવો, એમનાં ગુણો સાંભળવા, એમની લીલાઓનું ગાન કરવું, તે કીર્તન. જે વ્યકિતગત અને સમૂહગત થઈ શકે છે. કીર્તન કરતાં કરતાં પરમાત્માનાં પ્રેમમાં સાધક ભાન ભૂલી જાય, રોમાંચ અનુભવે, રડવા લાગે, વાણી ગદ્‌ ગદ્‌ થવા માંડે છે.

**૩) સ્મરણ :** પરમાત્માની સ્મૃતિ રહે તે સ્મરણ. મનથી એમનું સ્વરુપ સાંભળે, નામ લેતાં એનાં ગુણ યાદ

આવે, એમનો મહિમા સમજાય, એમનાં પ્રત્યે અહોભાવ જાગે, અને કૃતજ્ઞતા ભાવે એમનો સ્વીકાર થાય. જેમ જેમ સ્મરણ પરમાત્મામાં વધતું જાય તેમ તેમ દેહભાવ, જગતભાવ લુપ્ત થતો જાય છે. સાધન અંતર્મુખ બને છે.

**૪) પાદ સેવન :** પરમાત્માની ચરણ સેવા વીરલા કરી શકે છે. આ ભકિત દુર્લભ છે. પરમાત્માની પ્રતિમાના ચરણકમળની શ્રદ્ધાથી ને પ્રીતિથી સેવા કરવી. કેટલાંક સંતો એમ કહે છે કે પરમાત્માના પાદ સેવન એટલે એમની સૃષ્ટિ પ્રત્યે આદર કરવો. જીવ માત્ર પ્રત્યે અનુકંપા, જીવ માત્રની સૌની સેવા છે એ પરમાત્માની સેવા છે.

**૫) અર્ચના :** પરમાત્માનું ભાવપૂર્વક પૂજન કરવું તે. પરમાત્મા પ્રત્યે પૂજયભાવ રાખવો જોઈએ અને તે વ્યકત પણ કરવો જોઈએ. પૂજન એટલે મનથી પરમાત્માનો સ્વીકાર કર્યો. તેને વ્યકતરૂપથી દઢ કરવાની ક્રિયા.

**૬) વંદન :** પરમાત્માને પ્રેમપૂર્વક દીનભાવથી નમસ્કાર કરવા. પ્રાર્થના ને પ્રણામ એટલે વંદન. આઠે અંગ ધરતીનો સ્પર્શ કરે તે રીતે કાયાને ઢાળીને સાષ્ટાંગ પ્રણામ કરવા. જમણા અંગ પરમાત્મા ભણી રહે તે રીતે પરમાત્મા ફરતે પ્રદક્ષિણા કરવી તે વંદન. સાધક એનું અહંમ ઠાલવી નાખી, ઈશ્વર ઈચ્છામાં પોતાની ઈચ્છા ભેળવી લે તે એકત્વ સાંધે છે. સમસ્ત સૃષ્ટિના સર્જકની વંદના કરવી.

**૭) દાસ્ય :** પરમાત્માની સેવકભાવે પ્રસન્ન મને સેવા કરવી તે ભકિતમાં દાસ્યભાવનો મહિમા છે. સેવક એટલે આજ્ઞાધારક નિષ્ઠાથી સેવા કરનાર, એ દાસ્ય છે.

**૮) સખ્ય :** પરમાત્માની સાથે મિત્રની જેમ વર્તવું. સખ્ય એટલે મિત્રતા. સખ્યભાવથી સૃષ્ટિના સર્વ પ્રાણીઓ અને પદાર્થો પ્રત્યે મૈત્રી ઊપજે છે. સ્વાર્થ રહિત મૈત્રી કરવી હોય તો પરમાત્માના જે સદ્‌ગુણો છે, તે આત્મસાત કરવા જોઈએ. મૈત્રી પૂર્ણ સાથે કરવી હોય તો તેણે પ્રથમ પૂર્ણતા પ્રાપ્ત કરવી પડે છે.

**૯) આત્મ નિવેદન :** પરમાત્માને શુદ્ધ બુદ્ધિથી સર્વસ્વ અર્પણ કરી મમતારહિત રહેવું. શરણ્યભાવ. સાધકની ચેતના પરમાત્માની ચેતનાના વશમાં સમર્પિત થાય છે. પરમાત્મા એની સંભાળ લે છે. એને દોરે છે; એનો ભાર વહન કરે છે.

નવ પ્રકારમાં ભકિતના મૂળ તત્ત્વો સૂત્રની જેમ બંધાયેલા છે. એક અંક ખોલતાં બાકીના બીજા અંગ આપો આપ સુલભ થાય છે. કારણ કે એકમેકને પૂરક છે ને ભકિત નિષ્કારણ છે. ભકિત ગંગા છે. ગમે તેટલાં ઝરણા, નદી, નાળા, ગંગાજીમાં આવી મળે છે તે ગંગા કહેવાય એમ સર્વ અધ્યાત્મ સાધનો ભકિતમાં આવી મળે છે. ભકિત મહાધારા છે. ભકિત પરમાત્માનું સર્વસ્વ છે. ભકિતમાર્ગમાં નામના પ્રતાપથી અપૂર્ણતા પૂર્ણ થઈ જાય છે ને પથ્થરા સાગર તરવા લાગે છે. ભકતોને પરમાત્મા તેને ઘરે દર્શન આપે છે. બીજાને ગોતવા જાવા પડે છે.

---

**ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટને**
**ત્રણ મહિના દરમિયાન મળેલ અનુદાનની યાદી**

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | શ્રી પ્રતાપભાઈ જાળફવા (લંડન) (અનાજકિટ માટે) |
| ૫૦,૦૦૦ | આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ(રાજકોટ)(શિક્ષણ માટે) |
| ૧૧,૦૦૦ | શ્રી નરસંગભાઈ અમરાભાઈ ઠાકરીયા (સુરત)(શિક્ષણ માટે) |

**સંકલન : શ્રી ચંદુભાઈ સાબા, પ્રમુખ**

**મળવા જેવા માનવી**

# નરસંગભાઈ અમરાભાઈ ઠાકરિયા

ગામ : જાંબુડા, હાલ : સુરત

**લેખન : વજુભાઈ ખાત્રા(સુરત)**

૯૭૧૪૨ ૫૯૮૦૯



સરળ સ્વભાવ, મૃદુભાષી, શાંત પ્રકૃતિ તથા સાચી સમજણ ધરાવતા શ્રી નરસંગભાઈ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ હાલ સુરત તેમના પરિવાર સાથે રહે છે.

એમના પત્ની અંજુમા અધ્યાત્મક્ષેત્રની મહામુલી સમૃદ્ધિ છે.

એમના પુત્ર રાજેશભાઈ ઠાકરિયા બાહોશ વકીલ છે અને સુરત ચારણ સમાજના પ્રમુખ છે તથા સામાજિક સેવાના સાચા વ્રતધારી છે.

એમના પુત્રવધૂ આરતીબેન ઠાકરિયા બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી કરે છે.ખૂબજ સંવેદનશીલ અને પ્રેમાળ સ્વભાવ ધરાવે છે.

એમનો મોટો પૌત્ર જેસલરાજ અમેરિકાની યુનિ.માંથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હાલ અમેરિકાની કંપનીમાં જ સર્વિસમાં જોડાયેલ છે.

નાનો પૌત્ર દિવ્યરાજ સુરતની એન્જિનિયરીંગ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

ખૂબ ઉચ્ચ કેળવણી સાથે ચારણી સંસ્કારોથી ધબકતું ઉદાર, સેવાભાવી અને સદ્‌ભાવનાઓથી ભરેલું કુટુંબ છે.

શ્રી નરસંગભાઈ મૂળ ભાવનગર ચારણ બોર્ડીંગના વિદ્યાર્થી છે. પૂ.આઈશ્રી સોનલમા તથા પૂ.પિંગળશીભાઈના આશીર્વાદ પ્રાપ્ત કરેલ છે.

નિવૃત્ત થયા બાદ સંતોના સાંનિધ્યની રુચિ તથા આધ્યાત્મિક ગ્રંથોના અધ્યયનને અગ્રતા અપાતા પરમાત્મા તરફથી પ્રાપ્ત થયેલ અમૂલ્ય માનવ દેહનું લક્ષ સમજાતાં અધ્યાત્મજ્ઞાનની પ્યાસ વધતા એ તરફની યાત્રાએ અંદરના પરિવર્તનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારના જીવનમાં સમત્વ કેવી રીતે જાળવી શકાય અને વ્યવહારમાં શાંતિ, પ્રસન્નતા, સંવેદનશીલતા, સંવાદિતા તથા માનવતાનું પ્રમાણ જળવાઈ રહે તે માટે સતત જાગૃત રહે છે.

સામાજિક પ્રસંગોમાં એમની ઉપસ્થિતિથી હરિરસ, ગીતા, રામાયણ, કાગવાણી તેમજ અન્ય દેશ વિદેશના તત્વચિંતકોના બોધનો લાભ મળે છે.

આધ્યાત્મિક જીવનને અનુલક્ષીને તેમનાં જીવનના દૈનિક કાર્યક્રમમાં સતસંગને અગ્રતા આપવામાં આવે છે.

તેમના નિવાસસ્થાને સોમ, મંગળ, શુક્ર, શનિવારે તત્વબોધના સૂક્ષ્મ પુસ્તકોનો અભ્યાસ ચાલે છે જેમાં આ ક્ષેત્રમાં રસ ધરાવતા શ્રોતાઓની સારી એવી હાજરી હોય છે.

બુધવાર, ગુરુવાર અન્ય આશ્રમોમાં તથા અન્ય સંસ્થાઓમાં તેમના પ્રવચનો હોય છે.

તેઓ આંતરરાષ્ટ્રિય સંસ્થા થિયોસોફીના સભ્ય છે. થિયોસોફીનો અર્થ થાય છે બ્રહ્મવિદ્યા.

વર્ષ-૨૦૧૮માં તેઓને થિયોસોફીના ઈન્ડિયન સેકશન દ્વારા **નેશનલ લેકચરરની** નિમણૂંક મળતા તેઓએ જુદા-જુદા રાજ્યોમાં આપેલ પ્રવચનોની વિગત નીચે મુજબ છે :

તા.૬,૭,૮ એપ્રિલ-૨૦૧૮ના રોજ ઉજ્જૈન મુકામે

નીચેના વિષયો ઉપર પ્રવચનો આપ્યા.
૧) ધેર ઈઝ નો રિલિજિયન હાયર ધેન ટ્રુથ (સત્યથી ઉંચો બીજો કોઈ ધર્મ નથી)
૨) સ્પિરિચ્યુઅલ ઈવોલ્યુશન ઈઝ એઝ નેસેસરી એઝ ફિઝીકલ ઈવોલ્યુશન (ભૌતિક વિકાસ જેટલી જ આધ્યાત્મિક વિકાસની જરૂર છે.)
૩) ઈનર ચેઈન્જ ક્રિએટસ આઉટર ચેઈન્જ (અંદરનો બદલાવ બહારનો બદલાવ લાવે છે)
તા.૬,૭,૮ જુલાઈ-૨૦૧૮ના રોજ ભુવનેશ્વર (ઓરિસ્સા રાજય)માં સ્ટડી કેમ્પમાં (અભ્યાસી વર્ગમાં) ભગવદ્‌ગીતા ઈન થિયોસોફિકલ પ્રસ્પેકટીવ.

બ્રહ્મવિદ્યાને અનુલક્ષીને ભગવદ્‌ગીતા ઉપર પ્રવચનો આપ્યા. (પ્રવચનો અંગ્રેજી અને હિંદી ભાષામાં આપેલ)

અમદાવાદમાં વિશ્વશાંતિના ઉપાસક બનો એ વિષય ઉપર પ્રવચન આપ્યું.

બાલાશિનોર મુકામે વેદમંત્રોનું રહસ્ય વિષય ઉપર તાત્વિક પ્રવચન આપ્યું.

હરિપુરા તા.વિજાપુર જિ.મહેસાણા મુકામે તા.૧૦,૧૧,૧૨ મે ૨૦૧૮ના રોજના સ્ટડી કેમ્પમાં વિષય 'પાથ ઓફ ડીસાઈયલશીપ' (શિષ્ય પદના પંથે) વિષય ઉપર પ્રવચનો આપ્યા.

સત્યથી ઉંચો બીજો કોઈ ધર્મ નથી. આ સુત્ર મુજબનું જીવન જીવવા સાચી ઉપાસના, સાધના, આરાધનાને મૂલ્ય આપે છે.

સુંદર જીવન જીવવા માટે સત્ય, સુંદરતા, સંવાદિતા અને જીવંતતામાં જીવવું એ ખુબ જ જરૂરી છે એવું દઢપણે માને છે.

સંતોએ બતાવેલ સાત પ્રકારના પાપો પ્રત્યે સભાનતા રાખવી આવશ્યક છે.

**સાત પ્રકારના પાપો :** (૧) સભાનતા વિનાનું સુખ (૨) શ્રમ વિનાની સંપતિ (૩) ચારિત્ર વિનાનું જ્ઞાન (૪) નીતિ વિનાનો વેપાર (૫) માનવતા વિનાનું વિજ્ઞાન (૬) ત્યાગ વિનાની પૂજા અને (૭) સિદ્ધાંત વિનાનું રાજકારણ.

સત્યની પ્રાપ્તિ માટે અહં અવરોધક પરિબળ છે. અહં આસુરી સંપદા ઘમંડ,દંભ, અભિમાન, ક્રોધ, અજ્ઞાન વિગેરેનો વધારો કરે છે.

અહં બેધારી તલવાર છે. બહારની ધારે પ્રતિષ્ઠાને ખરાબ કરે છે. અંદરની ધારે શુદ્ધતાને કાપે છે. તેથી અહં પ્રત્યે ખૂબ જ સચેત રહેવું સરળ જીવન જીવવા માટે જરૂરી છે.

સતસંગથી સ્વભાવમાં પરિવર્તન આવે છે. ઘર સંઘડ બને છે. સુઘડ ઘરના જેવી કોઈ નિશાળ નથી. સદગુણી મા-બાપની બરોબરી કરી શકે તેવો કોઈ શિક્ષક નથી.

સતસંગ જીવાત્માને પરમાત્મા તરફ દોરી જાય છે. પરમાત્માના પથની પ્રાપ્તિમાં જ અનંત શાંતિ સમાયેલ છે.

નરસંગભાઈ સાથેના સંવાદમાં તેમના ઉપર મુજબના વિચારો રજૂ થયેલ છે.

સામાજિક પ્રસંગોએ જયારે પણ નરસંગભાઈને મળવાનું થાય છે ત્યારે ગીતા, હરિરસ, રામાયણ તેમજ દેશ-વિદેશના તત્વચિંતકો વિષે ઘણું જાણવા મળે છે.

આવા અધ્યાત્મ પથના યાત્રી આપણું અમૂલ્ય ધન છે એમ હું હૃદયપૂર્વક માનું છું.

શ્રી નરસંગભાઈ સોનલમા ટ્રસ્ટના શુભેચ્છક અને નિયમિત દાતા છે.

સુરત ચારણ સમાજમાં પણ ખૂબ જ લાંબો સમય સેવા આપી છે. સુરતમાં ચારણ સમાજને સંગઠીત કરી મજબૂત સમાજ સંગઠન કરવામાં પાયારૂપ બહુમૂલ્ય ફાળો તેમણે આપેલો છે.•

**જયારે પોતાના દોષો દેખાવા લાગે ને સાહેબ...**
**ત્યારે સમજવું કે પ્રગતિની શરુઆત થઈ ચુકી છે.**

**મળવા જેવા માનવી**

# ચારણ યુવા કવિ મિલિન્દ ગઢવી

ગામ : ઝરખિયા, જિ.અમરેલી

**લેખન : હિતેષ ગઢવી (રાજકોટ)**

૯૯૨૪૮ ૧૦૫૯૪



તા.૭ મે,૨૦૧૯ મંગળવાર અને અખાત્રીજના મંગળ દિવસે રંગીલા રાજકોટ શહેરના હેમુ ગઢવી નાટયગૃહ ખાતે લોકપ્રિય સાંધ્ય દૈનિક 'અકિલા'દ્વારા 'અકિલા ઈન્ડિયા પબ્લિકેશન'ના આરંભે પરમ આદરણીય પૂ.મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં, ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીની ગરિમામય ઉપસ્થિતિ સહ કવિશ્રી સંજુભાઈ વાળા અને કટાર લેખક જયભાઈ વસાવડાના શબ્દ સંવેદન સાથે બે માતબર કાવ્યગ્રંથો **(૧) રાઈજાઈ (ગુજરાતી ગઝલ સંગ્રહ) અને (૨) નન્હે આંસૂ (હિન્દી ત્રિપદી સંગ્રહ)**નો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન થયો. ખૂબ જ મોટી સંખ્યામાં ભાવકો આ શબ્દભીના પર્વમાં ઉપસ્થિત રહ્યાં. ઉપરોક્ત બંને કાવ્યગ્રંથોના યુવાકવિ અને મારકણા સ્મિતના માલિક મિલિન્દભાઈ ગઢવીની આજે આપણે મુલાકાત કરીશું.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઝરખિયા ગામના વતની પિતા ડો.ભરતભાઈ મામૈયાદાનજી લાંગાવદરા અને માતા ચંદનબહેનનાં એક માત્ર લાડકા પુત્ર મિલિન્દભાઈનો જન્મ તા.૧/૫/૧૯૮૫ના રોજ મોસાળ ગોરવિયાળા પરિવારમાં મુ.દાત્રાણા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ ખાતે થયો. પ્રાથમિક કેળવણીનો પ્રારંભ અમરેલી ખાતે થયા બાદ સાવરકુંડલા, જૂનાગઢ, જામનગર, બેંગ્લોર અને વડોદરા ખાતે જુદી-જુદી શાળા કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. અંગ્રેજી માધ્યમનો આ તેજસ્વી વિદ્યાર્થી પ્રથમથી જ સ્વચ્છંદી સ્વભાવ ધરાવતો હોવાથી કોઈપણ કારણ વિના જ ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા ચાર વર્ષ સુધી ન જ આપી! ત્યાર બાદ ધો.૧૨ પાસ કરી સામાન્ય પ્રવાહ સ્વીકારી અભ્યાસ પૂર્ણ કર્યો. ચારણ-ગઢવી કુમાર છાત્રાલય, જૂનાગઢ ખાતે તેઓએ વિદ્યાર્થી જીવનનાં ઘણાં વર્ષો પસાર કર્યા છે. વિદ્યાર્થીકાળમાં તેઓ ખૂબ જ તોફાની અને આળસુ પણ હતાં. વર્ષ-૨૦૧૩માં I.B.P.S. પરીક્ષા પાસ કરી અને સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની ભાણવડ ખાતેની શાખામાં Probationary Officer તરીકે ફરજ સ્વિકારી. હાલમાં તેઓ સમઢીયાળા(ગીર)તા.મેંદરડા,જિ.જૂનાગઢ ખાતે બ્રાંચ મેનેજર તરીકે પ્રશંસનીય ફરજ બજાવી રહ્યા છે.

તરુણાવસ્થામાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ સર્જાયેલો ખાલીપો જ સર્જનનું કારણ બન્યો છે, પરંતુ અંગ્રેજી માધ્યમનો વિદ્યાર્થી ગુજરાતી ગઝલની ઉત્તમ રચના કેવી રીતે કરી શકે? ઉત્તરમાં તેઓ જણાવે છે કે મારાં પિતા જૂનાં હિન્દી ફિલ્મી ગીતો દરરોજ રાત્રે સાંભળતાં કદાચ ત્યાંથી જ શબ્દો, મીટરો અને લયની અસર અંકિત થઈ હશે. પિતાજી ગુજરાતી બાળગીતો ગવડાવતાં અને ગુજરાતી પુસ્તકોનું વાંચન કરાવતાં તેના ફળ સ્વરૂપે ધો.૬ના અભ્યાસ દરમિયાન જ પ્રથમ ગુજરાતી પ્રકૃતિ કાવ્યની રચના કરી હતી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના અભ્યાસ દરમિયાન પણ કવિતાની રચનાઓ કરી હતી. ચારણ કુમાર છાત્રાલય, જૂનાગઢમાં કોલેજના અભ્યાસ દરમિયાન આદરણીય કવિશ્રી દાદબાપુના એક સન્માન સમારંભમાં 'દાદ ને દાદ' કાવ્યપાઠ

રજૂ કરી મંચ પરથી કાવ્યપાઠ રજૂ કરવાના શ્રીગણેશ કર્યા. ત્યાર પછી થોડા દિવસો બાદ રાજકોટ ખાતે યોજાયેલ પાંચ કવિઓના કવિ સંમેલનથી મુશાયરામાં ભાગ લેવાના મંગલાચરણ પણ થયાં.

ગીત,ગઝલ, સોનેટ, મુકતક, ત્રિપદી, નઝમ, અછાંદસ વગેરે કાવ્યપ્રકારોમાં ખેડાણ કર્યું છે. ગુજરાતના તમામ ગુજરાતી અને ઉર્દૂના મૂર્ધન્ય શાયરો સાથે કવિ સંમેલનો પણ કર્યા છે. દેશ–વિદેશમાં યોજાતી પૂ.મોરારિબાપુની રામકથાઓમાં, અસ્મિતાપર્વમાં અને પૂ.રમેશભાઈ ઓઝાના સાંદીપનિ આશ્રમ–પોરબંદર વગેરે સ્થળો પર અનેક સાહિત્ય સમારંભોમાં કાવ્યપઠન ઉપરાંત એક સફળ સંચાલક પણ રહ્યા છે. અનેક લોકપ્રિય સામયિકોમાં આ કવિની કવિતાઓ છપાતી રહી છે. આઠ ગુજરાતી અને એક હિન્દી ફિલ્મના ગીતકાર તરીકે પણ સફળ રહ્યા છે. પારિતોષિકો, પ્રમાણપત્રો, પ્રશંસાપત્રો અને અનેક એવોર્ડ મેળવી ચૂકેલ મિલિન્દભાઈ જણાવે છે કે, ગુજરાતી ફિલ્મ 'પ્રેમજી – ધ રાઈઝ ઓફ અ વોરીયર'માં 'મેં તો સૂરજને રાખ્યો છે આંગણે' ગીત માટે શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ મળ્યાની ખુશી કરતાં વિશેષ રાજીપો ત્યારે થયો કે જયારે આ ગીત ગામડાંની પ્રાચીન ગરબીઓથી શરૂ કરી અને સ્વ.ધીરુભાઈ અંબાણીના પૌત્ર આકાશ અંબાણીની સગાઈ સુધી ગાજયું. મૂર્ધન્ય શાયર નવાઝ દેવબંદી સાહેબ, રાજેશ રેડીજી, દિક્ષીત દનકોરી અને તુષારભાઈ શુકલ જેવાં અનેક મહાનુભાવોએ આ ચારણ યુવાકવિ અને તેમની કવિતાઓને ખૂબ વખાણી છે. મુશાયરાઓમાં ભાવકોની આહ! અને વાહ! લૂંટતો આ ચારણ ખૂબ રૂડો લાગે છે.

ખૂબ જ નાની વયમાં આભને આંબતી સફળતા વચ્ચે પણ વર્તનમાં વિનમ્રતા, સ્વભાવમાં સરળતા અને ચાહકોને ઉમળકાથી મળતાં મિલિન્દભાઈ આ રહસ્ય પાછળનું કારણ જણાવતાં કહે છે કે, આ ઓશોને આભારી છે. ઓશોને ખૂબ જ વાંચ્યા અને સાંભળ્યાં છે. ઓશોના દીક્ષાર્થી હોવાથી તેઓનું સ્વામી અનુપમ સ્વભાવ નામાભિધાન પણ થયું છે. હરખ અને શોકની હેડકીથી ખૂબ જ ટૂંકા સમયમાં ફરી સ્વસ્થતા કેળવી લેવાની ટેવને તેઓ પ્રભુ પ્રસાદી જ ગણાવે છે.

મેનેજર અને મુશાયરાને કેવી રીતે મેનેજ કરી શકો છો? ઉત્તરમાં ખડખડાટ હસી પડેલાં મિલિન્દભાઈ એક કાવ્યપંકિત સહ ઉત્તર આપતાં જણાવે છે કે,

**તારે કાજે ગઝલ મનોરંજન;**
**મારે માટે તો પ્રાણવાયુ છે.**

– મનોજ ખંડેરિયા

નોકરી અને જાહેર કાર્યક્રમોને કારણે જીવનમાં શારીરિક, માનસિક અને સામાજિક સંઘર્ષ તો રહ્યા જ કરે છે. અર્થોપાર્જન કાજે નોકરી જરુરી છે તો જીવનના અર્થ કાજે કાવ્ય પઠન પણ જરૂરી છે. આઈ સોનલ કૃપાથી સમતોલન જળવાઈ રહે છે. કોઈપણ સફળ પુરુષની પાછળ એક સ્ત્રી જવાબદાર હોય છે, પરંતુ તેઓ જણાવે છે કે, મારી સફળતા પાછળ બે સ્ત્રીઓ છે ! ધર્મપત્ની દિશાબહેન અને પુત્રી મહેર (ઉ.વ.પાંચ માસ)ના સમજણ, સહકાર અને સમર્પણથી જ અઘરું કાર્ય પણ સરળ બની ગયું છે. માનવજીવનનાં અમૂલખ દિવસો વેડફાઈ ન જાય તે જોવું પણ એટલું જરૂરી છે.

ગઝલ રચના ક્ષેત્રે કોઈપણ તાલીમ કે ગુરુ વિના સ્વાધ્યાય દ્વારા આપબળે જ આગળ વધેલ મિલિન્દભાઈ ગઢવી ખરેખર મળવા જેવા માણસ છે. રાજકોટ ખાતે તેઓના પુસ્તક વિમોચનના પ્રસંગે કરેલ તેઓની મુલાકાત ભાવિ પેઢીને ચોક્કસ પ્રેરણા આપનાર બની રહેશે. તેઓની લોકપ્રિય એક ગઝલ સાથે ફરી મળીશુંના વચન સાથે અમે છૂટા પડયાં..

**ધાર્યા કરતાં વ્હેલી થઈ ગઈ**
**જાત સદંતર મેલી થઈ ગઈ**
**મેં હસવાનું શીખી લીધું**
**દુનિયાને મુશ્કેલી થઈ ગઈ.**

– મિલિન્દ ગઢવી •

## મળવા જેવા માનવી

# માનવતાની મહેક શ્રી શારદાબેન રૂડાચ

ગામ : ભાડથર, જામખંભાળિયા (હાલ: લંડન)

**લેખન : શકિતદાન કેશુભાઈ કુંચાલા(ભાવનગર)**



આજના ઈન્ટરનેટ અને કમ્પ્યુટરનાં ઝડપી યુગમાં માણસ દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. સમગ્ર વિશ્વ ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે પણ મારે ખૂબ જ દુઃખ સાથે કહેવું પડે છે કે, તેટલી જ ઝડપથી આજ માણસમાંથી માણસાઈ વિસરાઈ રહી છે. માણસ સ્વાર્થી, સંકુચિત અને નાસ્તિક થતો જાય છે. તેથી તેનામાં નૈતિકતા, નિષ્ઠા અને ચારિત્ર્ય જેવા મૂલ્યોનું ધોવાણ થતું જાય છે. આજના આ યુગમાં કોઈ કોઈનું કોઈ રહ્યું નથી તેમજ સમાજના અમીરો અને ગરીબો વચ્ચેની ખાઈ વધતી જાય છે. ત્યારે સમાજના ગરીબ માણસને જીવન જીવવાની પાયાની જરૂરિયાત અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ અને આરોગ્ય દિવસે ને દિવસે મોંઘી થતી જાય છે જે સામાન્ય માણસને પોસાય તેમ નથી.

એટલે ઘણી વખત યોગ્ય નિદાન કે સારવારના અભાવે સામાન્ય માણસને જીવ ગુમાવવાનો વારો આવે છ. આવા સંજોગોમાં સમાજમાં સૌથી શ્રેષ્ઠ સેવા જો કોઈ હોય તો તે સ્વાસ્થ્ય સેવા છે. સમાજના જરૂરિયાતમંદ અને છેલ્લામાં છેલ્લા માણસને આરોગ્ય સેવા પૂરી પડી રહે તેવા હેતુથી ઘણી સંસ્થાઓ, ટ્રસ્ટો અને દાતાઓ તન, મન, ધનથી સેવા આપી રહ્યા છે. જે ખરેખર એક પુણ્યનું કામ કરી રહ્યાં છે. આવું જ પુણ્યકાર્ય કરી રહેલ આપણા ચારણ સમાજનું ગૌરવ તેવા પૂ.શારદાબેન દિલીપભાઈ રૂડાચની આજ મારે તમને વાત કરવી છે કે જેઓ ખરેખર આજની આ વિકટ સ્થિતિમાં નિરાધાર મધ્યમવર્ગ અને જરૂરિયાતમંદ લોકોને જે તે વિભાગના નિષ્ણાતો તબીબો દ્વારા નિદાન કરી સ્વાસ્થ્ય સેવા પૂરી પાડી એક ઉત્કૃષ્ટ કાર્ય કરી સમાજનું નામ ઉજાગર કરી રહ્યાં છે.

વર્ષોથી યુ.કે.માં સ્થિર થયેલ શારદાબેનનું મૂળ વતન તો જામખંભાળિયાથી થોડે દૂર આવેલ એવું ભાડથર ગામ. પોતાના પિયર સેગરસ (જિ.પોરબંદર) આ બન્ને નાના એવા ગામો તેમજ પિતા બચુભાઈ મુળજીભાઈ લીલા અને સસુરપક્ષ રૂડાચ આ બન્ને પરિવારોમાંથી શારદાબેનમાં કોઈને દુઃખમાં મદદ કરવાના ગુણો રોપાયા હતા અને એટલે જ આજ પરદેશમાં બેઠા બેઠા પણ તેમનામાં લોકોને મદદ કરવાની ભાવના જીવંત રહી છે. હાલ તેઓ પોતાના પુત્ર કુંજનભાઈ અને દીકરી વર્ષાબેન સાથે લંડન સ્થાયી થયા છે પણ તેમની સંવેદના તો કાયમ વતન સાથે ધબકતી રહી છે. ત્યાં બેઠા બેઠા પણ તે વતનની ચિંતા સેવી રહ્યા છે.તેમની ઈચ્છા તો ગરીબ દર્દીઓની સેવા કરવા એક અદ્યતન હોસ્પિટલ શરૂ કરવાની હતી તેવામાં ભાવનગર સ્થિત રાહુલભાઈ લીલા તેમના સંપર્કમાં આવ્યા. શારદાબહેને રાહુલભાઈ પાસે પોતાનો વિચાર વ્યકત કર્યો અને ભાવનગરનાં આ તરવરિયા યુવાને તે વિચારને વધાવી લીધો. સમાજના અન્ય યુવાનોની મદદ મેળવી વિવિધ વિભાગોના નિષ્ણાત ડોકટરો દ્વારા રાજયના જુદા જુદા જિલ્લાઓમાં મેડિકલ કેમ્પ કરી રહ્યાં છે. ખાસ કરીને સમૂહલગ્ન પ્રસંગે પોપટપરા, સોનલબીજ નિમિત્તે સોનલધામ મઢડા અને પાટોત્સવ નિમિત્તે મોગલધામ ભગુડા જેવા ધાર્મિક સ્થળોએ મેડિકલ કેમ્પોનું આયોજન કરી ત્યાં આવતા હજારો શ્રદ્ધાળુઓને સ્વાસ્થ્ય સેવાનો લાભ અપાવ્યો છે. બધા મળીને અત્યાર સુધીમાં આવા ૪૫ જેટલા મેડિકલ કેમ્પો કર્યા છે. જે ખરેખર ખૂબ જ પ્રશંસનીય કામગીરી છે. પૂજય શારદાબેનની ઈચ્છા પાકિસ્તાન સ્થિત હિંગળાજમાનાં દર્શન કરવાની હતી તે પણ હમણાં પૂરી થયેલ છે તો આવા શ્રદ્ધા, સેવા અને દાનના ત્રિવેણી સંગમથી કાર્ય કરી રહેલ શારદાબેન દિલીપભાઈ રૂડાચ ખરેખર ચારણ સમાજનું ગૌરવ છે. •

## મળવા જેવા માનવી

# કેશરદાન પ્રભુદાન ગઢવી

ગામ : મમાંણા જિ.બનાસકાંઠા

**લેખન : ગઢવી અંબાદાન એમ. (કાણોઠી)**

૯૯૨૫૪ ૬૧૪૭૪



સોમ્ય સ્વભાવ અને સોમ્યતાભર્યો ચહેરો. જેના સ્વભાવમાં જેના ચહેરા પર કયારેય કાળક્રોધ – અણગમો કે ઘૃણા જેવું કયારેય જોવા નથી મળ્યું.

ગમે તેવી કઠીન પળોમાં સંકટની ઘડીઓમાં પણ ધીરજ અને શાંતિ જાળવી રાખવી એ જેના સ્વભાવથી જોડાયેલું છે. જેને જન્મજાત સત્તા અને સંપત્તિ વારસામાં મળી છે છતાં એનું કયાંય ઓછાપણું–આછકલાઈ જેવું કયારેય જોવા મળ્યું નથી.જે વ્યવસાયે વકીલ હોવા છતાં કોર્ટ–કચેરીઓના ચક્કરમાં ના પડવાની સાચી સલાહ આપનાર કોઈની સાથે પણ દ્વેષભાવ કે વેરવૃત્તિ નહીં રાખનાર, મિલનસાર સ્વભાવ અને સૌના સુખ–દુઃખમાં સદાય હાજર રહેનાર એવા વ્યકિતની જે વાત છે, એ વ્યકિત મમાંણા કેશરદાનની સરળતા, સાદગી અને સેવાભાવની વાત છે.

મમાંણા ગામ સુગરીના માળા જેવું એકબીજાના સેવા અને સહકારના તાણાવાણાંથી ગૂંથાયેલું રાજા અને પ્રજાની એક વિચારધારાથી જોડાયેલું વાવ–સૂઈગામના નેશનલ હાઈવે ઉપર આવેલું ગામ છે. સુંદર સરોવર, ચામુંડા માતાજીનું મંદિર અને શિવમંદિરના ખોળામાં બેઠેલું બહુજ રમણીય ગામ છે અને આ ગામની જમીન જાગીર પેઢીઓથી એક જ મીસણ પરિવારના તાબાની છે. જાગીરદારના સમયથી આઝાદીના શાસન સુધી એક જ પરિવાર આ ગામનો વહીવટ કરે છે. આખા તાલુકામાં કે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આ ગામની ખાસ વિશેષતા રહી છે કે હજી આ ગામમાં સરપંચની ચૂંટણી થઈ નથી. ગામ કાયમી બિનહરીફ સરપંચ તરીકે મીસણ પરિવારને રાખે છે. પ્રજાએ પેઢીઓથી જે પરિવાર ઉપર ભરોસો મુકયો છે એ ભરોસો આજ દિવસ સુધી જળવાઈ રહ્યો છે. ગામનો કોઈ વ્યકિત હજી પોલીસ સ્ટેશનનાં પગથિયે ચડયો નથી. ગામના પ્રશ્નો ગામમાં જ ઉકલી જાય છે તેનું સુખદ સમાધાન થઈ જાય છે.

કેશરદાને ગામનો સર્વાંગી વિકાસ કર્યો છે. ગામના દરેક સુખ–દુઃખના પ્રસંગોમાં ભાગીદાર બની લોકહિતનાં કાર્યો કરી પુરાવાવ–સુઈગામ તાલુકામાં મમાંણા ગામને એક આદર્શ ગામ તરીકેની છાપ ઉભી કરી છે. રાજકીય, સામાજીક પદ અને પ્રતિષ્ઠા–જમીન–જાગીર–ધન–દોલતનો તમામ વૈભવ જન્મજાત મળવા છતાં જીવનમાં અભિમાન કે તોછડાઈપણું કયારેય જોવા નથી મળ્યું. કોંગ્રેસ તાલુકા યુવા પ્રમુખ જમીન વિકાસ બેંકના ડિરેકટર, સહકારી બેંક, સહકારી મંડળીઓ અને બનાસડેરી દૂધ મંડળીના ચેરમેન, વકીલ બાર એસોસીયેશનના પ્રમુખ તરીકેના અનેક નાના મોટા હોદ્દાઓ મેળવીને લોકહિતનાં કાર્યો કર્યા છે. નડાબેટ – નડેશ્વરી મા ના ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી બની નડા બેટની અનેક મુશ્કેલીઓ હતી. ચોમાસાના ચાર મહિના ત્યાં જવું મુશ્કેલ હતું, રોડ રસ્તા રણના કારણે બંધ થઈ જતા. સૈનિકોને પીવાનું મીઠું પાણી ન હતું આવી તમામ મુશ્કેલીઓ કાયમ માટે દૂર કરવા તત્કાલીન કોંગ્રેસ સરકાર વખતે શ્રી બી.કે. ગઢવી સાહેબને વખતો વખત રજૂઆતો કરીને કેન્દ્ર સરકારની ગ્રાન્ટોમાંથી રણના લેવલથી ઘણી મોટી ઉંચાઈ લેવરાવી રસ્તાની મુશ્કેલી કાયમ માટે દૂર કરી. ડીસાથી મીઠા પાણીની પાઈપ લાઈન નાખાવી યાત્રાળુ અને સૈનિકોને રોડ,

પાણી, લાઈટ, કોમ્યુનિટી હોલ, ધર્મશાળા વગેરે સગવડતા ઉભી કરી નડાબેટને ગુજરાતના નકશામાં સુંદર પ્રવાસનધામ નડેશ્વરીધામ તરીકેનું સ્થાન અપાવ્યું. ગુજરાતના મોટા શહેરો ઉંઝા, માણસા, ગાંધીનગર, રાધનપુર, પાલનપુર જેવા શહેરોની કાયમ બસો નડેશ્વરીધામમાં દર્શનાર્થીઓને લઈ આવતી થઈ. સરકાર ભાજપની હોય કે કોંગ્રેસની સૌની જોડે નડેશ્વરીધામના વિકાસ માટે, પ્રજાની સુખ સગવડતા માટે, યાત્રાળુઓની સુવિધા માટે તન, મન અને ધનનું યોગદાન આપ્યું છે. આમ કેશરદાનને સત્તા, સંપત્તિ, માન, પ્રતિષ્ઠા જે મળ્યું એને યોગ્યતાપૂર્વક જાળવી રાખ્યું અને લોકહિતમાં એનો ઉપયોગ કર્યો છે.

દુનિયામાં જે ઈતિહાસો રચાયા છે એ ગુણવાનોના રચાયા છે. આજે લોકો જેનાં મોટાં મંદિરો બનાવી જેના નામે ધૂપ-દીપ કરીને પૂજા, પ્રાર્થના કે આરતીઓ કરે છ. એ ગુણની પૂજા છે. ગુણની સરાહના થાય છે. ગુણનો આદર સત્કાર થાય છે ગુણની જય બોલાય છે અને ગુણનો જયજયકાર થાય છે. કેશરદાનમાં જે મોટો ગુણ મારા જોવામાં આવ્યો છે એ બીજાની વાતને સાંભળવી, સાચી હોય તો તેનો સ્વીકાર કરવો, કબૂલ કરવું અને અન્યાય, જુલમ કે મુર્ખાઈ સામે પણ પોતાનું માનસિક સંતુલન જાળવી રાખવું પોતાની ધીરજ કે મનની સ્થિરતાને જાળવી રાખવા આ ઘણું કઠીન કાર્ય છે. ભલભલા તપસ્વીઓ પણ સમય આવ્યે મનનું સંતુલન ગુમાવી ધે છે. આવો ગુણ મોટી તપસ્યાના અંતે પ્રાપ્ત થાય છે.

**'પુછતાં પંડીત નીપજે, લખતાં લહીયો થાય**
**ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય'**

મારી દ્દષ્ટિએ જ્ઞાન કે ગુણ મેળવવાનાં પાંચ પગથિયા છે. પૂછવું, સાંભળવું, સમજવું, સ્વીકારવું અને સુધારવું. જે વિષય આપણી જાણ બહારનો હોય એના માટે જે તે બાબતના નિષ્ણાતને પૂછવું જોઈએ. એની વાતને ગંભીરતાથી સાંભળવી જોઈએ, સમજવી જોઈએ અને પોતાની ખામીઓમાં પણ અણઆવડતમાં સંશોધન કરવું જોઈએ. ગુણના ગ્રાહક બનવું જોઈએ. જ્ઞાન કે ગુણ જયાંથી મળે તે ભલે નાનું બાળક હોય કે સામાન્ય નાનો માણસ ગણાતો હોય પરંતુ એનામાંથી લેવા જેવું, શીખવા જેવું હોય તે ગ્રહણ કરવું જોઈએ. નવું શીખવા માટે સાવ ખાલી થઈ જવું પડે છ. મિથ્યાજ્ઞાન, અભિમાનનાં ફાટી ગયેલાં વસ્ત્રો ફેંકી દઈએ ત્યારે જ સુંદર, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી શકાય છે.

**'નિર્મલ હોઈ નીરંજન ભેટો–મેટો ફેલ ફતુરા'**

જયાં સુધી માનવી, ઈર્ષા, અભિમાન, સ્વાર્થ, જૂઠ, કપટ,ખોટાખાનપાન, ખોટા વ્યવહાર વર્તનથી માણસ મુકત ના થાય ત્યાં સુધી એમાં નવું કાંઈ જ રેડી શકાતું નથી. જેમ ઘાસલેટના ડબામાં ઘી ના ભરી શકાય, દારૂના ડબલામાં દૂધ ના લઈ શકાય. એમ સ્વાર્થ, દંભ, પ્રપંચ, કપટ જૂઠથી મુકત થયા સિવાય નવા વિચારો એમાં દાખલ થઈ શકતા નથી. સાવ ખાલી થઈ જાઓ, નિર્મલ થઈ જાઓ ત્યારે જ્ઞાનનાં સમજનાં દ્વાર આપોઆપ ખુલી જશે. કળીયુગના પાપના કારણે જેની બુદ્ધિ સંપૂર્ણ ભ્રષ્ટ થઈ ગઈ છે, જેની બુદ્ધિ ઉપર પાપનું સૂર્યગ્રહણ લાગવાથી ઘોર અંધકાર છવાઈ ગયો છે. જેમ સુકા સરોવરને મુકીને પક્ષીઓ ઉડી જાય એમ દિલમાંથી દયા, પ્રેમ, સેવા સંવેદના બધું વિદાય થઈ જાય છે. જેની સમજ ઉપર મૂર્ખાઈ અને અભિમાનનું તાળું લાગી ગયું છે. એવા લોકો કોઈનું સાંભળતા નથી કે વાસ્તવિકતા સ્વીકારતા નથી એવા લોકોની કોઈ વ્યકિતગત વિચારધારા સિદ્ધાંત કે કોઈ નીતિનિયમ હોતાં નથી. હેન્ડલ વગરની શુટકેશ જેવા(માથે ઉપાડીને ફરવું પડે) કડા વગરના ડબા જેવા (છોકરાની જેમ કેડમાં તેડીને ફરવું પડે) આવા લોકો બદમાશોની બુદ્ધિ પ્રમાણે બીજાનાં ફેરવ્યાં ફરે, બીજાનું કીધું કરે. પરંતુ પોતાની વિવેક બુદ્ધિ ભલા-બુરાનો ભેદ ના સમજી શકે એવા પર જીવી બીજાના આશ્રિત લોકો પોતાનું અને પરાયાનું કાંઈ જ ભલું કરી શકતા નથી. **'આ ભૂમિ પર મુજ સમાન કોઈ નહિ'**

**(ક્રમશઃ)**

## સમાચાર વિભાગ

### વિનામૂલ્યે અનાજકિટનું વિતરણ

આઈશ્રી સોનલમાં એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા રાજકોટ શહેરમાં વસવાટ કરતાં જરૂરિયાતમંદ(વિધવા બહેનો) પરિવારોને મદદરૂપ થવાના હેતુથી ટ્રસ્ટ દ્વારા તા.૪ એપ્રિલ ૨૦૧૦ થી દર વર્ષે સમાજના દાતાશ્રીઓના સહયોગથી વિનામૂલ્યે અનાજકિટનું વિતરણ ટ્રસ્ટીઓના માર્ગદર્શન નીચે યુવાનો દ્વારા કરવામાં આવેલ. તા.૧૯ મે,૨૦૧૯ અને રવિવારના દિવસે સતત દશમા વર્ષે ચારણ વાડી, રાજકોટ ખાતે જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે અનાજકિટ વિતરણનો એક સાદગીપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો. આ પરિવારોને ૨૦૦ કિ.ગ્રા.ઘઉં (પરિવારની સભ્ય સંખ્યા મુજબ), ૨૫ કિ.ગ્રા ખીચડી, ૧૫ કિ.ગ્રા. તેલ, ૫ કિ.ગ્રા. ગોળની સંપૂર્ણ કિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે સમાજના આગેવાનો તથા દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મહેશભાઈ બુધશી, રવુભાઈ ઘાંઘણીયા, અશ્વિનભાઈ નેચડા, મનુભાઈ ફુનડા, નાનુભાઈ નૈયા, મુકેશભાઈ નૈયા, રાજુભાઈ નૈયા, બાબુભાઈ જોગડા, બાબુભાઈ લાંબા, જનકભાઈ ભાંસળીયા, જયંતિભાઈ લાંબા, પ્રતાપભાઈ પાલીયા તથા મનસુખભાઈ કેશરીયા ઉપરાંત અનેક આગેવાનો તથા દાતાશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે સમાજના યુવાનોએ અમૂલ્ય શ્રમદાન કર્યું હતું અને વિતરણ વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી. આ તકે આ ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ જાળગ, રામભાઈ જામંગ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, પૂર્વપ્રમુખશ્રી નારણભાઈ જામંગ, બાબભાઈ પાલીયા નરેન્દ્રભાઈ ઝીબા, ડો.અંબાદાનભાઈ રોહડિયા તથા હરેશભાઈ આલગા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. **– હિતેશ ગઢવી ,રાજકોટ**

**જરૂરિયાતમંદ(વિધવા બહેનોના) પરિવારોને નવ વર્ષથી આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા વિનામૂલ્યે અનાજકિટનું વિતરણ કરવામાં આવે છે તેની યાદી**

| વર્ષ | પરિવારો | ઘઉં કિગ્રા | ખીચડી કિગ્રા | તેલ લીટર | ગોળ કિગ્રા | એક કિટનો ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | ૬૫ | ૧૪૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૨૫૦૦-૦૦ | ૧૬૨૫૦૦-૦૦ |
| ૨૦૧૧ | ૬૪ | ૧૫૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૨૬૦૦-૦૦ | ૧૬૬૪૦૦-૦૦ |
| ૨૦૧૨ | ૬૮ | ૧૫૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૩૨૦૦-૦૦ | ૨૧૭૬૦૦-૦૦ |
| ૨૦૧૩ | ૭૭ | ૧૫૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૩૭૦૦-૦૦ | ૨૮૪૯૦૦-૦૦ |
| ૨૦૧૪ | ૮૯ | ૧૫૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૪૦૦૦-૦૦ | ૩૫૬૦૦૦-૦૦ |
| ૨૦૧૫ | ૯૨ | ૨૦૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૪૭૦૦-૦૦ | ૪૩૨૪૦૦-૦૦ |
| ૨૦૧૬ | ૯૦ | ૨૦૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૫૨૦૦-૦૦ | ૪૬૮૦૦૦-૦૦ |
| ૨૦૧૭ | ૧૦૩ | ૨૦૦ | ૧૦ | ૦૫ | ૦૨ | ૪૬૪૨-૦૦ | ૪૭૮૧૨૬-૦૦ |
| ૨૦૧૮ | ૯૧ | ૨૫૦ | ૨૫ | ૧૫ | ૦૫ | ૬૨૦૦-૦૦ | ૫૬૪૨૦૦-૦૦ |
| ૨૦૧૯ | ૯૦ | ૨૦૦ | ૨૫ | ૧૫ | ૦૫ | ૬૦૫૦-૦૦ | ૫૪૫૮૫૦-૦૦ |
| | | | | | કુલ | | ૩૬૭૫૯૭૬-૦૦ |

એક, બે કે ત્રણ વ્યકિતનો પરિવાર હોય તેઓને તેના પ્રમાણમાં ઘઉં આપવામાં આવેલ છે.
બાકીની બધી વસ્તુઓ સરખી આપવામાં આવેલ છે.

## ગુજરાતી ચારણ સમાજ(મ.પ્ર.)નું ગૌરવ
## શ્રી અમરાભાઈ ચારણ

આઈશ્રી ખોડલ ભવન ચારણ છાત્રાવાસ સેંધવા (મ.પ્ર) માં નિવાસ કરેલ છાત્ર CBSC પરીક્ષામાં સારા ગુણ લાવીને છાત્રાવાસનું નામ રોશન કર્યું

ગુજરાતી ચારણ સમાજ(મ.પ્ર.)ન્યાસ દ્વારા સંચાલિત આઈશ્રી ખોડલ ભવન ચારણ છાત્રાવાસ સેંધવા(મ.પ્ર.)માં નિવાસરત છાત્ર અમરાભાઈ ચારણ ધો.૧૨ની CBSC પરીક્ષામાં ૮૪% માર્ક્સ લઈને બડવાની જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. છાત્રાવાસની સાથે માલવા-નિમાડના સંપૂર્ણ ચારણ સમાજનું નામ રોશન કર્યું.

શ્રી અમરાભાઈ ચારણ આ છાત્રાવાસની પ્રથમ બેન્ચના વિદ્યાર્થી છે. ગુ.ચા.સ(મ.પ્ર.)દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે સારા ગુણ પ્રાપ્ત કરવાની પ્રોત્સાહન યોજના લાગુ કરી હતી આ યોજનાનુસાર અમરાભાઈ ચારણને રૂા.૧૦૦૦/- પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

શ્રી અમરાભાઈ ચારણ દ્વારા પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત થવાથી છાત્રાવાસના બીજા અન્ય છાત્રોમાં અભ્યાસ પ્રત્યે નવો જોશ પ્રાપ્ત થયો છે. ચારણ સમાજના પરિવારોમાં પોતાના બાળકોને અભ્યાસ માટે છાત્રાવાસમાં પ્રવેશ માટે જાગરુક કરવાની આજની સૌથી મોટી જરૂરિયાત છે અને તે માટે નિષ્ઠાભાવથી સકારાત્મક કાર્ય કરવાની જરૂરિયાત છે.

આઈશ્રી ખોડલ ભવન ચારણ છાત્રાવાસ પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થઈ ગયેલ છે અને હવે છાત્રાવાસમાં ૧૬ રૂમો, પાલકો માટે એક અતિથિ રૂમ, કોમ્પ્યુટર કક્ષ, લાઈબ્રેરી અને અધ્યયન રૂમ અને ભોજનકક્ષ બની ગયું છે. આ છાત્રાવાસમાં માસિક ફી રૂા.૧૨૦૦/- છે, જેમાં બન્ને સમયનો નાસ્તો, ભોજન અને દૂધની વ્યવસ્થા સાથે અંગ્રેજી, ગણિત અને કોમ્પ્યુટરના કોચિંગની વ્યવસ્થા પણ સામેલ છે.

**–વલ્લભભાઈ પટેલ, ચેરમેન**

ગુજરાતી ચારણ સમાજ (મ.પ્ર.)ન્યાસ

૦૦૦

## મોટા ભાડિયા – સમૂહલગ્નોત્સવ

મોટાભાડિયા(તા.માંડવી) પૂ.સોનલમા કહેતા હતા કે બધા આશ્રમો ગૃહસ્થાશ્રમને આધારે છે અને તેનાથી સૌનું પોષણ થાય છે અને ગૃહસ્થાશ્રમને દૂધ જેવી પવિત્ર માનેલી છે તેથી ગૃહસ્થાશ્રમને પવિત્ર રાખવી જોઈએ તેવું આજે મોટા ભાડિયા ચારણ સમાજ આયોજિત આઠમા સમૂહલગ્ન સમારોહને સંબોધતા પૂ.દેવલમા (વેરાવળ)એ જણાવ્યું હતું. આશીર્વચન આપતા આચાર્ય પૂ.કશ્યપ શાસ્ત્રીજીએ કહ્યું હતુ કે, આઈ સોનલના આદેશને અનુસરીને ચારણોએ પુરુષાર્થવાળુ, ઉદ્યમી જીવન જીવવા સાથે ચારણોની કન્યાએ ચારિત્ર્યશીલ અને શુદ્ધ આચાર-વિચારને અનુસરી બાળકોને સદ્‌વિચારની શિક્ષા આપવાની હિમાયત કરી હતી.

ચારણ સમાજવાડીના વિશાળ પટાંગણમાં યોજાયેલા આ લગ્નોત્સવમાં ૧૭ જેટલા નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડયા હતા. ચારણી કલાકારોના સંગાથે યોજાયેલા રાસોત્સવ અને સંતવાણીના સુરો થકી ફેલાયેલી રાગ-રાગીણીએ સીમાડાને ગૂંજતો કરી દીધો હતો.

સંચાલન શ્યામશાસ્ત્રી અને આભારવિધિ ડાયાભાઈ ગઢવીએ કરી હતી. સમિતિ તરફથી વિવિધ ૬ વસ્તુઓનું દાન અપાયુ હતું.

**–કરસન ગઢવી(મોટા ભાડિયા)**

**જીવનની ૧૦ જડી બુટીઓ**

- જોયા કરો, જતું કરો, જીતી જશો.
- કયાં જવું છે એ પહેલાં નક્કી કરો, લક્ષ્ય સાથે દોડો.
- સત્યની સાથે ઓતપ્રોત રહો.
- નીંદા આપણા આનંદની બાદબાકી છે.
- આત્મવિશ્વાસ વધારવો છે ? સ્વતંત્રપણે વિચારવાની કે એ પ્રમાણે વર્તવાની ટેવ પાડો.
- ભુલને હમેશા સુધારો.
- ગુમાવ્યાનો કદી અફસોસ નહી.
- ધીરજ અને ધૈર્ય સાથે રહો.
- તમારે સફળ થવું છે ? તો સફળતાના વિચારો કરવાની ટેવ પાડો.

## શ્રી જખુભાઈ ધાનાભાઈ ભુવા ચારણ બોર્ડિંગનું (ભુજ)ઉદ્‌ઘાટન સમારોહ

મોટાભાડિયા(તા.માંડવી)ચારણ સમાજ માં વ્યાપ્ત અજ્ઞાનના અંધકાર દૂર કરી જ્ઞાનના અજવાળા પાથરનાર પૂ.સોનલમાના પવિત્ર પગમાંથી પુનિત થયેલી ધરા પર રોપાયેલું શિક્ષણનું બીજ આજે જયારે વટવૃક્ષ બની સમાજની કલ્પનાઓને સાકાર કરી રહ્યું છે ત્યારે સોનલમાની આ સમાજ પર થયેલી દયાના પ્રતિબિંબની અનુભૂતિ થઈ હોવાનો મત આજે કરોડો રૂપિયાના ખર્ચે શ્રી અખિલ કચ્છ ચારણ સભા દ્વારા કરોડો રૂપિયાની લાગતથી નિર્માણ પામેલ શ્રી જખુભાઈ ધાનાભાઈ ભુવા ચારણ બોર્ડિંગ તથા વિશ્રાંતિ ભવન પરિસરમાં નિર્માણ પામેલ પૂ.સોનલમાના મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા સમાજના મોભી વડીલ પુષ્પદાનભાઈ ગઢવીએ વ્યકત કર્યો હતો. ભૂજના ભાનુશાળી નગર સ્થિત આ બોર્ડિંગના ઉદ્‌ઘાટન સમારોહમાં આજે પણ દાતાઓ મન મુકીને વરસતા રૂપિયા ત્રેવીસ લાખથી વધારાનું ફંડ એકત્ર થયું હતું. પ્રારંભમાં જ સવારે સોનલમાના નૂતનમંદિરે પદ્મશ્રી સી.પી.દેવલ(રાજસ્થાન), અખિલ ભારત ચારણ મહાસભાના ઉપાધ્યક્ષ દેવીદાનભાઈ ગઢવીના હસ્તે મંદિરે દીપપ્રાગટયથી મંદિર સમાજને લોકાર્પિત કરાયું હતું. સમાજના છાત્રો વર્તમાનની કેળવણી સાથે કદમતાલ મેળવે અને સમાજનું શૈક્ષણિક સ્તરનો ગ્રાફ વધુ વિકસે એવા શુભાશય સાથે નિર્માણ પામેલી આ બોર્ડિંગનું ઉદ્‌ઘાટન પૂ.માતાજી દેવલમા, સી.પી.દેવલના હસ્તે સમાજના મોવડીઓની તથા પૂ.માતાજીઓની ઉપસ્થિતિમાં રીબીન કાપી કરાયું હતું. સ્વાગત પ્રવચન બાદ પ્રમુખ સ્થાનેથી સંબોધતા અધ્યક્ષ વિજયભાઈ ગઢવીએ પૂ.સોનલમાએ સમાજને આપેલ વિચારો મૂર્તિમંત થઈ રહ્યા હોવા બદલ આનંદની લાગણી વ્યકત કરતા ઉમેર્યું હતું કે સમાજમાં રહેલી એકતા અને શકિત સદ્‌માર્ગે ગતિ કરી રહી છે ત્યારે ચારણ સમાજના છાત્રો (ભાઈઓ, બહેનો) સંસ્કારયુકત કેળવણી પામે અને ચારણપણાની હિમાયત કરે તે માટે અનુરોધ કર્યો હતો.

પદ્મશ્રી સી.પી.દેવલએ કચ્છના ચારણ સમાજે શિક્ષણ અને એકતા ક્ષેત્રે સાધેલી પ્રગતિ બેનમૂન હોવા સાથે સમગ્ર ભારતના ચારણો માટે પ્રેરણા પુરનારી બની રહેશે. આ દેવીપુત્રોના સમાજે જગતને 'ચારણ' નામની વિચારધારા આપી છે. ચારણ કોઈ વર્ણ નથી પણ વિચારધારા છે. કચ્છ ચારણ સમાજની પ્રગતિથી પ્રભાવિત થયેલા અખિલ ભારત ચારણ મહાસભાના આ અગ્રણી સમાજસેવકે આનંદ અને ધન્યતાની લાગણી વ્યકત કરી હતી.

ગઢવી સમાજના પ્રથમ આઈ.એ.એસ.નું બહુમાન મેળવનાર જિલ્લાના માજી જિલ્લા વિકાસ અધિકારી વસંતભાઈ ગઢવીએ પૂ.સોનલમાએ કચ્છ ચારણ સમાજ પર કરેલી વિશેષ મહેરનું આજના આ પ્રસંગે સાક્ષી બન્યો છે ત્યારેવધતા જતા શૈક્ષણિક સ્તર સાથે સામાજિક મર્યાદાઓના બંધનને ધ્યાને રાખી સમાજ વિશેષ પ્રગતિ કરે તો જ આપણી ઉન્નતિ ટકી રહેશે.ચારણોના મહાઋષિ પૂ.કાગબાપુ, પૂ.પીંગળ શીભાઈ પાયક, પૂ.પચાણ સાહેબ જેવા સમર્થશીલ વ્યકિતઓના સહારે અને પૂ.માતાજીની દયાથી દેખાતી લીલી મોલાતને ચારણપણાના પાણી પીવડાવવા-જતન કરવા અપીલ કરી હતી. નિર્માણ કાર્યના મુખ્ય દાતા શામરાભાઈ જખુભાઈ ભુવા (પાંચોટીયા) તેમજ રૂા.પાંચ લાખથી વધારેનું યોગદાન આપનાર દાતાશ્રીઓ અરજણભાઈ વિરાભાઈ ગઢવી(બુડધ્રો), ખેતશીભાઈ દેવરાજભાઈ મુંધુડા(મોટી લાયજા), ડોસાભાઈ સવાભાઈ બાતિયા (ઝરપરા),પ્રભુભાઈ રામભાઈ

ગઢવી(મોટી ખાખર), મોમાયાભાઈ પરબતભાઈ ગઢવી(આદિપુર), વિનોદભાઈ વાઘજીભાઈ ગઢવી (મોરઝર), વિરેન્દ્રભાઈ લાખુભાઈ કાનાણી(કાઠડા)સહિતના અગ્રણી દાતાઓને સમાજના મોભીઓ પુષ્પદાનભાઈ, વિજયભાઈ ગઢવી, સમાજના માજી અધ્યક્ષ વાલજીભાઈ ગઢવી સહિતનાઓના હસ્તે સન્માનિત કરાયા હતા. સન્માનનો પ્રત્યુત્તર આપતા સમાજના પૂર્વ અધ્યક્ષ શામરાભાઈ ગઢવીએ પૂ.સોનલમાની પ્રેરણાથી મારાથી આ કાર્ય(આપેલ દાન)સાકાર થયું હોવા બદલ આત્મસંતોષનો ભાવ પ્રદર્શિત કર્યો હતો. નિર્માણ કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવનાર ભુજના વરિષ્ઠ ધારાશાસ્ત્રી દેવરાજભાઈ ગઢવીને સમાજે વિશેષ રીતે સન્માનિત કર્યા હતા. પ્રત્યુત્તરમાં તેમણે સમાજના પ્રમુખશ્રી વિજયભાઈ અને સમાજના પ્રત્યેક કાર્યકરની મળેલી લાગણી અને હૂંફને કારણે આ કાર્ય સમાજને ચરણે સમર્પિત થઈ શકયું છે. તેમણે સમાજની દિલેરી, દાતારી અને મહાનતાની ત્રિગુણાત્મક શકિતને વંદન કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી. પૂ.માતાજી દેવલમા, પૂ.લાછબાઈમા, પૂ. પાલુ ભગત, ઈશ્વરભાઈ ગઢવી, નારણભાઈ ગઢવી, વિરમભાઈ ગઢવી (મંગરા), વિપુલભાઈ, સામતભાઈ ગઢવી (એન્જલ એકેડેમી), શિવરાજભાઈ ગઢવી (ભુણી), મુંબઈ ચારણ સમાજના અધ્યક્ષ વાલજીભાઈ ગઢવી સહિતના દાતાઓ તેમજ અન્ય લાખેણા દાનવીર રત્નો અને આગેવાનોને સમાજે શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. અર્વાચિન અને સામાજિક વિકાસ પથનું પ્રતિબિંબ ઝીલતું અને વિશ્રામભાઈ ગઢવી(લાયજા) સંપાદિત ઉત્થાન નામની પુસ્તિકા ઉપરાંત શંભુદાનભાઈ ગઢવી લિખિત કચ્છ દર્શનની ત્રીજી આવૃત્તિ તેમજ વી. આર. ટી.આઈ. માંડવી પ્રકાશિત હરિરસ, દેવીયાણ, ગુણનિંદા સ્તુતિ, હાલા ઝાલારા કુંડલિયા સહિતના ઉપદેશાત્મક અને ભકિતરસ પુરો પાડતા પુસ્તકોનું સમાજના વિવિધ આગેવાનોના હસ્તે વિમોચન કરાયું હતું. નિર્માણકર્મના શ્રેયસભાઈ આર પટવા, રજનીકાંતભાઈ જે. પટવા, અરવિંદ રામજી શિયાણી, રામજી કાનજી શિયાણી, વિશ્રામભાઈ કરશનભાઈ હાલાઈ સહિતના સહભાગીઓનું સમાજના મોભી વડીલ અને મંત્રી ભીમશીભાઈ બારોટના હસ્તે સન્માનિત કરાયા હતા. આજે આવેલા દાનમાં રૂા.આઠ લાખ શામળાભાઈ જખુભાઈ ભુવા (પાંચોટીયા) રૂા.પાંચ લાખ એકાવન હજાર દાન આપનાર અરજણભાઈ વિરાભાઈ(બુડધ્રો), રૂા.પાંચ લાખ ખેતશીભાઈ દેવરાજભાઈ ગઢવી(લાયજા, મુંબઈ) તેમજ અન્ય સહયોગી દાતાઓએ પોતાનું નામાંકન કરાવતાં દાનની સરવાણી રૂા.ત્રેવીસ લાખને પાર કરી ગઈ હતી.

સમાજની કન્યાઓ પણ પોતાના ઉજજવળ ભવિષ્યની કારકિર્દીનું નિર્માણ કરી શકે તે હેતુસર ભુજમાં ચારણ કન્યા છાત્રાલયનું નિર્માણ કરવા માટે ભુજમાં કચ્છ યુનિવર્સિટીની બાજુમાં જ આઠસો પચાસ ચોરસવાર જમીન દાતા શ્રીમતી સાવિત્રીબેન પુષ્પદાનભાઈ ગઢવી પરિવાર (હ.અજયભાઈ) દ્વારા સમાજને આ જમીન દાનમાં અર્પિત કરી સમાજના પ્રમુખ વિજયભાઈને આજે દસ્તાવેજની સોંપણી પણ જ્ઞાતિગંગાની વચ્ચે કરી હતી.કચ્છના વિવિધ ચારણી ગામો, શહેરો ઉપરાંત અંબાદાનભાઈ રોહડિયા (રાજકોટ), નીતાબેન ગઢવી (જિ.પ્રા.શિ.અ., પાટણ) સહિત મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર ગુજરાત સહિતના સ્થળોએથી હજારોની સંખ્યામાં ચારણ ભાઈ–બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા. સમાજના વિવિધ આગેવાનો, દાતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ પાયા પર યોજાયેલા આયોજનને સફળતા બક્ષવા

દેવરાજભાઈ ગઢવી(ચેરમેન કે.ડી.સી.સી.),આનંદ હરીદાન ગઢવી, ખીમકરણભાઈ ગઢવી, નારણ કનૈયા, ધારાશાસ્ત્રીઓ પ્રભુદાન ગઢવી,દેવાયતભાઈ બારોટ, પી.સી.ગઢવી, દેવદત્તભાઈ ગઢવી, સી.એ.આશિષભાઈ ગઢવી, મીડિયાક્ષેત્રના અગ્રણી સાત્વિકભાઈ ગઢવી, કમલ પબુભાઈ ગઢવી, મહેશ ગઢવી, જીતુભાઈ ગઢવી, ઘનશ્યામભાઈ ગઢવી, હરીભાઈ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભાર દર્શન વિશ્રામભાઈ ગઢવી(લાયજા), મોમાયાભાઈ ગઢવી (આદિપુર)એ સંયુકતપણે કર્યું હતું.

**–કરસન ગઢવી(મોટા ભાડિયા)**

ooo

### લોક સંસ્કૃતિનાં જયોતિર્ધર શ્રી મેરૂભાભાઈ ગઢવીની ૪૨મી પૂણ્યતિથિ ભવ્યતાથી ઉજવાઈ

લોક સંસ્કૃતિના જયોતિર્ધર, સંતવાણીના ભવ્ય બુલંદી અને અદ્વિતીય કંઠના ઉદ્‌ગાતા, સમાજ સેવાના ભેખધારી શ્રી મેરૂભાભાઈ ગઢવીની ૪૨મી પૂણ્યતિથિ શ્રી ચારણ સાંસ્કૃતિક મંડળના ઉપક્રમે ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. ચારણ કન્યા છાત્રાલયના નવનિર્મિત બાંધકામના એક ભાગમાં જયુબેલી પોરબંદર ખાતે ૧લી એપ્રિલના રોજ ચારણ જ્ઞાતિના બહોળા સમૂહની ઉપસ્થિતિમાં શ્રી મેરૂભાભાઈના જીવન-કવનની વંદના કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત પોરબંદરના પૂર્વ પ્રમુખ અને મહેર અગ્રણી શ્રી રમેશ પટેલ, અજય બાપોદરા, ડો.સુરેશ ગાંધી, ડો.ભરત ગઢવી, શ્રી ગિરીશ મોડ, શ્રી પ્રવિણ બારોટ, શ્રી હિતેષ બારોટ, શ્રી રણજીત આતા, શ્રીમતી મનુબહેન ગઢવીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

શ્રી મેરૂભાભાઈ ગઢવીના પરિવારના શ્રી લક્ષ્મણભાઈ ગઢવી એડવોકેટ, શ્રી નાનુભાઈ ગઢવી, શ્રી રાજુભાઈ ગઢવી, શ્રી અજીતભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. પોરબંદરના ચારણ અગ્રણી શ્રી વજુભાઈ ઠાકરિયા, શ્રી નાથુભાઈ ભુવા, જયુભાઈ દાંતી, સતીષભાઈ ગઢવી, અરજણ મોવર ને જામજોધપુરથી શ્રી મામૈયાભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી જીતેન્દ્રભાઈ આસણીયા, શ્રી પ્રભુદાનભાઈ આસણીયા, ભાવેશ ભુવા, શ્રી ભરતભાઈ દાંતી વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કવિશ્રી નરહરિભાઈ નરેલાએ કર્યું હતું. ચારણ જ્ઞાતિના ભાઈ-બહેનો નવનિર્મિત વાડીથી ભારે આનંદ વ્યકત કર્યો હતો.

**– જીતેન્દ્રભાઈ પી.ગઢવી(પોરબંદર)**

ooo

### ભગુડામાં વિદ્વાનોને અપાયો મા મોગલ એવોર્ડ, મોગલધામમાં ૨૩મો પાટોત્સવ સંપન્ન... વિદ્વાનોને અપાતો આ એવોર્ડ મોગલમાનું વરદાન છે : મોરારિબાપુ

ભગુડા ગામે આવેલ આસ્થાના પ્રતીક સમા મોગલધામ ખાતે તાજેતરમાં ૨૩મો પાટોત્સવ યોજાયો હતો. આ તકે પ્રતિવર્ષ અપાતા 'મા મોગલ એવોર્ડ'ની પરંપરા અનુસાર દિવંગત મહાનુભાવો ચારણ વિદ્વાન મહાનુભાવ પિંગળશીભાઈ પાયક, વિદ્વાન સાહિત્યકાર ચારણ કવિ નારણદાસ સુરૂ, કથાકાર અને કલાકાર શ્રી અમરદાસ ખારાવાળા અને સમર્થ વાર્તાકાર કાનજી ભુટા બારોટના પરિવારજનો તથા વિદ્વાન ચારણ વાર્તાકાર લાભુદાદા ભાંચળિયાને 'મા મોગલ એવોર્ડ' પૂજય મોરારિબાપુના વરદ હસ્તે અર્પણ કરાયો હતો.

મોરારિબાપુએ આ તકે કહ્યું કે, વિદ્વાનોને અપાતો આ એવોર્ડ મોગલમાનું વરદાન છે. માતાજીના વરદાન દ્વારા આપણે મહાનુભાવોની વંદના કરીએ. અહીં મોગલમાં પાસેથી ત્રણ વસ્તુ શીખવા મળે છે. અહીં જે આરતી ઉતરે છે એ જોઈને લાગે છે કે આખા આભલામાંથી તારામંડળ ઉતર્યું

છે. તેમાંથી પ્રેરણા લઈ બાપુ પણ પોતાની કથામાં કયારેક મોબાઈલ આરતી કરાવે છે. તે દૃશ્ય અલૌકિક છે તેમ જણાવ્યું હતું. માના હાથની તલવાર એ શકિતનું પ્રતીક છે. હિંસાનું પ્રતીક નથી. માની વિશુદ્ધ પ્રચંડ બુદ્ધિ એ જ એમની સમશેર છે. મા મોગલનો પરચો એટલે એમનો પરિચય જેને જેને પરચા મળ્યા છે એનો અર્થ એ કે એમને માનો વિશેષ પરિચય મળ્યો છે. આપણી પાસેથી જે જતું રહ્યું હોય એ આપણને પાછું આપે એ પરમતત્વ છે.

બાપુએ કહ્યું કે, હું એકવાર તલગાજરડાની કુટિયામાં હીંચકા પર બેઠો હતો ત્યારે સવારમાં એક સાપ બાપુના હીંચકા સામે આવ્યો અને દર્શન આપીને નીકળી ગયો ત્યારે બાપુને મા મોગલના હાથમાં રહેલ સર્પનું સ્મરણ થયું. સાપ એ કાળનું પ્રતીક છે. મા અભય શિખવે છે. મા જગદંબાએ પોતાના હાથમાં કાળને રાખ્યો છે જેના હાથમાં કાળ હોય તેના હાથમાં જ શકિત શોભે છે.

બાપુએ કહ્યું કે, અહીં સામાજિક પ્રવૃત્તિઓ થાય છે કે એ સારી વાત છે. પરંતુ આવી પ્રવૃત્તિ ન થાય તો કાંઈ નહીં, આ આધ્યાત્મિક સ્થાન છે. પર્વત, નદી વૃક્ષો જયાં જોગી રહેતો હોય તે સ્થાને કોઈ પરમ તત્વ બિરાજમાન હોય એવા સ્થાનને તીર્થ કહેવાય. ઉદ્‌ઘોષક મહેશદાન ગઢવીએ શાબ્દિક આવકાર આપ્યો હતો.

ooo

**ચારણોના કુળદેવી ચાળકનેચી માતાજીનો પ્રાણતિષ્ઠા મહોત્સવ**

મિસણ શાખાના ચારણોના કુળવેદી ચાળકનેચી ચામુંડા માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૮ના મીઠાવેઢા બજરંગપુર (વેરતીયા) તા.જિ.જામનગર ખાતે યોજાઈ ગયો. જેમાં બજરંગપુરા, ધુતારપરના ગ્રામજનો પણ જોડાયા.

આ પૂર્વે તા.૧૭ના મોજીલા હનુમાનજી મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. તા.૧૮ના સવારે ૭.૩૦ કલાકે ગણપતિ પૂજન, ૧૨.૩૦ કલાકે શ્રી દેવી યાગ મહોત્સવ(પાંચકુંડ) હવનનું બીડું હોમાયુ. સાંજે પાંચ વાગ્યે મહાપ્રસાદ, રાત્રે ૯ કલાકે ડાયરો યોજાયો. સમસ્ત મિસણ પરિવાર આ માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ooo

**તમામ ૧૦ વિકેટ ઝીરોમાં :**
**અન્ડર–૧૯ ગર્લ્સ ક્રિકેટમાં કેરળમાં રેકોર્ડ...**
**આવું પણ બને છે ?**

અહીં અન્ડર-૧૯ ગર્લ્સ ક્રિકેટમાં એક ટીમનો સ્કોર ઝીરો થયો છે. આઉટ થનાર તમામ બેટસવુમન ઝીરોમાં આઉટ થઈ હતી. આ સ્કોર ઈન્ટર ડિસ્ટ્રીકટના મેચમાં બન્યો હતો. કાસારાગોડની ટીમનો મેચ વાયનાડની અન્ડર-૧૯ની મહિલા ટીમ સામે હતો જેમાં કાસારાગોડની આઉટ થનાર તમામ ૧૦ મહિલા ખેલાડી ઝીરોમાં અને એક જ રીતે કલીન બોલ્ડ થઈને આઉટ થઈ હતી. જે એક રેકોર્ડ છે. જો કે ટીમનો સ્કોર ૪ રન થયો હતો. વાયનાડની બોલરોએ વધારાના ૪ રન આપ્યા હતા. જીત માટેના ૫ રન વાયનાડની યુવા મહિલા ટીમે એક ઓવરમાં જ કરી લીધા હતા.

ooo

**ચારણ(ગઢવી)કાનૂની માર્ગદર્શન વ્યવસ્થા**

(Charan(Gadhvi) Legal Guidance Guild)

ચારણસમાજ માટે મફત કાનૂની માર્ગદર્શન માટે શરૂ કરેલ આ અભિયાન સમાજને સાચી દિશામાં ન્યાય મેળવવા માટેનો એક પાયાનો પ્રયાસ છે. ઘણીવાર ન્યાય મેળવવા માટે લોકોને સાચું માર્ગદર્શન ના મળવાને કારણે પૈસા અને સમયનો વ્યય થતો હોય છે અને અંતે ન્યાય મળવાની બધી તક ગુમાવવી પડે છે.

ચારણ ગઢવી સમાજના રિવાજો મુજબના લગ્નો કર્યા બાદ કાયદાઓનો સરેઆમ ભંગ કરીને અનેક બહેન દીકરીઓ તથા માતાઓને પ્રતાડિત

કરીને કાઢી મુકવામાં આવે છે અને ઘેર બેસાડવામાં આવે છે. આવી લાચાર, મજબૂર અને વિવશ બહેનો, મહિલાઓ અને સ્ત્રીઓના પિયરમાં પણ ખોટી મોટાઈ, દંભ, આડંબર, અજ્ઞાનતા તથા વર્તમાન મહિલાઓ તરફી કાયદાઓની ગેરસમજણ તથા અજ્ઞાનતા અને મનઘડંત ખોટા અર્થઘટનોને કારણે પોતાનાં જ મા-બાપ કે ભાઈ-બહેનો અને પરિવાર તરફથી જોઈએ એવો સહકાર કે માર્ગદર્શન મળતા નથી. પરિણામે આજની એકવીસમી સદીના યુગમાં પણ અનેક ચારણ ગઢવી સમાજની બહેનો, દીકરીઓ, માતાઓ, મહિલાઓ દોઝખ જેવી અસહ્ય અને લાચાર જિંદગી ગુજારી રહી છે. જે આખા સમાજની કરુણ, કડવી અને વરવી વાસ્તવિકતા છે. આમાંથી લગભગ કોઈ પરિવારો, કુટુંબો કે ગામો બાકાત નથી. આવી પરિસ્થિતિઓ નિવારવા તથા તેમાંથી માનસન્માન અને સ્વમાનભેર બહાર નીકળવા માટે દેશના કાયદાઓની મર્યાદાઓમાં રહીને, પુરતુ, જરુરી અને સાવસાચુ, નિષ્પક્ષ તથા પૂર્વગ્રહ વગરનું માર્ગદર્શન આપવામાં આવશે જેથી ભવિષ્યમાં આપણી બહેનો, દીકરીઓ, માતાઓ તથા મહિલાઓ સ્વમાનભેર બાકીનું શેષ જીવન પસાર કરી શકે. ગવર્મેન્ટના ફ્રી લીગલ એઈડ સેન્ટર હોવાનો નહીંવત ફાયદો હોવાના લીધે તકલીફોને ધ્યાનમાં રાખી શરૂઆતમાં કેન્દ્રીય સ્થાને અમદાવાદ રાખીને ધીરે ધીરે બીજા જિલ્લાઓમાં શરૂ કરવાની ભાવનાથી આ અભિયાન શરૂ કરીએ છીએ.

**--કેસના પ્રકાર--**

o પેન્શન કેસ(ગવર્મેન્ટ નોકરી કે કોર્પોરેશન)
o લોન કેસ (બેંક અથવા કંપની)
o ટેકસને લગતા (ઈન્કમ કે જીએસટી)
o પ્રોપર્ટીને લગતા (ગવર્મેન્ટ રેકોર્ડ અથવા વારસાને લગતી બાબતો)
o મહિલાઓને લગતા પ્રશ્નો (દહેજ, ઘરેલુ પીડા પહોંચાડવાના કેસ(Domestic Violence)
o બીજા જનરલ કેસીસમાં જરૂરિયાત મુજબ સૂચન કરવામાં મદદ કરવામાં આવશે.

આ ગ્રુપ ફકત માર્ગદર્શન અને નિર્દેશન માટે છે અને આગળ કોઈ કાનૂની નિષ્ણાતને પોતાનો કેસ આપવો એ બાબતે જે વ્યકિતએ પોતે નિર્ણય લેવો જરૂરી છે. ગ્રુપ ફકત દિશાસૂચન કરશે અને શરૂઆત ફકત ફોન પર વિગત આપીને થશે.

ગ્રુપના માનનીય મેમ્બરમાં થોડા કાનૂની નિષ્ણાત અને બાકી કાનૂની વ્યવસ્થાના જાણકારો છે જે નીચે પ્રમાણે છે :

૧) શ્રી મહેરબાનભાઈ અમીરદાન વરસડા (ગઢવી) અમદાવાદ(૦૯૪૨૯૦ ૦૩૩૫૯)
૨) શ્રી રતનદાન ગુલાબદાન બારહઠ(ગઢવી) મોરબી(૦૯૮૨૫૧ ૯૬૧૩૬)
૩) શ્રી મહિપતદાન ગઢવી (ટાપરિયા)અમદાવાદ (૦૯૮૨૫૧ ૦૬૧૭૬)
૪) શ્રી દિનેશસિંહ સુરજસિંહ ગઢવી(શામળ) અમદાવાદ(૦૯૩૭૬૧ ૫૦૦૭૬)
૫) શ્રીમતિ નેહલબેન ભૈરવદાન ખડિયા(ગઢવી) ભાવનગર(૦૮૨૦૦૩ ૯૭૧૨૯)
૬) શ્રીમતિ સુમિત્રાબેન સુરેશ ગેલવા(ગઢવી) મુંબઈ(૦૯૮૧૯૧ ૦૮૦૯૭/૦૮૧૦૮૫ ૨૫૦૨૬)

ફોન કૃપા કરીને સમય મર્યાદામાં કરવો (સવારે ૯ થી સાંજે ૬ દરમિયાન)

**– મહેરબાનભાઈ ગઢવી(અમદાવાદ) કમિટી વતી**
૯૪૨૯૦ ૦૩૩૫૯

ooo

## ખોડિયાર ધામ વરાણા ખાતે ચારણ સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

વઢિયારી ધીંગી ધરા પર ચારણ જગદંબા આઈશ્રી ખોડિયાર માતાજીના પાવન સાંનિધ્યમાં શ્રી ખોડિયાર ચારણ મંડળ વરાણા આયોજિત બારમો સમૂહલગ્નોત્સવ યોજાયો જેમાં ૨૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડયા. ચારણ આઈ પરંપરાના પૂ.જાલુઆઈમાએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલ સમાજના અગ્રણી દિનેશભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, સમૂહલગ્ન એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત

છે. આવા ભવ્ય અને ભગીરથ કાર્યનું સુંદર આયોજન કરવા બદલ સમિતિને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ખોડીયાર ચારણ મંડળ અને સમૂહલગ્ન સમિતિ વરાણાના પ્રમુખ ભગવતદાન ગઢવી અને મંત્રી સમરતદાન ગઢવીએ સમૂહલગ્નમાં ઉપયોગી થનાર તમામ દાતાઓ, સહયોગીઓ, સમાજના અગ્રણીઓ, વાલીઓ અને યુવાનોનો મંડળ વતી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ચારણ(ગઢવી) સમાજ ઉપસ્થિત રહી પ્રસંગ માણ્યો હતો.

ooo

## મોટા ભાડિયા ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

કચ્છ ચારણ-ગઢવી સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આઈશ્રી દેવલમૉ(સવની-વેરાવળ)ના સાંનિધ્યમાં તા.૧૧/૫/૧૯ના રોજ શ્રી ચારણ સમાજ વાડી, મોટા ભાડિયા, તા.માંડવી,જિ.કચ્છ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન સવારે ૯.૩૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી કરવામાં આવેલ જેમાં શ્રી શ્યામભાઈ ગઢવી (નાયબ સેકશન અધિકારી,ગાંધીનગર) તથા ગાંધીનગરની પ્રખ્યાત એકેડમી(Angel Academy ના સ્થાપક અને સંચાલક શ્રી સામતભાઈ ગઢવી (૧૬ જેટલી ગુજરાત સરકારની પરીક્ષાઓ પાસ કરનાર) તેમજ પૂજાબેન એન. ગઢવી(માંડવી) દ્વારા અમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવેલ.

આ સેમિનારમાં કચ્છ જિલ્લાના ચારણ ગામોમાંથી ૩૫૦થી વધારે વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહેલા.

આ સેમિનાર આઈશ્રી દેવલમાઁની પ્રેરણાથી વાલજીભાઈ કરશનભાઈ બાંઢાના નૂતન ગ્રહ પ્રવેશ એવમ બાંઢા પરિવાર કુળકથા(પરિયો) તા.૧૦/૫/૧૯ નિમિતે બાંઢા પરિવાર તેમજ આઈશ્રી સાચાય માતાજી નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૩ થી ૧૫/૫/૧૯ નિમિત્તે મુંધુડા પરિવાર દ્વારા સંયુકતપણે સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

આ સેમિનારને સફળ બનાવવા માટે કાનજીભાઈ ધનરાજભાઈ મુંધડા, રાણશીભાઈ રમાભાઈ મૌવર, માણેકભાઈ થરીયા, માણેકભાઈ વિધાણી, કરમણભાઈ થરીયા સહિત મોટા ભાડિયાની યુવા ટીમ અને વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવેલ.

સંચાલન અને આભારદર્શન કરશનભાઈ ગઢવી(પત્રકાર), નારણભાઈ ગઢવી(એડવોકેટ એન્ડ નોટરી)દ્વારા કરવામાં આવેલ.

ooo

## આઈશ્રી સાચાય માતાજી નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

મોટા ભાડિયા ખાતે મુંધુડા પરિવાર દ્વારા નિર્માણ કરવામાં આવેલ આઈશ્રી સાચાય માતાજીના નૂતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. તા.૧૩/૫/૧૯ના રોજ વેદાચાર્ય શાસ્ત્રીશ્રી કશ્યપભાઈ જોષીના આચાર્યપદે ચતુર્વેદ, શાંતિ પાઠ, હેમાદ્રી, પ્રધાન સંકલ્પ, ગણપતિ પૂજન જેવી વગેરે ધાર્મિક વિધિઓ કરવામાં આવેલ. સાંજે ૫.૦૦ કલાકે ઘનશ્યામભાઈ ઝુલા અને વાલજીભાઈ ગઢવી દ્વારા રાસોત્સવ યોજાયેલ.

તા.૧૫/૫/૨૦૧૯ના રોજ વેદઘોષ, દેવ પ્રબોધન, સ્થાપિત દેવતાપૂજન, ધ્વજારોહણ, પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણાહુતિ હોમ સહિત ધાર્મિક વિધિઓ યોજાયેલ તેમજ સત્સંગ ડાયાભાઈ ગઢવી (મોટી ખાખર) દ્વારા ત્યાર બાદ મહાપ્રસાદ રાખવામાં આવેલ. આ અવસરે કલ્યાણદાસ બાપુ (હિંગરીયા), શાંતિદાસ બાપુ, નાગેશ્વરી માતાજી, કમળામૉ, ગંગામૉ, કામઈમૉ, થારઈમૉ,

ધનબાઈમૉ, લાછબાઈ મૉ સહિત માતાજીઓ, સાધુ સંતો ઉપસ્થિત રહી આશીર્વચન આપેલ.

આ અવસરે શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય, માંડવી), પુષ્પદાનભાઈ ગઢવી, દેવરાજભાઈ ગઢવી, દેવીદાનભાઈ ગઢવી (જામનગર) સહિત સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેલા.

ooo

આઈશ્રી દેવલમૉ(સવની-વેરાવળ) દ્વારા બારાડી ચારણ(ગઢવી) સમાજના ગામોમાં શૈક્ષણિક પ્રવાસ બારાડી વિસ્તારમાં ચારણ સમાજમા શિક્ષણના ઉત્થાન માટે તેમજ આઈશ્રી સોનલમૉના સપનાને સાકાર કરવાના વિચાર સાથે આઈશ્રી દેવલમૉ(સવની-વેરાવળ) દ્વારા ચારણ ગામોના પ્રવાસ કરી શિક્ષણનું મહત્વ સમજાવવા તેમજ શિક્ષણની જયોત પ્રજવલિત કરી સમાજને રાહ ચિંધવાના ઉમદા ઉદ્દેશ્યથી પ્રવાસ કરવામાં આવ્યો. આઈમાની શિક્ષણની અપીલને સમાજ દ્વારા જીલી લઈને આગામી સમયમાં પાયાકીય શિક્ષણ માટે ટયૂશન કલાસીસ ચાલુ કરવામાં આવશે.

-- દુહો --

સંપ વધ્યો સંપત્તિ વધી વિસરી ગયા વેર,
શિક્ષણ વધ્યો સમાજમાં મૉ દેવલની મેર

– કવિ આલ

પ્રથમ દિવસે(તા.૧/૬/૧૯)નીચે મુજબના ચારણ ગામોમાં પ્રવાસ કરવામાં આવેલ.

૧) પરોડીયા ગામે વાછરાભાના મંદિર ખાતે
૨) બેહ ગામે જુંગીવારાધામ ખાતે
૩) રાણ ગામે વાછરાભાના મંદિર ખાતે
૪) ભાટીયા ગામે રામભાઈના ઘરે
૫) ભોગાત ગામે આઈશ્રી સોનલમૉના મંદિર ખાતે

બીજા દિવસે(તા.૨/૬/૧૯)

૧) માળી ગામે આશાપુરા મંદિર ખાતે
૨) ભાડથર ગામે સમાજવાડી ખાતે
૩) ભારા બેરાજા ખાતે વાછરાભાના મંદિર ખાતે
૪) માંઝા તથા ભટ્ટ ગામ
૫) ખંભાળીયા શ્રી સોનલમાતાજીના મંદિરે

ઉપરોકત તમામ ગામોમાં સ્થાનિક દાતાશ્રીઓના આર્થિક સહયોગથી શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળાના ટયુશન કલાસ શરુ કરવામાં આવશે. આ પ્રવાસમાં અનુભા જામંગ (સાહિત્યકાર), અશોકભાઈ ગઢવી(તંત્રી, સૌરાષ્ટ્ર ક્રાંતિ-રાજકોટ),કવિશ્રી આલ(શેખડીયા), દેવરાજભાઈ(ઉપલેટા), જીવણભાઈ રૂડાચ (કથાકાર ભોગાત), પી.એમ.ભાઈ(ખંભાળીયા), મોમાયાભા ગઢવી(ડાયરેકટર ખાદી ગ્રામ ઉદ્યોગ ગુ.રા.), જીતુભાઈ ગઢવી(પ્રમુખ, ગીર બરડો, આલેચ ચારણ સમાજ) રાજાભાઈ રૂડાચ(CGIF) દેવીદાનભાઈ ગઢવી(જામનગર),સામતભાઈ ગઢવી (સરપંચ પાંચોટીયા), સામતભાઈ ગઢવી (Angel Academy, Gandhinagar) શ્રી સોનલ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખંભાળીયાના સભ્યો સહિત સ્થાનિક આગેવાનો સાથે રહેલા. પ્રવાસને સફળ બનાવવા માટે શ્રી સોનલ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખંભાળીયાના સભ્યો સહિત યુવા ટીમ તથા ગામના સ્થાનિક આગેવાનો દ્વારા જહેમત ઉઠાવેલ અને આ કાર્યને દિપાવેલ.

ooo

## અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે નિમણુંક

રાજસ્થાનના નાંદીયામાં ચારણ સમાજનું મહાસંમેલન મળ્યું હતું. જેમાં અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે અશોકભાઈ ગઢવી અને ભારતીય ચારણ ગઢવી મહાસભા યુવા સંગઠનના અધ્યક્ષ પદે ખાદી નિગમના ડાયરેકટર મોમાયાભાઈ ગઢવીની વરણી કરાઈ હતી.

ooo

## ગ્રંથાવલોકન / સમીક્ષા

### પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન આપો

(**ઉત્થાન** : શ્રી અખિલ કચ્છ ચારણ સભા, શ્રી લક્ષ્મણ રાગ કેળવણી ફંડ સંચાલિત, શ્રી જખુભાઈ ધાનાભાઈ ભુવા ચારણ બોર્ડિંગના ઉદ્દ્ઘાટનની વેળાએ, કચ્છ ચારણ સમાજના શિક્ષણ વિકાસયાત્રાના સંગીન મુકામે યાદગાર સંભારણું. લેખન-સંપાદન : વિશ્રામ એમ. ગઢવી, મોટા લાયજા, માંડવી-કચ્છ, કચ્છ ચારણ સમાજ સુવેનિયર મૂલ્ય રૂા.૫૦/- પ્રાપ્તિ સ્થાન : શ્રી ચારણ વિશ્રાંતિ ભુવન, ભાનુશાળી નગર, ભુજ-કચ્છ - પ્રકાશન વર્ષ મે-૨૦૧૯)

ઉત્થાન સોવેનિયરમાં કુલ-૫૨ પેઈજમાં અનુક્રમણિકાના પેઈજ-૫૨ છે. તેમાં કચ્છ ચારણ જ્ઞાતિના અગ્રણીઓ, આગેવાનોએ જુદાં-જુદાં લેખોમાં શુભેચ્છા સંદેશ, પાયાની વાત, કન્યા છાત્રાલયની વિકાસગાથા, પૂ.આઈશ્રીમાનો કચ્છ પ્રવાસ, કેળવણી તીર્થ ચારણ બોર્ડીંગ, કચ્છ ચારણ સમાજનું બંધારણ, ભુજ-બોર્ડીંગનું વિશ્રાંતિ ભુવન, ચારણ સભાની પેટા પૂરક સંસ્થાઓ-મંડળો, આઈમા દેવલમા ચારણોના ગાંધી-પંચાણ માસ્તર, પ્રમુખશ્રીઓની યાદી, આમંત્રણ પત્રિકા, ભુજ બોર્ડીંગ ઉદ્દ્ઘાટનનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રમુખશ્રીનું નિવેદન અને સંપાદકીય નિવેદનો પ્રાસંગિક છે. આવરણમાં સોનલમા તેમજ ચારણ બોર્ડીંગના ફોટાઓ સ્મરણિકાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. સ્મરણિકાની અંદર અને છેલ્લા ટાઈટલ પેઈજ ઉપરના ફોટાઓ આકર્ષક છે. જેમના હાથમાં સચ્ચાઈ હોય એવા લોકો પોતાની જાતને જ્ઞાતિને ખાતર સેવામાં જાતને હોમી દેનારા માણસો જયારે જાગે છે ત્યારે જ્ઞાતિમાં સતના તેજની વૃદ્ધિ થાય છે ને કંઈક નવીન રચનાત્મકતા સર્જાય છે એ નવીન રચનાત્મકનું દર્શન ઉત્થાન જેવી સ્મરણિકાઓ કરાવે છે. જગતમાં ત્રણ માતાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. સૌ પ્રથમ માતા છે જન્મદેનારા, બીજા માતા છે પૃથ્વીમાતા અને ત્રીજા માતા છે જ્ઞાતિ માતા, આ ત્રણેય માતાઓના ઋણમાંથી કયારેય પણ કોઈપણ માનવી મુકત થઈ શકતો નથી. આ ત્રણેય માતા માટે કહેવાય છે કે 'માડી ! તારા અનહદ છે ઉપકાર ભવોભવ ગણતા ના'વે પાર'. ચારણ જગદંબાઓ બધા પ્રત્યે સમાનદષ્ટા છે. તેમનો પ્રેમ, લાગણી બધા પ્રત્યે સમાન હોય છે. પરંતુ લાયકાત એ વ્યકિતગત હોય છે. લાયકાત કેળવવી જરૂરી હોય છે. ચારણ જ્ઞાતિના સેવાર્થીઓ જ્ઞાતિ માટે જે કંઈ સેવા આપે છે તે મીણબત્તી સમાન હોય છે. મીણબત્તીનું જીવન પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે. ધૂપસળી પોતે બળીને ચોમેહ સુગંધ આપે છે. ચંદન બળીને સુગંધ આપે છે. જ્ઞાતિજનો બહુમૂલ્ય કામગીરી, સેવા, સમર્પણ ઉત્થાનના જુદાં જુદાં લેખોમાં થયેલ છે. દરેક લેખકોએ પ્રેરણાદાયી સંદેશ આપેલ છે. આજના યુગની જરૂરિયાત વિશે અંગૂલીનિર્દેશ પણ કરેલ છે. આવા સોવેનિયરની જરૂરત હોય છે. જે આપણા આત્મવિશ્વાસને પ્રબળ બનાવે છે. આજના યુગમાં તો નિરર્થક આપણું ભલું ઈચ્છતા ઘણાં માણસો જોવા મળે છે, જરૂર ન હોય તો તોય આપણી કાળજી લેનારા માણસોનો તોટો નથી. આ બધા આભના થાંભલા હોય છે. પોંડેચરીવાળા માતાજી કહેતા 'શબ્દો નહી કાર્યો'. કાર્યોને મહત્વ આપનારા જાગૃત ચારણોએ જે કાર્યો કર્યા છે તે ઉત્થાનમાં ચરિતાર્થ કરેલ છે એટલે ઉત્થાનને આવકારતા, શુભેચ્છા અભિનંદન પાઠવતા ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

---

### કચ્છના ઈતિહાસની વાતો : ચારણની રીતે

(**કચ્છ દર્શન** : શ્રી શંભુદાનજી ગઢવી, પ્રવીણ પ્રકાશન પ્રા.લી. લાભ ચેમ્બર્સ, મ્યુ.કોર્પો.સામે, ઢેબર રોડ, રાજકોટ, ત્રીજી આવૃત્તિ કુલ પેઈઝ-૫૧૬, કિંમત રૂા.૮૦૦/- )

સાક્ષરવર્ય દર્શકશ્રીનું વિધાન છે કે 'કોઈપણ રાષ્ટ્રના ઈતિહાસો લખાવા જોઈએ અને પ્રદેશોમાં પણ જે મહત્ત્વનાં હોય તે નગરોનો ઈતિહાસ શોધવો જોઈએ. આમ ઈંટની ઉપર ઈંટ મુકતા મુકતા સાચા ઈતિહાસની ઈમારત તૈયાર થાય છે.' આ વિધાન અનુસાર કચ્છના ઈતિહાસ માટે કચ્છદર્શન નામે એક ઈંટ મૂકવાનો રાજકવિ શ્રી શંભુદાનજી ગઢવીનો પ્રયાસ પ્રશંસનીય ને અભિનંદનીય છે. અગ્રણી પત્રકાર શ્રી કાન્તિ ભટ્ટ નોંધે છે કે 'સૌરાષ્ટ્રના બોરોટો-ચારણો વગેરે સૌરાષ્ટ્રની સંસ્કૃતિના મેરુદંડ જેવા છે તે નામશેષ થવાથી નુકસાન છે.' આ સનાતન સત્ય વિધાન છે. શ્રી શંભુદાનજી ગઢવીએ 'કચ્છ દર્શન' ગ્રંથ આપી ગાગરમાં સાગર ભરીને કચ્છ રાજયના ઈતિહાસની અપ્રગટ અને મારા જીવન-કવન વિશેની થોડી વાતો ઘણી જ કાળજીથી બધું ફંફોળી, આયોજિત કરી શોધકવૃત્તિથી ને ઈતિહાસદષ્ટિથી સંપાદિત કરી આત્મલક્ષી કોટીનો મૂલ્યવાન ગ્રંથ તૈયાર કર્યો છે. ભવિષ્યના કચ્છના ઈતિહાસ માટે સંદર્ભ ગ્રંથ બની રહેશે એ નિઃશંક છે. આ ગ્રંથને શ્રી શંભુદાનજીના વિશાળ અનુભવથી નીતરતો, આગવું ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો, જીવંત વર્ણનોના ઉદાહરણ આપતો ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનો પ્રથમ ગ્રંથ જણાય છે. શ્રી શંભુદાનજીની અભિવ્યકિત પણ સરસ, સ્પષ્ટ, વાત કરવાની શૈલી, જ્ઞાનમૂલક મનોવૃત્તિ વાંચકને સ્પર્શી જાય છે. બાલ્યાવસ્થાથી જ લેખકને કાવ્યો સાથે નાતો બંધાઈ ગયેલો એટલે પ્રસંગને અનુરૂપ કાવ્યો ઘરેણાં જેવા લાગે છે. લેખકને ઈતિહાસ વિશેનું જ્ઞાન જાણકારી અઢળક અને બેમિસાલ હોવાથી રાજ વહીવટ, રિત રિવાજો, પ્રોટોકોલ, શિસ્ત, ફરજ, શિષ્ટાચાર વગેરે જાણકાર ને માણનાર તરીકે તેઓ વિલસે છે. અતીતની સ્મૃતિઓ કયારેય સંજીવની જેવી હોય છે. ગ્રંથમાં પોતાના કેટલાંક રસપ્રદ સંભારણા વાંચકોને ભાવતરબોળ કરે એવા મૂકયાં છે તેને કારણે ગ્રંથ મૂકવાનું મન થતું નથી. કયારે વાંચન પુરું થાય તેવી તાલાવેલી વાંચકના મનમાં અખંડિત રહે છે.

આ ગ્રંથ ત્રણ ખંડોમાં વિભકત છે. આરંભથી લઈ મહારાવ શ્રી પ્રાગમલજી બીજા સુધીનો ભાગ પહેલા ખંડમાં અને મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાથી લઈ આજ દિવસ સુધીના બીજા ભાગ ખંડમાં ફાળવી દીધા છે તો ત્રીજા ખંડમાં કેટલીક પૂરક સામગ્રી ઉપરાંત જાડેજાઓની વંશાવલીનું મહત્ત્વનું પ્રકરણ આલેખ્યું છે. આ ઉપરાંત તેમના પરિવારની જીવન-કવન વિષયક માહિતી આપવામાં આવી છે. ગ્રંથનું આવરણ ચિત્ર રંગબેરંગી ચિત્રો, બાઈન્ડીંગ, સુઘડ ટાઈપ, અંદરના ચિત્રો વગેરે ગ્રંથનું ઘડતર સર્વાંગ સુંદર બન્યું છે. પહેલી નજરે જ ગ્રંથ આકર્ષક, કલાત્મક ને દળદાર જણાય છે. કવિરાજનો ભારે પરિશ્રમ અને ભરપૂર ખંતપૂર્વકનો ગ્રંથ આત્મલક્ષી બન્યો છે. સર્જકશ્રીની નરી સહજતા, સરળતા, નિખાલસતા, ભાર વગરની વિદ્વતા ગ્રંથમાં ડગલે ને પગલે વાંચકો અનુભવાય છે. તેમને યોગ્ય લાગે છે તે બીજાને કેવું લાગશે તેની પરવા કર્યા વગર લખેલ વાકય રચના તેઓ યથેચ્છ રચવા દે છે. યાદગાર એવી વ્યકિતઓની શબ્દ છબિઓમાં પોતાની ભાવાદરભરી અંજલિમાં તેઓશ્રીની ઊંડી આરત પમાય છે. દરેક રાજવીઓ પોતાની સાથે કઈ રીતે સંકળાયેલા હતા તે હકીકત ટૂંકા વાકયો સાથે લાંબી વાતે સમજાવે છે. સર્જક અતીતને ખૂબ પ્રેમ કરતાં હોય તો જ આવું જીવંત ચિત્રણ કરી શકે છે. આત્મકથા સ્વરૂપની આ સ્મૃતિકથા છે. શ્રી શંભુદાનજી મારા પિતાશ્રી સાથે ખૂબજ આત્મીયતા રાખતા, તેમનો નિર્દોષ પ્રેમ આજે પણ મારી સમક્ષ ખડો થાય છે. તેઓ એક પ્રેમની અખંડ મૂર્તિ હતા. સર્વને પ્રેમથી ભરી દેતાં, સૌ કોઈને આદર થાય તેવું તેમનું વ્યકિતત્ત્વ હતું. તમામ ઈતિહાસ પ્રેમીઓએ વસાવવા જેવો આ ગ્રંથ છે. અનેક બાબતોનું માર્ગદર્શન આ ગ્રંથમાં છે એટલે સંદર્ભ ગ્રંથ તરીકે આવકારતા અનેરા આનંદની લાગણી અનુભવું છું ને ખમ્મા ઘણી કહું છું.

– **લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી** (૯૪૨૭૪ ૧૧૦૧૯)

## પાંગરતી પ્રતિભા

### ડો.મનોજ ફત્તેહસિંહ ગઢવીને યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ અભિનંદન

મુળગામ વિરવદરકાના ઇશરાણી બારહટ્ટ એવા ડો.મનોજ ફત્તેહસિંહ ગઢવીને યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ હૃદયપૂર્વક અભિનંદન. ધીરજ ગુમાવ્યા વગર અને પરિણામની ચિંતા કર્યા વગર, એકધારી, લક્ષ્યવેધી મહેનત કરી એનુ ફળ આજે બારહટ્ટ પરિવારને મળ્યુ છે. કઠોર મહેનત કરો એટલે પરિણામ તો મળે જ. એ સર્વવિદિત બાબત છે. પણ આ ઘટનામાં વિશેષ મજાની તલસ્પર્શી બાબત એ છે કે ભાઈ ડો.મનોજ તમામ કુટુંબ, પરિવાર તથા તળ ઝાલાવાડની અસલી ભૂમિ અને પોતાના વતનનો અસલી ટેસ્ટ જાળવી રાખ્યો છે. એણે મુળિયા ઊંડા નાખીને મૂળ ચારણીત્વ તથા અસલ ચારણી પરંપરા જાળવી રાખ્યા છે.

આજકાલ ગઢવી ચારણ સમાજમાં શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. આપણા સમાજના અનેક નવયુવાનો અન યુવતીઓ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., ઈજનેરી, ડોકટરી પરીક્ષાઓમાં ભવ્ય સફળતા સાથે વિદેશોમા પણ અતિભવ્ય સફળતાઓ મેળવીને અગ્રેસર રહ્યા છે. એ ખરેખર પ્રશંસનીય તો છે જ. પણ સાથે સાથે એમનો આપણા સમાજ સાથેનો સામાજિક અને સાંસ્કૃતિક તાલમેલ તૂટતો જાય છે અને 'જે સારું એટલું જ મારું' એવી ભાવનાઓ અને પરિસ્થિતિઓ જાણ્યે અજાણ્યે ઘર કરતી જાય છે

જે સગાવહાલા અને પરિવારોની મદદ, લાગણી તથા શુભેચ્છાઓએ તેમને આ સફળતા સુધી પહોંચાડવામા યથાશકિત મદદ કરી કે ભાગ ભજવ્યો, તેઓ સમય જતાં સાવ બાજુ ઉપર હડસેલાઈ જતા હોય છે. અને તેમના સ્થાને કહેવાતા રુડારુપાળા ચહેરાઓ તથા રુપાળા માત્ર ગણતરીબાજ, સ્વાર્થી, ખુશામતખોર અને લેભાગુ લોકોને એક કૃત્રિમ કુંડાળુ અને મજબૂત ચકરડું રચાઈ જતુ હોય છે. જેમાંથી બહાર નિકળી જ શકાતુ નથી અને લૂંટાઈ ગયા પછી, ઘણું ગુમાવ્યા બાદ, સાચી સમજણ અને જ્ઞાન આવે છે, ત્યારે ખૂબ મોડુ થઈ ગયું હોય છે.

ભાઈ ગોવિંદ અમારો નાનપણનો અને ગરવા ગિરનારની પવિત્ર ગોદમા પાંગરેલા, ભકત નરસૈયાના વતન એવા જૂનાગઢમાં પાંગરેલો જૂનો મિત્ર અને સગો તથા વહાલો. આજથી બે અઢી વરસ પહેલા તેણે ભારે હૃદયે વાત કરેલી કે 'દિનુભા.. મનોજ લેખિતમાં તો આવી જ જાય છે. પણ ઓરલમાં કયાંક કશુંક ખૂટે છે. ' ત્યારે જવાબમાં કે કિધેલું કે ભાઈ ગોવિંદ, અમુક વ્યકિતત્વો ઓફિસર થવા માટે જ, નસીબ લઈને જ જન્મેછે. એ જોતા મને ચોક્કસ શ્રદ્ધા છે કે આજે નહિ, તો કાલે એ જરૂર યુ.પી.એસ.સી. કલીયર કરશે જ. પણ એ સારું પરિણામ આવે એટલે પહેલો આનંદનો ને હરખનો ફોન મને કરજો અને એ વાત દિલ અને દિમાગમા યાદ રાખીને ભાઈ ગોવિંદે સૌ પ્રથમ આ રાજીપો વ્યકત કરતા સમાચારની સૌ પ્રથમ જાણ હરખભેર મને કરી, એનો હરખ એક સગા સ્નેહી તરીકે હું પણ ઉમળકા સાથે વ્યકત કરું છું.

સમાજમાં આગળ પડતા અધિકારીઓ તો અનેક હતા, નિવૃત્ત થયા, હજી ઘણા છે અને ભવિષ્યમાં પણ હશે જ. પણ એમા અત્યારના સમય અને સંજોગો પ્રમાણે ગ્રાસરુટ એટલે કે પોતાના પારિવારિક ઉદ્દભવ સ્થાન અને પારિવારિક ઉછેર સાથે જોડાયેલા એવા ખરેખર સાવ સાચા લોહીના સંબંધો અને સગાવ્હાલાઓને જાળવી રાખીને, એમની સાથે તાલ મિલાવતા સામાજિક અધિકારીઓને દુકાળ હવે વધુ ના સર્જાય, તેવી મા ભગવતીને આજે પ્રથમ ચૈત્રી નોરતાના દિવસે હૃદયપૂર્વક પ્રાર્થના સાથે અમદાવાદથી દિનેશસિંહ સુરજસિંહ શામળ(ગઢવી)ના હૃદયપૂર્વક અભિનંદન સાથે ભાઈ ડો.મનોજની આઈ.પી.એસ. બ્રાન્ચ એટલે કે 'ભારતીય પોલીસ સેવા'માં પસંદગી થાય તેવી અંતરના ઊંડાણથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે જય માતાજી.

**- સૌજન્ય : ચરજ** (એપ્રિલ-૨૦૧૯)

## આઈમાના બગીચાના ખીલતા પુષ્પો

## સમાજના તેજસ્વી તારલાઓ, S.S.C. MARCH-2019 (ધોરણ-૧૦)



ધ્રુવી જશકરણદાન ગઢવી-રાજકોટ
99.75 PR / 92.66%



રીતિકા પ્રભુદાન ચાટકા-જુનાગઢ
99.75 PR / 92.66%



દેવાંગ જગદીશ જાળગ-સુરત
99.48 PR / 90.83%



અભિષેક રમુભા ગઢવી-ઢસા
99.45 PR / 90.66%



વિધિ કિશોરભાઈ ગઢવી-રાજકોટ
99.31 PR / 90.00%



ખુશી હિરેનકુમાર ગઢવી-રાજકોટ
99.20 PR / 89.50%



જીમીત દિલીપભાઈ ગઢવી-ભાવનગર
98.46 PR / 86.83%



કૃપાલીબા ભક્તિદાન બોક્ષા-રાજકોટ
98.24 PR / 86.16%



પ્રિયા હરદાસભાઈ ગઢવી-ભુજપુર
97.75 PR / 84.83%



ઋતવી દિલીપભાઈ સુરૂ-બીલડી
97.34 PR / 83.83%



માનસી પ્રતાપભાઈ ભાન-જામનગર
97.27 PR / 83.66%



કુલદિપ રઘુભાઈ ગઢવી-રાજકોટ
97.19 PR / 83.50%

## આઈમાંના બગીચાના ખીલતા પુષ્પો

## સમાજના તેજસ્વી તારલાઓ, S.S.C. MARCH-2019 (ધોરણ-૧૦)



પૂજા હેમરાજભાઈ દાંતી-રાજકોટ
96.88 PR / 82.83%



ઋષિરાજ હિતેષભાઈ કેસરિયા-સવાસલા
94.77 PR / 79.00%



વેરશી વલાભાઈ પતાણી-બેહ
94.44 PR / 78.50%



યશ દિલીપભાઈ બાવડા-રાજકોટ
89.48 PR / 72.33%



અંજલી અરવિંદભાઈ લાંબા-રાજકોટ
89.64 PR / 72.06%



જાહલ હસુભા ઘાંઘણીયા-નાનાવડા
87.73 PR / 70.66%



કરણ હિતેષભાઈ નૈયા-રાજકોટ
86.20 PR / 69.33%



કિંજલ મયુરભાઈ ગઢવી
83.89 PR / 67.05%



આશિષ હેમરાજભાઈ દાંતી-રાજકોટ
77.94 PR / 63.05%



પાર્થ રાજેશભાઈ ગઢવી-જામનગર
75.32 PR / 62.00%



મહેક પ્રશાંતભાઈ ગઢવી-ગાંધીધામ
72.86 PR / 60.66%



સહદેવ રાહુલભાઈ ગઢવી-ગાંધીધામ
(CBSE Board) 90.50%



રાજલ પ્રવિણદાન ટાપરીયા-ભરૂચ
(CBSE Board) 87.60%



જેનિલ લાભુભાઈ બાવડા-ગાંધીનગર
(CBSE Board) 85.00%

મે શું ખોયુ વર્ણવા શબ્દો એ ક્યાં મળે છે મને !
જાણે શબ્દ કોષ સુકાઈ ગયા હોય ભર ચોમાસે,
વિરહની વેદના કેમ વ્યકત કરૂ પપ્પા !!

# શ્રદ્ધાંજલી



## સ્વ. ખોડીદાન પથુજી ધૂદ

**સ્વ. તા. ૨૫/૧૧/૨૦૧૮, રવિવાર**
**ગામ : સાતુન, તા. રાધનપુર, જી. પાટણ**

ઉજળો વિતાવ્યો જન્મારો બધો, ખોડલ મોગલ રાખી ટેક
બોલ હુલામણા ખોડલ-મોગલના સાંભળવા નહી મળે અમને
શિક્ષક સવાયા વિરપુર તણા, ગઢવી સાહેબ તરીકે ઓળખાયા
થશે ઘણા, મળશે ઘણા ધૂદ પરિવારને પણ તમ થકી કયાંય ન મળે
જન્મો-જન્મ મળો તમે, એજ અંતઃકરણની અભીલાસા
નજર સમક્ષ કાયમ રહેતા હવે છબી જોવાની રહી ગઈ
સુરજ તો રોજ ઉગશે આકાશમાં, પણ અમ અતંરમાં પ્રકાશ નથી
પરમ કૃપાળુ આઈશ્રી સોનલમા આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**બી. કે. ગઢવી**

| | |
|---|---|
| શ્રી બલવંતદાન ખોડીદાન ધૂદ | શ્રી મેહુલદાન ખોડીદાન ધૂદ |
| શ્રી નરહરદાન પથુજી ધૂદ | શ્રી જયદેવદાન નરહરદાન ધૂદ |
| શ્રી રવદાન કરણીદાન ધૂદ | શ્રી યુવરાજદાન રવદાન ધૂદ |
| શ્રી ભરતદાન કરણીદાન ધૂદ | શ્રી રાજભા ભરતદાન ધૂદ |

**તથા સમસ્ત સાતુન-ગઢવી પરિવાર**





**આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ**

મુળજીભાઈ કાનજીભાઈ લાંબા – ચારણ(ગઢવી) વાડી, સુખરામનગર–૨, કોઠારીયા ચોકડી, રાજકોટ–૨

CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360004, GUJARAT.